# મઘમઘતાં ફૂલડાં



લેખકો

ચાર્લ્સ એમ. ક્રિસ્ટી

લિલ્યન ચાર્લ્સ ક્રિસ્ટી

9
2BGM2

# મઘમઘતાં ફૂલડાં

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHIL[illegible]PHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખકો :
ચાર્લ્સ એમ. ક્રિસ્ટી
લીલ્યનબહેન સી. ક્રિસ્ટી

અમારા માતા-પિતા શ્રી. આશીર્વાદભાઈ
કે. પરમાર તથા શીવગૌરીબ્હેન એ.
પરમાર તેમજ શ્રી. માર્કસભાઈ પી.
ક્રિશ્ચિયન રાહેલબ્હેન એમ. ક્રિશ્ચિયનનાં
સ્મરણાર્થે આ પુસ્તક અમે અર્પણ
કરીએ છીએ.

શ્રીમતી લીલ્યન ચાર્લ્સ ક્રિસ્ટી
શ્રી ચાર્લ્સ એમ. ક્રિસ્ટી
જૂન, ૨૦૦૬

# બે બોલ

ઈશ્વરપિતાએ આપેલા કૃપાદાન-વિચારોને શબ્દોમાં વ્યકત કરીને એક પુસ્તિકા "મઘમઘતા ફૂલડાં" તરીકે રજુઆત કરીને સાહિત્ય પ્રેમી જનતા સમક્ષ મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

બાળપણથી વાંચનમા અતિરસને કારણે હૃદયની લાગણીઓ ઝણઝણાતી એના પરિપાક રુપે વાર્તાઓ સર્જાઈ.

મારી પ્રથમ વાર્તા "નીલા આકાશ અતૃપ્ત ધરતી" ઈ.સ. ૧૯૫૭માં યુવાન વયે મેં લખી હતી. વર્ષોબાદ શ્રીમતી અબીગાયેલબ્હેન દેવદત્તભાઈ ક્રિશ્ચિયનની પ્રેરણા અને ઉત્તેજનથી બીજી વાર્તાઓ સર્જાઈ.

બાલવાડીતંત્રી મંડળમાં નિયુકત થવાથી ત્યાંથી મળેલ પ્રેરણા દ્વારા બાળવાર્તાઓ લખી મારા પતિ શ્રી ચાર્લ્સ એમ.ક્રિસ્ટીએ પણ તેમાં સાથ આપ્યો છે. આ પુસ્તકમાં તેમની પણ કૃતિઓ છે.

સ્વપ્ન સાકાર થયું પુસ્તક પ્રકાશન માટે બાલવાડીના તંત્રી રેવ. ઇમાનુએલ કાન્ત તેમજ ટ્રેઝરર શ્રી દત્તાનંદભાઈ એમ. ક્રિશ્ચિયન,સેક્રેટરી રેવ. હેમંતકુમારભાઇ જે. પરમાર, ખ્રિસ્તીબંધુના તંત્રી શ્રી આલ્બર્ટભાઈ ભાભોર તેમજ ટ્રાકટ સોસાયટીના સમગ્ર સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમારા માતાપિતા શ્રીમતી શીવગૌરીબ્હેન શ્રી આશીર્વાદભાઇ પરમાર તેમજ શ્રી માર્કસભાઇ પી. ક્રિશ્ચિયન - રાહેલબ્હેન, જેમણે અમને ખ્રિસ્તી સંસ્કારોમાં ઉછેર્યા તેમનો આભાર કયા શબ્દોમાં માનીએ? એમનાજ આશીર્વાદોનું આ સ્વરુપ છે.

પ્રથમ અને છેલ્લે આપણા પ્રભુ અને ઈશ્વરપિતાના ઋણી છીએ અને રહીશું જીવનભર.

અમે છીએ ઋણાનુવાદી
શ્રી લીલ્યન ચાર્લ્સ ક્રિસ્ટી
શ્રી ચાર્લ્સ એમ.ક્રિસ્ટી

"શાલેમ"
ધ. રીપબ્લીક ક્રિશ્ચિયન સોસાયટી
મણિનગર

## સેક્રેટરીની કલમે.....

બાળસાહિત્ય એક વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય છે. આ માટેના સર્જકો પણ થોડા જ હોય છે. બાળસાહિત્યનું સર્જન કરવું એ હંમેશાં અઘરું કાર્ય છે. પરંતુ જેઓ આ દિશામાં કાર્ય કરી રહ્યા છે તેઓ ખરેખર અભિનંદનને પાત્ર છે.

શ્રીમતી લીલ્યનબહેન સી. ક્રિસ્ટી અને ચાર્લ્સભાઇ ક્રિસ્ટી એક અનોખું દંપતિ છે. જેઓની બાળસાહિત્યામાંની સેવા લાંબા સમયથી મળતી આવી છે. શ્રીમતી લીલ્યનબહેન ક્રિસ્ટી લાંબા સમયથી તંત્રીમંડળના સભ્ય રહ્યા છે. ઉપરાંત શ્રી. ચાર્લ્સભાઈ ક્રિસ્ટીએ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પણ સેવાઓ આપેલી છે. આ રીતે જોતા લેખક દંપતિનું સાહિત્યની મહાન સેવામાં ખૂબ મહત્વનું યોગદાન રહેલ છે.

શ્રીમતી લીલ્યનબહેનના પોતાના જ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, સાહિત્ય દ્વારા તેઓની સેવા ૧૯૫૭થી શરૂ થઇ છે. જે આજે પણ ચાલુ છે. આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે, તેમાં પ્રભુના વિવિધ સેવકો-સેવિકાઓના જીવનોને યોગ્ય રીતે નિરૂપવામાં આવ્યા છે.

આપણને આ દંપતિના રૂપમાં પ્રભુએ એક અજોડ ભેટ આપી છે. તેઓ બન્ને હજુ ઘણા વર્ષો સુધી આ સેવામાં ચાલુ રહે અને પોતાનું યોગદાન આપતા રહે એ જ પ્રભુને પ્રાર્થના તથા તેઓ બન્નેને શુભેચ્છા છે.

તેઓનું પુસ્તક “ મઘમઘતા ફૂલડાં ” તમારા-ખાસ કરીને બાળકોના હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. આશા છે તમે આ પુસ્તકને વધાવી લેશો.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રીમતી અને શ્રી ચાર્લ્સભાઇ ક્રિસ્ટી તરફથી રૂા. ૫૦૦૦/- મળેલ છે. જેઓનો આ સમયે આભાર માનું છું.

સાહિત્ય સેવા સદન,
એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.
જૂન / ૨૦૦૬

પ્રેમભાવથી,
રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

## વાર્તા તથા લેખો


| | | પેજ નં |
|---|---|---|
| (૧) ઈસુના ચરણે | લીલ્યન સી. ક્રિસ્ટી | ૧ |
| (૨) વિશ્વાસ | " | 3 |
| (3) ઈશ્વરની નજરે | " | ૪ |
| (૪) ફોન નંબર 333 | " | ૬ |
| (૫) અતિરેક | " | ૮ |
| (૬) સૌથી મોટો શત્રુ | " | ૧૦ |
| (૭) પ્રેમની ભેટ | " | ૧૨ |
| (૮) મૃત્યુના પહાડ પર જીવન | " | ૧૫ |
| (૯)એક નાની બાળાની પ્રાર્થના | " | ૧૭ |
| (૧૦) પ્રભુની યોજના | " | ૧૯ |
| (૧૧) યહોવાહનો ભય | " | ૨૨ |
| (૧૨).અનોખી ભેટ | " | ૨૪ |
| (૧3) મિત્રની પારખ | " | ૨૬ |
| (૧૪) કદી વિચાર્યું છે? | " | ૨૯ |
| (૧૫) પડદા પાછળ | " | 30 |
| (૧૬) પ્રાર્થનાનો પ્રત્યુત્તર | " | 3૨ |
| (૧૭) પ્રકાશિત દાબડી | ચાર્લ્સ ક્રિસ્ટી | 3૪ |
| (૧૮) સાધુ ટેલિમેકસ | " | 3૬ |
| (૧૯) રીયાની ઢીંગલી | " | 3૯ |
| (૨૦) સુઝાન | " | ૪૨ |
| (૨૧) લાલ ડગલાવાળો નેવીલ | " | ૪૫ |
| (૨૨) હીરા-મોતી | " | ૪૮ |

| | | |
|---|---|---|
| (૨૩) નજમા | ” | ૫૧ |
| (૨૪) જોસફ ગેબર | ચાર્લ્સ ક્રિસ્ટી | ૫૪ |
| (૨૫) ખોવાયેલું ઘેટુ | લીલ્યન સી. ક્રિસ્ટી | ૫૬ |
| (૨૬) અક્ષમ્ય ભૂલ | ” | ૬૧ |
| (૨૭) નવો રાહ | ” | ૬૪ |
| (૨૮) આર્તનાદ | ” | ૬૮ |
| (૨૯) નમ્રતા ઈસુ સંગે | ” | ૭૨ |
| (૩૦) જીવનના રંગ | ” | ૭૫ |
| (૩૧) નીલા આકાશ-અતૃપ્ત ધરતી | ” | ૮૭ |
| (૩૨) હીરો-ઝીરો-હીરો | ” | ૯૭ |
| (૩૩) ઈસુ સ્પર્શે | ” | ૧૦૧ |
| (૩૪) સરવૈયુ | ” | ૧૦૩ |
| (૩૫) દીવાલ | ” | ૧૦૫ |
| (૩૬) પાછા ફરો | ” | ૧૦૭ |
| (૩૭) ઈસુની શોધ | ” | ૧૦૯ |
| (૩૮) લોલીટા | ચાર્લ્સ ક્રિસ્ટી | ૧૧૨ |
| (૩૯) અંધ બ્લેસીની નાતાલ | ” | ૧૧૭ |
| (૪૦) પોલીકાર્યનું બલિદાન | ” | ૧૨૧ |
| (૪૧) બર્માનો પ્રથમ મિશનેરી અદોનીરામ જકશન | ” | ૧૨૫ |
| (૪૨) ખાલી કબર તે ખ્રિસ્તી વિશ્વાસ નો પાયો છ | ” | ૧૩૦ |
| (૪૩) મમ્મી...ઓ...મમ્મી | ” | ૧૩૪ |
| (૪૪) માતૃ દિન ની એ કરુણામૂર્તિ | ” | ૧૩૮ |
| (૪૫) ટાઇટેનીક (એક સત્ય ઘટના) | ” | ૧૪૩ |
| (૪૬) અજબ પુસ્તક | ” | ૧૫૦ |

# મઘમઘતાં ફૂલડાં

પ્રથમ આવૃત્તિ નકલ ૫૦૦ જૂન ૨૦૦૬

કિંમત રૂા. ૪૫

: મુદ્રક :
**સુરમીલ એસ. ક્રિશ્ચિયન**
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ.મ્યુનિસીપલ માર્કેટ પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૮.
ફોન. ૯૮૨૫૭ ૪૮૦૯૩

# ઇસુના ચરણે

બાળરવિદિને ગીતશાસ્ત્રનો પ્રથમ અધ્યાય " જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી..." હાવભાવ સહિત તે અંગ્રેજીમાં બોલ્યો હતો. પ્રભુ મંદિરમાં બેઠેલા સર્વએ તેને તાળીઓના ગડગળાટથી વધાવ્યો હતો. પુલ્પીટ પર બેઠેલા બાળરવિદિનના સંદેશવાહક તેમજ બીજા મહાનુભાવોએ પણ તેને પ્રશંસાભરી દ્દષ્ટિથી નવાજયો હતો. પ્રથમ બેન્ચ પર બેઠેલા તેના માતાપિતાએ આગળ આવીને બાથમાં જકડી લીધો હતો. વીસ વર્ષ પહેલાંનું આ દશ્ય સાર્થકની આંખ સમક્ષ તરવર્યું. આંખોમાંથી અશ્રુની ધાર વહેવા લાગી. દેવદૂત સમો પાંચ વર્ષનો એ બાળક સાર્થક આજે કયાં છે?

પવિત્રશાસ્ત્રના વાંચન અને પ્રર્થનાના પવીત્ર વાતાવરણમાં ઉછરેલો, ભજનસંગ્રહના ગીતોના સૂર જયાં રોજ રેલાતા હોય તે કુટુંબમાં બાળપણ વીતાવેલાએ સાર્થક તેને કોણે ભમાવ્યો? સાર્થકની વિચારધારા વહેતી રહી. ગીતશાત્ર ૧૧૯ અને ૧૧ મી કલમ "હું તારી વિરુધ્ધ પાપ નકરું, માટે મેં તારું વચન મારા હ્રદયમાં રાખી મૂકયું છે." એ કલમ વારંવાર ગણગણતો સાર્થક કેમ ગોથુ ખાઇ ગયો?

મિત્રોની સંગત. ભોળો સાર્થક મિત્રોની રમત સમજી શકયો નહિ. માતાપિતા બન્ને ઓફિસર હોવાથી સાર્થકને તથા તેના ભાઇબહેનોને પોકેટમનીની કદી ખોટ પડતી નહિ, અને આ બાબત તેના મિત્રોની નજરે ચડી, પછી તો આ પૈસાના લોભે મિત્રોએ સાર્થકની સાચી-ખોટી પ્રશંસા કરીને તેને ચણાના ઝાડ પર ચડાવી દીધો. આ ઉંમરમાંજ બધી મજા કરવાની હોય, અને મમ્મી-પપ્પાને તેની ગંધ પણ ન આવવા દેવી તેવા વીચારોથી તેના કૂમળા મગજને બહેકાવી દીધું. પડીકીઓ, મસાલો અને કયારેક વ્હીસકી અને ડ્રગનો ઘરાક બનાવી દીધો.કોલેજમાંથી ગુલ્લી મારીને ફિલ્મોની માયાજાળમાં ફસાવી દીધો. પતનના એક પછી એક પગથીયાથી

ગબડતા છેવટે ક્યાં? પ્રિન્સીપાલ સાહેબની ઓફીસમાં. અનેક ગુનાઓની વણઝાર સાથે. ઓછી હાજરી, પરીક્ષામાં ચોરી કરવી અને કરાવવી, વર્ગમાં તોફાન,અને સાથે ભણતી છોકરીઓની મશ્કરી અને છેડતી. પોતાના વ્હાલસોયા માતાપિતાની હાજરીમાં ગુનાઇત માનસ ધરાવીને નતમસ્તકે ઊભું રહેવું પડ્યું. પ્રિન્સીપાલની ઓફીસમાં માતાપિતાના મસ્તકો શરમથી ઝૂકી ગયા.

આ બધા દ્દશ્ય સાર્થકની આંખની સામે ભૂતાવળની જેમ નાચવા લાગ્યા. દુઃખસહન અઠવાડીયાની મીટીંગમાં શુભ શુક્રવારનો દિવસ. સંદેશવાહક ઇસુના પ્રમને સંદેશો કહેતા હતા. ઉડાઉ દિકરો પિતાના પ્રેમને તરછોડીને ચાલ્યો ગયો. પણ પસ્તાવા સહિત પાછો ફર્યો, " મેં આકાશ સામે તથા તમારી સામે પાપ કર્યું છે હવે હું તમારો દીકરો કહેવડાવવાને લાયક નથી, મને તારા મજૂરોમાંના એકના જેવો ગણ." પણ પિતા દોડીને તેને ભેટયો, ચુમ્યો માફ કર્યો. સાર્થકના હૃદયમાં હલચલ મચી ગઇ. ત્યારબાદ બોધકે કોલ આપ્યો, પસ્તાવાનો. કવાયરે ગીત શરુ કર્યું ભજન ૨૭૨.

" હું છું તેવોજ હક વિના આજ
પણ વહેડાવ્યું તુજ રકત મુજકાજ
ને મુજને તેડે તુ જ અવાજ
દેવના હલવાન, હું આવું છું."

ગીતનો એક એક શબ્દ સાર્થકને ઢંઢોળી રહ્યો. ઊઠ સાર્થક ઊઠ, આગળ જા, સોંપાઇ જા. ગીતનો છેલ્લો શ્લોક

" મુજ બંધન સૌ તોડયા ભારી
તારો જ થવા ઈચ્છા મારી
દેવના હલવાન હું આવું છું."

સાર્થક ઊઠયો નતમસ્તકે પુલપીટ સુધી પહોંચી ગયો. નવા જીવનનો આનંદ તેના હૃદયમાં અને ચહેરા પર ઉભરાયો. પ્રભુના ચરણોમાં સોંપાઇને તેનું જીવન સાચા અર્થમાં સાર્થક થયું. બાળકો તમારા વિશે શું? શું તમે પ્રભુને જીવન સોંપ્યું છે ? તો આજે જ સોંપાઇ જાઓ, થાઓ અને આશિર્વાદિત બનો.

# વિશ્વાસ

બાળકો ૨૦૦૫નું વર્ષ શરુ થયું અને હવે આપણે સર્વ ત્રીજા માસમાં પ્રવેશ્યા છીએ. ત્રીજુ સોપાન ચડયાં ખરુંને ! આપણા અમદાવાદમાં રોજ રોજ કેટલાંય  અકસ્માતો થાય છે. પ્રભુ તમારું તથા તમારા કુટુંબીજનોનું રક્ષણ કર્યું. શું આ માટે રોજ તેમનો આભાર માનો છો?

પ્રત્યેક દિવસ ઈશ્વરપિતા આશીર્વાદ આપે છે. તેમની પ્રેમાળ છાયામાં તમે સુરક્ષિત રહો છો. તો શું રોજ રોજ વિશ્વાસમાં વૃધ્ધિ પામો છો ? ઈસુ - આપણા ત્રાતાએ આપણને બાળકના જેવા વિશ્વાસુ થવાનું કહયું છે.

એક નાનકડી બાળાના જીવનમાં ઘટેલી આ સત્ય ઘટના છે. વિશ્વાસુ માતા-પિતાના ખોળે ઉછરતી નાની બાળકી રીયા.

રીયા રોજ તેના માતા-પિતા સાથે સ્કુટર પર સ્કુલે જાય. નવું નવું સ્કુટર, બેસવાની મઝા આવે. બાળા ત્રણ વર્ષની એટલે તેની મમ્મીના ખોળામાં બેસે.

એક વખત રસ્તા પર લાલ બત્તી થવાથી સ્કુટર થંભી ગયું. તેની આગળ-પાછળ સર્વ વાહનો પણ થોભી ગયા. રીયાના પપ્પાના સ્કુટરની પાછળ એક મોટી લાલબસ ઊભી રહી. તેની મમ્મીએ રીયાને પૂછયું, “બેટા તને બસની બીક લાગે છે?” રીયા હસીને બોલી “મમ્મી હું તમારા ખોળામાં છું પછી શું કામ બીઉં?” તેની મમ્મી તેના જવાબથી આશ્ચર્યચકિત થઇ ગઇ. મારી દીકરીનો મારા પર આટલો બધો વિશ્વાસ છે.

બાળકો, આજ પ્રમાણે આપણે આપણા તાત્રા પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવો જોઇએ. તેઓના હાથમાં આપણું સમગ્ર જીવન સુરક્ષિત છે. રોજ તેમના વાંચનો વાંચીએ, પ્રાર્થના કરી અને તેમની દોરવણી ને અનુસરીએ.

# ઈશ્વરની નજરે


ઈશ્વરપિતાએ આ સુંદર સૃષ્ટિનું સર્જન કર્યું છે. સૃષ્ટિ સર્જનના પાંચમા દિવસે તેમણે તેમના શબ્દ દ્વારા પક્ષિઓ, પશુઓ અને મોટા માછલાંને ઉપજાવ્યા. છઠ્ઠે દિવસે માનવનું સર્જન તેમણે પોતાના સ્વરુપ પ્રમાણે કર્યું અને આખી પૃથ્વી તથા સર્વ પશુ-પક્ષી પર અમલ ચલાવવાનો અધિકાર આપ્યો. માણસે તેમના જુદા જુદા નામ આપ્યા. નામ માણસે આપ્યા પણ એ બધા ઈશ્વરપિતાની કૃતિ હતા, તેથી પ્રભુ એ જુદા જુદા સમયે તેમનો ઉપયોગ કર્યો.

કાગડો, ગધેડો અને માછલાંને આપણી નજરમાં માનપાત્ર ગણીએ. કોઈને તિરસ્કારવા આ શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. પણ ઈશ્વરપિતાએ તેમના દ્વારા અદ્ભુત કાર્યો કરાવ્યા છે. પ્રથમ કાગડાને જોઈએ. રંગ કાળો, ન ગમે તેવો અને અવાજ કર્કશ. કાગડો કા..કા.. કરે તો તેને ઉડાડી મૂકીએ. કોઈને કાગડો કે કાગડી ગુસ્સામાં કહી દઈએ. એનો સ્વભાવ પણ સ્વાર્થી અને કર્કશ અવાજવાળા કાગડાનો પ્રભુએ ઉપયોગ કર્યો. દુષ્કાળના વર્ષોમાં ઈશ્વરપિતાએ, ઈશ્વર ભકત એલિયાને ખોરાક પહોંચાડવા એ કાળા કાગડાઓને પસંદ કર્યા, અને એ કાગડા પ્રભુને આજ્ઞાધીન બન્યા. ઈશ્વરપિતાએ સ્વરૂપવાન મોર કે મીઠુ મીઠુ ગાનાર બપૈયાની પસંદગી ન કરી.

ગધેડો, નમ્ર પ્રાણી. આપણે તેને મૂર્ખ માનીએ છીએ. મજાક કરીએ છીએ પણ તે ઈશ્વરપિતાની પસંદગી પામેલું છે. ઈશ્વરપુત્ર ઈસુને માટે તે બે વખત મહત્ત્વના પ્રસંગે વપરાયું.

બાળઈસુની મુસાફરીમાં અને ઈસુ રાજાની યરુશાલેમની સવારીમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેનો ઉપયોગ કર્યો.

જળચર પ્રાણીમાં પ્રભુએ માછલાની પસંદગી કરી. સમુદ્રમાં અનેક મોટા પ્રાણી હોય. મગર દરિયાઈ ઘોડા છતાં યૂનાને બચાવવા પ્રભુએ ગંધાતી માછલીને પસંદ કરી. પ્રભુની નજરમાં કોઈ તુચ્છ, મુર્ખ કે નકામુ નથી. ઈશ્વરપિતાએ કાગડાનો, ગધેડાનો અને માછલીનો ઉપયોગ કર્યો. આ પક્ષીઓ તથા પ્રાણીઓ પ્રભુને આધિન થયા. અને તેમના દ્વારા અજાયબ કાર્યો થયા. તો શું તેઓ તમારો ઉપયોગ કરી ન શકે. તમે તો બુદ્ધીશાળી છો, વિચાર શકિત ધરાવો છો. ઈશ્વરપિતા તમારો પણ ઉપયોગ જરૂર કરી શકે છે. જો તમે આ નવીન વર્ષમાં તેમને સમર્પિત થાઓ તો તમે ગમે તેવા હશો. ગોરા, કાળા, ઊંચા, નીચા, જાળા-પાતળા, મૂર્ખ, બુદ્ધિશાળી, ગરીબ, ધનવાન ગમે તે હો તમે ઈશ્વરપિતાની નજરમાં મૂલ્યવાન છો. તો આજે જ પ્રભુના બાળકો બનો. તેમના વચનો વાંચો, પ્રાર્થના કરો. અને અજ્ઞાધીન થાઓ.



# ફોન નંબર " 333 "



આજે તો એરનની મૂંઝવણનો પાર જ ન હતો. તેનું મન ખૂબ જ ઉદાસ હતું. શું કરવું તેની સમજ પડતી ન હતી. સમજ પણ કયાંથી પડે? કારણ કે તેની ઉંમર હજી તો દશ વર્ષની છે. મમ્મી માંદી છે. તેનાથી પથારીમાંથી ઊઠાતું નથી. નાની બહેનની પણ કાળજી લઈ શકતી નથી. શું કરું કોને કહું?

અરે, ઈસુબાપને જ કહું તો? તેણે તો કેટલાય માંદાને સાજાપણું આપ્યું હતું. સન્ડે સ્કૂલના આનંદીબહેને શીખવ્યું હતું કે હજુય તેઓ તો ચમત્કાર કરે છે. તો ચાલને તેમની સાથે વાત કરું. પણ કેવી રીતે તેમની સાથે વાત થાય? તે દિવસે પાસ્ટર અંકલ કહેતા હતા કે, "તેમનો ફોન નંબર 333 છે." તો ચાલ હમણાં જ એસ.ટી.ડી પર જઈને તેમની સાથે વાત કરું. પછી તો એરનભાઈ ગયા એસ.ટી.ડી પર અને ત્યાં બેઠેલા ભાઈને 333 નંબર જોડી આપવા કહ્યું. તે ભાઈનુ નામ સ્ટીવન હતું. તેમણે તેને કોને ફોન કરવો છે વગેરે વિગતવાર પૂછયું. નાના એરને રડતાં રડતાં તેની મમ્મીની સ્થીતી વર્ણવી. કોઈ જ મદદગાર નથી. માટે જ "મને હાંક માર, હું તને ઉત્તર આપીશ." એવું કહેનાર ઈશ્વરપિતાને હું ફોન કરવા માગું છું. પાસ્ટર અંકલે તેમનો નંબર

૩૩૩ કહયો છે. " અંકલ, મને આ નંબર જોડી આપોને?" આ બન્ને વચ્ચેની વાતચીત ત્યાં ઊભેલા એક બહેન સાંભળતા હતા. એરનની અશ્રુભરેલી આંખો જોઈને તથા ઈસુબાપ પ્રત્યેનો દ્રઢ વિશ્વાસ જોઈ તે દ્રવી ઊઠયા એરનના માથા પર હાથ પસરાવતા બોલી ઊઠયા, "દિકરા, હું નર્સ છું. તારી માની સારવારમા હું મદદરૂપ બની શકીશ. મને તારા ઘરે લઈ જઈશ?"

"હા, હા આન્ટી ચાલો, મારું ઘર સામે જ છે." નર્સ દીનાબેન સાથે એરન ઘરે આવ્યો. ત્યારે એરનની મમ્મી તો લગભગ બેહોશ હતા. દીનાબહેને પાડોશીની મદદ લઈ તેમને દવાખાને દાખલ કર્યા. બિચારી વિધવા બહેન એરનની મમ્મી પુષ્કળ પરીશ્રમ વેઠીને બાળકો ઉછેરી રહી હતી. દીનાબહેને તેમના ઘરની સઘળી જવાબદારી ઉપાડી લીધી. એરનતો ખુશખુશ થઈ ગયો. વારે વારે કહેવા લાગ્યો, "દીના આન્ટી, ઈસુ બાપે ફોન કર્યા વગર જ તમને અમારી પાસે મોકલી આપ્યા. હું ઈસુ બાપનો ખુબ જ આભાર માનું છું." થોડા દીવસમાં એરનના મમ્મી સારા થઈ ગયા. તેમણે દીનાબહેનનો ખૂબજ આભાર માન્યો. દીનાબહેન કેવી રીતી મદદરૂપ થઈ શકયા તે આખી વાત પણ જાણી. તેમના દીકરા એરનનો ઈશ્વર પરનો વિશ્વાસ જોઈને તે આખું કુટુંબ પણ પ્રભુમાં વધુ વિશ્વાસુ બન્યું.

બાળકો, ફોન નંબર ૩૩૩ યાદ રહયો ને? તમારી બધી જ જરૂરિયાત પ્રભુ ઈસુને જણાવો તેઓ જરૂર તમને મદદ કરશે. યાદ રાખો, તેમના શબ્દો, " તું હાંક માર અને હું તને ઉત્તર આપીશ." આશબ્દો યિર્મેયાનું પુસ્તક ૩૩ મો અધ્યાય અને ૩ કલમ છે. એટલે નંબર "૩૩૩".

# અતિરેક

બાળકો અતિરેક આ શબ્દનો અર્થ જાણો છો? અતિરેક એટલે વધારે પડતું. જરૂરીયાત કરતાં વધારે. અને જે જરૂરીયાત કરતાં વધારે હોય તે નુકશાન પહોંચાડે. જુઓ ને આ વર્ષે કેટલો બધો વરસાદ એકસામટો પડયો એકદમ દશ ઇંચ, સોળ ઇંચ, શું થયું તે તમે બધા જાણો છો. પારાવાર નુકશાન. બધી જ બાબતમાં અતિરેક નુકશાન કરે.

રતનપુર ગામમાં નાથાલાલ શેઠ રહેતા હતાં. સાધનસંપન્ન પણ એક વાતની ખોટ, દીકરાની. સંતાનમાં બધી જ દીકરીઓ. દીકરીઓ હોંશિયાર ચાલાક અને સ્વરૂપવાન. પણ તેમને દીકરાની ખોટ સાલતી. આખરે પાંચ દીકરીઓ પછી કુટુંબમાં પુત્ર રત્ન પ્રાપ્ત થયું. બધાજ ખુશાખુશ. હરખનો પાર નહિ. ગામમાં પેંડા વ્હેંચાયા. આખું ગામ તેમની સાથે હરખ્યું. આ દીકરાનું નામ પાડયું. હરખચંદ હવે બધા તેની પાછળ ગાંડા ઘેલા. જરાક રડે તો પણ બધા ઉંચાનીચા થઈ જાય કુટુંબમાં દીકરીઓનું માન ઘટયું. અને દીકરો હખરચંદ માનપાનથી, લાડકોડથી ઉછરવા લાગ્યો.

હરખચંદ મોટો થવા લાગ્યો. કોઇ જાચની રોકટોક નહિ. માગે તે હાજર તેથી તે ખૂબ જીદ્દી અને રમતિયાળ બની ગયો.

વર્ષો વિતતાં ચાલ્યા, હવે હરખચંદ જુવાન બન્યો. વધુ પડતા લાડકોડમાં ભાઈ હરખચંદ ભણવામાં હંમેશા પાછળ રહેતા. શ્રેણી દસ ચાર પ્રયત્નએ પાસ કરી પિતાના ધંધામાં પણ એમને રસ નહતો. આખો દિવસ મિત્રોની સંગતમાં ગામ ગપાટા, ગમે ત્યારે ઘરમાં આવે. પણ હરખચંદ લાડકવાયો કોની હિંમત કે તેમને બે શબ્દો શીખામણના કહે. પછી તો ખબર છેને, નવરૂં મન એટલે શેતાનનું કારખાનું. અનેક એવા અનૈતિક કાર્યમાં તેઓ રચ્યા પચ્યા રહેતા. જોઈતા હોય તેના કરતાં વધારે નાણાં વાપરવા માટે

મળવા લાગ્યા મસાલા, સીગરેટ, મદ્યપાન, જુગાર તેમાં તેઓ રચ્યા પચ્યા રહેતા માતાપિતાની કોઇ રોક ટોક નહિ, કોઇ સારું વાંચન નહિ. જીવનમાં નશાના માર્ગે તે ધપવા લાગ્યો.

અને એક દિવસ શું થયું ખબર છે? તેમની ટોળી એક તોફાની ગેંગ બની ગઇ ગામમાં એક ખૂન થયું ધરપકડ થઇ. ગેંગના છોકરાઓએ હરખચંદનું નામ આપ્યું. હરખચંદ તે વખતે ત્યાં હાજર હતો. એની ગેંગના સભ્યો એ તેની વિરુદ્ધ સાક્ષી આપી અને આખરે તેની ધરપકડ થઇ.

હરખની આંખો ઊઘડી ગઇ પણ હવે શું? તેના માતાપિતાના અફસોસનો પાર રહયો નહિ. તેને કેવી રીતે બચાવવો.

અપરાધીના સ્વાંગમાં કોર્ટમાં તેને ખડો કરવામાં આવ્યો. બચાવ માટે તેને રજુઆત કરવા કહયું. શું કહે હરખચંદ તેના સદાના સાથીઓએ તો તેને દગો દીધો હતો. તે તે બાબતો અંગે બોલવું નકામુ હતું. પણ તેણે એક સનાતન સત્ય કોર્ટ આગળ પોકાર્યું. "આ બધી બાબત માટે, અને આજે હું ગુનેગારના પાંજરામાં ઊભો છું તે માટે સાચા અપરાધી મારા માતાપિતા છે જો તેમણે મને અતિશય લાડકોડમાં ઊછેર્યો ન હોત અને શિસ્તના પાઠ નાનપણથી શીખવ્યા હોત તો હું આજે આ જગ્યા પર નહોત મને શીક્ષા કરો જજ સાહેબ પણ મારા માતાપિતા ને પણ શીક્ષા કરજો. જેથી આ જગતના માતાપિતા જેઓ પોતાના બાળકોને પુષ્કળ લાડકોડમાં રાખીને અપરાધોમાં ધકેલે છે. તેઓને સત્ય સમજાય."

જોયુંને બાળકો અતિશય લાડકોડનું પરિણામ પવિત્રશાસ્ત્રની નીતિવચનના ઓગણત્રીસમાં અધ્યાયની પંદરમી કલમ "સોટી તથા ઠપકો જ્ઞાન આપે છે. પણ સ્વતંત્ર મૂકેલું છોકરું પોતાની માને ફજેત કરે છે. અને સત્તરમી કલમ તારા દીકરા શિક્ષા કરશે તો તે તને નિરાંત આપશે. તે તારા મનને આનંદ આપશે." માતાપિતાઓ તમારા બાળકોને પ્રભુના માર્ગમાં ઉછેરો જેથી તેઓનું જીવન તેમને તેમજ તમારા માટે આશીર્વાદિત થાય.

# સૌથી મોટો શત્રુ



બાળકો માણસ જાતનો સૌથી મોટો શત્રુ કોણ છે? તે તમે જાણ છો? તેને તમે ઓળખો છો? આ શત્રુ દરેકમાં છુપાએલો છે. તેને જીવનમાં અગ્રસ્થાન આપવાથી માનવીના બધા અરમાનો કે કાર્યો પરાજયમાં પલટાય જાય છે તેમની મહત્વકાંક્ષા તે જીવનમાં રાખેલું ધ્યેય દૂર ને દૂર હડસેલાય જાય છે. આ શત્રુનું નામ અને ઓળખ નીચેની વાર્તા પરથી તમને જડી આવશે.

એક ખેડૂત હતો. તેનું નામ વખતચંદ, ખુબ હોશિયાર બહાદુર અને ચતુર.

વર્ષાઋતુ આવી ત્યારે તેણે પણ બીજાઓનું જોઈને પોતાનું ખેતર ખેડાવ્યું. વરસાદના ફોરામાં ન્હાતા, ન્હાતા ખેતરમાં ઉત્તમ સંકર બીયારણ વાવી દીધું. સંકર બીયારણ ખબર છે ને!

આ બિયામાંથી દસગણો પાક ઉપજે.

ઈશ્વરપિતાએ રાત દિવસ વરસાદ વરસાવ્યો. તાપ અને પવન પણ યોગ્ય પ્રમાણામાં પૃથ્વી પર રેલાવ્યો અને પરિણામે શું થયું ખબર છે? એ આખા મુલકમાં અને આપણા વખતચંદના ખેતરમાં પણ અનાજના ડુંઠા ઝુમી રહયા.

રોજ વખતચંદ ખેતરમા આવે અને ખુશ થાય એના ખેતરની આસપાસના ખેતરોમાં લણણી શરૂ થઈ. તેને પણ વિચાર આવ્યો હું પણ લણણી શરૂ કરાવું. કેટલા બધા દાણા મને મળશે. મારા બધા કોઠાર અનાજથી ભરાઈ જશે. ઘર માટે રાખીશ બીજા દાણા વેચી દઈશ અને ખુબ પૈસા મેળવી. આવા વિચારોથી એના આનંદનો પાર રહયો નહિ.

તે સાંજે તે પાડોશીઓને કહી આવ્યો કે આવતીકાલે મને લણણીમાં મદદ કરવા આવજો. એમણે હા તો પાડી પણ બીજા

દીવસે કોઈ આવ્યું જ નહિ કારણકે તેમને તેમના ખેતરમાં લણણી કરવાની હતી. વખતચંદ નિરાશ થયો આજે નહિ તો કાલે એમ કરીને ઘરે આવ્યો. પડોશીઓ તેમનું કામ કરી રહેશે પછી તો મદદ કરશે ને ! એક અઠવાડીયું પસાર થયું પણ કોઈ આવ્યું નહિ. પછી તેણે તેના સગા સબંધીઓને કહ્યું, અને વિનવ્યાં. તેમણે પણ હા પાડી પણ કામ કરવા દેખયા જ નહિ આજકાલ કરતા પાછા સાત દિવસ વહી ગયાં. આસપાસ ના બધા ખેતરો લણાઈ ચૂકયા. હવે શું કરવું? આખરે તેણે તેના દીકરાઓને તૈયાર કર્યા.

બીજા દીવસે વખતચંદ અને તેના દિકરાઓ ખેતરમાં આવ્યા જોયું તો પક્ષીઓના ટોળે ટોળા તેમના ખેતરમાંથી ઉડયા. વખતચંદ અને તેના દિકરાઓએ આખો દિવસ કાર્ય કર્યું પાક લણ્યો, ઝુડયો અને દાણા ભેગા કર્યા પણ આ શું? આટલુ મોટુ ખેતર મોલથી ઉભરાતું અને ઉપજ ફકત પચાસ કીલો દાણા. વખતચંદ અને તેના દિકરાઓની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. તેઓ ખુબ પસ્તાયા કેમકે તેમણે વખતસર કામ ન કર્યું, અને એથી તેઓનો શત્રુ ફાવી ગયો.

બાળકો, એ શત્રુને હવે તો તમે ઓળખી જ ગયા હશો ખરુંને? અને હજુપણ ઓળખાણ નપડી હોય તો નામ જણાવું. ત્રણ અક્ષરનું તેનું નામ. તેના પરિવારના સભ્યો તેના જેવા જ, જેવા કે કામચોરી, ઢીલાશ, આજે નહિ કાલે, પણ મુખ્ય શત્રુ તો આળસ.

આ શત્રુને કારણે વખતચંદ અને તેના દિકરા નિરાશ થયા. પ્રભુએ તો ઘણો આશીર્વાદ આપ્યો પણ આળસને કારણે તે ફળ મેળવી શકયા નહિ. બાળકો તમારી પાસે પણ નવાવર્ષરૂપી ખેતર છે. ઉપલી શ્રેણીમાં આવ્યા છો ને? પુસ્તકો, નોટસ, પેન-પેન્સીલ વસાવી લીધા છે ને? તો તૈયાર થઈ જાવ અત્યારથી આળસ તજી જાતમહેનત કસે. પ્રથમ ઈશ્વરપિતાનું વચન વાંચો, પ્રાર્થના કસે. નીતિવચન પ્રથમ અધ્યાય અને સાતમી કલમ "યહોવાનો ભય એ વિદ્યાનો આરંભ છે." ઈશ્વરપિતાનો ભય રાખીને શુદ્ધ મન અને બુદ્ધીથી શરૂઆત કસે. વિજય તમારો જ છે. ઉજજવળ કારકીર્દી તમારી સહ જોઈ રહી છે.

# પ્રેમની ભેટ

પાઉલ પ્રેરિત બાઈબલમાં જણાવે છે કે "વિશ્વાસ, આશા તથા પ્રીતિએ ત્રણેય ટકી રહે છે, પણ તેઓમાં પ્રિતી શ્રેષ્ઠ છે. એક નાની બાળાએ દર્શાવેલ પ્રેમ શ્રેષ્ઠ છે. એક નાની બાળાએ દર્શાવેલ પ્રેમ-પ્રીતિની આ વાર્તા છે. તેના પિતાના શબ્દોમાં,



અમારી નાની શીંદુ એક સુંદર અને હોંશિયાર દીકરી છે. હમણાંજ તેનું આઠમું વર્ષ પુરુ થયું છે. અમારી આ દીકરીને દહીં અને ભાત જરાય ભાવતા નથી. પણ તેની મમ્મી આ ખોરાક પોષ્ટિક હોવાથી તેને ખવડાવવા ફરજ પાડતા હતા. તેની નાની નાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. મેં તેને મારા ખોળામાં બેસાડી ખુબ પ્રમથી ખાવા માટે સમજાવી, "દીકરા શીંદુ, મારે ખાતર, તારા પપ્પાને ખાતર, તું થોડું ખા. જો તું નહિ ખાય તો તો તારી મમ્મી મને લડશે.

શીંદુએ પોતાની નાની હથેળીથી આંસુ લુછી નાખ્યા. અને બોલી, હા પપ્પા હું ખાઈશ, થોડાક જ દહીં ભાત નહિ પણ બધા જ ખાઈ જઈશ, પછી અચકતા તે બોલી જો હું આખો બાઉલ ખાઉ તો હું જે માગું તે મને આપશો?

ચોકકસ મારી વ્હાલી દીકરી. તું જે માંગશે તે આપીશ. મેં તને વચન આપ્યું. મમ્મીને પણ કહો કે તે મને આવું જ વચન આપે. તેની મમ્મીએ પણ તેનો હાથ પકડી ને વચન આપ્યું. વચનતો આપ્યું પછી મેં કહયું, શીંદું કોમ્પ્યુટર જેવી મોંઘી વસ્તુ

ના માગીશ. મારી પાસે એવી મોંઘી વસ્તુ માટે પુરતા નાણાં નથી.

ના, પપ્પા હું કોઈપણ મોંઘી વસ્તુની ઈચ્છા રાખતી નથી. અને ત્યાર પછી તેના નાનકડા હાથમાં દહીં-ભાતનો બાઉલ પકડીને તે ખાવા લાગી, ધીમે ધીમે બધુ જ તે કમને પણ ખાઈ ગઈ. ત્યાર પછી તે મારી પાસે આવી. તેની આશાભરી આંખો તરફ અમે જોઈ રહયા. ધીમેથી તેણે તેની માંગણી રજૂ કરી પપ્પાઃ આ રવિવારે હું મારા માથા પરના બધા જ વાળ કપાવવા માગુ છું. તેની મમ્મી ખુબજ ક્રુરતાથી બુમ પાડી ઊઠી કદી જ નહિ બને, શું કોઈ છોકરી પોતાના માથે અસ્ત્રો ફેરવાવે. તેની માતા પણ બબડયા. ટી.વી જોઈને છોકરી બગડી ગઈ છે.

શીંદુને ખોળામાં બેસાડી મેં સમજાવી બીજું કંઈપણ માગ. તારું બોડકું માથું જોઈને અમને કેટલુ બધુ દુઃખ લાગશે.

ના પપ્પા મારે બીજુ કશું જ જોઈતું નથી. તમે મને વચન નથી આપ્યુ. ઓ મારી વ્હાલી દીકરી તું કેમ મારી લાગણીઓ સમજતી નથી, મેં કહ્યું.

પપ્પા તમે જોતા હતા કે મારે માટે તે ખોરાક ખાવો કેટલો મુશ્કેલ હતો, પણ મેં ખાધો. અને તમે મને વચન આપ્યું છે તો પાળો. તમે મને બાઈબલમાંથી શીખવ્યું છે ને કે "વચન ન પાડી શકવાના હોયતો વચન આપવું જ ન જોઈએ."

તેની મમ્મી અને દાદીના વિરોધ છતાં મેં શીંદુને આપેલુ વચન પાળ્યું. શીંદુના ગોળ ચ્હેરા પરની તેની ચળકતી આંખો ખુબ જ સુંદર દીપી ઉઠી.

બીજે દીવસે સોમવારે હું તેને સ્કુલમાં મૂકવા ગયો. મારી બોળકી દીકરીને શાળા આગળ ઊતારી હાથ હલાવી તે જતી હતી, હુ તેને જોઈ જ રહ્યો તે ફરીથી પાછી ફરી અને તેણે મને સ્મીત આપ્યું ત્યાંજ એક કાર આવીને ઉભી રહી. તેમાંથી એક નાનકડા છોકરાએ બુમ પાડી, શીંદુ ઊભી રહે શીંદુ પાછી આવી

પેલા નાનકડા છોકરાનો હાથ પકીને ચાલવા લાગી.

આ નાનકડા છોકરાનું વાળ વગરનું માથું જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. મને થયું કે આ બાળકે પણ મારી દીકરીની જેમ તોફાન કર્યું છે.

સાહેબ તમારી દીકરીનું હૃદય સોના જેવું મૂલ્યવાન અને ઉમદા છે, કારમાંથી ઉતરતી એ સ્ત્રીએ કહયું. મારી સાથે ઓળખાણ કર્યા વગર ત આંસુ ભરી આંખે બોલવા લાગી મારા દીકરા હરીશને લ્યુકેમીયા ( બ્લડ કેન્સર ) થઈ ગયું. કેમોથેરાપીની સારવારથી તેના માથા પરના બધા વાળ જતા રહયા. તેથી સ્કૂલે જવાની જ ના પાડતો હતો બધા છોકરાઓ ચીડવશે તેવી તેને બીક લાગતી હતી. તમારી દીકરી એ તેને ખાતરી આપતી હતી કે તે મદદ કરશે. પણ મેં કલ્પ્યું પણ નહતું કે તે મારા દીકરાને ખાતર પોતાના લાંબા સુંદર વાળનો ત્યાગ કરશે, સાહેબ તમે અને તમારા પત્ની આવા ઉમદા આત્મા ધરાવનાર દીકરીને માટે આશીર્વાદીત છો તમારો ખુબ ખુબ આભાર.

એક પણ હું,! શીંદુનો પિતા સ્તબ્ધ થઈ ગયો અને પછી રડી પડયો.

મારી વ્હાલી દેવદૂત સમી દીકરી. શું તું મને વચન આપશે? તારા આ દીવ્ય પ્રેમ જેવો પ્રેમ હું અન્યને કરી શકું ? એ માટે જીવન ભર તને યાદ કરું.

બાળકો શીંદુ ના પ્રેમે તેના પિતાને નિસ્વાર્થ પ્રેમનો પાઠ શીખવ્યો. ઈસુ એ કહયું છે કે જેવો પોતા પર તેવો તારા પડોશી પર પ્રેમ કરો. શું નવા વર્ષમાં પોતે મુશ્કેલી વેઠીને બીજાઓ પ્રત્યે પ્રેમભર્યુ વર્તન દર્શાવશો?

( સોઈંગસર્કલમાંથી સાભાર )

# મૃત્યુના પહાડ પર જીવન

દક્ષિણ ભારતમાં ઘણી પર્વતમાળા આવેલી છે. તેમાંની એક છે કોલિમલાઈસ. જેનો અર્થ થાય છે. મૃત્યુના પર્વતો! આ પર્વતમાળા મેલેરિયાગ્રસ્ત છે. ત્યાં વસનારને મેલેરિયા એટલે કાળો તાવ જેને ડેન્ગ્યુ ફીવર કહે છે, તે થાય, અને થોડાક જ સમયમાં તે મરી જાય ત્યાં કોણ વસવા જાય? આ પ્રદેશની પ્રગતિ પણ કેવી રીતે થાય? કોણ મરવા જાય?

પણ ઈશ્વરપિતા દયાળુ છે તે બધા પર પ્રેમ કરે છે, તેથી જેસી બ્રાન્ડ નામના એક મિશનેરીને ત્યાં મોકલી આપ્યા. તેઓ આ વિસ્તારના આદિવાસીઓની પ્રેમપૂર્વક સેવા કરતા હતા. સુવાર્તિક જેસી બ્રાન્ડે તેમની ઈંગ્લેન્ડની મુલાકાતમાં પ્રભુમંદિરમાં આ પહાડી પ્રદેશમાં વસતા લોકોની વિતકકથા જણાવી. પડકાર ફેંકયો. "કોણ આ આદિવાસીઓને બચાવશે? ઈસુનો સંદેશો કોણ તેમની પાસે લઈ જશે?"

આ સભામાં હાજર ઈવલીને આ દુ:ખદાયક વાત સાંભળી. તેનું કોમળ હૃદય દ્રવી ઊઠયું. અને તેણે પ્રભુ ઈસુને કહયું, "હું આ રહી, મને મોકલ." ઈવલીન તો ધનાઢય કુટુંબના દીકરી હતા. તેમને તો ખુબ લાડમાં અને સુખમાં ઉછેરવામાં આવ્યા હતા. સારુ શિક્ષણ તેમણે મેળવ્યું હતું. તેમના પિતાને દીકરીનો આ નિર્ણય જાણી આઘાત લાગ્યો પણ તેમણે ઈવલીનની ઉત્કટ ઈચ્છા હોવાથી તેને મિશનરી તરીકે જવાની રજા આપી.

ઈ.સ. ૧૯૧૧ ઈવલીન દક્ષિણ ભારતમાં આવ્યા જેસી બ્રાન્ડ સાથે આ સેવાકાર્યમાં જોડાયા. જેસી બ્રાન્ડ ની અદ્‌ભુત સેવા નિહાળી તેઓએ તેમની સાથે લગ્ન કર્યું બન્ને પતિ-પત્ની ઉમંગથી પ્રભુના કાર્યમાં ભાગીદાર બન્યા. અહિં કોઈ બંગલો કે આધુનીક સુવીધા ન હતી. તેઓ લીપેલા ઝુંપડામાં રહેતા.

આસપાસના વિસ્તારમાં સભાઓ ભરતા માંદાઓની સારવાર કરતા અને સ્ત્રીઓ તથા બાળકોને શિક્ષણ આપતા તથા ઈસુની વાત કહેતા.

શરૂઆતમાં ઘણું કઠણ હતું. પણ તેમના સેવા કાર્યની અસર થઈ. ત્યાંના લોકોએ ઈસુનો સ્વીકાર કર્યો અહીં તેમણે શાળાઓ તથા છાત્રાલયો શરૂ કર્યા. ઈશ્વરપિતાએ આ દંપતિને બે દિકરાઓની ભેટ આપી કોનીસ અને પોલ. બાળકો મોટા થતા તેમના અભ્યાસ માટે તેઓ તેમને ઈંગ્લેન્ડ લઈ ગયા. તેમને ત્યાં મુકીને ફરીથી તેઓ સેવા માટે ભારત આવ્યા. ઈવલીન તથા જેસીના હૃદયો બાળકોના વિયોગથી ભાંગી ગયા પણ ઈસુને ખાતર આ જુદાઈ તેમણે સ્વીકારી.

ભારત આવી ફરીથી સેવા કાર્યમાં લાગી ગયા. પણ થોડા સમયમાં જેસી બ્રાન્ડને કાળો તાવ આવ્યો તેઓ મરણ પામ્યા. ઈવલીન એકલા પડી ગયા. શું તેઓ પાછા પોતાના દેશ ચાલ્યા ગયા? ના તેમણે તો સેવા ચાલુ રાખી તે જયારે ૬૮ વર્ષના થયા ત્યારે મીશનેરી સોસાયટી ઈચ્છતી હતી, કે તેઓ નિવૃત્ત થાય પણ તેઓએ આ સોસાયટીને આજીજી કરી કે તેમને પાછા ભારત મોકલે કારણ કે હજુ કેટલીક પર્વતમાળામાં ઈસુની વાત સંભળાવવાની બાકી છે. મૃત્યુના પહાડ પર જીવનની વાતો લઈ જનાર ઈવલીન બ્રાન્ડ ૯૬ વર્ષની પાકટ વયે પ્રભુનું કાર્ય કરતા આ પર્વતમાળામાં મરણ પામ્યા. પણ તેમના સેવાકાર્યના લીધે આજે આ પર્વતમાળામાં ઘણા લોકો પ્રભુ ઈસુને ઓળખે છે. તેમના બંન્ને દીકરા કોનીસ અને પોલ તેમના માતાપિતાની જેમ મિશનરી બન્યા. કોનીસ આફ્રિકામાં મિશનેરી તરીકે ગયા અને પોલ રકતપિત્તના જગવિખ્યાત મિશનેરી ડોકટર બન્યા.

બાળકો માનવ સેવા એ જ પ્રભુ સેવા છે. શું તમે મિશનરી થવા ઈચ્છો છો?

# એક નાની બાળાની પ્રાર્થના

મધ્ય આફ્રિકાના જંગલોમાં એક મિશનરી હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં ઇંગ્લેન્ડના એક લેડી ડોક્ટર વિશ્વાસપૂર્વક સેવા આપી રહયા છે. આ હોસ્પિટલની સાથે અનાથાલયની પણ તેઓ સંભાળ રાખે છે.

આ હોસ્પિટલમાં એક રાત્રે એક આફ્રિકન બહેનએક નાની નબળી બાળકીને જન્મ આપીને મરણ પામી. બાળકી ખૂબ જ નાજુક હોવાથી તેને કુત્રીમ ગરમાવો આપી તેને બચાવવાની ખૂબ જ જરૂર હતી તેને માટે દોડધામ શરૂ થઈ. જંગલમાંની હોસ્પિટલમાં આધુનીક સાધનો કયાંથી લાવવા. એક નર્સ બહેન ગરમ પાણીની થેલી લેવા ગયા. પણ ગરમ પાણી ભરાતાની સાથે જ થેલી જુની હોવાથી ફાટી ગઈ. હવે શું? તરત જ થોડા કોલસા સળગાવ્યા અને આ બાળકીને હૂંફ આપી.

બીજા દીવસે બપોરે આ મિશનરી ડોકટરે રોજની જેમ અનાથાલયના બાળકોને પ્રાર્થનાકરવા ભેગા કર્યા. તે સમયે તેમણે તરત જન્મેલી દીકરીની તેમજ તેની બેવર્ષ મોટી બહેનની દુઃખદાયક વાત જણાવી. નાની દીકરી માટે ગરમ પાણીની થેલીની જરૂરીયાત તેમજ મોટી બેવર્ષની દીકરી માના મરણથી સતત રડયા કરે છે તેને માટે પ્રાર્થનાની વીનંતી કરી.

આ સમયે દસ વર્ષની એક છોકરી રૂથ પ્રાર્થના કરાવવા ઉભી થઈ. તેણે તેની કાલી ઘેલી ભાષામાં પ્રાર્થના કરાવી. રૂથે તેની આફ્રિકન ભાષામાં સીધો આદેશ આપ્યો "હે ઈસુ, મહેરબાની કરીને ગરમ પાણીની થેલી મોકલી આપો. કાલે સવાર સુધીમાં નહિ કારણકે રાતની ઠંડીમાં કદાચ તે મરણ પામે માટે આજેજ સંધ્યાકાળ પહેલા મોકલી આપો. અને જયારે તમે થેલી મોકલી આપી રહયા છો ત્યારે સતત રડતી તેની બહેન માટે એક સુંદર ઢીંગલી પણ મોકલજો, જેથી તે બેબી જાણી શકે કે તમે તેને ચાહો છો. આમેન."

ડોકટર સાહેબ વિચારવા લાગ્યા, આ કેવીરીતે બને? વિષુવવૃત કે જયાં પુષ્કળ ગરમી પડે છે ત્યાં ગરમ પાણીની થેલી કોણ મોકલે? પરંતુ તેમણે વિશ્વાસ કર્યો, દેવને કશું અશકય નથી. તે પ્રાર્થનાના સાંભળનાર અને ઉત્તર આપનાર દેવ છે. કદાચ કોઈ પાર્સલ આવે તોજ આ શકય બને.

લગભગ સાંજે ચાર વાગ્યે ડોકટર સાહેબ તાલીમી નર્સોને શિક્ષણ આપતા હતા. ત્યાં એક સંદેશો તેમના પર આવ્યો. તેમના ઘરની સામે એક કાર આવીને થોભી છે. તેઓ ઝડપથી ત્યાં પહોંચ્યા. ત્યારે કાર તો ત્યાંથી જતી રહી હતી પણ તેમના વરંડામાં બાવીસ રતલનું પાર્સલ તેઓ મૂકી ગયા હતા. ડોકટર સાહેબની આંખો આભારના આસુંથી છલકાઈ.

અનાથાલયના બાળકોને બોલાવીને તેમની હાજરીમાં આ પાર્સલ ખોલવાનું શરૂ કર્યું. ચાલીસ આંખો તે પાર્સલ પર મંડાઈ. શરૂઆતમાં રંગબેરંગી જર્સીઓ તેમાંથી નીકળી પછી થોડાક ખોરાકના પેકેટ્સ-થોડા પાટા અને પછી આશ્ચર્ય! નવી નકકોર પાણીની થેલી. રૂથ પાસે જ ઊભી હતી તેણે બૂમ પાડી, "જો ઈસુએ થેલી મોકલી છે તો ઢીંગલી પણ ચોકકસ મોકલી હશે." અને નીચે વળી પાર્સલમાંથી સુંદર ઢીંગલી ખેંચી કાઢી. તેની આનંદથી વિસ્ફારિત થયેલી આંખો એ જણાવતી હતી કે તેને ઈસુપરજરાય શંકા ન હતી. ડોકટર સાહેબ સામે જોઈને તેણે કહ્યું, મમ્મી હું આ ઢીંગલી બેબીને આપવા તમારી સાથે આવું? હું તેને કહીશ સાચે જ ઈસુ તને ચાહે છે."

આ પાર્સલ પાંચ માસ પહેલા ઈંગ્લેન્ડથી રવાના કરવામાં આવ્યું હતું. આપણા જીવતા અને જાગતા ઈશ્વરપિતાએ દશ વર્ષીય રૂથની પ્રાર્થનાનો જવાબ આપવા પાંચ માસ પહેલા યોજના કરી હતી.

બાળકો, આ સત્યઘટના છે. ઈસુએ કહ્યું છે કે માગો તો તમને મળશે, શોધો તો તમને મળશે. પણ વિશ્વાસપૂર્વક માગીએ તો. શું તમે પણ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરશોને?

સંપાદિત "સોઈંગ સર્કલ"

# પ્રભુની યોજના



જોન સ્કૂડર નાં ર ના કુટુંબમાં એક સોનેરી વાળ અને વાદળી આંખોવાળી છોકરી જન્મી. તેના માતાપિતા મિશનેરી હોવાથી તે તેમની સાથે ભારત આવી. આ દીકરીનું નામ હતું ઈડા. ઈડા આઠ વર્ષની થઇ ત્યારે આ કુટુંબપાછું પોતાના વતનમાં ગયું. ચાર વર્ષ બાદ ઈડાને મૂકી તેનાં માતાપિતા પાછા ભારત આવ્યા. ઈડા આ પહેલા તેના માતાપિતાથી કયારેય વિખૂટી પડી નહોતી. એક વખત ઈડા પ્રખ્યાત ઉપદેશક મુડીના સંપર્કમાં આવી. તેણે પોતાનું જીવન ઈસુને સોંપ્યું. છતાં પણ તેને તેના સ્વભાવ પ્રમાણે મોજીલુ જીવન જીવતી હતી. પાર્ટીઓમાં ભાગ લેવો, તેના માતાપિતાની જેમ તેને મિશનરી તો બનવુંજ નહોતું.

પ્રભુની યોજના જુદીજ હતી. તેને એક દિવસ ટેલીગ્રાફ મળ્યો કે ભારતમાં તેની માતા ખુબ જ માંદા છે. તેથી તે તેના માતાપિતા પાસે ત્રિવેન્દ્રમ પાછી આવી. તેના બધા રંગીન સ્વપ્ના બાજુએ મુકી માની સારવારમાં લાગી ગઈ. તે સમય દરમ્યાન એક એવો બનાવ બન્યો કે તેના જીવનનો રાહ બદલાઈ ગયો.

એક રાત્રે એક બ્રાહ્મણ સજ્જન તેમના ઘેર આવ્યા. તેમણે જણાવ્યું કે તેમની યુવાન પત્નીને બાળક આવવાનું છે. તેને મદદ કરનાર કોઈ નથી. "તો શું ઈડા મદદ કરવા આવશે?" ઈડાને ડોકટરી જ્ઞાન ન હતું. તેના પિતા ડોકટર હતા અને તેઓ મદદ કરવા આવશે. તેવું તે ભાઈને કહ્યું, પણ આ બ્રાહ્મણ યુવાને ના પાડી. અને કહ્યું કે " કોઈ પુરુષ તેની પત્નીની સારવાર ન કરી શકે. એ રાત્રે બીજા બે માણસો પણ તેની પાસે આવ્યા. અને પોતાની પત્નીઓની સારવાર કરવા જણાવ્યું. તેઓએ પણ તેના ડોકટર પિતાની મદદ લેવાની ના પાડી રાત્રે ઈડા ઊંઘી શકી નહી. તે પેલી ત્રણ યુવાન સ્ત્રીઓના વિચાર કરતી હતી. જે ઓ મરણની અણી પર હતી કેમકે તેમને મદદ કરવા કોઈ સ્ત્રી ડોકટર ન હતા.

બીજા દીવસે સવારે તે ઊઠી ત્યારે તેણે નગારાના અવાજ સાથે એક સરઘસ જતું જોયું તેના નોકરે તેને જણાવ્યું કે ત્રણે સ્ત્રીઓ મૃત્યુ પામી હતી. ઈડા ખૂબ ખૂબ દઃખી થઈ ગઈ. ફરીથી ભારતીય સ્ત્રીઓની સ્થીતીના વિચારો તેને સતાવવા લાગ્યા. તેણે ખૂબ મનોમંથન અનુભવ્યું. ખૂબ પ્રાર્થના કરી અંતે તેને ખાતરી થઈ કે ઈશ્વરપિતા તેને મિશનરી ડોકટર બનવાનું તેડું આપતા હતા. આથી માતાપિતાની પરવાનગી લઈ ડોકટરી તાલીમ લેવા તે પાછી અમેરીકા ગઈ.

અમેરીકા આવી મન લગાડીને ડોકટરી અભ્યાસ શરૂ કર્યો. ભારત પાછા ફરીને ભારતની સ્ત્રીઓને મદદ કરવાની તેની

મહત્વકાંક્ષા બની ગઈ અભ્યાસ સાથે તેણે ભારતમાં હોસ્પિટલ શરૂ કરવા દાન એકત્ર કરવાની પ્રવૃત્તિ કરી તેના જીવનનાં ત્રીસમાં વર્ષે ૧ જાન્યુઆરી ૧૯૦૦ દિવસે ઈડા ભારત આવી હવે તે ડૉ.ઈડા હતી તેની સાથે એક બીજા સ્ત્રી ડોક્ટર લુઈસ હાર્ટ પણ હતા. સાથે દશહજાર ડોલર તે ઉઘરાવી લાવી હતી. શરૂઆતમાં પોતાના બંગલામાં દવાખાનું શરૂ કર્યું. પરદેશથી તેના મિત્રો એ દાન મોકલાવતા વધુ ઓરડાઓની સગવડ કરવામાં આવી. રોબર્ટ સ્કેલ નામના એક સજ્જન મિત્રએ પોતાની પત્નીના સ્મરણાર્થે આ હોસ્પિટલનું મકાન બંધાવી આપ્યું. અને આમ શરૂ થઈ બાળકો અને સ્ત્રીઓ માટેની હોસ્પિટલ જે આજે વેલોરની સી.એમ.સી. હોસ્પિટલ એશીયાભરમાં પ્રખ્યાત છે."

ફક્ત હોસ્પિટલ જ નહિ પણ સાથે સાથે નર્સિંગ કોલેજ, અને મેડીકલ કોલેજ પણ સ્થપાઈ. અહીં ભારતના લોકોની સેવા કરવા ડોક્ટ[illegible] તાલીમ આપવામાં આવે છે. એક યુવતીના વિશ્વાસની મારફતે ઈશ્વરે ક્રિશ્ચિયન કોલેજ અને હોસ્પિટલ સ્થપાયા હોસ્પિટલ તો સાજાપણાનું ઘર છે જેનો સર્વોચ્ચ ડોક્ટર સ્વયં ઈસુખ્રિસ્ત છે.

બાળકો શું તમારે ભવિષ્યમાં ડોક્ટર થવું છે? તો તન મન, અને ધ્યેય રાખીને ખૂબ ખૂબ ખંતથી અભ્યાસ કરો. વેલોરની સી.એમસ.સી. મેડિકલ કોલેજનાં દ્વારા તમારા માટે ખૂલ્લા છે.

# યહોવાનો ભય

બારમી જૂન, વેંકેશન પૂરું. શાળા શરૂ. સવારથીજ ચહલ પહલ રીક્ષાનો ઘરઘરાટ, સાયકલની ઘંટડીઓ રણકી રહી હસતા-રમતા અને કુદતા બાળપુષ્પો દ્વારા શાળાનું પટાંગણ ગુંજી ઉઠયું હાય રમા, હાય કેતા. ઓ રૂપાલી, રમીલા, પ્રેમીલા, નેહા,રસીકા, બધાં આનંદથી ઘેલા બની ગયા. પણ પેલા ખૂણાંમાં ઉભેલું ટોળુ શું કસી રહ્યું છે. ચર્ચા. ગયા વર્ષે તેમના વર્ગમાં પહેલો નંબર કોનો આવ્યો તેની. પ્રિયા પ્રથમ રેન્ક કોનો આવ્યો તને ખબર પડી? પ્રીતિએ પુછયું, “હું તો શીમલા ગઈ હતી ગઈકાલે જ આવી મને તો ખબર જ નથી.” આ વખતે પ્રથમા જ પ્રથમ આવી હશે. મને ચોકકસ ખાતરી છે. તેણે તો ખૂબ જ મહેનત કરી હતી અને વળી ટયુશન પણ ખરું. “જીજ્ઞા બોલી,” હા, તો તો પેલી રીયા, દરવખતે પ્રથમ રેન્ક લાવે છે તેનો ગર્વ ઊતરી જાય, દરવખતે તેનો ઈજારો હોય તેમ પહેલી આવે છે. બહુ ડાહાલી, વાતો પણ કેવી ડાહી ડમરી થઈને કરે છે. આપણે મહેનત કરવી જોઈએ, બહુ ટી.વી. ન જોવું જોઈએ વગેરે. મને તો ગમતીજ નથી. પણ મેડમની તે લાડકવાઈ છે. વારેને ઘડીએ રીયા, રીયા, રીયા તેના જ વખાણ. આપણે તો જાણે ભાજીમૂળા. “ઠાવકાઈથી અનેરી બોલી, પણ રીયા હજુ કેમ દેખાતી નથી. તેની બહેનપણી રેખા પણ આવી નથી, હજુ. અરે તમે બધા અહીં ઊભા છો. હું તો તમને શોધી શોધી થાકી શાની ચર્ચા કરો છો? પ્રથમ નંબરની.” “લેખા તને તો ખબરજ હશે. કોનો પ્રથમ રેન્ક આવ્યો.” ટોળાએ એક સાથે પુછર્યું. “ મારી બહેનપણીઓ આ વળી ચર્ચાનો વિષય છે? પ્રથમ રેન્કતો રીયાનો જ હોય ને! ”

“મને તો કયારની ખબર છે. મને તો રીઝલ્ટના દીવસે જ ખબર પડી હતી અને હું તો તેના ઘરે અભિનંદન આપવા ગઈ હતી અને આઈસક્રીમનો કોન ખાઈ આવી હતી.”

"રીયાનો હંમેશ પ્રથમ નંબર કેવી રીતે આવતો હશે. શું જાદુ કરતી હશે કે પછી ટીચરને ખુબ મસ્કા મારતી હશે અને તેથીજ કે.જી.થી માંડીને આજ આઠમાં ધોરણમાં પણ તે પ્રથમ જ છે." સ્નેહા બોલી, ના "મારી વ્હાલી સખીઓ એવું નથી રીયા શરૂઆતથી જ મહેનત કરે છે. અને તેની મમ્મી વેકેશનમાં પણ રોજ સવારના ત્રણ કલાક ભણાવે છે. શાળા ખુલે તે પહેલા બધા વિષયમાં પાંચ, પાંચ લેસન તેના તૈયાર થઈ ગયા હોય શાળા શરૂ થયા પછી સવારે છ વાગે ઊઠી જાય. તેઓ બધા સવારે પ્રાર્થના કરીને જ પોતાનું કામ કરે, અને રીયા પોતાના પાઠ તૈયાર કરે. સાંજે પણ આઠ વાગ્યે પ્રાર્થના અને પછી લેશન. એમના ઘરે ટી.વી.ની સીરીયલો કોઈ જોતું નથી. બોલ, પછી તેનો પ્રથમ નંબર જ હોય ને? આપણે ઘેર તો મમ્મી પપ્પા બેઉ સીરીયલોના રસીયા. રાતના અગીયાર વાગ્યા સુધી સીરીયલ પછી ઊંઘવાનું. તેથી સવારે સૂરજ ઊગ્યા પછી જ ઊઠવાનું. ભણવાનો ટાઈમ જ ક્યાં છે આપણી પાસે એટલે આપણે પાછળ રહીએ છીએ." લેખા બોલી , હા સાચે રીયાની મહેનત જ તેને આગળ લઈ આવે છે. આપણે સાચેજ તેને અભિનંદન આપવા જોઈએ. "ટોળુ બોલ્યું. આ રીયા આવી ગઈ. રીયા, હાર્ટી કોન્ગ્રેન્ચ્યુલેશન, ચલો થઈ જાય પાર્ટી." "હા, હા, જરૂર, જરૂર, જરૂર આજે સાંજે બધા મારે ઘેર જરૂર આવજો. ગાઈશું, રમીશું અને આનંદ કરીશું."

જુઓ બાળકો યહોવાનો ભય એજ વિદ્યાનો આરંભ છે. માટે, પ્રથમ પ્રાર્થના ત્યાર પછી અભ્યાસ અને રજાનો સદ્ઉપયોગ. હવે આગલા વર્ષમાં ઝળહળતી ફતેહ મેળવવી છે ને તો આજથી શરૂ કરો અભ્યાસ, પ્રભુની બીક રાખો ને ફતેહ તમારી છે.

# અનોખી ભેટ

જન્મદિવસ જેમ જેમ નજદીક આવી રહ્યો હતો. તેમ તેમ શ્રેયાની મુંઝવણ વધતી જતી હતી. ગયા વર્ષે તો કાકા-કાકી, ફોઇ, માસી, મીત્રોએ તેમજ મમ્મી-પપ્પાએ ભેટોનો વરસાદ વરસાવ્યો હતો. કેટલા બધા રમકડાં, ચીત્રોપોથીઓ રંગબેરંગી સ્કેચપેન વગેરે. હવે આ વર્ષે કઇ ભેટ મળશે? મમ્મી શું આપશે. દરેક વખતે તેમની ભેટતો અનોખી જ હોય છે. લાવ મમ્મીને પુછી જોઉ તેઓ શું આપવાના છે મમ્મીને થોડોક મસ્કો મારીશ એટલે મને કહી જ દેશે, એતો મારા પર ખુબ જ પ્રેમ કરે છે ને! શ્રેયા મમ્મી પાસે દોડી ગઇ. ખૂબ ખૂબ વહાલ કરીને તેઓ શી ભેટ આપવાના છે તે પુછયું. શ્રેયાની મમ્મી સુલતાબહેન ભેટની વાત ખાનગી રાખવા માગતા હતા તેથી તેમણે જણાવ્યું જ નહિ.

અને એમ આવી ગયો જન્મદિન. ૨૫મી ફેબ્રુઆરી શ્રેયાના આનંદનો પાર નહતો. રોજ મોડી ઊઠનારી શ્રેયા આજે વહેલી ઊઠી નહી-ધોઇ તૈયાર થઇ ગઇ. જન્મદીનની ઊજવણીતો સાંજની હતી. પાળક સાહેબ પણ પ્રાર્થના કરાવવા આવવાના હતા.

સાંજ પડી. બધા મહેમાનો ભેટ લઇને આવી પહોંચ્યા. પણ ભેટ તો હતી પેકેટમાં તેથી કેવી રીતી ખબર પડે કે તેઓ શું લાવ્યા છે? પાળક સાહેબે પ્રાર્થના કરાવી. શ્રેયાએ કેક કાપ્યો. ગીત ગાયું, રમતો રમ્યાં, નાસ્તો કર્યો અને વિધવિધ ભેટ આપીને, બધા વિદાય થયા. આ વખતે પણ ઢગલાબંધ ભેટ જોઇને શ્રેયા ખુશ ખુશ થઇ ગઇ.

બીજા દિવસે બધા પેકેટ ખોલ્યાં. જુદી જદી સુંદર ભેટ જોઇને શ્રેયા આનંદથી કુદવા લાગી. પણ હજુ એક પેકેટ બાકી છે. કોનું છે? અરે આ તો મમ્મીનું. ઓહો! આમાં તો સર્વશ્રેષ્ઠ ભેટ હશે, લાવ જોઉ તો ખરી. જલદી જલદી ખોલ્યું. અને બોલી ઊઠી,

અરે, આ તો બાઈબલ છે. નાનું, મોટું, લાલ, કાળુ, તે ઝંખવાણી પડી બોલવા લાગી. ત્યાં જ તેની મમ્મી ત્યાં આવી પહોંચ્યાં તેમણે ભેટમાં આપેલું બાઈબલ શ્રેયાના હાથમાં જોઈ ને આનંદથી બોલ્યાં, "દિકરી, મારી ભેટ ગમી?" "મમ્મી ઘરમાં આટલા બધાં બાઈબલ છે પછી મને બાઈબલ આપવાની શી જરૂર હતી?"

"મારી વ્હાલી દીકરી એ બધાં બાઈબલમાં તારું પોતાનું કયું બાઈબલ છે? અને મેં તો તને ચિત્રમય બાઈબલ આપ્યું છે. મોંઘામાં મોઘુ. બાઈબલ તો ઉત્તમ ભેટ છે. અને આ તો તને કશી જ મહેનત વગર મળી છે. જો એક છોકરી હતી તેનું નામ મેરી જોન્સ. તેને પ્રભુની વાતો વાંચવાનું ખૂબ જ મન હતું અને તેથી બાઈબલ જોઈતું હતું પણ તેની પાસે કે તેના માતા-પિતા પાસે બાઈબલ ખરીદવાના પૈસા ન હતા. તેથી છ વર્ષ સુધી તેણે સખત મહેનત કરી. નાનું મોટું કામ કર્યું. ઈંડા, ફળફળાદિ અને ચંપલો વેચ્યા. પૈસા ભેગા કર્યા. પછી ૪૦ કિ.મી.નું અંતર પગે ચાલીને પાળક સાહેબ પાસે પહોંચી ગઈ. પાળક સાહેબ પાસે ફકત એક જ બાઈબલ હતું. અને તે પણ કોઈને તેપણે આપવાનું તેમણે વચન આપ્યું હતું.પણ મેરીની વાત સાંભળીને, તેની આંખના આંસુ જોઈને તેમણે તે બાઈબલ મેરીને આપ્યું. મેરી ખૂબ જ ખુશ થઈ ગઈ. રોજ વાંચતી અને પ્રાર્થના કરતી હતી. મેરીની બાઈબલ માટેની પ્રેમની આ વાત સાંભળીને આગેવાનોએ બાઈબલ સોસાયટીની સ્થાપના કરી. અને આજે બસ્સો વર્ષથી આ સોસાયટી અનેક ભાષામાં બાઈબલ છાપે છે. બાળકો સમજી શકે માટે ચિત્રમય બાઈબલ તૈયાર કર્યું છે. જોયું બેટા, બાઈબલ પ્રભુનાં અમૂલ્ય વચનો મેળવવામાં મેરીને કેટલી બધી મુશ્કેલી પડી આ તો જીવનનું પુસ્તક છે. અનોખી અને અમૂલ્ય ભેટ છે તારા જીવનમાં તને બધી જ રીતે મદદરૂપ અને આશિષરૂપ થશે. "હા, મમ્મી તમે મને સાચી સમજ આપી. તમે મને અનુપમ ભેટ આપી છે. હું રોજ વાંચીશ. મારી વ્હાલી મમ્મી હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું."

# મિત્રની પારખ



જોની મમ્મી અને દાદીનો લાડકવાયો. તેની મમ્મી નોકરી પર જાય એટલે જોનીની બધી જ સંભાળ દાદીને રાખવી પડે. જોનીની મમ્મી વડેદરા નોકરી કરે, તેથી જોનીભાઈ ઊઠયા ન હોય તે પહેલા ઘરનું બધું જ કામકાજ પતાવીને તે નીકળી પડે અને આવે રાતે આઠ વાગ્યાની ઈન્ટરસીટીમાં. દાદી જ જોનીની બધી દેખરેખ રાખે. રોજ સવારે ઊઠાડે, ચા-નાસ્તો કરાવે, તૈયાર કરીને સ્કૂલમાં બેસાડી આવે. જોનીને પણ દાદી ખૂબ જ વ્હાલાં હતાં.

પણ એક દીવસ જુદું જ બન્યું. જોનીને દાદી પર ગુસ્સો આવ્યો કારણ હતું. તેનો મીત્ર ટોમ. ટોમ તોફાની હતો તેથી જોનીના દાદી તેને ટોમની મીત્રતા રાખવાની ના પાડે. ભોળા જોની એ આ વાત ટોમને કહી. ટોમ લુચ્ચો હતો તેથી તેણે જોનીને ઉધું ચત્તું સમજાવ્યું. ભોળો જોની ટોમની વાત માની ગયો. સ્કૂલ પછી જોની ઘરે આવ્યો, તેની દાદીએ ચા-નાસ્તો આપ્યો અને પછી લેશન કરવાનું કહ્યું પણ જોનીને તો ટી.વી. પર કાર્ટુન જોવું હતું તેથી તેણે જીદ્દ કરી દાદીએ ના પાડી તેથી તેણે ગુસ્સે થઈ દાદીને ધક્કો માર્યો.

ખલાસ, ન બનવાનું બની ગયું. દાદી પડી ગયા. તેમના પગે ફ્રેકચર થઈ ગયું. તેમના માથામાં પણ વાગવાથી લોહી નીકળવા લાગ્યું. તેઓ તો બેહોશ થઈ ગયા. હવે જોની ગભરાઈ ગયો. શું કરે? તે તો જોર જોરથી રડવા લાગ્યો. પડોશમાંથી માર્થા માસી દોડતા આવ્યા અને જોની ને પુછ્યું, "શું થયું? કેમ રડે છે?" જોનીએ દાદીને બતાવ્યા. પણ સાચી વાત ન કહી. તે દીવસે શનીવાર હતો. એટલે જોની ના મમ્મી પણ જલદી ઘરે આવી. બધા પડોશીઓએ ભેગા થઈને જોની ના દાદીને હોસ્પીટલમાં દાખલ કર્યા. જોની આ બધું જોઈને એટલો બધો ડરી ગયો કે કશું જ બોલી ન શકયો.

જોનીની મમ્મીને બે ત્રણ દીવસ સતત દવાખાને રહેવું પડયું તેથી જોનીને માર્થા માસીની સંભાળમાં રાખવો પડયો હવે જોનીને પોતાની ભૂલ સમજાઈ પણ કરે શું? તેને ટોમ અને તેની વાતોનો પસ્તાવો થવા લાગ્યો. તે સાથે બીક પણ લાગવા લાગી કે દાદી ભાનમાં આવતા, જોનીએ ધક્કો માર્યો એવું કહી દેશે તો? મારું શું થશે?

ત્રણ દીવસે જોનીની મમ્મી ઘરે આવ્યા. પડોશીઓ ભેગા થયા દાદીની ખબર પુછવા લાગ્યા. જોનીએ બધુ સાંભળ્યું. દાદી ભાનમાં છે પણ તેમને ખૂબ દુઃખ થાય છે. જોની તો આ સાંભળીને રડી પડયો તેની મમ્મીએ તેને ખોળામાં બેસાડી ખૂબ પંપાળયો.

બીજા દીવસે જોની પણ તેની મમ્મી સાથે દવાખાને આવ્યો. દાદીને જોઈને તે ધ્રુસકે ચડયો. દાદીનો પગ ઊંચો રાખ્યો હતો. તેમનાથી બેસાતુ પણ ન હતું. એટલામાં ડોકટર સાહેબ ત્યાં વીઝીટ

માટે આવ્યા. સારવાર કરતા તેમણે જોનીની દાદીને પુછ્યું,"માજી કેવી રીતે પડી ગયા?" જોનીને થયું હવે મારું આવી બન્યું. હમણાં દાદી મારું નામ બોલશે અને મારી મમ્મી મને ધીબી કાઢશે. પણ જોનીની દાદીએ કહ્યું, "સાહેબ, મને ઠોકર વાગી અને હું પડી ગઇ. એતો સારું હતું કે જોની હાજર હતો તેથી તેણે બધાને બોલાવ્યા અને હું બચી ગઇ." જોની તો દાદીના મોં સામે જ જોઇ રહ્યો તેને થયું કે તેના દાદી કેટલા બધા સારા છે. તેમને આટલું બધુ થયું છતાં પણ તેમણે મારો બચાવ કર્યો. ડોકટર સાહેબ થોડી વારમાં જતા રહ્યા. તેની મમ્મી પણ ડોકટરે લખી આપેલી દવા લેવા બહાર ગયા. જોની તેના દાદી પાસે દોડી આવ્યો, તેમનો હાથ પકડીને માફી માંગવા લાગ્યો. "દાદી, મને માફ કરો. પણ દાદી મેં તમને ધક્કો માર્યો તમે કેમ ન કહ્યું." તેના દાદી બોલ્યો "બેટા મેં તને માફ કરી દીધો છે. તું તારી ભૂલ સમજયો તે જ મને ગમ્યું છે. ભૂલની માફી તો આપવી જ જોઇએ ને!" "ઓ મારી દાદી તમે કેટલા બધા સારા છો. ખરેખર તમે તો ઇસુબાપ જેવું જકહ્યું. હવે હું તમને કદી સતાવીશ નહિ. અને ટોમની દોસ્તી રાખીશ નહિ. તેણે જ મને આવું શીખવ્યું હતું હવે દાદી હું તમારી સેવા કરીશ તમારી જ આજ્ઞા પાડીશ." "શાબાશ મારા દીકરા શાબાશ. પ્રભુ તને ખૂબ આશીર્વાદ આપો."

જોયું ને! બાળકો, ખોટી સોબતની અસર. શું તમે દોસ્ત બનાવવામં કાળજી રાખશો ને? પવિત્ર શાસ્ત્રના નીતિવચન પુસ્તકના બારમાં અધ્યાયની કલમ પાંચમી વાંચો અને તે પ્રમાણે મીત્રોની પારખ કરો.

# કદી વિચાર્યું છે?

શિયાળાની ઠંડી રાતે જ્યારે ઠંડો પવન કોરડાની જેમ વીંઝતો હોય ત્યારે તમને કેવા વિચાર આવે, કારણ કે તમે તો બારી બારણાં બંધ કરીને, બારીના પડદા પાડીને હીટર ચાલુ કરીને સુંવાળી સુંવાળી રજાઇ ઓઢી સુઇ ગયા હોય. મધુર સ્વપ્નની મોજ માણતા હોય ખરું ને!

સવારે ઊઠીને ગરમ ગરમ ચા અને પરોઠાનો નાસ્તો. ગરમ સ્વેટર, જીન્સનું પેન્ટ, પગમાં બુટ-મોજા, માથે ગરમ ટોપી પહેરી ને શાળામાં જવાનું હોય સાંજે આવો ત્યારે પણ ગરમ ગરમ પોષ્ટીક ખોરાક તૈયાર જ હોય. ઠંડીની મજાલ છે કે તમને પજવે? પણ ત્યારે મણિનગર સ્ટેશન પાછળ એક લટાર મારી આવજો જોવા મળશે વાઇબ્રન્ટ ગુજરાતની એક ઝલક.

પ્લાસ્ટીકથી બાંધેલું એક ઝુંપડું કે અનેક ઝુંપડા, ચારે બાજુ પ્લાસ્ટીકની દીવાલો, બારણું કેવું? પ્લાસ્ટીક ઊંચુ કરીને પ્રવેશ કરવાનું, all in one, ડ્રોઈંગ રૂમ, બેડરૂમ, કીચન, બધું જ તેમાં. બહાર લાકડાનો ચૂલો, દીવસમાં એક જ વખત રંધાય. બારેમાસ એકટાણા, વસ્ત્રો મોટી વ્યકિતઓ શરીરની મર્યાદા ઢાંકવા ટુટયા ફાટયા પહેરે. નાના બળકો તો વસ્ત્રહીન. દીવસે આમ તેમ રખડયા કરે. રાત્રે તેમના માતાપિતાના ખોળામાં સંતાઈ જાય.

આ જીવન છે આપણા સમાજમાં તમારી અને મારી નજદીક. પણ આપણે તો બેખબર. આપણી જ મસ્તીમાં વાતો કરીએ છીએ. સેવાની, માનવ સેવાની, દીનદુ:ખીયાના આંસુ લુછવાની.પણ તે તો ફકત વાતોમાં આપણા તારનાર ઈસુની નજરે નિહાળીએ, અને માનવ સેવા તરફ હાથ લંબાવીએ. શુ તમે કશું કરી શકો છો? નવા વસ્ત્રો તો ન જ અપાય પણ ઊંચા થઈ ગયેલા સારા વસ્ત્રો તો આપી શકાય ને? જે તમે વાપરતા નથી તેવી ચાદર. ગમે તે જેનો તમે ઉપયોગ કરતા નથી તે.

ઈસુ એક દિવસ પૂછવાના છે, હિસાબ માંગવાના છે. "મને તેં શું આપ્યું?" આ નાનાઓંની સેવા તેજ પ્રભુ સેવા છે. તો તૈયાર થઈ જાવ બાળકો સેવામાં જોડાવ

# પડદા પાછળ

"મારી માં જેવી માં દરેકને મળે, તો આ જગતમાં જેલોની જરૂર રહેશે નહિ."

ઉપરોક્ત કથન સુવાર્તિકોના રાજકુમાર ડી.એલ. મૂડીએ, તેમની વ્હાલીમાતાની દફનક્રિયા પ્રસંગે આંખોમાંથી આંસુ સારતા કહ્યું હતું.

ડી.એલ. મૂડી. આખુ નામ ડવાઈટ મૂડી તેમનું કુટુંબ મેસેચ્યુસેટસ પ્રાંતના નોર્થ ફીલ્ડમાં રહેતું હતું. ડી.એલ. મૂડીના પિતા એડવીન મૂડી કડીયા કામ કરતા હતા. શ્રી. એડવીન મૂડી આકસ્મિક મરણ પામ્યા. ત્યારે ડી.એલ. મૂડીની ઉમંર ચાર વર્ષની હતી. શ્રી એડવીન મૂડી જ્યારે મરણ પામ્યા ત્યારે તેમની પત્ની બેત્સે સગર્ભા હતા અને, ત્યારબાદ બે જોડીયા બાળકોની માતા બન્યા. કુલ સાત બાળકો અને હવે બેત્સે વિધવા બન્યા. ઘરમાં કંઈ સંપત્તિ હતી નહિ. પોતે પણ ખાસ ભણેલા નહિ. અને હવે સાત બાળકોને ઉછેરવાની જવાબદારી પડોશી એ કહ્યું, બેત્સે બાળકોને અનાથાશ્રમમાં મૂકી દે. તું આ બાળકોને સારી રીતે ઉછેરી શકીશ નહિ.

પણ આ સ્ત્રી બેત્સેએ કાળી મજૂરી કરીને પોતાના સાતે સાત બાળકોને પ્રભુમાં ઉછેર્યા. તેમાંથી એક બાળક ડવાઈટ જગતના મહાન સુવાર્તિક બન્યા આ એક વિધવા માતાની જવલંત ગાથા.

જગતમાં થઈ ગયેલા મહાન પુરુષની સફળતા પાછળ તેમની માતાનો મહાન ફાળો છે. પોતે દુઃખ સંકટ વેઠયા પણ

બાળકોના જીવનને બીજા સૌને સારૂ દીવા રૂપ બનાવ્યા. અબ્રાહમ લિંકન ગુલામોના મુક્તિ દાતા અને અમેરીકા ના પ્રેસીડેન્ટ. તેમનો તેમની માતામાટેનો અભિપ્રાય અને તે પણ અપર માતા "અત્યારે હું જેકંઇ છું અને ભવિષ્યમાં બનીશ એ બધું દૂત જેંવી મારી માતાને આભારી છે. મારી માતાએ મારા માટે કરેલી પ્રાર્થનાઓ આજે પણ મને યાદ છે."

અબ્રાહમ લિંકન આઠ સંતાનોમાંના એક કારમી ગરીબાઈમાં ઉછર્યા ઘર તેમનું ઝુંપડી જેવું હતું નાનપણાથી મજૂરી કરવી પડી રાત્રી શાળામાં જતા, દીવસે લાકડાના કારખાનામાં મજૂરી કરતા પણ તેમની અપર માતાના પ્રેમથી તેઓ આગળ વધ્યા અને આજે ઈતિહાસમાં તેનું નામ અમર છે.

બાળકો સાધન-સંપન્નતા હોય તો જ આગળ વધાય તેવું નથી. કઠોર પરિશ્રમ હોય તો વિજયમાળા તમારા હાથમાં છે."જે રડતા રડતા વાવે છે તે હર્ષનાદ સહિત લણશે." ગીતશાસ્ત્રનું આ વચન વાંચ્યુ છેને! તમારા માતાપિતાની કાળજી ઈશ્વરમાં તમારો વિશ્વાસ ઉચ્ચપદે ચડાવશે. તો ચાલો શરૂ કરો વિદ્યાઉપાસના મન દઈને મહેનત કરો સફળતા તમારે બારણે ટકોરા મારશે. અને ત્યારે તમારા માતાપિતાને ભૂલશો નહિ તેમના જ આશિર્વાદથી જ તમે જીવનમાં સફળતા પામ્યા છો.

દરેક માં તેના બાળકને ખૂબજ પ્રેમ કરે છે. તેમનું લાલન-પાલન પોષણ કરે છે. તેની સંભાળ કાળજી લે છે. આપણે આ સારી રીતે જાણીએ છીએ ત્યારે બાળકો તરીકે તમારી જવાબદારીને તમે સમજો. ઈશ્વરપિતાની બીક રાખો. માતા-પિતાને માન આપો. સન્માન કરો. સફળતા હાથવેંતમાં છે.

# પ્રાર્થનાનો પ્રત્યુત્તર



મા ખુબ ભૂખ લાગી છે, જલ્દી ખાવાનું આપો. જે હોય તે આપો. ટીના અને રીનાએ ઘરમાં પ્રવેશતા જ બૂમ પાડીને કહ્યુ, ઓ માડી અમને બંનેને ઠંડી પણ ખુબ જ લાગે છે, જરા ગરમ ગરમ ચા પણ આપજો ને. જયા બહેને ડબ્બા ફંફોસ્યા થોડા ચણા - મમરા કાઢીને બંને દિકરીઓને આપ્યા, અને કહ્યુ, બેટા દૂધતો નથી ચા કેવી રીતે બનાવું ? આવો આ સગડી પાસે બેસો, હમણાં જ તમારી ઠંડી ઊડી જશે. ચાલો હું તમને એક વાર્તા કહું, વાર્તાનું નામ સાંભળીને બંને બાળકીઓ આનંદિત બની ગઈ. જયા બહેને વાર્તા શરૂ કરી.

એલિયા પ્રબોધક. કેવી રીતે કરિંથના નાળામાં સંતાઇ ગયો અને ઈશ્વરે તેને રોજસેજ કાગડા મારફતે ખોરાક પુરો પાડયો અને ત્યાર પછી સારફતની વિધવા દ્વારા તેનું પોષણ કર્યું. વરસાદ ન પડયો ત્યાં સુધી એ વિધવાની માટલીમાનો મેંદો અને કુંડીમાનું તેલ ખુંટી ગયું નહી. જયા બહેને વાર્તા કહેતાં તપેલીમાં કઈ ચમચી વડે હલાવતાં હતાં. મા હવે ખાવાનું આપો ને નાની રીના ખુબ આજીજીપુર્વક કહેવા લાગી. મા ઈસુ બાપને કહે કોઇ કાગડા આપણે માટે ખાવાનું લઈને મોકલે. હા બેટા ઈસુ બાપ દયાળુ છે તે જરૂર મોકલશે. તેમને આપણી ચિંતા છે. તે કોઈને ભૂખ્યા સૂવા દેતા નથી ચાલો આપણે પ્રાર્થના કરીએ. હા અને ત્યાં સુધીમાં તમે જે ખાવાનું બનાવો છો તે પણ થઈ જશે ખરુ ને. બટકબોલી ટીનાએ કહ્યુ. પ્રાર્થના માટે બંનેને હાથ જોડવાનું કહ્યુ. ના મમ્મી તમે નહી હું પ્રાર્થના કરાવીશ.એમ કહીને ટીનાએ પ્રાર્થનાની શરૂઆત કરી.

ઓ ઈસુ બાપ તમને ખબર છે કે અમે ગરીબ છીએ.

અમારી પાસે પૈસા નથી. પૂરતાં કપડાં નથી. શિયાળો શરૂ થયો છે અમને ખૂબ ઠંડી લાગે છે. તો તમે જેમ એલિયાને કાગડા મારફતે ખોરાક પહોંચાડયો તેમ અમને પણ મોકલી આપજો અને હવે નાતાલ પણ આવવાની છે તો અમારી માટે થોડાંક રમકડાં પણ મોકલજો. કોઈ કાગડાને જરૂરથી મોકલી આપજો. અમે તમારો આભાર માનીશું. આમેન. પ્રાર્થના પૂરી થઈ અને ત્યાં જ બારણે ટકોરા પડયા. ઈસુ બાપે કાગડો મોકલ્યો એમ બૂમ પાડતી ટીના દોડી અને જોરથી બારણું ખોલ્યુ તે તો આશ્ચર્યચકિત થઈ ગઈ. તેની સન્ડેસ્કુલના શિક્ષિકા બહેનો આવ્યા હતાં તેમના હાથમાં પેકેટો હતાં. તેમણે કહ્યુ, ટીના તેં તો ઈસુ બાપને કાગડો મોકલવાનું કહ્યુ પણ અમે તો કાગડીઓ આવી છે, પણ તમારા માટે નાતાલની ભેટ અને બીજી જરૂરીયાતની ચીજો પણ લાવ્યા છે. અમને તમારી મુશ્કેલીની ખબર હતી. ટીના અને રીના તો રમકડાં અને ચિત્રોની ચોપડી જોઈને ખુશ થઈ ગયા. જયા બહેન પણ આભારવશ બની ગયાં કારણ કે બહેનો તેમના માટે એક મહિનો ચાલે તેટલું રાશન લાવ્યા હતા અને તે સાથે સાંજ માટેનો રાંધેલો ખોરાક પણ.

જુઓ બાળકો, પ્રભુ આપણી પ્રાર્થના સાંભળે છે અને જરૂરીયાત પૂરી પાડે છ. તેઓ બીજા લોકોને સાધન તરીકે વાપરે છે. બાળકો આપણા સમાજમાં ઘણાં ગરીબ કુટુંબો છે, તેઓ દુઃખી છે. તેમની આવક ખૂબ થોડી છે. તેઓ તેમનાં બાળકોની જરૂરીયાત કેવીરીતે પૂરી પાડે? તો શું તમે તેમના માટે તેમની જરૂરીયાત પૂરી પાડનાર કાગડો નહિ બનો? તમારાં જૂનાં વસ્ત્રો જે ઊંચા થઈ ગયાં છે, તમને બંધબેસતા નથી અને હવે તમે તે વસ્ત્રો કે બૂટ પહેરતા નથી તે જો આવા બાળકોને આપશો તો તે કેટલાં આનંદિત થઈ જશે. તમારાં જૂના થઈ ગયેલાં રમકડાં પણ તેમને ગમશે. તો ચાલો આજે જ ઘરમાં શોધખોળ શરૂ કરો અને આવી બિનવપરાશી વસ્તુઓ જરૂરીયાતવાળાને પહોંચાડીએ. ઈશ્વરપિતાના આશીર્વાદો મેળવો. પવિત્ર બાઈબલમાં નીતિવચન ૧૯ અને ૧૭મી કલમમાં લખ્યું છે કે ગરીબ પર દયા રાખનાર યહોવાને ઊછીનું આપે છે. તે તેને સુકૃત્યોનો બદલો આપશે.

# પ્રકાશિત દાબડી



અમેરીકાનાં જેન્સવીલ શહેરમાં એક વેપારી પોતાનાં કુટુંબ સાથે રહેતો હતો. પૈસે ટકે સુખી હતો. પોતાનાં ધંધાર્થે દેશવિદેશમાં હંમેશા ફરતો હતો. ખાસ કરીને પેરીસ, ફ્રાન્સ, રોમ, સ્પેન વગેરે જગ્યાએ ખુબ જ ફરતો હતો. જુદી જુદી જગ્યાએથી દુર્લભ વસ્તુઓ ખરીદતો અને પછી વેચતો. ઘણીવાર પોતાનાં શહેરમાં આવી દુર્લભ ચીજોનું પ્રદર્શન ભરતો. આ પ્રદર્શન જેવા પૈસાદાર લોકો આવતા અને મ્હોં માંગ્યા દામ આપીને ચીજ-વસ્તુઓ ખરીદતા. તે તેનાં બાળકો પ્રત્યે પ્રેમ રાખતો. અને પૈસે ટકે સુખી હતો. તેથી બાળકો માટે હંમેશા નાની મોટી ભેટ લાવતો.

એક વખતે આ વહેપારી ફ્રાન્સનાં પેરીસ શહેરમાં ગયો. દિકરાની વર્ષગાંઠ હતી એટલે તેને માટે સારી એવી ભેટ માટે તે દુકાને દુકાને ફરતો. વસ્તુઓનું નિરીક્ષણ કરતો. નાતાલનો સમય હતો. એટલે ઘણી બધી દુકાનો સુંદર રીતે શણગારેલી હતી. એક દુકાનમાં ફરતા ફરતા તપાસ કરી તો એક બહું સુંદર અને અજાયબ પમાડે તેવી દાબડી જોવામાં આવી. દાબડી અંદરના ભાગમાં સુંદર રીતે પ્રકાશતી હતી. અને તે બનાવનારની આ ખૂબી હતી. દાબડી રંગીન છીપની મોહક હતી. દુકાનદારનું કહેવું એવું હતું, કે આમાં એવી ખાસીયત છે કે રાતના સમયે અથવા અંધારામાં એમાંથી કંઈ અજાયબ જેવું અજવાળું પ્રકાશશે. અંધારામાં એ અજવાળુ આપી. આખા ઘરમાં રોશની થઈ રહેશે. દાબડીનો સારો એવો ભાવ આપી તે પોતાના દિકરાને સારૂ તે ખરીદે છે.

પોતાની મુસાફરી પુરી કરી તે ફ્રાન્સનાં પેરીસ શહેરમાંથી પાછા ફર્યા પોતાનાં ઘરે આવે છે. દાબડી પેટીમાં જ મુકી રાખી

હતી. દિકરાની વર્ષગાંઠે તે અજાયબ ભેટ આપવાનો હતો. દાબડી પેટીમાંથી બહાર કાઢી તે દિકરાને ભેટ આપે છે. રાત્રે કેવો પ્રકાશ આપે છે. તે સર્વ બાબત કુટુંબીજનોને જણાવે છે. દિકરાની વર્ષગાંઠની રાત્રે તે દાબડીને મેજ પર મૂકે છે રૂમની બત્તી બંધ કરે છે. પણ દાબડીમાંથી કંઈપણ પ્રકાશ દેખાયો નહિ. જેથી બધા નિરાશ થયા અને વેપારી સમજ્યો કે દુકાનદાર મને છેતરી ગયો. વહેપારીની સ્ત્રી ચાલાક હતી. બીજે દીવસે તેણે દાબડીનું બરાબર નિરીક્ષણ કર્યું. તો ખબર પડી કે દાબડી પર ફ્રેન્ચ ભાષામાં એક લખાણ લખેલુ જોયું કે "તમે મને આખો દિવસ અજવાળામાં રાખશો તો હું તમારે સારૂ આખી રાત પ્રકાશ આપીશ" વેપારીની પત્નીએ કુટુંબના લોકોને કહ્યું અને દાબડી આખો દિવસ પ્રકાશમાં રાખી રાત્રે તેને મેજ પર મુકવામાં આવી. 'આ વખતે એવો સુંદર અને રંગીન પ્રકાશ પડયો કે કુટુંબના બધા બાળકોનો આનંદનો પાર રહ્યો નહિ. આજુબાજુના પડોશીઓ પણ તે જોવાને ઘેર આવ્યા.

વહેપારીએ મુસાફરી દરમ્યાન દાબડીને પેટીમાં રાખી મુકી હતી. તે છીપની બનાવેલી હતી. તેથી તેને પ્રકાશ કે અજવાળુ મળ્યું નહોતું. પણ પછી જયારે તેને સૂર્યનાં તડકે મુકવામાં આવી ત્યારે જ તે અને બધે જ અજવાળુ આપતી. દિકરાને આ અજાયબ દાબડી ખુબજ ગમી. આનંદ સાથે બીજા દીવસે વર્ષગાઠ ઉજવી.

બાઈબલ કહે છે "જયાં સુધી તમારી પાસે પ્રકાશ છે ત્યાં સુધી પ્રકાશ પર વિશ્વાસ રાખો, જેથી તમે પ્રકાશના દિકરા થાઓ." જો આપણે જગતનાં અજવાળા પાસેથી અજવાળુ પ્રાપ્ત કરીશું તો પેલી દાબડીની માફક આપણે પણ આ જગતનાં અંધારમાં પ્રકાશ અને આનંદ આપનારા થઈશું.

ઈસુ કહે છે "જેઓ મારી સંગતમાં રહે છે અને મારા અજવાળામાં ચાલે છે તેઓ અંધારામાં નહિ ચાલશે પણ જીવનનું અજવાળુ પામશે."

# "સાધુ ટેલીમેક્સ"

ગ્રીસ દેશમાં એક સાધુ પુરુષ રહેતો હતો. તેનું નામ મા બાપે ટેલીમેક્સ પાડયું, તે પ્રભુને અર્પિત હતો. બાળપણમાં મા બાપે સારૂ શિક્ષણ આપ્યું હતું અને પ્રભુમાં ઉછેર થયો હોવાથી તે પ્રભુ પર પ્રેમરાખતો હતો. પોતાની યુવાવસ્થામાં તે લોકોની સેવા કરતો હતો. તેણે વધસ્તંભને પોતાનો સાથી બનાવ્યો હતો. ઘણા વર્ષો પછી વૃધ્ધ સેવકે ગ્રીસની ખીણોમાં એકલવાયુ જીવન જીવવાનો દૃઢ નિશ્ચય કર્યો. સંસારની મોહમાયા તજીને પોતાનો લાકડાનો વધસ્તંભ લઈને તે ચાલી નીકળ્યો ખીણમાં તે પ્રાર્થના અને ઉપવાસ સાથે સમય પસાર કરતો. તેને એક દિવસ દિવ્ય પ્રકાશ સાંપડયો જાણે કોઈ કહેતુ હોય કે અહીં શું પડી રહ્યો છો, રોમ તરફ તારી નજર કર, ત્યાં માણસાઈને ન છાજે તેવા કામો થઈ રહ્યા છે. વાણી સાંભળતાજ આ સુકલકડી સાધુ સચેત થયો અને રોમ પહોંચ્યો.. શહેર બહાર ઉંચી ઉંચી ટેકરીઓની ગુફાઓમાં તેણે પોતાનું સ્થાન બનાવ્યું. ગુફામાંથી તેણે જોયું? રોમન અમલદારો ખ્રિસ્તીઓને બાંધીને મોટા મોટા કોલેઝીયમમાં (સ્ટેડીયમ જેવા મેદાનમાં) લઈ જતાં જેમાં ચારેય બાજુ લોકો બેસતા અને વચમાં જે તમાશો થતો તે જોતા, એ તમાશો જોવા લાખો લોકો આવતા હતા, રાજા, અમીર, શ્રીમંતો અને મધ્યમ તથા ગરીબ વર્ગના માણસોનો અહીં ઠઠારો જમા થતો હતો. ત્યાં જે લોહીની નદીઓ વહેતી અને લોહીનાં ફૂવારા ઉડતા તે જોઈને એ માણસો આનંદ પામતા. હજારોની સંખ્યામાં ફાડી ખાનાર જાનવરો રાખવામાં આવતા. મોટા મોટા ભૂખ્યા

આખલાઓ સામે માણસોને લડાવવામાં આવતા. ભૂખ્યા વાઘ અને સિંહને બાંધી લાવેલા ખ્રિસ્તીઓ ઉપર છૂટા મુકવામાં આવતા. અને તેમાં ઘણાં બધા ખ્રિસ્તીઓ વાઘ અને સિંહના કોળીયા બની જતા. માણસોને પણ લડાવવામાં આવતા. જ્યાં સુધી એકમાણસ બીજા માણસને મારી ન નાખે ત્યાં સુધી લોકો ખાતા નહિ.માણસોનાં પેટમાંથી લોહીની ધારાઓ ઉડે ત્યારે તેઓ ચીસો પાડતા અને આનંદ માણતા. એક વખત સાધુ ટેલીમેક્સ ટેકરીઓ પરથી ઉતર્યો અને જ્યાં આવો તમાસો થતો હતો ત્યાં આવી પહોંચ્યો તેનું આવો તમાશો જોઈને તેનું મન દ્રવી ઉઠયું. માણસો અને જાનવરોની લડાઈ ચાલતી હતી. લોહી વહેતી નદીઓ જોવા એકઠા થયા હતા. એટલામાં સાધુ ટેલીમેક્સ મેદાનમાં કુદી પડ્યો અને પુરી તાકાતથી જોરજોરથી પોકારવા લાગ્યો કે "પ્રભુ ઈસુની ખાતર બંધ કરો" બધાની દૃષ્ટિએ સાધુ તરફ ઠરી રંગમાં ભંગ પડયો. તમાશો જોનાર ભાન ભૂલી ગયા. તેઓના આનંદમાં વિઘ્ન પડયું. તેઓ સાધુ ટેલીમેક્સ પર ખિજાયા લોકોનાં હાથમાં જે આવ્યું તેનાથી તેને મારી નાખ્યો. પથ્થરો અને ઘણી વસ્તુઓનો ઢગલો તેની પર થયો. લોકોમાં નાસભાગ શરૂ થઈ જ્યાં ને ત્યાં આ સાધુ એ જે ભોગ આપ્યો હતો તેની વાતો થવા લાગી. તે સમયના રાજાના દરબારમાં પણ એજ વાત ચર્ચાવા લાગી. સાધુ ટેલીમેક્સના બલીદાનની વાત રાજાના કાને પડી. આ વિપરીત વાતનું રાજાને ભાન થયું પોતાનાં રાજ્યમાં અસંખ્ય માણસોને મારી નાખવામાં આવતા હતા અને લોહીની નદીઓ વહેવડાવવામાં આવતી હતી. અને પ્રજા આનંદ કરતી? તેણે પોતાની સહીથી એક હુકમ બહાર પાડ્યો કે હવે પછી રોમમાં કોઈ પણ તમાશા કરવામાં આવશે નહિ. તે સમયથી માણસનાં

જીવનની કિંમત અંકાઇ. ખ્રિસ્તીઓને નવું જીવન આપવામાં આવ્યું. મનુષ્યની સાઠમારીનો તમાશો બંધ થયો. સાધુ ટેલીમેક્સનું કેવું મહાન બલિદાન? કેટલો મોટો મહિમા.

પ્રભુ ઇસુ ખ્રિસ્તને નામે બુમ પાડીને સાધુ ટેલીમેક્સ એક દુષ્ટ કાર્ય થતું અટકાવ્યું. તેને નામે સહન કરવા આપણે તૈયાર છીએ? આપણા પ્રભુએ આખા જગત માટે બિલદાન આપ્યું.ખ્રિસ્તે જે બિલદાન આપ્યું છે અને આપણા પર પ્રેમ દર્શાવ્યો છે તેનાં બદલામાં તેને આપવાનું આપણી પાસે કંઇ છે? આપણા પ્રભુનું બલિદાન સાધુ ટેલીમેક્સ નાં બલિદાન કરતાં કેટલું બધુ શ્રેષ્ઠ છે? તે સમજવા આંખો ઉઘડે તો કેવું સારૂ. જે ભૂંડુ છે તે પ્રભુ ઇસુની ખાતર બંધ કરવા કરાવવા પ્રભુ પાસે શકિત માંગીએ.

પ્રભુની મંડળી કે ખ્રિસ્તી સમાજમાં કોઇ એવું વિપરીત કાર્ય થતું હોય કે જે પ્રભુનાં મહિમા વધારવા માટે અટકાવરૂપ હોય તો તે દૂર કરવા હે જુવાનો પેલા સૂકલકડી સાધુ માફક કંઇ ભોગ આપવા તૈયાર છો?

# રીયાની ઢીંગલી



આદર્શ નગરમાં બચુભાઈ પોતાના કુટુંબ સાથે રહેતા હતા. કુટુંબમાં બે બાળકો હતા. દીકરીનું નામ રીયા અને દીકરાનું નામ રોની હતું. બચુભાઈ ઢીંગલીઓ વેચવાનો વેપાર કરતા હતા. પોતાની નાની ફેકટરીમાં થોડા માણસો ઢીંગલીઓ બનાવતા અને તેઓ જુદા જુદા શહેરોમાં ફરીને તેનુ વેચાણ કરતા હતા. તેઓ પૈસેટકે સુખી હતા. બંને બાળકો જે કંઈ માગે તે તેમને લાવી આપતા. બચુભાઈ દીલનાં દીલદાર હતા. તેમને જુદે જુદે સ્થળે ફરવાનો ખુબ શોખ હતો. તેમણે તેમના બાળકોને પ્રભુમાં ઉછેર્યાં હતા. બંને બાળકો નિયમીત રીતે સન્ડે સ્કૂલમાં જતા, દેવળમાં ભાગ લેતા અને નિયમીત પોતાની માતા સાથે બાયબલ વાંચન તેમજ પ્રાર્થના કરતા. કુટુંબના બધા સભ્યો પ્રભુમય હતા. નાતાલના દિવસોમાં તેમને ત્યાં અનેરો આનંદ હોય. ઘર શણગારે, રોશની કરે, આજુબાજુનાં પડોશીને માટે જમણ રાખે, ગરીબોને દાન કરે, કપડાં આપે અને તેમને પણ જમાડીને તેઓ પરોપકારનું કાર્ય કરતા.

બચુભાઈ વેપારી માણસ હતા તેથી તેમને એક વખતે જાપાન જવાનું આમંત્રણ મળ્યું. બચુભાઈને આનંદનો પાર ન રહ્યો. ઘણી બધી તૈયારી કરીને તેઓ જાપાન ગયા. જાપાનમાં જુદા જુદા દેશોનો મોટો મેળો ભરાયો હતો. તે મેળામાં જુદા જુદા દેશોનાં મોટા

રહેતો હતા. તેઓ ઢીંગલીઓ વેચવાનો વેપાર કરતા હતા તેથી તેમને ત્યાં જાપાની ઢીંગલીઓ અને જાપાની છત્રીઓમાં વધારે રસ પડયો. લગભગ પંદરેક દીવસ પછી પોતાના વતનમાં પાછા ફર્યા. બચુભાઈ પૈસેટકે સુખી એટલે તેઓ જાપાનથી ઘણી બધી વસ્તુઓ લાવ્યા હતા. પોતાની દીકરી રીયાને માટે ખાસ પ્રકારની ઢીંગલી લાવ્યા હતા. રીયા ઢીંગલી જોઈને ખૂબ ખુશ થઈ ગઈ. ઢીંગલી આકર્ષક અને ત્યાની કંપની એ તેને બોલતી ચાલતી બનાવી હતી. ઢીંગલીની પાછળ નાનુ બટન હતું તે દબાવવાથી અવાજ નીકળતો કે "તમે બાયબલ વાંચશો તો હું આંખો ખોલીશ. અને ત્યારબાદ તે આંખો ઉઘાડતી અને આંખોમાંથી સુંદર રંગબેરંગી પ્રકાશ આવતો" જ્યારે બાયબલ વાંચન બંધ થાય ત્યારે ઢીંગલીની આંખો બંધ થઈ જતી અને પ્રકાશ પણ આવતો બંધ થઈ જતો.

રીયા શરૂઆતમાં તો કોઈને ઢીંગલી બતાવતી નહિ કારણ કે તે માનતી કે ઢીંગલી ગંદી થઈ જાય અને તેને કોઈ બગાડી નાંખે તો પછી તો તે નાના બાળકોને બોલાવતી અને તે ઢીંગલી બતાવતી જયારે તેની પાછળનું બટન દબાવવામાં આવે ત્યારે તે ઢીંગલી બોલતી કે "તમે બાઈબલ વાંચન કરશોતો હું આંખો ખોલીશ," આખો દીવસ પડોશના તેમજ મહેલ્લાના બાળકો ભેગા થઈને બાયબલ વાંચન કરતા અને ઢીંગલી સાથે આનંદ માણતા. ઢીંગલીની કરામત જોઈને મોટેરાઓને પણ જોવાનું મન થતું તેઓ પણ ઢીંગલી જોવા આવતા. જાપાનની એક કંપનીનો એવો આશય હતો કે આ ઢીંગલીના વેચાણથી ઘણા બધા બાળકો બાયબલ વાંચતા થઈ જશે.બચુભાઈને પણ એવો વિચાર આવ્યો કે જો દરરોજ સાંજે બાળકો મારે ઘરે એકઠા થાય અને આ ઢીંગલી સાથે આનંદ માણે

તો ઘણા બધા બાળકોને બાયબલ વાંચવાની ટેવ પડશે. બચુભાઈએ તેમનો વિચાર અમલમાં મૂકયો રોજ સાંજે બાળકો એકઠા થવા લાગ્યા અને બાયબલ વાંચન કરતા ઢીંગલી સાથે આનંદ માણતા. બચુભાઈ દીલનાં દીલાવર એટલે રોજ ત્યાં આવતા બાળકોને ચોકલેટ કે બિસ્કીટ આપતા. એમ એ ઢીંગલી દ્વારા ઘણા બધા બાળકોને બાયબલની કલમો મોઢે થવા લાગી અને બાયબલ વાંચવાની ટેવ પડી. મહોલ્લાના લોકોએ આ કાર્યને માટે બચુભાઈની પ્રશંસા કરી. એમ રીયાની ઢીંગલીએ ઘણાબધા બાળકોને પ્રભુમય બનાવ્યા.

વ્હાલા બાળકો નાતાલ અને નવા વર્ષનો આનંદ માણ્યો. પ્રભુનો આભાર માનીએ છીએ કે પ્રભુએ આપણને નવા વર્ષમાં પ્રવેશ કરાવ્યો. આ નવા વર્ષમાં આપણે આંખો ખુલ્લી રાખીને પ્રભુના વચનો વાંચીએ તેમજ સાંભળીએ. અને સુવાર્તાના વાંચનને તમારા દૈનિક જીવનનો ભાગ બનાવો. અને શક્ય તેટલા દેવનાં વચનો કંઠસ્થ કરવાની ટેવ પાડો. યાદ રાખો, પ્રભુને બાળકો ખૂબ ગમે છે. તેણે કહ્યું છે કે "બાળકોને મારી પાસે આવવા દો, તેવો ને વારો મા, કેમકે આકાશનું રાજ્ય તેવાઓનું છે."

"બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમા ચાલવાનું તેમને શિક્ષણ આપ, એટલે તે વૃદ્ધ થશે ત્યારે તેમાંથી ખસશે નહિ." (નીતિવચન ૨૨:૬ )

વ્હાલાઓ, આ નવીન વર્ષમાં આપણા બાળકો, પ્રભુમય જીવન જીવે તેની કાળજી રાખીએ.

# સુઝાન

સને ૧૯૦૬માં સાન ફ્રાન્સીસ્કોમાં ભયંકર ધરતીકંપ થયો હતો. એના જેવો ધરતીકંપ હજી સુધી થયો નથી. લાખ્ખો માણસો મૃત્યુ પામ્યા હતા. અસંખ્ય લોકો બેઘર બની ગયા હતા. પુષ્કળ તારાજી એ શહેરમાં થઈ હતી, ઘણા લોકો એ ભયંકર ભૂકંપ જોઈને ગાંડા થઈ ગયા હતા. શહેરથી દૂર એક ટેકરી પર એક મિશનેરી કુટુંબ રહેતું હતું. એની આજુબાજુ ઘણા બધા પ્રભુ પર વિશ્વાસ રાખનારા કુટુંબો રહેતા હતા. આ મિશનેરી કુટુંબમાં નોએલ, તેમની પત્ની મેરી અને તેમની દસ વર્ષની દીકરી સુઝાન સાથે રહેતા હતા. સુઝાન ભણવામાં હોંશીયાર હતી. આજ્ઞાકીત દીકરી હતી. નિયમીત સન્ડેસ્કૂલમાં તેમજ પ્રભુમંદિરમાં જતી હતી. આ બધી બાબતોમાં તેમના માબાપનો મોટો ફાળો હતો. જે ગોઝરા ભૂકંપ થયો હતો તેને લીધે આજુબાજુ ઘણા મકાનો નાશ પામ્યા હતા. વળી તેની ખાસ બહેનપણી નાઓમીનું પણ મૃત્યુ થયું હતું. સુઝાન આ ભયંકર ભૂકંપને લીધે અને તેની બહેનપણી નાઓમીના મૃત્યુને લીધે પુષ્કળ ડરી ગઈ હતી. ઘણીવાર તે સુનમુન બેસી રહેતી, ઘણીવાર તે રાત્રે તે ઝબકી ઊઠતી. અને એમ તેની શાંતિ ચાલી ગઈ હતી. માબાપની સ્થિતિ સારી હોવાથી ડોકટરોનો સંપર્ક ચાલુ રાખેલો. પણ દિવસે દિવસે તેની સ્થિતી ગંભીર બનવા લાગી. તેઓ વધુ સારા ડોકટર પાસે લઈ ગયા જેમણે એવો અભિપ્રાય આપ્યો કે તેને ગંભીર પ્રકારની માંદગી છે અને તે બચે એ અશક્ય છે. લાંબી માંદગીથી મા એ પોતાની ધીરજ છોડી દીધી અને પિતાના હાથપગ પણ ઢીલા પડી ગયા. છેવટે તેમણે પ્રાર્થના જેવા પરિણામકારક સાધનનો ઉપયોગ આગ્રહતાથી તથા વિશ્વાસથી કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. ઘણા દિવસો સુધી આગ્રહપૂર્વક પ્રાર્થના કરી પરંતુ સુઝાનના મંદવાળમાં કોઈ ફેર પડયો નહિ, તેથી અમારી પ્રાર્થનામાં કંઈ કમીપણું તો નહિ હોય એવો વિચાર કરતાં બાપ પોતાની ઓરડીમાં બેઠાં. એકાએક

તેમને દર્શન થયું. દર્શનમાં તેમણે ખુદ પ્રભુ ઈસુને બારીમાં ઊભેલા જોયા. ઈસુએ તેમની તરફ જોઈને હસતા મુખે કહ્યું, "ચિંતા કરશો નહિ, બધું ઠીક થશે." પણ બાપને દર્શન પર કંઈ વિશ્વાસ બેઠો નહિ. તેમણે ફરી એકવાર પેલી બારી ભણી નિહાળીને જોયું, પણ એ વખતે તેમને ત્યાં કોઈ દેખાયું નહિ. પરંતુ પેલો ધ્વની તેમના કાનમાં અથળાવવા લાગ્યો. "ચિંતા કરશો નહિ, બધું ઠીક થશે." તેથી થયેલા દર્શન પર આ માણસનો વિશ્વાસ "ચિંતા કરશો નહિ, બધું ઠીક થશે." બન્યો. દિકરી સુઝાનનાં પલંગ પાસે બેઠેલા બાપે પોતાની પત્ની મેરીને બોલાવીને તેમણે બનેલી હકીકત કહી સંભળાવી. પ્રથમ તો તેનો વિશ્વાસ બેઠો નહિ. તેને લાગ્યું કે એ સ્વપ્ન હશે. અગર તેના મનની કલ્પના હશે. તેઓ બંનેએ આંસુ સાથે ફરીથી પ્રર્થના ચાલુ રાખી. અને રોજ દીકરીના પલંગ પાસે આવીને તેને જોતા/દીકરી સુઝાનની હાલત ધીમે ધીમે ગંભીર થવા લાગી. હાથ-પગ ઠંડા થવા લાગ્યા. ચહેરો પણ ફીક્કો પડવા લાગ્યો હતો.

"ચિંતા કરશો નહિ, બધું ઠીક થશે," એ આશ્વાસનનું કંઈજ પરીણામ આવ્યું નહિ. એટલે તેઓએ મોટા ડોક્ટરને બોલાવ્યા. ડોકટરે સુઝાનને કાળજીપૂર્વક તપાસી પોતાનો ચહેરો સુંદર રાખી "દીકરી હવે જાય છે, મારાથી કંઈ બની શકે તેમ નથી," એવો પોતાનો અભિપ્રાય આપ્યો. મા નિશ્વાસ નાખી ને રડવા લાગી.બાપ લમણે હાથ મુકીને નીચે બેસી ગયા. એટલામાં ફરી એક વાર પહેલાની જ વાણી તેમનાં કાને અથડાઇ કે "બધું ઠીક થશે, દિકરીની ચિંતા કરશો નહિ." એવા દુઃખમાં તે એકદમ ઉભા થઈ ગયા અની પોતાની પત્નીને ધીરજ રાખવા કહ્યું. ફરીથીદેવના વિશ્વાસમાં દઢ બન્યા. અને તેઓ પ્રાર્થના કરવા લાગ્યા એટલામાં "મમ્મી" આ શબ્દ કાને પડ્યો. પ્રાર્થના તાબડતોબ પૂરી કરી, માબાપ દોડતા દીકરી પાસે ગયા, દીકરી ભાનમાં આવી હતી. દીકરી એ પોતાના માબાપ ભણી ઝાંખી દૃષ્ટિએ જોયું. અને અસ્પષ્ટ શબ્દોમાં તે બોલી એ મને મારો નવો ડ્રેસ પહેરાવો. તેના

માબાપે તેની બર્થ ડે માટે નવો ડ્રેસ બનાવ્યો હતો. તેના હોઠોનું હલનચલન ચાલતું હતું. તેણે વધારે સ્પષ્ટ ભાષામાં બોલવાનો પ્રયત્ન કર્યો. માબાપે તેની ઇચ્છા મુજબ તેને નવો ડ્રેસ પહેરાવ્યો માબાપને થોડો આનંદ થવા લાગ્યો. તેમને લાગ્યું સુઝાનની સ્થિતી હવે કંઇ સુધરે છે. પણ પછી તે હસવા લાગી અને કહ્યું કે, મમ્મી તથા પપ્પા તમે હવે મારી ચિંતા કરશો નહિ, હવે મને ધરતીકંપની કે બીજી કોઇ જાતની બીક લાગતી નથી. હવે મને ખુદ ઇસુબાપા લઇ જવાને આવ્યા છે. તેઓ બારી પાસે ઊભા છે અને તે કહે છે હવે " તને ઠીક થશે."બે ત્રણ વાક્યો બોલવામાં સુઝાનને ઘણો શ્રમ પડયો. તેનું બોલવાનું પુરું થતાં જ પોતાનાં વહાલા માબાપની દીન અને કરુણાજનક નજર ભણી જોઇને બોલી, "મમ્મી-પપ્પા "જાઉં છું" એમ કહીને સુઝાને હંમેશાને માટે આંખો બંધ કરી દીધી. મા-બાપે ઘણું જ કલ્પાંત કર્યું અને દિકરીને ભારે હૈયે વિદાય આપી.

વહાલા બાળકો, માબાપનાં દુ:ખની શી સીમા રહી? તેમણે કરેલી આગ્રહપૂર્વકની પ્રાર્થનાનું શું? શું તેમનામાં ભરપૂર વિશ્વાસ નહતો? તો પછી એમ કેમ થયું. એનો એકજ જવાબ છે. કે આ કે, આપણે કરેલી પ્રાર્થનાનો જવાબ આપણી ઇચ્છા પ્રમાણે ઇશ્વર આપે, એવો આપણો આગ્રહ હોય છે. ઇશ્વરની ઇચ્છા, તેની યોજના શી છે, તે આપણને કબૂલ કરાવવાને ઇશ્વર પ્રયત્ન કરે છે. ઘણીવાર આપણે પણ નિરાશ થઇએ છીએ. આપણને આપણે પ્રાર્થનાઓનો જવાબ તેમણે આપ્યો નહિ એવું કહીએ છીએ, પણ તે ખરૂં નથી. દેવબાપ વિશ્વાસથી કરેલી પ્રાર્થનાનો જવાબ આપે છે. પણ તેમની ઇચ્છા પ્રમાણેનો જવાબ હોય છે. આપણે તેમની યોજનાને માન આપવું જોઇએ.

આ વાતમાં પ્રભુ ઇસુનું કહેવું સત્ય ઠરે છે કે "ચિંતા કરશો નહિ, બધું ઠીક થશે," એ વાતનો અર્થ બાપે જુદો કર્યો. પરંતુ દીકરીનો અર્થ પ્રભુ ઇસુનાં શબ્દોને અનુરૂપ હતો. દેવની યોજના માનવી સમજી લે તો જગતમાં કેટલા દુ:ખો ઓછા થાય?

# લાલ ડગલાવાળો નેવીલ

એક શહેરના ફળીયામાં નેવિલ કરીને એક છોકરો રહેતો હતો. તે પોતાનાં બાપનો એકનો એક દીકરો હતો. પૈસે ટકે સુખી હતો. મા-બાપને તે બહુ વ્હાલો હતો. એટલું જ નહિ પ્રભુને પણ તે વ્હાલો હતો. કારણ કે તે સ્વભાવે નમ્ર, પ્રેમાળ, દયાળુ અને ધાર્મિક હતો. તેમજ દેખાવમાં સુંદર, બહાદુર અને હોંશિયાર પણ હતો. અને પોતાની વાણી વચન તથા કામોથી બધા માણસોને ખુશ ખુશ કરી નાખતો હતો તેનાં ફળિયામાં માણસો કોઈવાર તેને કોઈ કામ કરવાનું કહેતા , તે આનાકાની વગર રાજી ખુશીથી ઝટ કરતો. વળી ફળીયામાં કોઈ માંદુ પડેલુ તેના જાણવામાં આવે તો ત્યાં જઈને તેની ચાકરી કરતો હતો. તેને વૃદ્ધ માણસો બહુ ગમતા તેથી વૃદ્ધ માણસોની તે અદબ રાખતો. આજુબાજુના ગામોમાં નેવીલની સેવાની લોકોને જાણકારી હતી. નાતાલનો તહેવાર તેને ખૂબ ગમતો. પોતે ક્રિસમસ ફાધર ( નાતાલ બાપા ) બનીને નાતાલના મહિનામાં લોકોને અનંદથી તરબોળ કરતો. પોતે આખા મહિના માટે કાર ભાડેથી લેતો અને તેમાં જુવાન છોકરાઓ જેઓ સારુ ગાઈ શકતાં, વગાળી શકતાં તેવા પાંચ, સાત જુવાનોનિયાઓને કારમાં બેસાડી નાતાલના ગીતો ગાવા જુદા જુદા આજુબાજુના ગામડાઓમાં લઈ જતો. મધરાત સુધી ગીતો ગાતા અને પછી તેઓ પાછા ફરતાં. લોકો તેને લાલ ડગલાવાળો નેવીલ કહેતા. કારણ કે તે નાતાલનાં દિવસોમાં ક્રિસમસ ફાધરનો લાલ ડગલાવાળો ડ્રેસ પહેરીને નાચતો અને ગરીબ વૃદ્ધોને જાત જાતની ભેટ સોગાદો

આપીને ખુશ કરતો.

એક વખત એક ગામમાં એક વૃદ્ધ માણસને પોતાનાં ખેતરેથી પાછો ફરતાં વાર લાગી હતી. અને અંધારું થઈ જવાથી કુટુંબીજનો ચિંતા કરવા લાગ્યા હતા. આ વૃદ્ધ માણસ ૮૦ કે ૮૫ વર્ષની વયનો હતો. પણ બેસીને ચાલતો હતો. પાછા વળતા ઘણી ઠંડી હોવાથી તે ટાઢથી ધ્રુજવા લાગ્યો. સમયસર તે પાછો ન ફરતાં લોકો ગુસ્સે ભરાયા હતા. તેના ઘરના માણસોએ લોક લાજને લીધે નહિ જેવી શોધખોળ કરી. પણ તે ન મળવાથી તેના પ્રત્યે ક્રોધે ભરાઈ વાળું કરી ઘરનાં બધા બારણાં બંધ કરી ઠંડીને લીધે સૂઈ ગયા. બિચારો ડોસો જેમ તેમ કરીને ઘર પાસે આવ્યો પણ ઘરના માણસોની મારની બીકને લીધે ત્યાં જ ટૂટીયું વાળીને બેસી રહ્યો. હતો.

નેવીલ પોતાની ગાયન ટોળી લઈને તે ગામમાં આવી પહોંચ્યો. નાતાલનાં ગીતો ગાઈને રમઝટ બોલાવી અને ગામનાં લોકો ઘરમાંથી બહાર આવીને ગાયન ટોળી સાથે ભેગા મળી ગીતો ગાયા ત્યારે વૃદ્ધ ડોસાના કુટુંબીજનો જ ઘરમાં ભરાઈને ઊંઘી ગયા હતા. જ્યારે ફળીયાના લોકોનાં મુખેથી ડોસાની દયામણી સ્થિતિની વાતજાણી ત્યારે તેની લાગણી દુભાઈ આવી આંખોમાં આંસુ આવી ગયા. તરત જ ગામનાં લોકો સાથે તે ડોસાની મુલાકાત લીધી. વૃદ્ધ ડોસાને સુદર કપડા પહેરાવ્યા. ગંદો ફેંટો બદલાવી નવો ફેંટો આપ્યો. ધોતી આપી, ગરમ શૉલ આપી અને પડોશમાં ગાયનટોળી માટે બનાવેલી ચ્હામાંથી પ્રથમ વૃદ્ધ ડોસાને ચ્હા આપી. ખાટલો મંગાવીને તેનાં પર બેસાડીને નેવીલનં માથા પર હાથ રાખીને આશીર્વાદ આપતા કહ્યું "બેટા, પ્રભુ તારું ભલું કરશે."

નાતાલની સવારે ઘરના લોકો ઊઠયા અને વૃદ્ધ ડોસાની સ્થિતિ જોઈને તેઓ શરમ અનુભવવા લાગ્યા. તેઓ લાલ ડગલાવાળા નેવીલની સેવાથી વાકેફ થયા અને પોતે કરેલા ખરાબ કૃત્યથી કુટુંબીજનોએ તે વૃદ્ધ ડોસાની માફી માગી અને વૃદ્ધ ડોસાને ઘરમાં ઊંચકી લઈ જઈને તેની પુષ્કળ સરભરા કરી અને સૌએ નાતાલની ઉજવણી કરી.

બે દિવસ પછી લાલડગલાવાળા નેવીલનું કાર્ડ કુટુંબને મળ્યું જેમાં વૃદ્ધની સેવા કરવા અંગે શીખામણ હતી. તે કાર્ડ મળ્યું આનંદ થયો પણ વૃદ્ધ ડોસાને આખી રાત ભૂખ્યો રાખીને કડકળતી ઠંડીમાં બહાર રાખીને જે ખરાબ વર્તન કર્યું હતું. તે કુટુંબીજનો ક્યારેય વિસરી શક્યા નહિ.

લાલ ડગલાવાળા નેવિલે જે સેવા કરી હતી તે સેવા હતી. આ દિવસોમાં કોઈને સેવા કરવી ગમતી નથી પણ બીજાની પાસે સેવા કરાવવી ગમે છે. માટે જ પ્રભુ ઈસુએ આપણને નમૂનો આપતા કહ્યું છે કે હું સેવા કરાવવાને નહિ પણ સેવા કરવાને આવ્યો છું.

આજે પણ પશ્ચિમના દેશોમાં લાલ ડગલાવાળા ક્રિસમસ ફાધર ગરીબ અને અનાથ બાળકો માટે આશીર્વાદ સમાન બની રહે છે. વ્હાલાઓ, આ વર્ષે આપણે ૨૦૦૧ની સાલની નાતાલની ઉજવણી કરીશું. ત્યારે જો આપણા ઘરમાં આપણા વૃદ્ધ સેવક સેવિકા હોય તો આપણે તેમને નાતાલનાં આનંદના ભાગીદાર બનાવીએ તો બાળરાજા ઈસુને કેટલો આનંદ થાય?

# હીરા - મોતી

એક મોટા ગામમાં એક અનાથ છોકરો રહેતો હતો. તેનું નામ હતું મોતી. તેને ઘરબાર નહોતું એટલે ગમે ત્યાં રહેતો. કોઈવાર ગામનાં પાદરે ચોરા ઉપર સૂઈ જાય, કોઈ વખત ગામનાં મંદિરનાં ઓટલા ઉપર પડી રહે અને ઘણીવાર ગામનાં કોઈ ખેતરમાં પણ તે મળી આવે. તે અનાથ હતો તેથી લોકો તેને જે કામ સોંપે તે કામ વિશ્વાસપૂર્વક કરે અને તેબદલ ગામના લોકો તેને બે ટંકનું ભોજન પૂરું પાડતા. તે ભલો હતો અને પ્રામાણિક હતો. ગામનાં લોકો ગરીબ હતા તેથી તેની પર પ્રેમ રાખતા.

એક વખતે ગામનાં હીરા દરબારે તેને આમંત્રણ આપ્યું. વાતચીત કરી તેને વાત કરી તેને જમાડયો. હીરા દરબારે તેને વાત કરી કે મારી પાસે નાણાંની મોટી થેલી છે. અને મારે બે ત્રણ દિવસ બહારગામ જવુ છે તો શું તે થેલીનું સાચવીશ? હું તને મોટો સીપાહી બનાવીશ. હીરા દરબારે નાણાંની થેલી તેને સોંપી અને હાથમાં અધમણની બંદૂક આપી. અને તે વિદાય થયા. મોતી બે ત્રણ દિવસ જાગતો ઊભો રહ્યો. ગામની નજીક એક ટેકરી હતી. એનું નામ કાળી ટેકરી. આ ટેકરી પર પુષ્કળ ઝાડ હતા અને લીલું ઘાસ પણ ઊગી નીકળ્યું હતું. તે ટેકરીઓ પર સાત ઠીંગુજીઓ રહેતા હતા. બધા ઠીંગુજીઓ રાત્રે ગોળાકારમાં બેસતા અને બહાદુરીની વાતો કરતા.

એક દિવસ એક જણ કહે, જો મોતીની ચોકીમાંથી હીરા દરબારની નાણાની થેલી લઈ આવીએ તો ખરા બહાદુર! તેમણે નક્કી કર્યું. મધરાતનો વખત હતો. થાક અને ઉજાગરાને લીધે ગામનો મોતી બંદૂકનાં ટેકે હવે ઊભો ઊભો ઊંઘતો હતો. સવારે

મોતી એ જોયું તો નાણાંની થેલી ગુમ હતી. ઠીંગુજીઓ લાગ જોઈને ઊપાડી ગયા હતા. હીરા દરબાર બહારગામથી આવી પહોંચ્યા હતા. મોતીનો તો જીવ ઊડી ગયો, નાણાંની થેલી ગઈ એની ભેગી આબરૂયે ગઈ?

હીરા દરબારને ખબર પડી અને મોતીને બોલ્યા તું ચોર છે! લાવ મારી નાણાંની થેલી! મોતી કહે બાપુ, હું ચોર નથી. હીરા દરબારે કહ્યું તું ચોર નથી તો લાવ મારી નાણાંની થેલી નહિ તો ઘાણીએ ઘાલીને હું તારું તેલ કાઢી નાખીશ. હીરા દરબારે મોતી પાસેથી બંદૂક માગી લીધી અને તેને થેલી શોધવા ધક્કો મારી કાઢી મૂક્યો.

એક દિવસ મોતી કાળી ટેકરી પર ગયો. આરામ કર્યો અને વિચારતો હતો કે નાણાંની થેલી કોણ લઈ ગયું. એવામાં હઈસો, હઈસો, એવો અવાજ સંભળાયો. મોતી અવાજ સાંભળીને ગભરાયો. વહેલો વહેલો પાસે પડેલા પીપનાં કાણાંમાંથી જોતો હતો, ઓય મા, આ શું? આ તો ઠીંગુજીઓ? એક ઠીંગુજી આગળ હતો. અને એ સરદાર જેવો લાગતો હતો. એની પાછળ ચાર ઠીંગુજીઓ કોઈ વસ્તુ ઊપાડીને લાવતા હતા. એમની પાછળ બીજા બે ઠીંગુજીઓ હતા. આજ પેલા હીરા દરબારના નાણાં ભરેલી થેલી? મોતી એ થેલી ઓળખી ગયો. તે કહેવા લાગ્યો આજ ચોર છે: ઝાડ નીચે બધા ઠીંગુજીઓ નાણાંની થેલી વચ્ચે મૂકી બધા ગોળાકાર બેઠા . પછી એક જાડો ઠીંગુજી ઊભો થઈ કહેવા લાગ્યો. આ થેલીની પહેલી ખબર મને પડેલી એટલે એનો અડધો ભાગ હું લેવાનો, એક પાતળો ઠીંગુજી પીપ પર ચડી ગયો પછી તે કહેવા લાગ્યો કે નાણાંની થેલી પહેલી મેં કબજે કરી એટલે અડધો ભાગ મારો. પછી તે બધા ઠીંગુજીઓ પીપ પર ચડી જઈને બુમાબુમ અને ચીસાચીસ કરવા લાગ્યા. પીપ નીચે સંતાઈ ગયેલા મોતીનું માથું

ફરવા લાગ્યું.માથા પર પીપ લઈ એકદમ ઊભો થઈ ગયો. ઠીંગુજીઓ ધડાધડ પીપ પરથી નીચે પછડાયા. પીપને ચાલતું જોઈને ઠીંગુજીઓ ગભરાયા અને " ભૂતભૂત" કરીને કયાંય નાસી ગયા.

મોતીએ પીપમાંથી બહાર આવીને પેલી હીરા દરબારની નાણાંની થેલી ઊપાડી લીધી. થેલી લઈને મોતી પાછો પીપમાં ભરાયો. ચાલતું ચાલતું પેલું પીપ જેમાં મોતી ભરાયો હતો તે ગામનાં હીરા દરબાર સામે જઈને ઊભું. હીરા દરબાર ગભરાયો. તેને બીક લાગી કે રાત્રે જનાવર કયાંથી આવ્યું? વળી કુદતું કુદતું આવે છે.હીરા દરબારે બંદુક તૈયાર કરી તેવામાંજ મોતી પીપમાંથી બહાર આવ્યો. પેલી નાણાંની થેલી હીરા સામે ધરી. હીરા દરબારે તેને શાબાશી આપી. તેની બહાદુરીના વખાણ કર્યાં. અને તેને કાયમનો તેનો સિપાહી બનાવવાની વાત કરી. મોતી એ કહ્યું હવે મારે સીપાહી કે જમાદાર બનવું નથી. હું ફકત ગામ લોકોની સેવા કરીશ અને ગામ લોકો મને જે આપશે તે ખાઈશ. ત્યારબાદ ગામનાં હીરા દરબારને છેલ્લી સલામ પાઠવી તે ગામમાં રહેવા ચાલ્યો ગયો. તે ભલો ભોળો અને અનાથ હતો. પણ પ્રમાણિક હતો.

વહાલા બાળકો, ભલે આપણે અનાથ હોઈએ પણ જો આપણે પ્રમાણિકપણે જીવન જીવતા શીખીશુ તો પ્રભુ જરૂરથી આપણને સઘળાં વાનાં પૂરા પાડશે.

**"યહોવાહનો માર્ગ પ્રમાણિકોને કિલ્લારૂપ છે.**
**પણ તે દુષ્કર્મીઓને નાશરૂપ છે."**
**"ગરીબ પર દયા રાખનાર યહોવાહને ઊછીનું આપે છે,**
**તે તેને તેનાં સુકૃત્યનો બદલો આપશે."**

# નજમા

મોતીભાઈ એક સ્ટેટના દરબાર હતા. પોતે પૈસે ટકે સુખી હતો. તેમને એક દીકરી હતી જેનું નામ હતું નજમા. તે બહુ જ રૂપાળી હતી. કળા કૌશલ્યમાં પણ તેટલી જ હોંશીયાર હતી. ભણીં ગણીને તે ગ્રેજ્યુએટ થઈ. મોતી દરબાર તે સ્ટેટના રાજાના માનીતા હતા. રાજ દરબારમાં મોતીભાઈની બોલબાલા હતી. મોતીભાઈ તેમની દીકરી નજમાને સાથે જ સખતા. સ્ટેટનાં લોકો મોતી દરબારને માન આપતા. દિકરી વિદ્‌દ્વાન હતી તેથી ગામના ઘણા પ્રશ્નોનો નિકાલ લાવતી. ગમે તેવા કોયડાનો ઉકેલ તે લાવી શકતી હતી. તેની બહેનપણીઓ પણ વિદ્‌દ્વાન હતી. તેઓ સાથે જ જમતા હતા.

એકવખત રાજાએ રાજ દરબાર ભર્યો હતો. મોતી દરબાર પોતાની દીકરી નજમાનેસાથે લઈ ગયા હતા. રાજ દરબારમાં વિવાદ થયો કે ધનવાન ચડે કે વિદ્વાન? કોઈ પ્રધાન ધનવાન કહેં, કોઈ પ્રધાન કહે વિદ્વાન. વિવાદ બરાબર જામ્યો. મત લેવામાં આવ્યો તો મત પણ બંને પક્ષો સરખા હતા. મોતી દરબારની દીકરી નજમા ઊભી થઈ. બોલવાની રજા માંગી. તેનો બાપ મોતી દરબાર તેની સામે ટગરટગર જોઈ રહ્યો. આખો રાજ દરબાર તેની સામે જોઈ રહ્યો કારણકે તે પ્રભાવશાળી અને સ્વરૂપવાન હતી. રાજાએ તેને રજા આપીં. નજમાએ કહ્યું "રાજાજી કોઈ કોઈથી ચઢે નહિ. બંને ચડીયાતા. ધનવાન અને વિદ્વાન બંને ચડીયાતા. ધનવાન અને વિદ્વાન બંને સરખા. ધનવાન પણ લોકોનું ભલુ કરી શકે છે અને વિદ્વાન પણ લોકાનું ભલુ કરી શકે છે." રાજા તો આ વિવાદ

શમ્યો એટલે રાજી રાજી થઈ ગયા. તેમણે આ છોકરીને બોલાવીને કહ્યું કે, હવેથી રોજ તારે રાજયસભામાં આવવું.

રાજાના પ્રધાનોને આ ગમ્યું નહિ. તેઓને આ છોકરી પ્રત્યે ઈર્ષા જાગી. તેઓ રાજાના કાન ભંભેરવા લાગ્યા. " મહારાજ મોતી દરબારની દીકરી ચતુર છે પણ એ કોઈનું શીખવ્યું બોલી હોય એવું ન બને? વળી એમાં આખી રાજયસભાને ઉતારવાનો દાવ પણ હોય શકે?" રાજાએ થોડીવાર વિચાર કર્યો.પછી બીજા પ્રધાનોને કહ્યું કે, આનો કોઈ ઉપાય ખરો? બધા પ્રધાનોએ મસલત કરી અને નક્કી કર્યું કે " હવે જયારે તે રાજ સભામાં આવે ત્યારે તેને અઘરો પ્રશ્ન પૂછીએ. અને એનો ઉત્તર એ આપી નહિ શકે અને રાજસભામાં એનું આવવાનું બંધ થઈ જશે!" રાજાએ સંમતિ આપી.

બીજી વાર રાજસભા ભરી. નજમા ફરી તેના પિતાજી સાથે રાજ સભામાં ગઈ. કારણ કે રાજા એ તેને ખાસ પ્રકારનું આમંત્રણ આપ્યું હતું. રાજાએ આજે નજમાને જ ઊભી કરીને એક પ્રશ્ન પૂછયો. રાજાએ કહ્યું કે, મારા ખજાનામાં હીરા, મોતી, પરવાળા, નીલમ, માણેક વગેરે ઘણા રત્નો છે એનું મૂલ્ય શું છે? એ મને કહે. મોતી દરબારની દીકરી નજમા સમજી ગઈ કે રાજાજી એ એની કસોટી કરવા માટે જ આ પશ્ન પૂછયો છે મોતી દરબાર તેની પાસે જ બેઠો હતો. તેણે તેના બાપના કાનમાં કંઈક કહ્યું. મોતી દરબાર ઊભા થઈને ત્યાંથી ચાલ્યા ગયા. થોડીવાર પછી મોતી દરબાર પાછો આવ્યો એના હાથમાં એક થાળી હતી તેની ઉપર રૂમાલ ઢાંકેલો હતો. તે આગળ આવ્યો અને થાળી તેણે રાજા સામે મૂકી.

નજમા બોલી, "મહારાજ થાળી ઉપરથી રૂમાલ ખસેડી

લો. થાળીમાં આપનાં પ્રશ્નનો ઉત્તર છે." રાજાએ રુમાલ ખસેડયો થાળીમાં જુવારનો એક દાણો, રૂ નું પૂમડું, માટીને એક કાંકરી અને વાટકીમાં પાણી હતું. રાજાએ આ બધું થાળીમાં જોયું પણ તેને કંઈ સમજાયું નહિ એણે પૂછયું આ શું છે?

નજમા બોલી, "જે વસ્તુઓ ઉપયોગી હોય તેનું મૂલ્ય હોય, જુવારનો દાણો એટલે અનાજ. અનાજ વિના ચાલે જ નહિ માટ અનાજ મૂલ્યવાન છે. બીજી છે માટીની કાંકરી. માટી ન હોય તો અનાજ જ ન ઊગે. ત્રીજી બાબત છે પાણી. પાણી ન હોય તો અનાજ ન ઊગે. વસ્ત્રો બનાવવા રૂ જોઈએ ઉપરાંત હવા અને સુરજ પણ એટલાં જ મૂલ્યવાન છે. આ છ બાબતો વિના જીવન શકય નથી. આપના ભંડારમાં હીરા,મોતી, માણેક, નીલમ, પોખરાજ બધું છે. પણ એના વગર જીવી શકાય છે. માટે તે ઉપયોગી નથી. તે માત્ર શોભારૂપ છે. જીવવા માટે તે જરૂરી નથી માટે તેમનું કશું મૂલ્ય નથી."

નજમાનો જવાબ સાંભળીને રાજસભા એકીઅવાજે વાહ વાહ પોકારી ઊઠી. રાજાએ પોતાના ગળાનો હાર નજમાને પહેરાવી તેને શાબાશી આપી. વળી રાજાએ પોતાના દીકરાનાં લગ્ન નજમા સાથે થાય એવો પ્રસ્તાવ નજમાના પિતા મોતી દરબાર સમક્ષ મૂકયો. અને નજમાની સંમતિ પ્રાપ્ત થતાં રાજકુમાર સાથે તેના લગ્ન થયા

સોનું તથા માણેક મોતી તો પુષ્કળ હોય છે. પણ જ્ઞાની હોઠ તો એક મૂલ્યવાન જવાહિર છે.

# જોસેફ ગેબર

જોસેફ ગેબરનો ઉછેર રશીયાનાં ઝેકોસ્લોવાકિયા શહેરમાં એક સામ્યવાદી કુટુંબમાં થયો હતો.જોસેફની મા પ્રભુ ઈસુ પર ખુંબ જ વિશ્વાસ રાખતી હતી. જયારે તેનો પિતા સામ્યવાદી વિચારસરણી ધરાવતો હતો. જોસેફ બાળપણથી હોંશીયાર હતો.તેને બીજો નાનો ભાઈ હતો. બંને બાળકોપર માતા પુષ્કળ પ્રેમ રાખતી હતી. તે એક ધાર્મિક ખ્રિસ્તી માતા હતી. પણ પ્રેમાળ હતી. જયારે તેનો પિતા સ્વભાવે કડક હતા.તે લોકો ને સામ્યવાદી સિદ્ધાંતો નું શિક્ષણ આપતા હતા. માતા અને પિતામાં વિચારસરણીમાં ભેદ હતા. તે સમયે ધર્મને હળધૂત કરવામાં આવતા હતો. આવી પરિસ્થિતીમાં પણ ચારેય એક નાના ઘરમાં પ્રેમથી રહેતા હતા. માતા બાળકો ઉપર નજર રાખતી તેમને ભણાવતી હતી. અને બાકીનાં સમયમાં બાઈબલ અંગેનું શિક્ષણ તે આપતી હતી. તે બન્ને બાળકોને બાઈબલની કલમો મોઢે કરાવતી તેમજ શાસ્ત્રની વાતો તેમને સંભળાવતી હતી. તેમની માતાએ થોડા પુસ્તકોની એક લાયબ્રેરી વસાવી હતી. તેથી બાળકો રમવા કરતા વાંચવાનો પ્રયત્ન વધુ કરતા તેથી તેઓ પુસ્તક પ્રેમી બની ગયા હતા. આમ તો રોજ દૈનિક કામ પતાવીને બંન્ને બાળકો ભણવાને માટે શાળાએ જતાં. પણ રવિવારે તેઓ વહેલા ઉઠતા. કારણકે ગાડી પકડીને પ્રેગ શહેરમાં દેવળે જતાં. તેઓ પોતાની માતા સાથે દેવળમાં જવા ત્રણ કલાકની મુસાફરી કરતા. અને જયારે તેઓ પ્રેગ શહેરમાં પહોંચતા ત્યારે સ્ટેશનેથી પગપાળા ચાલીને દેવળમાં જતાં. તેઓ ભકિતસભામાં આનંદથી ભાગ લેતા. પ્રભુના વચનો શાંતચિત્તે તેઓ સાંભળતા. એમ અઢી કલાકની ભક્તિસભામાં તેઓ શાંતિથી બેસતા. દેવળ છૂટે ત્યારે દરેકને અચુક મળે અને નજીકના બગીચામાં તેઓ ખાણું લેવા બેસતા અને આરામ કરતાં. જયારે તેમની માતા વાંચન કરતી. હોય ત્યારે તેઓ એકબીજાને સવાલો પૂછતા અને ગમ્મત

સાથે સમય વિતાવતા. બપોરે ત્રણ વાગે ફરીથી માતા સાથે દેવળમાં જતા અને ભક્તિસભામાં જોડાતા. ફરીથી અઢી કલાકની ભજન સેવા બાદ ત્રણ કલાકની મુસાફરી કરી આનંદ સાથે ઘરે આવતા. એમ રવિવારે આખો દિવસ ભકિતસભા અને મુસાફરી કરી આનંદ સાથે ઘરે આવતા એમ આખો દિવસ મુસાફરી અને ભકિતસભામાં ગાળતા હતા.

ધીમે ધીમે જોસફ મોટો થતો ગયો.બાઈબલ અંગેનુ ઘણું બધુ જ્ઞાન તેણે પ્રાપ્ત કર્યું હતું. પોતાના બાળપણના મિત્રોને પણ તે પ્રભુના વચન કહેતા ખચકાતો નહિ.જોસેફ નાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ, વિશ્વાસ, લાગણી વગેરે તેના પિતાએ જોયા. અને તેના પિતા ધીમે ધીમે નરમ બન્યા. અને પ્રભુનો સ્વીકાર કર્યો. તેનાં સમયના ઘણા ખરા મિત્રો સામ્યવાદી વિચારો ફગાવી દઈને ધર્મ તરફ ફર્યા હતા. ઘણા બધા કુટુંબોમાં તેની પ્રાર્થનાથી શાંતિ આવી હતી. જયારે તેની માતાનું મરણ થયું ત્યારે તે ઘણો દુઃખી થયો હતો. કારણકે માતાની છત્રછાયા ચાલી ગઈ હતી. માતા હંમેશા યાદ આવતી હતી.

આજે આ નાનો જોસેફ રશીયાનાં ઝેકોસ્લોવેકિયા શહેરમાં મોટો થઈ તેનાં પોતાના લોકો મધ્યે મિશનરી સેવા કરે છે. પોતે નાનો હતો ત્યારે દેવળે જતો તેની વાત યાદ કરતાં તેની આંખોમાં મા પ્રત્યેનાં આભારી ભાવ છલકાઈ જાય છે. એ મા જોસેફને ખ્રિસ્તની ઓળખ થાય તે માટે તેની આત્મિક બાબતોની અત્યંત કાળજી રાખી હતી. આજેપણ તે પોતાની માની સાક્ષી આસું સાથે લોકો સમક્ષ આપે છે.

વ્હાલાઓ આજે આપણા બાળકોને આપણી સાથે પ્રભુમંદિરમાં લઈ જઈએ છીએ?

બાઈબલ કહે છે. બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ. એટલે તે વૃદ્ધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહિ.

ખ્રિસ્તમાં વૃદ્ધી પામવા ઈચ્છતા હો તો દેવળમાં જવાનું ચૂકશો નહિ.

# ખોવાયેલું ઘેટું

"ઈશ્વરપિતાનો આભાર માનું છું કે આજની આ બહેનોની સંગતમાં પ્રભુને અર્પિત એવા વક્તા શ્રીમતી જયના દાસ આપણાને પ્રાપ્ત થયા છે. તઓશ્રી વિદ્વાન છેતેમની સરળ અને અસ્ખલિત વહેતી વાણીમાં આપણાને સંબોધવાના છે. આપણે ઉષ્મા સહિત તેમનું સ્વાગત કરીએ અને વચનો સાંભળીએ."સ્થાનિક મહિલા પ્રમુખ બહેને જયના દાસને પુષ્પગુચ્છ અર્પીને માઈક સોંપ્યું.

જયના દાસે માઈક સંભાળ્યું. સભાગૃહમાં નજર ફેરવી. કેટલીબધી બહેનો, કુમારીકાઓ, યુવતીઓ પ્રૌઢાઓ અને વૃદ્ધાઓ પણ આટલી બધી સંખ્યાની તો તેણે આશા પણ રાખી ન હતી. નાનું ગામ અને નાની મંડળી. પણ આજે દરેક ઘર ખાલી જ હશે, કારણ કે ઘણીબધી બહેનો ત્યાં હાજર હતી, તો તેને અનુરૂપ જ સંદેશો હોવો જોઈએ ને ?

જયનાએ આકાશ તરફ નજર કરી. પળ બે પળ અને તેના મુખમાંથી શબ્દો સર્યા. પ્રથમ તેમને આમંત્રણ આપવા માટે. આભાર વચનો, "મારી પ્રસંશા કરતી શબ્દાવલી માટે આભાર પણ હું તેને લાયક નથી. હા આજે હું પ્રભુની દાસી છું, પણ હું તો હતું ખોવાયેલું ઘેટું, જાણી જોઈને ભટકી ગયેલું, સમજીને ખોવાય ગયેલું મારી સાક્ષી - અંગત સાક્ષી આજ આપ સર્વની સમક્ષ રજૂ કરું છું."

હું જયના પ્રેમાળ માતાપિતાની એકની એક દીકરી. ખૂબ જ લાડકોળમાં ઊછરેલી. ઘરમાં પ્રાર્થનાની વેદી સતત સળગતી. ભજન સંગ્રહના ગીતોની કેસેટ તેમજ માતાપિતાના મુખમાંથી ઈશના સ્તવનો ગુંજતા જ હોય. પ્રત્યેક રવિદિને પ્રભુમંદિરમાં જવાનું હોય જ. આવા પવિત્ર વાતાવરણમાં મારું જીવન પાગર્યું હતું શાળા પછી

કોલેજ - ઉચ્ચ અભ્યાસ. ઈશ્વરપિતાએ સારી બુદ્ધિ આપી હતી અને માતા પિતાએ કેળવણી આપવામાં કશી કચાશ રાખી ન હતી. તેથી આગળ વધતી ગઈ અને એમ.બી.એની ઉપાધિ મેળવી. જયના થોભી પળવાર, ઊંડો શ્વાસ લીધો અને શરૂ કર્યું. પણ શેતાન ગાજનાર સિંહની પેઠે ભમી રહ્યો હતો. અને હું તેનો હાથો બની. કેટલી મોટી ભૂલ ! શેતાનનું કેટલુ બધું જોર. મને ભમાવી ગયો. હું જયના વિસરી ગઈ માતાનો પ્રેમ, તેમના આદર્શ અને મારા પ્યારા પ્રભુનો માર્ગ. મારા બધા જ ધાર્મિક સંસ્કાર છતાં મારી આંખોએ પાપના અંજન અંજાયા અને એસાવે જેમ લાલ ભોજનની લાલચમાં પિતાનો આશીર્વાદ ખોયો, તેમ મેં પણ પ્રેમલ દવેની પ્રેમ જાળમાં ફસાઈ પ્રેમાળ માતાપિતાને છેહ દીધો. એક ઊંડો નિશ્વાસ સરી પડ્યો અને તે સાથે જ જયનાની આંખો અશ્રુભરી બની, ગાલ પરથી અશ્રુબિંદુ સરી પડ્યા, શબ્દો પણ ગળગળા બન્યા, અને પરિણામે જ્યારે હું સીંગાપુરમાં હનીમુન માણી રહી હતી ત્યારે જ આ આઘાત સહન ન કરી શકવાથી મારા પિતા પ્રભુ પાસે ચાલ્યા ગયા. હું તેમની માફી પણ માગી ન શકી. જે હાથોમાં હું રમી હતી, જે ખોળામાં હું પાંગરી હતી તે જીવન જ હું ગુમાવી બેઠી હતી. જ્યારે વતનમાં પાછા આવ્યા ત્યારે આ દુઃખદ સમાચાર જાણી અમે મમ્મીને મળવા આવ્યા.આંસુની હેલી, મારી મમ્મી એક પણ શબ્દ ન ઉચ્ચારી શકી ફકત મારા માથા પર હાથ મૂક્યો. અમે પાછા વળ્યાં, મારા હાદયમાં શૂળ ભોંકાઈ. પસ્તાવાની સરવાણી શરૂ થઈ પણ પ્રેમલના પ્રેમપાશમાં મારો શોક અલ્પજીવી નીવડયો. હું મારા સંસારમાં ગૂંથાઈ ગઈ. દિવસો વીતતા ગયા, હું મારા દીકરાની મા બની અને ત્યારે માના પ્રેમનો અનુભવ પામી. કેટલું દર્દ અને વેદના પછી સંતાન પ્રાપ્ત થાય છે. અને એ જ સંતાન મોટા થયા પછી વિદ્રોહી બને

ત્યારે માતાપિતાનું અંતર કેટલું ભાંગતું હશે. આનંદની પળોમાં પણ ઉદાસી મને ઘેરી વળતી. મારી મમ્મીને ત્યાં હું જતી. એ કશું જ નકહેતી પણ તેનું ઉદાસ મુખારવિંદ મને વિંધી જતું હતું.

સમય સરતો જતો હતો. અમે લગ્ન વખતે એક સમજ કેળવી હતી. કે ધર્મતો પોતપોતાનો જ પાળીશું અને એકબીજા પર પોતાના ધર્મ પાળવાની ફરજ પાળીશું નહિ.હું વિધર્મી કુંટુંબમાં હતી પણ દરરોજ બાઈબલ વાંચતી હતી. મેં પ્રેમલના કોઇ બાહ્ય સંસ્કારો સ્વીકાર્યા ન હતા. અને પ્રેમલે પણ શરૂઆતનાં ઘણાં વર્ષો કંઈ ફરજ પાડી ન હતી. પણ એક દિવસ, "આજે મામાને ત્યાં લગ્ન પ્રસંગે જવાનું છે. મામા વડીલ છે તો એક ચાંદલો કરે તો શું વાંધો છે? સેંથી પણ પૂરજે, તું ખૂબ સુંદર લાગીશ." હવાને લલચાવનાર શેતાનના શબ્દો, તમે દેવ જેવા ભલું ભૂડું જાણનાર થશો. હા હવાની જેમ મેં પણ શબ્દોનો વિરોધ ન કર્યો. અનિચ્છાએ પણ જાતને શણગારી લગ્ન પ્રસંગમાં મહાલી અને પછી તો વારંવાર આવી માંગણી. મન ડંખતુ પણ પ્રેમલ નારાજ થશે, ઘરમાં સંઘર્ષ થશે માટે હું પ્રેમલના કહ્યા પ્રમાણે કરતી.

મિત, મારે દીકરો ત્રણ વર્ષનો થયો. લગ્નના પાંચ વર્ષ પૂરા થયાં અને મારા જીવનમાં ઉલ્કાપાત સર્જાયો. પ્રેમલ અને તેનાં કુટુંબીજનોએ સત્યનારાયણની કથાનો પ્રસંગ યોજયો. મારા માટે મોટી સમસ્યા ઊભી થઈ. આ પ્રસંગે પતિ-પત્ની એ સજોડે કથામાં બેસવાનું પડે. હું કેવી રીતે બેસી શકું? માર્ગ, સત્ય તથા જીવન તો મારો જીવતો ને જાગતો ઈસુ છે તો મારાથી તેને દ્રોહ કેમ દેવાય ? મેં સ્પષ્ટ ના પાડી પ્રેમલને અને તેના ઉત્તરમાં મને મળ્યો સણસણતો લાફો. મારા ઉજ્જવળ ગાલ પર પ્રેમલની પાંચ આંગળીઓ ઊપસી આવી. મારી સહનશીલતાની હદ આવી ગઈ. મારા પર કદી કોઈએ

હાથ ઉપાડયો ન હતો. મારા માતાપિતાએ જેમણે મને ફૂલની જેમ ઉછેરી હતી તેમણે પણ મને કદી આંગળી પણ અડાડી નહતી. અને કદી પણ કડવા વેણ કહ્યા ન હતા.અને આ પ્રેમલ જેના એક બોલ પર મેં ઘર છોડયું, સ્વજન છોડયા, વ્હાલા માતાપિતાને તરછોડયા, તેણે મારા પર, એક મોટી કંપનીના એકઝ્યુકયુટીવ પર હાથ ઉગામ્યો! હું સમસમી ઊઠી. પ્રેમલ તો તરત ઘરમાંથી બહાર ચાલ્યા ગયા. પણ હું ક્યાં જાઉં? ચોધાર આંસુએ રડી. પછી મેં પવિત્ર વચનો ખોલ્યાં અને આશ્વાસન મેળવવા વચનો વાંચવા લાગી. મને સત્ય મળ્યું. કોરંથીઓને બીજો પત્ર છઠ્ઠો અધ્યાય અને ૧૪મી કલમ, "અવિશ્વાસીઓની સાથે અઘટીત સબંધ ન રાખો. કેમકે ન્યાયપણા ને અન્યાયપણા સાથે સોબત કેમ હોય? અજવાળાને અંધકારની જોડે ઓછી સંગત હોય? વિશ્વાસીને અવિશ્વાસીઓની સાથે શો ભાગ હોય? દેવના મંદિરને મૂર્તિઓની સાથે શો મેળ હોય? આપણે જીવતા દેવનું મંદિર છીએ. માટે તમે તેઓમાંથી નીકળી આવો અને અલગ થાઓ. મને પ્રભુનો આદેશ મળ્યો. મારા પ્રભુએ મને રસ્તો સુઝાડયો. મેં ઘર છોડવાનો નિશ્ચય કર્યો. નાની ચબરખી લખી પહેરેલા કપડે મારા દિકરા મિતને સાથે લઈને ઘર છોડયું. મારા શમણાનું ઘર. શમણાં તો શમણા જ હોય ને ? સવાર થાય શમણું ઊડી જાય. હવે ક્યાં જાઉં? માનું ઘર યાદ આવ્યું. ઊડાઉ દીકરાની જેમ પસ્તાવિક હૃદયે હું મારી માના ચરણોમાં ઢળી પડી અને કહ્યું "મા બધું છોડીને તારી ગોદમાં પાછી આવી છું. રાખીશને?" મારી માએ આંસુ લુછતાં કહ્યું " બેટા મારા આંસુઓ વ્યર્થ નથી ગયાં. અશ્રુ સાથે પ્રાર્થનામાં ગાળેલી રાતોનો જવાબ આપણા જીવતા અને જાગતા ત્રાતાએ આપ્યો છે, પ્રભુની આભાર સ્તુતિ કરીએ."

પછીની વાત ખૂબ ટુંકી છે. મારી મમ્મીના ઘરે આવીને પ્રેમલે ખૂબ કાકલુદી કરી પણ હવે હું તેને ઓળખી ગઇ હતી. તેથી ફરીથી હું શેતાનના માર્ગમાં જવા માંગતી ન હતી. બીજો પિતર બીજા અધ્યાયની એકવીસમી કલમ મુજબ, કારણ કે એકવાર ન્યાયપણાનો માર્ગ જાણ્યા પછી તેઓને જે પવિત્ર આજ્ઞા આપવામાં આવી તેથી પાછા ફરવું, એ કરતાં તેઓ એ માર્ગ વિશે અજાણ્યા રહ્યા હોત તો સારું હોત." હવે હું ખુબ દ્રઢ હતી. સાચે જ ફરીથી નવો જન્મ પામી હતી, પ્રેમલે મારા પર કેસ કર્યો. હું જીતી ગઇ ડીવોર્સ મળી ગયા. મિત મારી પાસે રહ્યો. ઈશ્વરપિતાએ મારા માર્ગો ખોલી નાખ્યા. હું નોકરી છોડી સેવામાં જોડાઇ. જે પ્રભુમાં ચાલે છે તેને કશી ખોટ પડતી નથી. ઈશ્વરપિતાએ મને જીવનમાં યોગ્ય અને પ્રભુસમર્પિત સેવક જીવન સાથી તરીકે પૂરો પાડ્યો છે.પ્રભુમાં અમે આનંદીત જીવન વિતાવી રહ્યા છે. વ્હાલી બહેનો આ છે મારી કથા મારી અંગત સાક્ષી, જીવંત પ્રભુએ મને પાપના કાદવમાંથી ખેંચી કાઢીને, નવું જીવન આપીને તેની સેવામાં વાપરી રહ્યો છે. આ મારી સાક્ષી જો કોઈના અંતરને જગાડશે તો ખરેખર પ્રભુ તેને વધુ ને વધુ આશીર્વાદીત કરશે. આપણો જીવંત પ્રભુ ન્યાયીઓને નહિ પણ પાપીઓને ઉદ્ધારવાને આવ્યો અને તેની જીવંત સાક્ષી છું.

જયનાએ પોતાની બેઠક સંભાળી. તેણે જોયું કે તેની જેમ કેટલીય બહેનો પોતાની આંખો લૂછી રહી છે. જયનાએ આકાશ તરફ જોઇ ઈશ્વરપિતાનો આભાર માન્યો.

# અક્ષમ્ય ભૂલ

આંસુ અને વ્યથા ભરેલી આ કહાણી. જવાબદાર કોણ? હું પોતે જ, પ્રભુએ તો આશિર્વાદીત જીવન આપ્યું હતું. માતાપિતાને ત્યાં ભૌતિક વાનાની ખોટ ન હતી. લાડકી દીકરી તરીકે હું ઉછરી. સ્વતંત્રતાથી હરી ફરી અને તે સમયના રીતરિવાજો છતાં પુત્રની જેમ જ ઉછેર પામી અને તેથી જ મારા પિતાના વ્યવસાયમાં મદદરૂપ બની હતી.

ઈશ્વરપિતાએ મારા જીવનમાં આશીર્વાદના ફૂલડાં વેર્યા હતા અને તેથી ઘેર બેઠા, માતાપિતાના કોઈ જ પ્રયત્ન નહિ પણ પ્રભુની યોજના મુજબ સર્વગુણસંપન્ન પતિ - સ્વામી પામી. મારી શરૂઆતની જીંદગી આનંદથી ભરપૂર હતી. દેવના મિત્ર જેવા મારા શ્વસુર હતા. કશાની પણ કમી ન હતી. પ્રભુએ મારી ગોદભરી. હા, તેમાં મારે વીસ વર્ષની લાંબાગાળાની રાહ જોવી પડી પણ હું બમણો આશીર્વાદ પામી. બે સંતાન અને તે જોડીયા દીકરા. કેટલો આનંદ!

પણ ત્યારથી મારી કઠણાઈની શરૂઆત થઈ. પરદાદી હવાની જેમજ ભૂલ કરી બેઠી. દેવ કરતા મારી સમજ અને બુધ્ધિ તેમજ સ્ત્રી સહજ મનોવૃત્તિનો શિકાર બની. મારા બન્ને દીકરા મારી આંખનારતન હોવા જોઈતા હતા. પણ મેં તેમના ઉછેરમાં પક્ષપાત કર્યો. મારે તો બન્ને દીકરાને એક સરખી દૃષ્ટિએ જોવાના હતા. પણ હું મૂર્ખી પક્ષપાત કરી બેઠી. મોટો કેશી - આખા શરીરે વાળ વાળો હોવાથી મેં તેને પરાયો કર્યો અને નાનો સ્વરૂપ વાન તથા સુંવાળો હોવાથી તેને વહાલો ગણ્યો બંન્ને દીકરા મા-બાપની વચ્ચે વહેંચાયા. કેશીને મેં અળગો કર્યો તેથી તેના પિતાએ તેના પર વહાલ ઢોળ્યું મારી આવી રીતભાતથી, બાળપણથી જ દ્વેશના

બીજ રોપાયા.

પક્ષપાતના પાપમાંથી છેતરપિંડીનું પાપ જનમ્યું ઈશ્વરપિતાએ બાળકોના જન્મ પહેલા તેમનું ભાવી સૂચવ્યું હતું " વડો નાના નો દાસ બનશે." આ પ્રભુનું વચન હતું. સત્ય નીવડવાનું જ હતું પણ હું તો સ્ત્રી અને પાછી પક્ષપાતી માં, મારાથી ધીરજ ન રખાઈ મેં છેતરપીંડી કરી , મારી નજરમાં મારા નાના દીકરાનું હીત હતું તેથી હું મોટાદીકરાની જાસુસી કરવા માંડી.

એક દિવસ મારા પતિની, અમારા મોટા પુત્ર વચ્ચેની વાત સાંભળી મારા પતિ અમારા મોટા દીકરાને આશિર્વાદ આપવા માંગતા હતા. અને તેથી જ તે અંગેની સુચના તેને આપી. મારા મગજમાં વિચારોનું તોફાન ઉપડયું. અને મેં મારા પતિની યોજનાને ફેરવી નાંખી.

સરસ ભોજન - મારા પતિને ભાવતું ભોજન તૈયાર કરીને, નાના દીકરાને મોટા જેવો કશી બનાવી ને તેના પિતા સમક્ષ રજુ કર્યો મારા બાળકોના પિતા વય ને કારણે લગભગ દૃષ્ટિ ગુમાવી ચુકયા હોવાથી આ છળકપટ પામી શકયા નહિ. ખોરાકથી તૃપ્ત બનીને આશિષોની વૃષ્ટિથી નાનાને નવાજી દીધો મારી યોજના પાર પડી. આનંદની સુરખી મારા વદન અને હૃદય પર છવાઈ ગઈ.

પણ આ આનંદ અને સંતોષ ક્ષણીક નિવડ્યો. મોટો દીકરો આવ્યો હકીકત જાણી પોક મૂકી રડ્યો. મારું અંતર તેની વેદનાથી વલોવાયું. આખરે હું તેની પણ મા હતી? હવે મારા હાથમાં કશું ન રહ્યું. ફક્ત રહી વેદના અનુતાપ કારણકે બન્ને દીકરા વચ્ચે વેરના કાંટા ઊગી નીકળ્યા. મોટો નાનાને મારી નાખવા ઈચ્છતો હતો.

નાનાને કેવી રીતે બચાવવો? તેના જ ભાઈથી ફરીથી છળકપટ. પાપ ઉપર પાપ. નાનાની જિંદગી બચાવવા મોટાથી રક્ષણ

આપવા તેને ઘરથી ખૂબ દૂર મોકલી દીધો. અજાણ ભૂમિમાં " થોડા દિવસ પછી બોલાવી લઈશ" એવું આશ્વાસન આપીને. વર્ષો વીત્યા.

નાના વ્હાલસોયા દીકરા અંગેની વાતો સાંભળી રહી. તેના મામાને ત્યાં સખત મજૂરી કરે છે. મામા એ પણ તેને છેતર્યો. નાની દીકરી માટે સાત વર્ષ ચાકરી કરી ત્યારે તેની મોટી દીકરીને તેની સાથે પરણાવી. ફરી નાની માટે સાત વર્ષ ટાઢ અને તાપમાં ગુજાર્યાં. ચૌદ ચૌદ વર્ષની ગુલામી.

વર્ષો દીવસો બનીને પંસાર થતા ગયા. રોજ દીકરી તથા તેના પરિવારની રાહ જોતી રહી. આંસુઓ સારતી રહી માથા પર સફેદી આવી ગઈ. કરેલા પાપ અને વહાલા પુત્રના વિયોગથી મનમાં અને મનમાં બળતી જ રહી. કોની આગળ ઠાલવું મારું હૃદય, પતિને તો મેં છેતરીને અળગો કર્યો હતો. હવે મોટો અને તેનો પરિવાર મારા કપટને સમજીને દૂર જ રહેશે.

મરણ પાસે આવી રહ્યું છે. રાત્રે કારમા સ્વપ્નની વણઝાર શાંતી આપી શકતી નથી. કયારે મારી આંખો મીંચાય તે જાણતી નથી. મારું હથિયાર બૂમરેંગ બન્યું. નાનાને સુખી કરવા જતા છેવટે બંને દુઃખી બન્યાં. મારી જ અક્ષમ્ય ભૂલ ! શું હું શીક્ષાપાત્ર છું? પ્રભુ તમારી દયા દર્શાવો. મારી કરુણ કથની સાંભળીને મને ઓળખી ગયા હશો ખરું ને ?

હું રીબકાહ, તમને જગતની નારીઓને - માતાઓને આજીજીભરી કાકલુદી કરું છું. "કદીપણ તમારા બાળકો વચ્ચે પક્ષપાત ન કરશો, જીવનમાં કંઈપણ મેળવવા છળકપટ કરશો નહિ. પણ દરેક બાબતમાં ઈશ્વરપિતાને આધિન રહેજો."

# નવો રાહ

પવિત્ર શાસ્ત્રમાંથી મનન માટે સૂચીત વચનો વાંચતા નીમા સ્તબ્ધ બની ગઈ એકવાર, બે વાર, તેમ કેટલી વખત તેની આંખો એ વચન પરથી પસાર થઈ ગઈ. જયારે તેણે નજર ઊંચી કરી ત્યારે અશ્રુબિંદુઓ, ની ધારા તેની 'આંખોમાંથી વરસી રહી.

રૂથનું પુસ્તક પહેલો અધ્યાય, વીસમી અને એકવીસમી કલમ નાઓમી ના મીઠી નહિ, પણ પરદેશી કડવી બનેલી રોટલી માટે વતન છોડયું. પોતાના પતિ અને લાડકવાયા દીકરાઓસાથે થોડો સમય સુખચેનમાં ગાળ્યો પણ પરદેશમાં જયાં તે શાંતિ અને આનંદ મેળવવા ગઈ હતી. ત્યાંથી દુઃખ અને કડવાશ મળ્યા. ભર્યો, ભર્યો કુટુબમેળો વીખરાઈ ગયો અને દુખી બનીને વતનમાં આવી પણ એક વિસામો તેની પાસે હતો, પુત્રવધુ રૂથ. જે તેનો પડછાયો બનીને તેના દુઃખમાં સહભાગી બનીને આવી હતી

કેટલી હૃદયદ્રાવક છતાં સત્ય ઘટના નીમાની આંખો સામે તેનો ભૂતકાળ તરવરી રહ્યો. આંસુના એક એક બિંદુમાં વીતી ગયેલી ક્ષણો જીવંત બની રહી એ ભારતની ભૂમી સૃષ્ટિ સૌંદર્યથી ભરપૂર, પહાડોની વચ્ચે વસેલા નાના ગામમાં વિતાવેલ બાળપણ. પ્રાર્થનાવાદી અને સંસ્કારી કુટુંબમાં અને મિશન સ્કૂલમાં મેળવેલા પવિત્ર સંસ્કારથી સિંચાયેલ જીવન શાળા જીવન મહાવિદ્યાલયમાં પ્રાંગણમાં ચાર વર્ષો સવારના સ્વપ્નની જેમ સરી ગયા. અને પછી તલાશ શમણાના રાજકુમારની સંસ્કારી, તેજસ્વી અને રૂપમયી નીમાના ચાહકો અનેક હતા. પણતેની આંખમાં અમેરીકાનો મોહ હતો. રહેતી હતી ભારતમાં પણ અમેરીકાના સ્વપ્નો જોતી નીમાએ

ભારતમાં કોઈનેય પસંદ ન કર્યાં. માતાપિતાની ઈચ્છા દીકરી નજર આગળ રહે તેવી હતી. પણ ડોલરીયા દેશની ચમક અને દમક ભરી વાતોથી અંજાયેલી નીમાએ ભારતીય નહિપણ કોઈ દૂરના સ્નેહીએ દર્શાવેલ સીટીઝન મૂરતિયા પર પસંદગી ઉતારી નીમા પરદેશી પંખી બની ગઈ. સોનેરી સ્વપ્નોથી સજાવેલ દેશની રહેવાસી બની ગઈ. વરસો પસાર થવા ગયા, પહેલેથી જ ચાલાક અને ચબરાક, દરેક પરિસ્થિતિમાં અનુકૂળ બનવાની સુટેવથી નીમા ખૂબ ઝડપથી ત્યાંના વાતાવરણમાં સેટ થઈ ગઈ.

નાનકડો સુખી સંસાર પણ વસી ગયો. પોતાનું ઘર, કાર, સ્વતંત્ર જીવન. આનંદીત નીમા પૂરેપૂરી અમેરીકન બની ગઈ. જીવનમાં આશિષની વૃષ્ટિ. બે બાળકો દીકરી અને દીકરો. નીમા જેવાં જ સ્વરૂપવાન પણ એ બાળપુષ્પોને ઉછેરવાનો સમય કયાં હતો? બાળકો ડે કેર સેન્ટરમાં અને તેની અને યશની રાતદિવસની નોકરી. ત્યાંનો વૈભવ પ્રાપ્ત કરવામાં બાળકો અને પતિ વચ્ચેનું અંતર વધતું ગયું.તેનો અણસાર પણ ન રહ્યો.

દીકરી આનલ ખરેખર નામ પ્રમાણે અગ્નિ જેવી જાજલ્યમાન અને તીખી હતી. મમ્મીનું અપ્રતિમ સૌંદર્ય અને અમેરિકન સંસ્કૃતિનો ઉછેર અને સ્વાતંત્ર્ય ઝીલી નાનપણથી જ મનસ્વી હતી.પોતાની ઈચ્છાપ્રમાણે જ વર્તતી ભણવામાં તેજસ્વી હોવાથી કોમ્પ્યુટર શિક્ષણમાં પ્રવિણ બની નાની વયે સ્વાવલંબી બની ગઈ. આપબળે આગળ વધતી આ દીકરી આનલ આર્થિક સ્વાતંત્ર્ય મેળવી માતાપિતાથી અલગ પોતાની રીતે જીવવા લાગી. પુત્ર ઉલ્લાસ નામ પ્રમાણે ઉલ્લાસી હતો. અભ્યાસ કરતા મોજશોખ અને સંગીતનો રસિયો હતો. દીકરો હતોને, તેથી અમેરીકામાં હોવા છતાં માતાપિતાની અઢળક કામણીશી એયાસીનું જીવન જીવતો

હતો. ખાણી પીની અને પોપ સંગીતનો રસિયો આ ઉલ્લાસ બિન્ધાસ્ત જીવન જીવતો હતો. નીમા અને યશને ક્યાં સમય હતો. બાળકોની હીફાજતમાં અને પરિણામ આનલ પાતાને પસંદ એવી વ્યક્તિને પરણી તેનાં જીવનમાં એવી ઓતપ્રોત થઈ ગઈ કે મમ્મી પપ્પાને વિસરી ગઈ. Mother's day ના દિવસે નીમા પર તેના તરફથી પુષ્પગુચ્છ જરૂર આવતો. ઉલ્લાસ એક સ્પેનીશ છોકરી સાથે લગ્નવિહીન જીવન ગુજારતો હતો. અને યશ તેનો પતિ જેનાથી આકર્ષાઈને જેણે પોતાની જન્મભૂમિ અને માતાપિતા છોડયા હતા. તે પણ અમેરીકાના જીવનથી ટેવાયેલો હોવાથી મદહોશ જીવન ગુજારતો હતો. અઢળક સંપત્તિ હતી. છતાંય નીમા એકલી થઈ ગઈ હતી. દિવસ રાતની એકાકી પળોમાં તેનું હૃદય આક્રંદી રહ્યું હતું તે પોતાની જાતને પ્રશ્ન પૂછતી હતી. આ દિશામાં શું મેળવ્યું? મેળવ્યું કે ગુમાવ્યું ? હા ગુમાવ્યું બધું જ, પ્રેમાળ માતાપિતા, સ્નેહીઓની સહજ સ્નેહભરી સંગત, ઉષ્મા ભર્યા સંબંધો અહીં અનેક લકઝરી પણ પરીણામ શૂન્ય. કોરી નાખે તેવી એકલતા ધરબાયેલી જિંદગાની.

નીમાએ આખરે મોહભર્યો દેશ છોડવાનો સંકલ્પ કર્યો પરવાનગી કોની પરવાનગી લેવાની હતી? બાળકો આનલ અને ઉલ્લાસ પાંખો આવતા માળામાંથી ઊડી ગયા હતા, અને પતિ યશે પણ સ્વાતંત્ર્યની મોજ માણવા ગૃહરૂપી સ્નેહમાળામાંથી કયારનીય વીદાય લઈ લીધી હતી. તેથી એકલી અટૂલી નીમા જેનો અર્થ થાય છે કૃપા, તેને પોતાના જીવનની અંદર અવકૃપા આવવાથી પોતાની માતૃભૂમિમાં આવવા તડપી રહી હતી અને એક સવારે ભારતની ભૂમિ પર પગ મૂકયો પણ જવું કયાં ? પણ આતો પ્રભુની યોજના હતી. એરોડ્રામમાંથી બહાર નીકળતા તેની બાળપણની

સખી સંગીતાની ભેટ થઈ. બન્ને સખીઓ કેટલાય દિવસ સાથે રહી. મનના ઝરણા ઉલેચ્યા ત્યાં કેસેટમાં,"ઈસુ મુજ આત્માના વા'લ તારો આશ્રય મને આલ " આ ગીતના મધુર અને અર્થસભર શબ્દોએ તેને નવું જીવન આપ્યું આખો દિવસતે આ ગીત ગુંજતી રહેતી. કોઈ પ્રવૃત્તિ માટે નીમાનું મન ઝંખતું હતું. તેવામાં એક ગ્રામ્ય સંસ્થાના કાર્યક્રમમાં જવાનું સંગીતાને આમંત્રણ મળ્યું. નીમા પણ સાથે જોડાઈ. પંચમહાલના અંતરિયાળ ભાગમાં આ કાર્યક્રમ હતો. સમાજના તરછોડાયેલાં લોકોની સંસ્થા, શોષિતોની અને અંધકારના પરિબળોમાં ફસાયેલા માટેની સંસ્થા તેનો પ્રણેતા હતો. ઉદ્દેશ્ય.

જેમણે પોતાનું સમગ્ર જીવન સેવામાં અર્પી દીધું હતું. આ સેવાના પરિપાક રૂપે સિંચાયેલી હતી. નાની સેવા સંસ્થા, જેના દ્વારા શાળા, અનાથાલય સ્ત્રીસંસ્થા અને એક દવાખાનું કાર્યાન્વિત હતાં. અનેક સેવા ભરી પ્રવૃત્તિમાં પોતાનું સર્વસ્વ હોમી દેનાર ઉદ્દેશ્ય આ બંન્ને સખીઓનો સહાધ્યાયી હતો. જેને અભ્યાસકાળમાં તેઓ સેવકરામ કહેતા હતા અને હાંસી ઉડાવતા હતા. પણ એ ઉદ્દેશ્યનું જીવન કેટલી શાંતી અને આનંદથી ભરપુર હતું. અહીંના વાતાવરણમાં નીમાનું અશાંત મન શાંતિ પામ્યુ. તેને પણ અહીંના જીવનમાં ઓતપ્રોત થવાનું ગમ્યું. પ્રકૃતિના રમ્ય વાતાવરણમાં અને જરૂરિયાતવાળાઓની સેવામાં જ સાચું સુખ છે, તે સમજી શકી. ઈસુના વચનો, "આ નાનાઓમાંથી એકને કર્યું છે તે મને કર્યું છે." આ શબ્દોએ તેના મનને જગાડયા કર્યું અને તે પણ ઉદ્દેશ્યના કાર્યના સહભાગી બનીને અનાથ તજાયેલી બહેનો અને બાળકોની સેવામાં લાગી ગઈ તેના જીવનને નવો રાહ મળ્યો, શાંતિ મળી.

# આર્તનાદ

મા, મમ્મી. મારી વહાલી મમ્મી કયાં છે તું ? કેટલાય વરસોથી હું પોકારી રહ્યો છું. શું મારો આર્તનાદ તારા સુધી નથી પહોંચતો ? ક્યાંથી પહોંચે! કારણ કે તું તો વરસો પહેલાં મારી પાસેથી સરીગઈ છે. હું પણ તને કયાં કયાં શોધું ? મમ્મી લાગણીનું એકે બંધન આપણી વચ્ચે ન રહ્યું.

હજુયે એ સ્મરણ મારી આંખ સામે તરો તાજા છે. ચાર વર્ષના નાના ફૂલસમા બાળકનું સુંદર મઝાનું મનેભાવે તેવું ભોજન તેં બનાવ્યું હતું. મને ખોળામાં બેસીને ખવડાવ્યું વ્હાલથી ચુમીઓથી નવડાવી નાખ્યો અને પછી નાની સુટકેસ લઈને રીક્ષામાં બેસીને, " હું હમણા આવું છું રાજુ" કહીને ઉપડી ગઈ.

કેટલા વર્ષ પસાર થયાં મા તારી રાહ જોવામાં તને યાદ છે? વીસ વર્ષ. નાનો હતો ત્યારે દરેક રીક્ષાના અવાજ સાથે હું ઘર બહાર દોડી જતો અને પપ્પા મને વહાલથી ગોદમાં લઈ લેતા.

મમ્મી અમારા કયા વાંકે તું અમને છોડી ને ચાલી ગઈ? પપ્પાએ મને સંભાળ્યો છે અને ઉછેર્યો છે ખૂબ પ્રેમથી. તે પપ્પા અને મમ્મી બંને બન્યા. હા, તેમણે પ્રમાણિક પ્રયત્ન કર્યા મારા ઉછેરમાં. પણ પપ્પા મમ્મી બની શકે ખરા ? એમણે મને કશી ખોટ પડવા દીધી નથી પણ મારું ગભરુંમન તો સદાય તને જ ઝંખતું હતું. બીજા બાળકોને તેમની મમ્મી સાથે લાડ કરતાં જોઈ મારું હૃદય ઉદાસી અનુભવતું. મા, મારે પણ તારા પાલવ પાછળ છુપાવું હતું. તારો વાત્સલ્ય ઝરતો ચહેરો નીહાળવો હતો, મા હું ઝંખી રહ્યો બાળપણથી યુવાની સુધી ફકત તને જ અને તને.

પપ્પા મને ખૂબ પ્રેમ કરતા હતા, છતાંય સ્કૂલમાંથી છૂટતા ઘેર જવાની ઉતાવળ ન હતી. શાંતિથી ધીરે ધીરે હું ડગ ઉપાડતો, કારણકે ઘેર ઉમળકાથી રાહ જોનાર કોઈ ન હતું.

" કેમ મોડો આવ્યો? તેં તો મને ચિંતાથી ગભરાવી નાખી" એવાં વહાલભર્યાં વેણ સંભળાવનાર ત્યાં કોઈ નહોતું. પપ્પાની રાહ જોતા જોતા બહાર ઓટલા પર કદીક સૂઈ જતો. પપ્પાને ઓફિસથી આવતા મોડુ થતું, આવીને તેઓ રસોઈ બનાવતા. ઘણી વખત પડોશના ચંપા માસી રસોઈ આપી જતા, અમે ખાઈ લેતા બોલ્યા ચાલ્યા વગર.

મમ્મી, પપ્પા મને ખૂબ સાચવતા રાત્રે મને લેસન કરાવતા, વાર્તા કહેતા પરીઓની અને પવિત્ર બાઈબલની. વાર્તા કહેતા કહેતા પપ્પા ઊંઘી જતા થાકથી અને હું જાગતો પડી રહેતો તારા વિચારોમાં. ચંપામાસી કહેતા કે મમ્મી તું ખૂબ રૂપાળી હતી અને ગર્વીલી પણ ખરી. રૂપનું અભિમાન તને ખૂબ જ હતું. તારા રૂપે જ તને ગુમરાહ બનાવી હશે ખરુંને?

મા વગરના બાળકને સાચવવું કેટલું કઠીન છે. ઘણીવાર પપ્પાને હું તારા ફોટાને તાકતા જોઈ લેતો અને મને પ્રશ્ન ઊઠતો, મમ્મી તું કેમ પપ્પાને છોડી ગઈ? શું ઉણપ લાગી તને પપ્પામાં અને મારામાં? મમ્મી શું નીતિવચનમાં નહોતું વાંચ્યું "લાવણ્ય ઠગારું છે અને સૌંદર્ય વ્યર્થ છે પણ યહોવાનો ડર રાખનાર સ્ત્રી વખાણ પામશે." મમ્મી તું કેમ ભૂલી ગઈ આ સનાતન સત્યને?

મેં પપ્પાને અનેકવાર પુછયા કર્યું હતું કારણ. પણ હંમેશા તેતો મૌન જ રહ્યા. તેમણે કદી તારો વાંક કાઢયો નથી. તેમના કહેવાથી બધા સગાસંબંધી તેમજ પડોશીઓ પણ ચૂપ રહ્યા છે પણ હું શોધી રહ્યો છું કારણ. કોણ મને જવાબ આપશે?

પ્રત્યેક માતૃદિન મારા માટે અશ્રુભરેલો બનતો. પ્રત્યેક બાળક ઉત્તમ ભેટથી અને ગુલાબનાં ફૂલ આપીને પોતાની મમ્મીને ભેટી પડતું પણ હું ? શું મારે માટે મા જીવીત હોવા છતાંય આંસુ સારવાના. ઓ મા તું કયાં છે?

વર્ષો પસાર થયા મારા મમ્મી તારા વિંના બાળકમાંથી યુવાન થયો અનેક શૈક્ષણિક ડિગ્રી પસાર કરીને ચાર્ટડ એકાઉન્ટન્ટ બન્યો, પણ મન તો બાળકનું જ છે તારા વગર ઝૂરતું.

ગયા વર્ષે પપ્પા પ્રભુમાં ઊંઘી ગયા, આકસ્મીક રીતે, પ્રથમ હાર્ટએટેકમાં. પચાસ વર્ષની નાની ઉંમરમાં ગમગીનીમાં અને ભાંગેલા હૃદયમાં સંસારરનો ભાર કેટલા વખત સુધી ખેંચી શકે? તેમણે મને પરણાવી દેવા અનેક પ્રયત્નો કર્યા હતા. પણ પપ્પાની જીંદગાની જોઈને મને કોઈ અભરખો ન હતો. લગ્ન કરવાનો. હવે તો પપ્પા વગર હું એકલો છું.

મમ્મી, તારી રાહ જોવાના અને શોધવાના પુષ્કળ પ્રયત્નો કર્યા. બધાં વ્યર્થ.

અને આજે હું કયાં છું મમ્મી તને ખબર છે? કેન્સર હોસ્પીટલની રૂમ નંબર સાતમાં. મારી પાસે કોઈ અંગત સ્વજન નથી. હું એકલો છું એકાકી.

પણ પ્રભુની કૃપા અપાર છે. એક દિવસ મારા મસ્તકે પ્રેમાળ હાથ ફર્યો, "કેમ છે દીકરા " શબ્દો સાંભળ્યા. હું એકદમ ચમકયો એ હાથ પકડી લીધો મને થયું મારી મમ્મીનો હાથ છે. ના એ તો હતા મમ્મી જેવા પ્રેમાળ સિસ્ટર મિસિસ પરેરા. મારી આંખોમાંથી આંસુના ઝરા ફુટી નીકળ્યા. મિસિસ પરેરા મારી પાસે બેઠા હું શાંત થયો. મને માની મમતા મળી પણ મમ્મી તારી ઝંખના હૃદયમાંથી કયાંય ગઈ નહીં.

મિસિસ પરેરાને બાળકો હોવા છતાં એકાકી હતા. તેમના બંને દીકરા મોટા થતાં માળામાંથી ઊડી ગયા. અમેરીકાનો મોહ તેમને તાણી ગયો. મિસિસ પરેરા માટે હવે તેમનું હોસ્પિટલ અને દર્દીઓ જ સાથી હતા.

તેમને હું દીકરો મળ્યો પણ મનથી અને તનથી કંતાઈ ગયેલો. અમારી વચ્ચેનો નાતો એટલો ગાઢ બન્યો હતો કે તેઓ ડ્યુટી પછી મારી સાથે કલાકે સુધી બેસી રહેતા, મારે માથે હાથ ફેરવતા, મને ખવડાવતા, દવા પીવડાવતા. મમ્મીની ખોટ તેઓ પૂરી પાડતા.

ગઈકાલે જ ડોકટર અને બીજા સ્ટાફ નર્સને હું વાત કરતા સાંભળી ગયો. "હવે થોડાક દિવસનો મહેમાન છે રેડ સેલ્સ ઘટતા જાય છે."હા હું પ્રભુ પાસે જવા તૈયાર છું, મારા દુ:ખનો ઈલાજ પ્રભુ ઈસુ છે. તેમના ખોળામાં હું વિસામો પામીશ.

મિસિસ પરેરાને કહી રાખ્યું છે, મા મારી છેલ્લી પળોમાં મારી સાથે રહેજો. તમારો પ્રેમાળ હાથ મારા માથા પર ફરતો હશે તો હું શાંતિથી મરી શકીશ. મા, મારી આંખો બંધ થયા પછી મારા તકિયા નીચેની ડાયરી તમે લઈ લેજો. એમાં મેં બધું લખ્યું છે. મારી જીવન કથા અને વ્યથા તેમજ વસીયતનામું " મા," પરેરા એ રકમમાંથી એક ઘર બાંધજો બાળકો માટે અને નામ આપજો બાળકોનું ઘર તમે એના સંચાલક બનજો અને સાચવજો મારા જેવા બાળકોને મારી મમ્મી તમને મળવા આવે તો કહેજો કે મારા મુખમાં અંતિમ વિદાયે તેનું જ નામ હતું.

# નમ્રતા - ઈસુ સંગે

પશ્ચિમ દિશામાં સૂર્ય ઢળી રહ્યો હતો. તેનાં તેજસ્વી કીરણો અત્યારે સૌમ્ય બની પશ્ચિમાકાશમાં રંગોળી પૂરી રહ્યા હતા. પક્ષીઓ તેમના માળા પ્રતિ પ્રયાણ કરી રહ્યા હતા. મધ્યાહ્નનો દઝાડતો તાપ પવનની ઠંડી લહેરોમાં ફેરવાઈ રહ્યો હતો. ક્ષમા આ સુંદર દૃશ્ય માણી રહી હતી. અને કુદરતના આ કરીશમાને પોતાની વીતી ગયેલી જીંદગી સાથે મમળાવી રહી હતી. સૂર્ય કીરણો સંધ્યા સમયે સોહામણા ભાસતા હતાં. નયનરમ્ય લાગતાં હતાં, પણ તેનો જીવન આકાશમાં તો ઢળતી વયે પણ બળબળતો બપોરનો ધખારો હતો.

સંધ્યાના રંગ જોતાં જોતાં ક્ષમાને પોતાની વીતી ગયેલી પળો તેની નજર સમક્ષ તરવરી રહી. કેટલા આનંદ અને ઉમંગ સાથે પ્રેમ સાથે લગ્નના કરારમાં જોડાઈ હતી. એકબીજા માટે સરજાયા હોય તેવી તેમની જોડી લાગતી હતી. તેઓ પ્રેમ લગ્નથી બંધાયા હતા. લગ્ન જીવનનનાં પ્રારંભમાં તેમણે જોયેલા સ્વપ્નો રંગબેરંગી હતાં. પોતાનું જીવન અંત સુધી હંમેશા રસે ભરેલુ અને આનંદમય થશે તે એક સોનેરી સોણલું હતું. પણ સ્વપ્ન કદી જ કાયમ રહેતાંનથી સવાર પડે છે અને સ્વપ્ન ભૂલાઈ જાય છે.

દિવસો વર્ષો બનીને પસાર થતા ગયા. જીવનમાં વસંતઋતુ તો ક્યારેય હંમેશા હોતી નથી, પણ વસંતનો કલરવ બળબળતા બપોરે ક્યારેક તો સંભળાય છે. પણ ક્ષમાના જીવનમાં તો વીતી ગયેલી વસંત ફરી પાછી ન આવી. દઝાડતી ગ્રીષ્મ અને ત્યાર પછી પાનખર. પ્રેમલ તેનો જીવનસાથી, પવિત્ર કરારથી બદ્ધ હવે બદલાતો ગયો. શરૂઆતના દિવસોમાં આનંદ, ઉત્સાહ અને પ્રેમથી ઉભરાતો હતો દિવસો જતા તે બદલાઈ ગયો. તેનું સમગ્ર વર્તન બદલાઈ ગયું. ક્ષમાનાં ખૂબીઓ નિહાળતો પ્રેમલ હવે તેનામાં ખામીઓ શોધવા લાગ્યો. રોજની ટકટક અને કચકચે ક્ષમાના જીવનને અરણ્ય રામ બનાવી દીધું જીવનનું માધુર્ય ખોરવાઈ ગયું.

એકબીજાની સંગતમાં રહેતો પ્રેમલ તેનાથી દૂર ભાગવા લાગ્યો. નોકરીના વર્ષો દરમ્યાન સંગતની ખોટ ખાસ વરતાઈ નહિ. સવારે છૂટાં પડેલા બન્ને જણ સાંજે ભેગા થતાં ત્યારે થાકીને લોથ પોથ થઈગયાં હોય એટલે આરામનીજ ઝંખના હોય. એ જીવનતો સરળતાથી વહી ગયું. બાળકોની જવાબદારી બધી જ ક્ષમાના શીરે. તઓને ભણાવ્યાં, પરણાવ્યાં તેમના પ્રસંગો સાચવ્યા આ બધામાં પ્રેમતો નરો વા કુંજરો વા. તે અલિપ્ત જ રહ્યો. જાણે બાળકો ફકત ક્ષમાના જ હોય એમ.

ક્ષમા થાકી ગઈ શરીર અને મનથી. હવે તો તે શાંતિ અને આરામ ઝંખતી હતી. સરકારી નિયમ પ્માણે અઠ્ઠાવન વર્ષે પણ તેણે વહેલી નિવૃત્તિ સ્વીકારી. તેની નિવૃત્તિ પણ આકરી નિવડી. પતિના પ્રેમ અને સંગતથી યુવાનીમાં તો વંચિત રહી પણ પ્રોઢાવસ્થામાં પણ આ અંતર ન ઘટ્યું.એ અંતર તો વધતું જ ગયું અને હવે એકલતાની પળોમાં ક્ષમા ભૂતકાળમાં ભમવા લાગી.

કેટલાય કડવાશભર્યા બનાવો તે વાગોળતી રહી.તે રાત્રી તે કેમેય ભૂલી શકતી નથી. પરીક્ષાની તૈયારી કરાવતાં બાળકો પર તે ગુસ્સે થઈ તેમને ધમકાવ્યાં. અને પ્રેમલનો ગુસ્સો હદ વટાવી ગયો. એ અંધારી રાત્રે તેણે ક્ષમાને ધક્કો મારી ઘરની બહાર કાઢી મૂકી. ક્ષમા કયાં જાય. આત્મઘાત કરવાનો વિચાર તેને આવી ગયો. પણ બાળકોના માસૂમ ચહેરાઓ જોઈ તેનો નિર્ણય બદલાઈ ગયો. આ ઘોર અપમાન ગળી જઈ તેણે વિના વાંકે પ્રેમલની માફી માગી. પણ ક્ષમાનો અંતર આત્મા બુઝાઈ ગયો હતો. તે જીવતી હતી પણ એક નિર્જીવ પૂતળીની જેમ.

ડગલે ને પગલે અપમાન, કટુ શબ્દોની વણઝાર, કોને કહેવું ? માતાપિતાને ? તેમની વૃદ્ધાવસ્થામાં ક્ષમા તેમને દુખી કરવા માંગતી ન હતી. તે ચૂપ જ રહી. ઘરની વાત ઘરની ચાર દિવાલોમાં જ સમાઈ.

ઘણી વખત રાતે તેનું ઓશીકું આંસુઓથી ભીંજાતું. તેની બાથરૂમની દીવાલો તેના રુદન અને ડૂસકાંઓની સાક્ષી બનતી.

જ્યારે જીવન કડવાશથી ભરાઇ જાય ત્યારે વધસ્તંભ પરનું ઇસુનું ચિત્ર તેની નજર સમક્ષ તરવરતું. જાણે ઇસુ એમ ન કહેતા હોય, "ક્ષમા મેં આ જગતમાં કેટલું બધું સહન કર્યું મારા પોતાના જ લોકોએ જેમની મેં સેવા કરી તેમના દ્વારા અને તું મારી દીકરી છે અને પાછી હટે છે. દરેક ખ્રિસ્તી દીકરી તો સહનશીલતાની પ્રતિમાં છે. તેણે તો કાંટા સહન કરી બીજાને માટે ફૂલોપાથરવાના છે. જેમ મેં નમ્ર બનીને સઘળુ સહન કર્યું તેમ તારે પણ નમ્રતા અનેસહનશીલતા ધારણ કરીને તારો વધસ્તંભ ઊંચકવો જ પડશે. મારું વચન ભૂલી ગઇ, સંત યોહાની સુવાર્તા ૧૭ : ૩૩ આ જગતમાં તમને સંકટ છે પણ હિંમત રાખો, મેં જગતને જીત્યું છે."

પ્રભુના વચન અને પ્રાર્થનાનો વારસો તેના માતાપિતા પાસેથી તેને ભેટમાં મળ્યા હતા. તેમજ વાંચનનો અદમ્ય શોખ હોવાથી ઘણાં સારા પુસ્તકો તેણે વાંચ્યા હતા. અને તેથી તે ટકી રહી હતી. આ ઝંઝાવાતમાં પ્રભુના દિલાસાદાયક વચનો દ્વારા જે ક્ષણને જીરવી શકે તે જિંદગી જીતી જાય છે. ઘણી વખત આત્મઘાતના દુષ્ટ વિચારોએ તેના મનને ઘમરોળી નાખ્યું. હતું. તેવા સમયે પ્રભુના વચનોએ જ તેને શાંત કરી હતી. નમ્રતાના પાઠ શીખવ્યા હતા. બધી જ રીતે સક્ષમ અને ઓફિસમાં પ્રથમ વર્ગની કાર્યકર છતાં ઘરમાં બધાનો બોજ ઉઠાવવો. ઘણું જ મુશ્કેલ. પણ ક્ષમાએ તો ઇસુને પોતાના રાહબર-ગુરુ અને તારણહાર બનાવ્યા હતા અને તેથી જ વહી રહી છે જીવનનૈયાનો ભાર અને વહેતી રહેશે જીવનભર આખરી પળ સુધી.

આ વિચાર અને નિર્ણય સાથે તેની આંખમાંથી અશ્રુધારા વરસી પડી તેના મૂક આંસુ વહી રહયાંહતા. ત્યાં ઊંચા અવાજો તેણે સાંભળ્યા.... "મમ્મી કયાં છો? પપ્પા કયારનાય તમારી રાહ જોઇ રહ્યા છે ?" મારી રાહ ? ક્ષમામાં ચેતનાનો ઝબકાર થયો હા મારી અંતરઝંખના મારી પ્રાર્થનાનો જવાબ છે આ જવાબ **Jesus is the answer** પ્રભુનો જવાબ હંમેશા આશીર્વાદિત હોય છે.

# જીવનના રંગ

સલુણી સંધ્યા અપરાધી બનીને એક ખૂણે લપાઇને બેઠી હતી. ઘડી પહેલાં જ રવિરાજ તેને આંગણે આવ્યો, સ્વાગત ઝીલ્યું. અને ચાલ્યો ગયો. આશા આપી કે "કાલે આવીશ."ક્ષણમાં જ સંધ્યાના શણગાર વીંખાયા, રજનીએ શોક સાળુ ધારણ કર્યો. પ્રકૃતિમાં નીરવ શાંતી હતી ! પાસેથી જ શ્રમિત સરીતા મંદગતિએ વહી રહી હતી.

રવિવારનો દિવસ ! કામના બોજ માંથી મુકત થયેલો, હું આ ચિત્ર માણતો બેઠો હતો.... પણ ત્યાં એકાએક શાંતિનો ભંગ થયો ! આ અવાજ શાનો ? કોઈ નદીમાં લપસી ગયું લાગે છે ! કરુણ આર્તનાદ સંભળાયો : બચાવો.... બચાવો. અરે.... કોઇ તણાય છે. પણ કોઇ નથી.... હવે એ વ્યકિત કેમ બૂમો પાડતી નથી ! બેભાન થઈ ગઈ હશે !

થોડીકવાર રાહ જોઇ, કપડાં ઉતારી, મેં પાણીમાં ઝંપલાવ્યું. પરીણામે મહામહેનતે એક પુરુષદેહને ઊંચકી લાવ્યો. ધૂજતો હાંફતો કાંઠે લાવ્યો. આશરે પચીસ વર્ષનો યુવાન લાગતો હતો. શરીર સૌષ્ઠવ આકર્ષક, પ્રતિભા સમ્પન્ન અને કુલીન ! તેની નાડી ધીમે ધીમે ચાલતી હતી. શું કરું ? દવાખાને લઇ જાઉં ? પણ પોલીસ કેસ થશે તો ? વિચારમાળામાં હું ફસાઈ ગયો. અને ધીરજ ધરી માનવી જીવને બચાવવા પ્રયત્નશીલ બન્યો. મનમાં વિચાર્યું, કે હું તો તાલીમ લેતો ડોકટર છું. તો મારી વિદ્યા કેમ ન અજમાવું ? તે યુવાનને ઊંધો-ચત્તો કર્યો. અને પેટમાંથી પાણી બહાર કાઢ્યું. કુત્રીમ શ્વાસો શ્વાસનો પ્રયોગ કર્યો. કંઇક સ્વસ્થ થતાં, ટેકસીમાં ઘરે લઇ જવા વિચાર્યું. પાસેથી પસાર થતી ટેક્સીને બોલાવી તેને ઊંચકી અંદર સુવાડયો.

કલાકમાં જ ઘર આવ્યું નવા આગંતુકને જોતા જ ઘરમાં

માનવ મેળો ઉભરાયો ! કલશોર, કુતૂહલતા અને પ્રશ્નોત્તરી ! માતાપિતા ઉદાર હોવાથી, તેમણે મને મદદ કરી. કલાકેકલા ઉપચાર પછી, તેણે આંખ ખોલી.... બંધ કરી.... ફરી ખોલી. મારા જીવમાં હોશ આવ્યો. મારી બાના મુખ પર આનંદની ઝલક છવાઈ ગઈ. તે તરત જ રસોડામાં દોડી પાછી ફરી. "બેટા, આ કોફી પીલે, "બોલી. યુવાને મંદ ફિક્કું સ્મિત કર્યું. જેમ તેમ તેને બેઠો કરી કોફી પીવડાવી.

અપરિચિત વાતાવરણ અને પરાયા માણસો જોઈને તે બોલી ઉઠયો, "હું ક્યાં છું? ઓ પ્રભુ હું તારી ગોદમાં પણ ન સમાયો! "....... તેણે ઘેરો નિસાસો નાખ્યો.

બા બોલી, "બેટા તું તારા ઘરમાંજ છે. તને હવે કેમ લાગે છે? શાંતિથી સૂઈ જા. "

પણ તેને કંઈક યાદ આવતું લાગ્યું ..... " મને કોણે બચાવ્યો? શા માટે સુખેથી મરવા ન દીધો?" જવાબમાં બાએ ડૂસકું મૂકયું. વાતાવરણમાં કરુણતા છવાઈ ગઈ. હું આસું ખાળી ન શકયો - પિતાજી ગળગળા સાદે બોલ્યા, "બેટા જીવન એતો પ્રભુની બક્ષીસ છે. જીવવું મરવું આપણા હાથમાં છે ? પ્રભુની મરજી વગર પાંદડુંયે હાલતું નથી. તેની ઈચ્છાને આધિન થવું તેમાં જ સુખ છે.પણ.....પણ....હું એકાકી મને.... તેવધુ બોલે, તે પહેલાજ બાએ તેને મોઢે હાથ દઈ દીધો. ઘેનની દવા પિવડાવી, થોડી જ વારમાં તે સૂઈ ગયો.

આખા દિવસની ધમાલથી કંટાળેલા, રવિરાજનું મુખ ક્રોધથી લાલચોળ બન્યું.વેગથી દોડી રહ્યા હતા ત્યારે રજની તેમનો ક્રોધ શમાવવા મલકાતી, પોતાના બાળ શશીને આંગળીએ વળગાળીને આવી રહી હતી. શ્રમિત થયેલા અમે પણ રજનીને તાબે થયાં, નિદ્રાદેવીને શરણે ગયા.

બીજા દિવસની પ્રફુલ્લ પ્રભાત !

રવિરાજનાસોનેરી કિરણોએ મારા દેહ પર નર્તન આરંભ્યું. હું જાગ્યો- અહો! કેટલો દિવસ ચડી ગયો છે ! હું સીધો ગયો પેલા યુવકની ઓરડી તરફ. પણ એ હજુસૂતો હતો. ઘેનની અસર

ઉતરી ન હતી. ઘરમાં કુતુહલતાનું મોજું ફરી વળ્યું હતું " શું થશે? કોણ હશે ? બિચારો....."

આશરે બેકલાક પછી તેણે આંખો ખોલી. પાસે જ બેઠેલો હું. એની નજરે પડયો, ક્ષણિક મારા તરફ મીટ માંડી, અચકાતા બોલ્યો, "તમે મને બચાવ્યો?" ......." શા માટે !" .... હું પ્રત્યુત્તર ન આપી શકયો.

ત્યાં બાએ ગરમ કોફી અને નાસ્તા સાથે પ્રવેશ કર્યો.તે બોલી, " લે બેટા, આ કોફી અને નાસ્તો કર." અને યુવકની ઉપકારવશ દૃષ્ટિનીચે ઢળી.

બા તેની પાસે બેસી ગયા. પંપાળતા બોલ્યા, "મારો ખોવાયેલો દિકરો આજે મને મળ્યો - મારો દિકરો ગયા વર્ષે, આજ તારીખે અમને રડતાં મૂકીને ચાલ્યો ગયો હતો. આજ તે જ તારીખે તું અમને મળ્યો. તું જ મારે દીકરો છે."

"બેટા, તારું નામ શું ?" બા બોલી.

"નરેન"

"બેટા, નરેન હવે તને કેમ લાગે છે?"

માના પ્રેમના બળ સામે તે હારી ગયો."મા..... મારી મા....કરતો, માના ખોળામાં ઢળી પડયો. હું તો અવાક્ બની આ જોઈ રહ્યો ! બાએ તેના મસ્તક પર કયાંય સુધી હાથ ફેરવ્યા કર્યો.

"મા હું તો પાપી......" કંઠ રૂંધાયો. અશ્રુ સરી પડયા.

બા ધીરજ આપતા બોલી, "બેટા, માને મન દિકરો સર્વસ્વ. આમ જો તો. આજથી મને બા કહેવું."

"પણ બા હું તમારા પ્રેમને લાયક નથી. મને ક્ષમા કરો. મારી કહાની સાંભળો અને જુઓ હું કેવો છું ?.....

અનેક પળો વર્ષો બનીને ચાલી ગઈ ! સંસારની ઘટમાળામાં અમે યંત્રવત્ ગુંથાઈ ગયાં. અમારા ત્રણ જણના પરિવારમાં, એકનો ઉમેરો થયો. મને વ્હાલ સોયો ભાઈ મળ્યો!

અમારા કુટુંબમાં તે પરિચિત બન્યો. બા-બાપુજીના સ્નેહાળ

વર્તનથી તે ફરીથી માનવી બન્યો. ચેતન ફરીથી આવવા લાગ્યું. પણ મુખ પરની ગ્લાની ન ગઈ. અમારી સાથે તે હળતો, મળતો, હસતો પણ ઉદાસીનતા તો તેના મુખ પર દેખાતી જ અમે તેને નરેન જ કહેતા, બરાબર મારા મોટાભાઈ જેવો જ નિર્દોશ ચહેરો! વાંકોડિયા વાળના ઝુલ્ફા, ચમકતી ચંચળ આંખો અને ગૌરવર્ણ ! બા તો બેટા નરેનથી જ સંબોધતી. તેના આવવાથી મારા માનપાન થોડાક ઓછા થયા હતા પણ મને તેનો રંજ ન હતો. એક દિવસની વાત છે. શિયાળાની કડકડતી ઠંડીમાં પ્રાણી, પ્રકૃતિ અને માનવી હૂંફ મેળવવા મથી રહ્યા હતા. એક ચકલુએ દૃષ્ટિગોચર થતું ન હતું. સાંજનો સમય હોવા છતાં પથારીમાં ટુંટીયું વાળીને પડી રહેવાનું મન થતું હતું. પણ બા અને નરેન વિવિધ રસપ્રદ વાતો કરી રહ્યા હતાં. તેથી હું પણ તેમની સાથે વાતોમાં જોડાયો. બાપુજી પોતાના નિત્યક્રમ પ્રમાણે છાપું વાંચતા હતા. અને વચ્ચે વચ્ચે અમારી વાતોમાં રસ લેતા હતા.

થોડી ક્ષણો પસાર થઈ....

"આજનું છાપુ તમે લોકોએ વાંચ્યું કે?" સહસા બાપુજી બોલ્યા. "જુઓને આતે કેવું ગાંડપણ ! આજના યુવક અને યુવતીઓથી તોબા !"

"પણ છે શું તે તો કહો." બા થી પિષ્ટપેષણ સહન ન થયું.

"જો, પટણામાં એક યુવક અને યુવતીને માતા-પિતાએ લગ્નની મંજૂરી ન આપતા, યુવકે ઝેર ઘોળ્યું અને યુવતીએ કુવો પુર્યો! જોયાને તેમના લાગણીવેડા !!

વાતાવરણમાં સ્તબ્ધતા !

અમે એક પણ અક્ષર ન બોલ્યાં. નરેનની મુખ મુદ્રા બદલાઈ ગઈ. જાણે કાળી શાહી ન ઢોળાઈ હોય!

હું તેના મુખ પર એકીટશે જોઈ રહ્યો, અને પુછવા કરૂં તે પહેલાં જઈ ઢળી પડ્યો ! બેહોશ બન્યો !

નરેનની આ દશા અમે ન કળી શક્યાં. મે તથા બા એ તેને સંભાળી લીધો. થોડી મિનિટો પછી તે કંઇક ભાનમાં આવ્યો. પોકારી ઊઠયો "નીતા...નીતા...હું આવું છું."

બા બોલી ઊઠી, "નથી જવું કયાંય બેટા." ગળગળા સાદે બોલી. "તું શાંતિથી ઊંઘી જા. તને કંઇ થાય છે ?" અને નરેને આંખ મીચી દીધી.

બા કહેવા લાગી ગમે તે થાય, પણ નરેનના માતાપિતાની શોધ કરવી પડશે. તે જરૂર દુઃખી લાગે છે. અને તે પ્રસંગ પર પૂર્ણવિરામ મૂકાયું!

બીજા દીવસે નરેન કંઇક સ્વસ્થ જણાયો. હું તેને આનંદીત બનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યોં. નરેન ના ઓરડામાં મારો અવાજ સાંભળી, બા આવી. નરેનની ખબર પુછી. તેના મસ્તક પર હાથ ફેરવવા લાગી. નરેન બોલ્યો, " બા, અનેક દિવસોના મનોમંથન પછી પણ તમને મારી કહાની કહી શકયો નથી. મારી જીભ ઉપડતી નથી. પરિણામે મારો માનસીક બોજો વધી જતા અસ્વસ્થ બનું છું. આજે હું વીનંતી કરૂં છું કે તમે મને સાંભળો. મારા મનનો ઉભરો ઠાલવતા, મને જરૂર શાંતિ મળશે ! હવે હું તમારાથી શું છુપાવું?"

બા અને હું તેની પાસે બેસી ગયાં. અમારી મૂક સંમતિ જોઇ, તેણે કહેવાનું શરૂ કર્યું.

એક નાનકડા કુટુંબમાં મારો જન્મ થયો હતો. પ્રથમ બાળક હતો એટલે માતાપિતાનો પ્રાણ હતો. પણ પિતા ગયા. અમને એકલા મૂકીને ! મેં તો ગરીબીમાંજ બચપણ પસાર કર્યું. માતાએ મને પગભર કરવા જાત તોડી, દેહ ઘસ્યો.

હું એસ.એસ.સી. મા આવ્યો. સામાન્ય કક્ષાનો વિદ્યાર્થીહોવાથી મેં બે વર્ષે એસ.એસ.સી પાસ કર્યું. પણ ત્યાર પછીના સુખના દહાડા જોવા માતા ન થોભી. તે પણ ચાલી ગઇ પિતાના માર્ગે ! ! જીવનરણમાં હું એકલો પડયો ! પણ મારા દૂરના ફોઇબાએ મારો હાથ ઝાલ્યો. ખરેખર, તેમનો સ્નેહ મને માતાની યાદ અપાવતો. તેમની કૃપાથી અને માર્ગદર્શનથી મને નોકરી મળી.

નોકરીની સાથે સાથે ખંતથી અભ્યાસ શરૂ કર્યો. જોત જોતામાં ચારવર્ષ કયાંયે નિકળી ગયાં. અને હું બી.એ થયો. નોકરીમાં આગળ બઢતી મળી અને સારો હોદ્દો પણ મળ્યો. મારા આનંદની શી વાત કરૂ ? હું વિચારતો, કે મારા નસીબ આડેનું પાંદડું ખસી ગયું. પણ માનવ જયાં જીવનને પૂર્ણતા માને છે, ત્યાં જ એ ભૂલ કરે છે. એતો મારા જીવનમાં ફરીથી આવનાર દુર્ભાગ્યની શરૂઆત હતી.

શહેરના વાતાવરણથી મુગ્ધ બન્યો હતો. મારા શરૂઆતના દીવસો સુખમાં જ પાણી વેગે વહી ગયા. રહેવા માટે સુંદર ઘર અને જમવા માટે સુંદર લોજ પણ મને મળ્યાં હતાં. પણ આ બધા કરતાં મને એક વ્યકિતનું આકર્ષણ ઘણું હતું. તે હતા અતિવૃદ્ધ મુન્શીજી. તેમનું મીતભાષીપણું અને કાર્યની ચોકસાઈ મને ગમતાં. તેઓને મારા પ્રત્યે ઘણો પ્રેમ હતો. મારા દરેક કાર્યમાં તેઓ સહાય કરતા.

એક દિવસ અચાનક જ મુન્શીજી રસ્તામાં મળ્યા. “ચાલોને, સાહેબ ઘરે.” એમ કહીને આગ્રહપૂર્વક મને તાંણી ગયા. “આજે લોજમાં રજા પાડજો, મારા ઘરને તો પાવન કરો.”તેમના આગ્રહને હું વશ થયો. અમે ઘરે પહોંચ્યા.

ઘરમાં પ્રવેશતા મારૂં હૃદય પ્રફુલ્લીત બન્યું. નાનું પણ અત્યંત સુઘડ અને વ્યવસ્થિત ઘર !

“નીતા, બેટા ” મુન્શીજીએ હાંક મારી.

થોડીવારમાં પંદર-સત્તર વર્ષની છોકરી આવી “પિતાજી આવી ગયા ?” કહેતી આગળ વધી. પણ અપરિચિત એવા મને જોતાં, તે શરમાઈને પછી અંદર ભરાઈ જવા લાગી.

“ બેટા, આતો આપણાં મોટા સાહેબ છે. નમસ્તે કર.” અને બે નાજુક હાથો જોડાયા. સુકુમાર વદન નીચું નમ્યું.

“નીતા, આ સાહેબ આપણે ત્યાં જમવાના છે. જા જોઉં સુંદર રસોઈ બનાવ તો ! ” ... ..... એ લજ્જાભરી દોડી ગઈ.

જીવનમાં કેટલીક વ્યકિતઓ હૃદય પર જબરી ચોટ લગાવી

જાય છે, તેનો સાક્ષાત્કાર તે ઘડીએ થયો ! હું ભાન ભૂલ્યો વિચાર વમળમાં ફસાઇ ગયે.

થોડીક ક્ષણો પસાર થઇ ગઇ........

મુન્શીજીના શબ્દોથી વિચારતંદ્રામાંથી જાગ્યો. અને સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો.

મુન્શીજીએ નીતાનો પરીચય આપ્યો, "એ મારી બહેનની દીકરી છે. નાનપણમાં જ માતાપિતાનું શિરછત્ર ગુમાવ્યું હતું. તેથી મેં તેનો હાથ ઝાલ્યો તેની મામી ખૂબ ભલી હતી. વળી નિઃસંતાન હોવાથી, તેની મામીને આંખની કીકી સમાન હતી. પણ બીચારી નીતાના નસીબમાં સુખ જ કયાં લખાયેલું છે ? તેની મામી તેના આગમન પછી બે વર્ષે ચાલી ગઇ. હવે રહ્યા અમે બે જણ હું રહ્યો ઘરડું પાન ! કયારે ખરી જાઉં તે કહેવાય નહિ. મને નીતાની ઘણી ચીંતા છે. "

મુન્શીજીનું ભાષણ આમ કયાંય સુધી ચાલત પણ નીતા હાથમાં થાળી લઇને આવી શરમાતી શરમાતી ભોજનથાળ મુકી જતી રહી. મેં હાથપગ ધોયા અને ભોજનને ન્યાય આપ્યો. સાદું પણ સ્વાદિષ્ટ ભોજન મને ગમ્યું. જીવનભર લોજનું ભોજન ખાધેલું એટલે ઘરની રસોઇ તો મીઠી જ લાગે ને ! અને તે વળી નીતાના હાથની ! ખરેખર, ભોજનાની મધુરતાનો આધાર વાનગી ઉપર નહિ. પણ પીરસનાર પર હોય છે, તેવું મને લાગવા માંડયું.

મુન્શીજી સાથે કેટલીય વાતો કર્યા પછી મેં વિદાય લીધી. પછી તો અવારનવાર હું તેમના ઘરે જતો તેઓ મને આવકારતા. તેમને ત્યાં ભોજનનો આસ્વાદ માણવાનું ચૂકતો નહિ.

મારા અનેક દિવસો આમ વહી ગયા. નીતા સાથે મારે ગાઢ પરિચય થયો તેના પ્રત્યે મને કુણી લાગણી જન્મી. આ દુઃખી છોકરીના જીવનને નવપલ્લિવત કરવાના વિચારો આવતા. પણ હું કોઇને કંઇ કહી શકતો નહિ. મુન્શીજી આગળ પણ જીભ ઉપડતી નહિં. તેઓ મારા વિષે શું ધારશે? તેઓ ભય મને સતાવી રહ્યો હતો.

એક દિવસ મારા ભાગ્ય ઊઘડયાં ! એ ધન્ય પ્રસંગ મને સાંપડયો. મુન્શીજીએ વાતવાતમાં નીતાના લગ્ન વિષેની મૂંઝવણો રજૂ કરી. ભાવિ મુશ્કેલીઓનો સામનો કઇ રીતે કરવો, તે મુન્શીજી વિચારતા હતા. આ તક મેં ઝડપી લીધી. અચકાતા અચકાતા મેં મમરો મૂકયો નીતાને સ્વીકારવાનો ! !

આ સાંભળીને મુન્શીજી આશ્ચર્યચકિત બની ગયા. ઊઠ્યા તમે....તમે....સાહેબ.... નીતાને સ્વીકારશો ?

મારી નાજુક નીતાને! “મારા એટલા પુણ્ય કયાંથી ? ” તેમની આંખોમાંથી અશ્રુબિંદુ સરી પડ્યાંઇ મેં મુન્શીજીને સ્પષ્ટ વાત કહીને વચન આપ્યું. તેઓ હર્ષ ઘેલા બની ગયા.

અનેક ઉષા સંધ્યા બનીને ચાલી ગઇ. દિવસો પણ પાણીના રેલાની માફક વહો જતા હતા. જૂનું બધું વિદાય લેતું હતું અને નવાનું આગમન થતું હતું મારા જીવનમાં નવી નવી ક્ષણો આવતી અને પસાર થતી. મારો અને નીતાનો સહવાસ વધ્યો. મુન્શીજી અમને જોઇને હરખાતા. મૂંગી આશીષ વ્યકત કરતા હતા.

એ શુભ દિવસ આવી પહોંચ્યો ! ફાગણ માસમાં અમે પ્રભુતામાં પગલા પાડવાના હતાં. ફાગણ માસ એટલે વર્ષનો રંગીન માસ ! પરસ્પર રંગવાનો અને રંગાવવાનો માસ ! મારા અનંદની શી વાત કરૂં ?

મારા સ્નેહીજનોમાં કોઇ રહ્યું ન હતું માત્ર હતા માતૃતુલ્ય ફોઇબા. તેમને પણ ગામમાં ખબર આપી હતી તેમની પણ સંમતી હતી એટલે પૂછવું જ શું ?

પણ તે સમયે મને કયાં ખબર હતી કે સુખ દુ:ખ બંને જોડકી બહેનો છે ! પરસ્પર એકબીજા સિવાય રહી શકતી નથી ! કોણ જાણે કેમ, પણ મારા સુખની ઘણા લોકો ઈર્ષા કરતા હતા. અને આખરે મારો સોનાનો સંસાર ઉવેખ્યો !

એક દિવસની વાત છે. મારા ગામેથી ફોઇબાની માંદગીના સમાચાર આવ્યા. “તારા ફોઇબા મરણતોલ માંદા છે, મ્હોં જોવું હોય

તો ઝટ આવ" - આવા સમાચાર વાંચી હું રડી ઊઠ્યો! દ્વિધામાં મૂકાયો. એકબાજુ ફોઈબા પ્રત્યે સ્નેહભાવ અને બીજી બાજુએ નીતા અને મુન્શીજી પ્રત્યે લાગણી! મારું પ્રથમ કર્તવ્ય શું છે તે હું સમજી ન શક્યો. વેળાસાર મારે ગાડી પકડી ગામ પહોચવાનું હતું. મુન્શીજી અને નીતાને મળવું અશક્ય હતું તેવોની લાગણી પર કેવો ઘા લાગશે, વિચારવાની મારામાં શકિત નહતી. ગામ પહોંચી પછી એક પત્ર લખી નાંખીશ, એમ વિચારીને સ્ટેશન તરફ દોટ મુકી ફોઈબાનો ચહેરો મારી આંખ સમક્ષ તરવરીયા કરતો હતો. તેમનું મારા પર ઘણું ઋણ ચડયું હતું. હું તે કેવી રીતે વાળીશ તે વિચારતો.

બીજે દિવસે વહેલી સવારે ગામ પહોંચ્યો. ખરેખર, ફોઈબાની અંતિમપળ! મારા ગળે ડૂમો ભરાયો. હું મૂક બન્યો. તે મારા માટે તલસતી હતી. મને જોઈને શાંતિ અનુભવી. માંડ માંડ તે બોલી, " બેટા તું આવ્યો" તેણે પોતાનો હાથ મારા માથા પર મૂકયો. વધુન બોલી શકી. અંતિમ આશીર્વાદ આપી, તે ચાલી ગઈ. રડતો, કકળતો હું જગતમાં એકલો પડયો. હું શૂન્ય મસ્તક બની ગયો વિધિ કેટલી ક્રુર છે !

અત્યંત દુ:ખી હૃદયે ફોઈબાની અંતિમ ક્રિયા વિધી પતાવી. ચાર પાંચ દિવસ એમ જ ચાલ્યા ગયા. ઘેર જવાનો વિચાર કર્યો. પણ ત્યાં યાદ આવ્યું મુન્શીજી અને નીતાને પત્ર લખવાનો રહી ગયો છે! અને એ ભૂલે મારા જીવનનો સમસ્ત્ પ્રાણ હરી લીધો.

હતભાગી હું શહેરમાં આવ્યો. હવે મારું કોણ સ્વજન હતું? જે ગણો તે મારે મન નીતા અને મુન્શીજી સર્વસ્વ હતા. મેં તેમના ઘર તરફ પ્રયાણ કર્યું. હૃદયમાં મૂક રુદન અને ફોઈબાની યાદ! પણ નીતાના સાન્નિધ્યમાં દુ:ખ ઓછું થશે, તેમ વિચારતો પણ મને ક્યાં ખબર હતી. કે વિધિએ અહીં પણ મારા જીવનને કાજળ ઘેરી કાલીમાથી રંગી કાઢયું છે. ! આશાની ચીનગારી પર રાખનું પડ બાઝયું છે !

મનમાં અનેક વિચારો દોડી રહ્યા હતા. મન શાંતિની ઝંખના કરતું હતું. પણ શાંતિએ મુખ પાછું ફેરવ્યું હતું. મેં ચાલવાની ગતિ વધારી..... જાણે દોડતો હતો!

અને હું તો સીધો જ ગયો મુન્શીજીના ઘરે, પણ તાળાના દર્શન થયાં. ત્યાં કોઇ જ ન હતું. મુન્શીજી અને નીતા કયાં ગયાં હશે ? હું ચેતનહીન બન્યો ! કયાં ગયા હશે એ લોકો !! કેટલોય વખત હું ત્યાં ગયો બેઠો. મને કંઇ ખ્યાલ ન રહ્યો છેવટે કોઇ પડોશી આવ્યા અને મને બોલાવી ગયા. મેં તો મગજની સમતુલા ગુમાવી હતી. હું કંઇ પણ સમજી શકતો નહોતો.

મેં સહસા પૂછ્યું, " મુન્શીજી હઅને નીતા કયાં ગયા?" "તમને કશું જ ખબર નથી ? એ..એ... લોકોની !!" જવાબ મળ્યો. મેં નકારમાં માથું ધુણાવ્યું. પડોશી ભલા હતા. મારી પરિસ્થિતિ સમઝયા. તેમને ઘરે લઈ ગયા.

"તમે કયાં ગયા હતા? " પડોશી એ પૂછ્યું. મેં ફોઈબાના મૃત્યુના સમાચાર કહ્યા. મારી પરિસ્થતિ જણાવી. હું રડી પડયો. બોલી ઊઠયો. "નીતા કયાં ગઈ છે? .......તમને ખબર છે? ....બોલોને ?" પડોશીની આંખમાંથી અશ્રુ સરી પડયાં. મને અમંગળ ભાવિના દર્શન થયા !

"ધીરજ ધરો, ભાઈ, પહેલા સ્નાન કરી લો. પછી ભોજન પીરસુ છું." કરુણાર્દ્ર અવાજે પડોશણ બોલી. "તે લોકો અહીં નથી" પછી વાત કરૂં.

ઝટપટ સ્નાન કરીને, થોડું ભોજન પેટમાં નાખ્યું. કુશંકાઓ મને ઘેરી વળી હતી. પાસેની ઓરડીમાં જઈને બેઠો.

પેલા પડોશી ભાઈ અને તેમના પત્ની મારી પાસે આવ્યા. મારી નજીક બેઠાં. ભાઈએ મને કહ્યું, "મને વચન આપો કે તમે કંઈ ધીરજ ન ખોઈ બેસો." હું કંટાળ્યો પણ શું થાય શું ? મારાથી બોલી જવાયું, " શું તે પરણી ગઈ બીજા જોડે ! મુન્શીજીએ દગો કર્યો !! "

"ના, ભાઈ....ના તમારી મોટી સમજફેર થઈ. તમારી ગેરહાજરીનો લાભ, તમારા દુશ્મનો એ ઊઠાવ્યો. મુન્શીજીના કહેવાતા હિતેચ્છુઓએ તમારા નામનો નનામો પત્ર લખ્યો !!- "તમે ગામામાં લગ્ન કરવા ગયા છો અને પાછા આવવાના નથી, માટે નીતાને બીજે ઠેકાણે પરણાવજો - એવી મતલબનો પત્ર હતો.

"ભાઈ શાહબ, આવું વાંચીને કોમળ હૃદયવાળા મુન્શીજી અને નીતાની શી હાલત થાય, ભાઈ, તમેય ખરા છો ગામ જતી વખતે મળવા પણ ના આવ્યા ! કેવો ભયાનક અનર્થ થઈ ગયો!"

હું કંઈ ન સમજી શકયો. ચીસ પાડી ઊઠયો. પડોશીએ ધીરજ આપી. કઠણ મન કરવા જણાવ્યું. ઈશ્વરપિતાની ઈચ્છાને આધિન થવાનું કહ્યું. અને કહેવાનું શરૂ કર્યું. તમારા ઘાતક સમાચાર નીતા ન જીરવી શકી. લાગણીવશ તેણે અગ્નિનો આશરો લીધો અને ચાલી ગઈ મૃત્યુના પંથે! એ નિર્દોશ છોકરીની વેદના વર્ણવાય તેવી નથી. આગલા દિવસે જ મારી પાસે આવી ખૂબ રડી હતી. મેં તેને ધીરજ આપી પણ તે ન સહી શકી. અને છેવટે આ પગલું લીધું! "

ઘરડે ઘડપણ મુન્શીજી આ કેમ સહી શકે? તેની પાછળ તે શૂનમૂન બની ગયા. પોતાને નિરાધાર માનીને ગાડીના પાટા નીચે પડતું મૂકયું. ભોગ લેવાયો નિર્દોશ માનવીનો! ઈશ્વર શા માટે આટલો ક્રૂર બન્યો હશે! મરેલાને જ મારે છે!

નરેનની આંખોમાંથી ટપ...ટપ આંસુ પડવા લાગ્યાઈ "બા હવે વધું બોલાતું નથી. આ કમભાગી પુત્રની કહાની સાંભળીને ? હવે હું કઈ આશાએ જીવું ? હું કેટલો પાપી છું કે નદી એ પણ મને ન સંઘર્યો ! મેં બે નિર્દોષ માનવીના ભોગ લીધા. મારા આ પાપની કંઈ માફી નથી....બા, તમે મને જવા દો.....મરવા દો.... મૃત્યુ જ મને શાંતિ આપશે."

અમારી બધાની આંખો ભીની બની. નરેન ડુસ્કે ડુસ્કે રડતો હતો. થોડીવાર પછી બા બોલી, "બેટા નરેન, ઊંચુ જો. તું તો પાપી નથી. બેટા, ફકત તારી એક ભૂલનું પરીણામ છે. બેટા,

તારૂ પ્રાયશ્ચિત પણ થઇ ચુકયું છે! જો બેટા, માસી સામુ જો. હું તારી બા, તને ક્ષમા આપું છું. અને આ ભીંત પર જોતો ! આ ચિત્ર શેનું છે. ?.... થંભે જડાયેલો ઇસુ. એની આંખમાંથી પ્રેમનો ધોધ વહે છે. પાપની માફી આપવા માટે તે હમણાં તૈયાર છે ! તારી જાતને એના ચરણોમાં સમર્પી દે. તે તેને ચિરકાળની શાંતિ આપશે."

થોડો શ્વાસ ખાઇને, બા ફરીથી કહેવા લાગી. "બેટા, તારી નીતા ચાલી ગઇ, પણ આજે સંસારમાં કેટલીય નીતાઓ છે! તે આજ રીતે સંસારમાં બળી રહી છે.! તું તેમને તારી સેવા અર્પ. જીવનમાં કચડાયેલી, શોષાયેલી, પીડિત એવી નારીઓનો તું ઉદ્ધાર કર અને તારી નીતાને જીવંત બનાવ."

"બા ...હું તમારો દિકરો છું. તમારી આજ્ઞા માથે ચઢાવું" નરેન નમ્ર બન્યો.

"જો બેટા, તું સમાજ સેવક બન. દુઃખી સમાજને પતનમાંથી બચાવ. વળી તારા ભાઇના દવાખાનામાં જરૂરી સેવા આપ અને થોડા સમયમાં જોજે કે લોકોની સેવા કરવાથી જીવનનો સાચો આનંદ મળે છે કે નહિ?"

અને નરેને સંમતિ સૂચક મસ્તક નમાવ્યું.......કેટલાયે વર્ષો વહી ગયા છે. શહેરના લોકોએ અનેક લીલી સૂકી જોઇ છે. જીવનની ઘટમાળ અવિરત ચાલ્યા કરે છે. ભૂતકાળ પર પડદો નાખી ને, ભાવિની આશામાં જીવતા માનવીઓ આગળ ધપ્યે જાય છે !

બે ભાઇઓ પોતાની નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. જયાં જયાં દુઃખ સંકટ અને મૂંઝવણ જણાય છે, ત્યાં ત્યાં તેઓ દોડી જાય છે. આમ જનતા સાથે આતપ્રોત બની ગયા છે! આજે આ બે ભાઇઓથી સૌ પરિચિત છે. તેઓનું નામ લોકમુખે ગવાય છે. લોકો અંતરની આશિષ આપે ! આ ભાઇઓમાંનો એક ભાઇ ડોકટર અને બીજો છે મૂક સમાજસેવક!

# નીલા આકાશ – અતૃપ્ત ધરતી

નીલા આકાશ.....આકાશમાં મેઘ ગોરંભાયો. ઘડીક પહેલાનું સ્વચ્છ સ્વચ્છ ગગન શ્યામ વાદળીઓના આગમમનથી પડદા પાછળ છુપાયું. ચોદિશ કાજળઘેરા વાદળ ચઢી આવ્યા, ઘન અંધાર જામ્યો, શીતલ પવનની લ્હેરખીઓ શરૂ થઈ, પ્રકૃતિએ નવતર રૂપ સર્જ્યુ, ધરતી અમીવર્ષાને ઝીલવા તત્પર બની, ઝરમર, ઝરમર જલબિંદુ ટપક્યાં. હજી તો ધરતીની ગોદ આ અમૃતબિંદુ ઝીલે ત્યાં તો મેઘાડબંર વિખરાયું. સૂર્યએ પ્રવેશ કર્યો અને મૂક ધરતીની ઝંખના અધૂરી રહી.

પ્રકૃતિનું આ દશ્ય માણતી અને એમાં આવેલા અણધાર્યાપલટાથી ખિન્ન બનેલી તૃષાના ઉરમાંથી ઘેરો નિશ્વાસ સરી પડ્યો. એ પણ પોતાના જીવનમાં આવીને સરી ગએલી સુવર્ણ પળોની સ્મૃતિમાં ખોવાઈ..........

તૃષા...... અતૃપ્ત ધરતી. ખરે જ એની તૃષા ક્યારેક ન છીપાઈ. કેટ કેટલી અભિલાષા હતી તેના નાનકડાં ઉરમાં ? કેટ કેટલી શકિતઓ ભરેલ હતી તે ટચુકડી કાયામાં ?કેટ કેટલી આરઝુ હતી તેના સ્વપ્નીલ નૈનોમાં (નયનોમાં) સ્વપ્નાં, સ્વપ્ના જ રહ્યા અને તે કલ્પનાકુસુમો ખીલ્યા પહેલાં જ રગદોળાયાં. જગતની વાસ્તવિકતાના અસીમ પ્રેમથી ભરેલું તેનું હૈયુ તેને ક્યાંય ન મળ્યું. ઝીલનાર પાત્ર, તાલંતોથી ભરપૂર છતાંય પગલે પગલે તેણે ઠોકર ખાધી. નમી, નમીને જીવનમાં ડગલાં ભર્યાં ત્યારે જગતે ધૂત્કારી. પારકાને પોતાના કરવા જીવનભર મથી. પોતાના પ્રેમપિયુષથી તેમના જીવન ખજવાળ્યા ત્યારે તેમના થકી જ મળી

અવહેલના, સ્વાતંત્ર્યની જીવનવેલને કરમાવી, પ્રિયશોખ તજયા, પર માટે સમર્પિત થએલી ઓ તૃષા તારી તૃષા કોઈએ ન છીપાવી. માનવીની હરેક ઈચ્છા પુરી થતી નથી પણ જરૂરીયાતો તો તેને મળે છે, ઈશ્વર તરફથી. તો પ્રભુપ્રેમથી તું કેમ વંચિત રહી. ઓ અભાગિની, જીવન તારૂં જલ્યુ, પણ રાખ ન થઈ. ધૂંઆજ પ્રગટયો કે જેણે તારા અંતરને પ્રજાળયું અને તું બની કાષ્ટ પુતળી.

ઓ તૃષા, બચપણથી જ તું પ્યાસી હતી. માતાપિતાનું આઠમું સંતાન. સાત સાત દીકરીઓ પછી પુત્રનીઆશા રાખનાર દંપતિની તું આઠમી પુત્રી. વીસમી સદીના સ્ત્રી-પુરૂષના સમાન હકના જમાનામાં જન્મી હોવા છતાં તારા જન્મના સમાચારે તારા કુટુંબમાં ગ્લાનિ ઉપજી હતી. જન્મતાં જ અળખામણી થઈ પડેલી તો પછી તારા લાલન પાલનની વાત જ કયાં. વાડમાં ઉગેલા વેલાની જેમ તો ઉછરી હતી. તું રડી રડીને તાકે ત્યારે ખોરાક પામતી, બ્હેનોને મન થાય ત્યારે ઉંચકાતી. જુના તુટેલા રમકડાંએ તો તારી રમતો રમાઈ હતી. અને વસ્ત્રો તે પણ મોટી બ્હેનોનાં જ. દીકરીઓની જંજાળથી કંટાળેલી માતા પાસેથી કયારે ય વહાલનું વેણ કે પ્રેમનો પુચકાર તો પામી જ ન હતી. તેથી તો ઘણી વાર તારા અંતરમાં તરંગ ઉઠતા કે આ મારી સગી મા નહિ જ હોય ખરૂને. અહિ આવા તંરગોથી તો તું બની હતી દીવાસ્વપ્નસેવી. પરીઓની સૃષ્ટિમાં રાચનારી.

દીકરીને વધતા કયાં વાર થાય છે ? તારી માતાના શબ્દોમાં આંખના પલકારામાં તો તું મોટી થઈ ગઈ હતી. એસ.એસ.સી. પસાર કર્યું. તું તો કોલેજના સ્વપ્ન જોતી હતી. પણ ત્યાં જ નહોતુંરેડાયું ઠંડું પાણી તારા અરમાનો પર. જીવનનો એ પ્રથમ આઘાત... ૩૫% પાસ થનારી પાડોશી ઉલ્કા કોલેજમાં પ્રવેશ પામી અને ૭૦% માર્કસ મળવનાર ધકેલાઈ હતી નર્સીંગમાં. શું માતા પિતા પાસે પૈસા

ખૂટયા હતા. પૈસાની જરૂર જ કયાં હતી. મેરીટ સ્કોલરશીપ તો મેળવી હતી પણ મોટી બહેનોને એ પસંદ ન હતું કે તું એમના કરતા આગળ વધે.

નર્સીંગમાં મનને મનાવ્યુ પણ એ કયાં માને એમ હતું હાય ઉઘડતી કલી તારા અરમાનોને ઉગતાં જ ડામવામાં આવ્યા હતા.

જીવન સરિતા વહો જતી હતી, પરાણે ધકેલાયેલા ક્ષેત્રમાં તું રસ લઈ રહી હતી. પણ ત્યાં તો બીજો વટહુકમ આવ્યો તારે માટે. મીડવાઈફનો કોર્સ કરવો. અને એય કાનુન તેં માન્ય રાખ્યો. માનજવો જ પડેને! અને પછી તો જોતરાઈ ધૂંસરીએ. પ્રથમ ગામડામાં અને પછી શહેરમાં પણ ત્યાંય કયાં શાંતિ હતી! દર મિહને પહેલી તારીખે તારા ઘર તરફથી ઝોળી આવતી અને એમાં હોમાતી તારી મહિનાભરની કમાણી.

અનેક ઉષા સંધ્યા બનીને ચાલી ગઈ. કાળનાં વહેણમાં કેટલાય વર્ષો સરી ગયા ! યાદ છે ને ? ના, યાદ તો ત્યારે આવી જયારે પેલા દર્દીની નેહભરી નજરો ભાળી. સર્વને એક સમાન ગણીને સેવા કરતી અર્પતી તૃષા તારા હૃદયના પરિમલથી ખેંચાયો એક યુવાન, તારી ઝંખના કરતો હતો. તું પણ એના રંગે રંગાઈ ગઈ. પ્રેમની ઓઢણીએ તારાં સુપ્ત હૈયાને ગુંજતું બનાવ્યું. તારી અંતર વીણાના તાર ઝણઝણી ઉઠયા. તેમણે માગ્યો પ્રેમાશ્રય. અને તારૂં હૃદય કમલપટલની જેમ ખીલી ઉઠયું! પણ ઓ કૌમુદી ! તારે માટે ધવલ ચાંદનીના કીરણો ન્હોતા સર્જાયા.... તારે સહેવાનાં હતાં ગ્રીષ્મના પ્રખર કિરણો.અને તેથી જ ના આવી ગઈ. તારા ગૃહેથી તારા માટે. તું ઉપર વટ ન જઈ શકી . એ પંથ તારો ન્હોતો તૃષા.... તારે માટે તો હતી કાંટાળી ભોમ. તેં એ ફુલભોમકાનો વિચાર કેમ કર્યો હતો? બીજો આઘાત તારી જીંદગીને વેરાન બનાવી ગયો. જીવનની ત્રીસ પાનખર પછી આવેલી વસંતે તને પમરાટ ન

દીધો.

જીવનનૈયાએ ઢસડાતી જતી હતી. કમાઉ દીકરીની ઉમર સાથે ન્હોતી લેવાદેવા તારા માતપિતાને ? તેમને જરૂર હતી કનકનીયાની. એ તું આપે ત્યાં સુધી કયાંથી વિચાર આવે તને પરણાવવાનો ? વળી મોટી બહેનો એમ પણ માતાપિતાના! મનમાં ઠસાવતી કે અમારાથી તો સેવા નથી થતી તો અમારી તૃષાને રાખોને કુંવારી. પણ એકાદ પ્રસ્તાવ આવ્યો. લગ્નનો, તારા ગૃહ તરફથી તું ચમકી. સૂર્ય પશ્ચીમમાં કાં ઉગ્યો ? પ્રથમ તો તેં વિરોધ કર્યો. હવે.....હવે કયાં સ્થાન છે. લગ્નને મારા જીવનમાં. અરમાનો તો વીરમી ગયા હતા. પણ તારું કયાં ચાલ્યું ? આખરે તારે નમવું પડયું. સ્થાન યોગ્ય તો નહતું જ. પણ આ શૃંખલામાંથી છુટવાનો એકમાત્ર ઉપાય હતો. માતા પિતાની અને બહેનોની જોહુકમીથી તો જ છુંટાય એવું હતું તેથી જ સ્વીકાર્યું કમને. લગ્નવેદી પર હોમાયેલી એ તુષા તારી વિદાય વખતના અશ્રુ ઘર છોડવાને લીધે હતા! કે તારા અંતરમાં ઉઠેલી હોળીને હોલવવા માટેના હતા?

આંખોમાં આંસુનાં તોરણ અને પાલવમાં પ્રેમ અને આશાના પુષ્પો ધરીને તૃષાએ શ્વસુર ગૃહે પગ દીધો. “પ્રેમથી મધુમય બનાવીશ મારા સંસારને” એ સુત્ર લઈને આવેલી તૃષાનું સુખસ્વપ્ન પ્રથમ રાત્રીએ જ ભાંગી પડયું.

એ સૌભાગ્યરાત્રી ..... તૃષાના જીવનમાં તેજકિરણ પાથરવાનો આરંભ કરનાર, વડવાનળ સમી વેદનાને હૈયામાં ધરતી, ભાવિજીવનનાં સુખ સ્વપ્નની આશા રાખનાર, કાળ રાત્રીમાં પરીણમી.

પ્રથમમિલને પતિ શાલિને તેના પુરાણા પ્રેમની યાદ અપાવી. તેને કઠોરવચન સંભળાવ્યા. “તારો હાથ તો કોઈ ના પકડે પણ તારા માતા પિતા પર દયા આવી, તેથી જ મેં પકડયો છે. સમજી. જો

મારા કાર્યમાં માથુ મારવાનો તારે જરાય પ્રયત્ન ન કરવો. અને મારી બધી જ આજ્ઞા તારે શીરે ચડાવવી પડશે," અને પછી દયાળુપણાનો ડોળ કરતાં એ શાલીન - માનવ પશુની દાસી બની હા, દાસી જ પૈસાથી ખરીદાયેલી એથી વધું કાંઈ નહિ એ ઘરની તે ઘાટણ, ધોબણ અને રસોયણ જ હતી. સવારથી સાંજ સુધી ગૃહકાર્યમાં અટવાતી, તૃષાના જીવનમાં, ફેશનેબલ અને ખૂબ ભણેલી નણંદોના તેમજ પતિના હુકમો જ લખાયા હતા. જીવનના કારમા દિનો સંભારતી તૃષાનો પાલવ અશ્રુથી ભીંજાતો જ રહ્યો. તે ખારાપાટ સમા જીવનમાં વિમાસતી ઉભી હતી. ત્યાં ........"પ્રકૃતિનું નિરીક્ષણ કરી રહ્યા હોય તો ચ્હા બનાવજો. ભાભીશ્રી." એ વ્યંગ એને કાને પડયો. આંસુ ઝડપથી લુછી એ પાછળ ફરી. ત્યાંતો ઊંઘમાંથી ઉઠીને આવેલા શાલીનનો ક્રોધ ભરપૂર ચહેરો જોયો ! ઝડપથી રૂમ છોડવા લાગી.

"ત્રણ વાગી ગયા અને ચ્હા નથી થઈ. ? ત્યારની શું કરે છે તું !" થરથર કંપતી વેલની જેમ તૃષા રસોડામાં આવી. ચ્હા બનાવી, પીવડાવી. હવે સાંજનું કાર્ય. તે પણ પોતાની ઈચ્છા પ્રમાણે કયા કરવાનું હતું. ઘરમાં સાસુજી તો હતા. પણ ઓર્ડસતો નણંદો તરફથીજ આવતા હતા. "અમે પીકચરમાં જવાના છીએ, તેથી ભાભી વહેલી રસોઈ ન કરતાં, નહિ તો ઠરીને ઠીકરું થઈ જશે ! અને જમવાનો મૂડ નહિ રહે ! મોડેથી રસોઈ કરજો. અને પહેલાં મારી સાડીઓને ઈસ્ત્રી કરી નાંખજો સમજયાં ને ! " તૃષા ચુપચાપ સાંભળી રહી અને કાર્યમાં લાગી " કોની સાથે જાય છે અમિતા ? હું આવું ? " ચાલને તું પણ, સુગંધા પણ આવવાની છે તને સારી કંપની રહેશે. ભાઈ, બહેનનાં સંવાદ સાંભળતી તૃષાના મનમાં સુગંધાનું નામ સાંભળીતાં રીસ ઊઠી ..... ઓહ સુગંધા..... તું

પણ એક સ્ત્રી છે તો શાને ઉજાડે છે, મારા જીવન બાગને ! અગર તું મારા હૃદયને પીછાણે તો. ઓહ, શાલીન ! તેતો તમારી સામે નજર માંડતી નથી, તો ય તેના મોહમાં શાને તડપાવો છો મને! તૃષાના અંતરમાં જાગેલા દાવાનળને જોવા કોણ નવરું હતું. એ બધા પિકચરની માયામાં પરોવાયેલા હતા.પળેપળ જલીને તેના જીવનને અજવાળતી તૃષા આ અવહેલના કયાં સુધી રહેશે. કયાં સુધી મનની શાંતિ માટે નીતરતી આંખે પ્રાર્થના કરતી, તૃષા કયારેક સમય મળ્યે દેવળમાં જતી.

ખ્રિસ્તી કુટુંબમાં તે જન્મી હતી. અને પરણી હતી. પણ તેનું સાસારીયું શું ખરેખર ખ્રિસ્તી હતું? તહેવારના દીવસો વગરકયારેય કોઈ દેવળમાં જતું ન હતું. કૌટુંબિક પ્રાર્થનાને તો કોઈ સ્થાન જ ન હતું. હા, કોઈક વખત તેના સાસુ તેને કહેતાં પણ તેમનાં આધુનિક બાળકોને તેમાં રસ ન હતો, તેથી ભાગ્યે જ થતી. ઘરમાં ચોવીસ કલાક રેડીયા પરથી ફીલ્મી ગીતો જ સર્યે જતા. વળી વિધર્મી બહેનપણી સુગંધાનો સાથ પણ નણંદ, ઈલા અને પીનાને લાગ્યો હતો. ઘરથી બહાર નીકળતાં ભાલે ટીલડી કરવામાં તેઓ આધુનિકતા ગણતાં હતાં. આ ઘરમાં પ્રાર્થના જેનું જીવન હતું તે તૃષા તારી કેવી સ્થિતી !

જીવન ઘટમાળ પસાર થતી હતી. પ્રાર્થનાના સામર્થ્યથી જીવન જીવતી તૃષાના જીવનની અનેક ઊષા સંધ્યા બનીને ચાલી ગઈ. માસ વર્ષોમાં ફેરવાયા. તૃષા એની એજ છે. ગૃહમાં તલભાર પણ ફેર નથી. કંટાળી છે, ત્રાસી છે પણ શું કરે?

કદાચ ખોળો ખૂંદનાર હોત તો પણ જીવન સહ્ય બનત. ઘણી વખત જીવન ટૂકાવવાના વિચાર આવતા. પણ એક ખ્રિસ્તી યુવતી તે માર્ગ કદી જ ન લઈ શકે! એ વિચારથી સહન કરતી જ રહેતી.

મન અશાંત બનતા પવિત્રશાસ્ત્રનો સહારો લેતી. સારાહ, રાહેલ, હન્નાહ તથા એલીસાબેત વગેરેનાં જીવન વાંચતી, હૃદય રેડીને પ્રાર્થના કરતી. કયાંક વાંચેલા સુવાકયો **" God's clock is never slow, some time our clock is fast"** "ઈશ્વરની ઘડીયાળ કદીજ પાછળ હોતી નથી આપણી ઘડિયાળ આગળ હોવાથી આપણે ધીરજ ગુમાવી અશાંત બનીએ છીએ. યાદ કરી ધીરજ ધરતી."

**God's clock is never slow.** ખરે જ તૃષાની વિશ્વાસપૂર્વક કરેલી પ્રર્થનાનો ઉત્તર મળ્યો. કાળા અંધકાર ઘેર્યા આભમાંથી પ્રકાશનું કીરણ પ્રગટયું. તૃષા માતા બનવાની હતી. એના આનંદનો પાર ન રહ્યો. ભલે જગતે તેને તીરસ્કારી પ્રભુએ તેને સ્વીકારી છે જાણી તેના નિર્બળ તનમનમાં જીવન જીવવાનું નવું જોમ ઊભરાવવા લાગ્યું. શાલીને તો તેના આનંદમાં કંઈ ભાગ ન પડાવ્યો. પણ હવે તેને કંઈ અપેક્ષાય રહી નહતી. તે તો હવે નીજાનંદમાં રહી. ઈશ્વરભકિત તરફ વળી હા, સાસુમાને આનંદ થયો. મૂડીના વ્યાજને કારણે. પણ તેનાથી તેની સ્થિતીમાં કંઈ ફેર ન પડયો. એની એ જ ઘટમાળ. ગૃહનો ઢસરડો હજુ તેને માથે જ હતો.

પરંતુ હવે તૃષા આનંદી ચહેરે કામ કરતી. જોકે કાર્ય કરતાં થાકતી તો ખરી પણ શું થાય ! દિવસો પસાર થવા લાગ્યા. વાસંતી વાયરા ગ્રીષ્મના પ્રખર તાપમાં પલટાયો. સૂર્યના કિરણો દિવસે અને દિવસે ઉગ્ર બનતા ગયા. મધપાન અને સિગરેટના સતત સેવનથી શાલીનના શરીરની ગરમી વધી ગઈ. હોટલના ખાનપાન અને સ્વચ્છંદી જીવને વિષમજવરમાં પટકાયો. તાવ વધતો જ રહ્યો. રાતના ઉજાગરા કરી બહેનો અને માતા થાકયાં પણ તૃષા

ન થાકી. રાત્રે મટકું પણ માર્યા વગર તેણે શુશ્રૂષા જારી રાખી, તાવ પણ હઠે ચઢયો હતો. પૂરાં અઠ્ઠાવીસ દિવસ સતત ઉપચારથી જવર ગયો.

તૃષાએ નિરાંતનો દમ લીધો. પળેપળની પ્રાર્થનાનો ઉત્તર મળ્યો. પણ શાલીનની શિક્ષા અધૂરી હતી. રાતિદવસ સતત સૂઈ રહેવાથી શરીરે તેને ધારા પડયા હતા. આળી બની ગયેલી ચામડીમાંથી લોહી અને પરું વહેતાં હતાં. હવે કોણ તેની પાસે આવે ? જવર વખતે તો બહેનો પણ પાસે બેસતી પણ હવે દુર્ગંધ મારતા શાલીનની પાસે આવવાની હિંમત પણ તેઓ કરતાં નહિ. બહારથી ખબર પૂછી લેતાં. સુગંધા-શાલીનની સુખ સમયની સાથી એતો અદૃશ્ય બની ગઈ હતી. શાલીનની સાથી અને સંગિની હતી તૃષા જેણે ઈશ્વરની સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી. “માંદગીમાં કે તંદુરસ્તીમાં તમારા પર પ્રેમ રાખી સંભાળ રાખીશ” હા તેજ પ્રેમપૂર્વક સેવા કરી રહી હતી.

ધીરજપૂર્વક માંદગીથી ચીડાયેલા શાલીનની એક એક ગરજ પૂરી પાડતી. સમયસર ઔષધ આપતી, સ્વચ્છતા જાળવતી અને મધુર રાગ વડે ગીત ગુંજતી, વખત મળે અવનવા માસિકો પણ વાંચી સંભળાવતી. દરરોજ સવાર સાંજ શાલીનની પથારી પાસે બાયબલ વાચન પણ કરતી. પથારીમાં પડેલા શાલીને તૃષાને ઓળખી. તૃષાની સેવાએ શાલીનની મોહમયી આંખોને ઉઘાડી. શાલીને તૃષાના હૈયાને ઓળખ્યું.પીછાણ્યું. એનું હૈયું તૃષાની સેવાએ પવિત્ર બનતું ગયું. હવે એ તૃષાની સાથે પ્રાર્થનામાં જોડાતો પોતાની પાસે બેસીને બાયબલનાં વચનો વાંચી સંભળાવવા વીનંતી કરતો. બનાવ્યો. ખરેખર જ તૃષાના પ્રેમ અને સેવા આગળ શાલીનનું પશુત્વ ઓગળી ગયું. હવે એ તૃષાનો સાચો પતિ-સાથી બન્યો. ઘણી વખત એ તૃષા પાસે પોતાનું અંતર ઠાલવતો તૃષાની માફી

માગતો. તૃષા વહાલથી તેના શરીરે હાથ ફેરવી માફીનો સંદેશ આપતી. તૃષાના પ્રેમવિહિન સંસારમાં પ્રેમની સરાવણીઓ ફૂટવા લાગી. પતિ હવે તેનો બન્યો હતો. અને હવે સદા તેનો જ રહેવાનો હતો તે નવો જન્મ પામ્યો હતો. તેના આનંદનો પાર નહતો.

દુઃખના દિવસો હવે પસાર થઈ ગયા. સંપૂર્ણ સ્વસ્થ શાલીન અને તૃષા આજે પ્રભુમંદિરમાં પણ ગયા હતા. હવે તૃષા અને શાલીનના ગૃહમાં રોજ પ્રાર્થનાની વેદી સળગવા લાગી. ઉપલીમેડી અને બાયબલ વાંચન તેમા જીવનને પવિત્રતાથી સભર બનાવવા લાગ્યું.શાલીન હવે નોકરીના સમયને બાદ કરીને બધો સમય તૃષા પાસે ગાળવા લાગ્યો. સિનેમા,કલબ અને સુગંધા હવે હંમેશાને માટે દુર છે. નવરાશ સમયે તેઓ ભાવિ બાળકની ચર્ચામાં ગાળે છે.

હવે દિવસો પાસે આવ્યા છે. તૃષાનું સ્વપ્ન થોડા દિવસમાં સાકાર બનવાનું છે. પણ શાલીન અને ડોકટરની ચિંતા વધી ગઈ. છે. કારણ કે તૃષાના શરીરમાં જોઈએ તેટલી શકિત નથી. કદાચ આ પ્રસૂતી જીવન મરણનો ખેલ પણ બને.

વાદળઘેરું પ્રભાત ઉગ્યું. આજનો દિવસ જ ઉદાસીન લાગે છે. તૃષા જીવન મરણનો અંતિમ સંગ્રામ સામે ઝઝૂમી રહી છે. આધુનિક દવાખાનામાં સ્વજનો ટોળે વળ્યા છે. તૃષાની આહથી શાલીનનો જીવકળી એ કળીએ કપાય છે. પહેલા કદી પ્રાર્થના ન કરતો શાલીન આજે પળે પળે ઈશ્વરને તૃષાની જિંદગી માટે પ્રાર્થી રહ્યો છે. ઈના, પીના અને અમીતા પણ ગમગીન ચ્હેરે એકબીજા પાસેથી આશ્વાસન માગી રહ્યાં છે.

બાળકનું રુદન હાશ.....તૃષા છૂટી. ડોકટર થોડો સમય પછી બહાર આવ્યા. ઈશ્વર તરફથી પુત્રરત્ન મળ્યું છે તે સમાચાર આપ્યા. પણ તૃષા સીરીયસ છે, એને લોહીની જરૂર છે. એના

વર્ગનું લોહી તાત્કાલીક મળે તો જ આશા રહે. "મારુ લોહી લો પણ મારી તૃષાને પાછી આપો ડોકટર! " શાલીન આક્રેશ કરી ઊઠયો. "અધિર ન બનો શાલીન" જોઈએ બ્લડ બેંન્કમાં નહિ હોય તો વિચારીશું. પણ કમનસીબી શાલીનનું કે કોઈનું લોહી તૃષા સાથે મળતું નહતું. તૃષા પળે પળે મૃત્યુ તરફ ખેંચાતી રહી. કઠોર હૃદયી શાલીન ડુસકે ડુસકે રડી રહ્યો છે. નિમિલિત તૃષાએ આંખો ખોલી શાલીન તરફ જોયું ! ધીરે સ્વરે ઉચાર્યું, શાલીન અહીં મારી પાસે આવો, જુઓ તમારી આંખમાં અશ્રુ શોભતા નથી. હું તો જાઉં છું પણ મારી નિશાની આપતી જોઉં છું. અને હું તો સ્વર્ગીય પિતાની પાસે આનંદના દેશમાં જાઉં છું. આપણે તો સ્વર્ગમાં પુનરુત્થાનમાં મળવાનાં છીએ. શા માટે વ્યથિત બનો છો? ખ્રિસ્તના પ્રેમને પામ્યા પછી આ રોક્કળ શાને! આપણા પ્રેમપુષ્પને પ્રભુના માર્ગમાં ઉછેરજો અને યોગ્ય સહચરી પામીને તમે સુખી થજો. મને વચન આપો વ્હાલા  કે વ્યર્થ શોક નહિ કરું. જુઓ આકાશી દૂતગણ મને બોલાવી રહ્યું છે. કેવું મધુર ગાય છે ?" અને મધૂરાં સ્મિત સાથે તૃષાએ મસ્તક ઢાળી દીધું. તૃષા..... શાલીનનું રુદન વાતાવરણને ખળભળાવી રહ્યું.

શાલીનની હુંફાળી અને પ્રેમભરી ગોદમાં ઉછરી આનંદ પાંચ વર્ષનો થઈ ગયો છે. તૃષાનું પ્રથમ વચનનું ઈશ્વરની મદદથી પાલન કરી રહ્યો છે. તૃષાની સ્મૃતિ આનંદને પ્રભુના માર્ગમાં દોરી રહ્યો છે. પણ સહચરી મેળવી નથી. ફરીથી લગ્ન કર્યું નથી અને કરવાનો પણ નથી. કારણકે તૃષાને તેણે અતૃપ્ત રાખી હતી તેની પ્યાસ સંપૂર્ણ તે સુખી કરે તે પહેલાં જ તે સરી ગઈ હતી. તેથી અટૂલો રહીને પ્રાયશ્ચિત કરી રહ્યો છે. હા તે જ તો હવે આનંદની માતા છે.

# હીરો - ઝીરો - હીરો

મારા જન્મની સાથે જ હું હીરો બની ગયો. આપણા ભારતની વિચાર પ્રણાલીકા અને મારા જન્મ પહેલા અમારા કુટુંબમાં પધારેલા ત્રણ માંડવા. સમજણ પડી ચાલો સમજાવું. હું શમુએલ દીકરા તરીકે જનમ્યો. દીકરો એટલે જ હીરો અને તેય ત્રણ દીકરીઓ પછીનું મારુ આગમન. એટલે હું આનંદથી વધાવાયો. મારા બીરુદને, હીરાને, વધુ ઓપ મારા પછીથી આવેલી ચાર બહેનોએ આપ્યું. સાત બહેનોનો ભઈલો. બહેનોના વહાલ અને માતાપિતાના લાડકોડમાં ઊછર્યો. "ભાઈ"ના માનદ્ શબ્દથી મારો ઉલ્લેખ થતો. પાણી માગુ ત્યારે દૂધ મળે. બહેનોના, ખાસ બહેનો માટે વપરાતો પ્રચલિત શબ્દ, બ્હીતા બ્હીતા લખું, અરે બોલું છું કોઈ સાંભળી ન જાય માટે મારા પત્ની પણ મહિલા છે. સાંભળો ત્યારે દીકરીઓ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ પથરો. એ સાત પથરામાં હું એકલો જ કુળને ઉજાળનાર તેજસ્વી તારલો. મારા પપ્પા, અમારા જમાનામાં અમે બાપા કહેલા, તેઓ મને મારું નામ શમુએલ હોવા છતાં હીરો જ કહેતા.

ભણવામાં હું એક્કો. બાપા શિક્ષક અને ગણિતનાં ખાં એટલે નાનપણથી બધા ઘડીયા એવા ગોખાવેલા કે આજેય પણ જો કોઈ ઊંઘમાંથી ઉઠાડીને પૂછે ને તોય મારો જવાબ સાચો જ હોય. પ્રભુને અર્પિત માતા હતી. રવિદિને દેવળમાં અચૂક જવાનું અને કુટુંબમાં પ્રાર્થનાની વેદી, સાંજે સૂતા પહેલા આઠ વાગ્યે, નિયિમીત, કારણ કે તે સમયે ટી.વી.ની ભ્રમજાળ અને સીરીયલોની

માયાજાળ ન હતી. સાંજે ક્યાય જવાનું નહિ. કડક શિસ્ત. એકએક મિટિંગમાં ફરજીયાત હાજરી. આવા પવિત્ર વાતાવરણમાં હું ઊછર્યો હતો. અને તેથી જ અમારા ગામમાં આવેલા પ્રખ્યાત સુવાર્તિકની સભામાં મેં પ્રભુનો સ્વીકાર કર્યો. હતો. મારું જીવન પ્રભુને સોપ્યું હતું. હુંપણ રોજ અંગત બાઈબલ વાંચન અને પ્રાર્થના કરતો.

નિયમિત અભ્યાસ અને પ્રભુનાં વચનોની સંગતમાં રહેતો તેથી એસ.એસ.સી બોર્ડ પૂનામાં ૮૦%થી પાસ થયો. બધા વિષયમાં ડિસ્ટીંક્શન અને મેથ્સમાં તો ૨૦૦માંથ ૧૯૯ ગુણ. તે સમયમાં બીજગણિત અને જ્યોમેટ્રી અલગ વિષય હતા. ઘરમાં આનંદ ઉત્સવ ઊજવાયો. અડોશપડોશમાં મિઠાઈઓ વહેંચાઈ. બહેનો હરખ ઘેલી બની. આવા હીરાજેવા વીરલાને ડોકટર કે એન્જિનીયર બનાવવો. અહીં ગામમાં કોલેજ નથી તો બોમ્બે મોકલીએ.

બહેનો પણ એસ.એસ.સી પ્રથમ વર્ષે અને પ્રથમ વર્ગમાં જ પાસ થઈ હતી. પણ તેઓ તો પારકી થાપણ. અને પાછળ દીકરને આગળ ભણાવવાનો હતો. તેથી તેઓને ગોધરા પી.ટી.સી. કોલેજમાં મોકલી દીધી. આ બહેનોએ પોતાના વહાલા ભઈલા માટે સ્વેચ્છાએ પોતાની કમાણી આપી.

ગામડામાં ઉછરેલો હું ભચલો એટલે હીરો શમુએલ, બોમ્બેમાં "સેમ" બન્યો. ધીરીધીરે શહેરના રંગમાં રંગાતો ગયો. મિત્રોની સોબત અને શહેરની રોનકમાં ઝડપાઈ ગયો. પ્રભુને અર્પણ કરેલુ સ્વાર્પણ ભુલાઈ ગયું. સફળતાનો કેફ ચડયો.ચિત્રપટની મોજ, સિગારેટના કશ અને બોમ્બેની સાથે ભણતી રંગીલી સહધ્યાયીઓની સાથે બે વર્ષ પાણીની જેમ વહી ગયા. ઈન્ટર સાયન્સનું રીઝલ્ટ આવ્યું. હું સેમ, હીરોમાંથી ઝીરો બન્યો. હીરો

ઝંખવાયો, ચળકાટ ઓસરી ગયો. મનમાં દુખ અને નિરાશા લઈને હું પાછો મારા ગામમાં પાછો આવ્યો. હવે શું ? માતાપિતાનો લાડકવાયો હતો. તેથી તેઓ કશું જ ન બોલ્યા. પણ હું નિરાશાની ગર્તામાં ફસડાઈ ગયો. "મારે હવે તો ભણવું જ નથી બાપા, હવે હું નોકરી કરીશ."મેં મારા પિતાને જણાવ્યું. આ સમય હતો. ૧૯૬૦ની આસપાસનો. ભણતરનો વ્યાપ વધારે ન હતો. તેથી એક ઓળખીતાની મદદથી સરકારી ઓફિસમાં નોકરી મળી ગઈ. સવારે દશથી સાંજના છ. કામ વધારે હોય તો સાત પણ વાગે. સાહેબ બોલાવે તો રવિવાર, રજાના દિવસે પણ જવું પડે. એક વરસ પરાણે ખેંચ્યું. મનમાં અજંપો ચાલવા લાગ્યો. શું આજ મારું જીવન. મારા સેવેલા સ્વપ્નાનું શું ? આકાશમાં ઉડતો હતો. આજે જમીન પર ઢસળાતો થઈ ગયો. જીવન બોજ બની ગયું. આ જીવન ત્યાગી દેવાનો વિચાર આવ્યો, તેથી એક દિવસ પહોંચી ગયો ગામ બહારના ઊંડા તળાવ પાસે. બસ હવે એક કૂદકો અને સર્વ નિરાશામાંથી મુકિત. પણ ત્યાં કયાંકથી સૂરાવલી કાને પડી, " અનમોલ જીવન તુમ્હારા યુંહી ઈસેના ગવાના." ગીતના શબ્દો આગળ વધ્યા," યેશુ તુમ્શારે સંગ હે સંગ ઉસકે તુમ ચલના, મન શાંત થવા લાગ્યું. ગીતના શબ્દો આગળ વધ્યા,"અપની સમજ કા સહારા તુમ કભી ન લેના સંપૂર્ણ મન સે તું પ્રભુ પર ભરોસા કરના, આત્મા સે ભરપુર હોકર તુમ ઉસકા કામ કરના." ગીત પુરુ થયા પછી પણ શબ્દો કાનમાં ગુંજવા લાગ્યા. બધા નિરાશા જનક વમળો મનમાંથી દુર થયા, હું ધીરે ધીરે ઘેર આવ્યો. બાઈબલ ઉઘાડયું નીતિવચનનો ત્રીજો અધ્યાય નજરે પડયો. તેનું એક એક વચન મેં ફરી ફરીને વાંચ્યું. વચન છઠ્ઠું, " તારા સર્વ માર્ગોમાં તુંતેની આણ સ્વીકાર, તારી પોતાની અક્કલ પર આધાર ન રાખ." મારી આંખ ઉઘડી

ગઈ. નિરાશાના વમળમાંથી બહાર નીકળ્યો. ફરીથી બાઈબલ વાંચન અને પ્રભુની પ્રાર્થના ઉત્તર મળ્યો - ફરીથી અભ્યાસ શરૂ કર. ફરી પાછું કોલેજ જીવન. પણ હવે બધા ભોગવિલાસનો ત્યાગ હતો. શુદ્ધતાભર્યા જીવન સાથે. પ્રભુની સંગતમાં દિવસો પસાર થયા. બે વર્ષ પછી બી.એસ.સી. ફર્સ્ટ કલાસ ફર્સ્ટ. હવે શું કરવું? નોકરી ?પાછાં વિચાર વમળમાં ઘેરાયો. પંભુની દોરવણી માંગી અને પ્રભુએ તેને અગાઉ આપેલું તેડું યાદ અપાવ્યું. પણ જગીક ચિંતા સતાવતી હતી. બધી બહેનો પરણી ચૂકી હતી વૃદ્ધ માતાપિતાની જવાબદારી. શું કરવું ? માતાપિતાને પોતાની ઈચ્છા "બાઈબલ કોલેજમાં " જવાની જણાવી. પ્રભુને અર્પિત એવા વ્હાલસોયા માતાપિતા આમેય કયારેય મારી ઈચ્છાને આડે આવ્યા ન હતા. તેમણે સહર્ષ મારી વાતને વધાવી લીધી. અને કહ્યું "બેટા, અમારી ચિંતા કરીશ નહિ. પણ તું પ્રભુની ઈચ્છાને આધિન થા."

અને એક મેઘલી સવારે માતાપિતાના આશીર્વાદ અને બહેનોની વ્હાલભરી વિદાય લઈ બાઈબલ કોલેજમાં જવા પ્રયાણ કર્યું. ઈશ્વરપિતાની સહાય અને સંનિષ્ઠ મહેનતથી મનનાં મેલના થર ઓગળતા ગયા. હું ઝીરો શમૂએલ પ્રભુના પ્રકાશથી ઝળહળવા લાગ્યો. જગતની લાલસા ઓછી થઈ, પ્રભુના વચનની ભૂખ અને તરસે માનનીય પાળક બન્યો. હજુ પણ સેવા અર્થે અભ્યાસ, માસ્ટર ડીગ્રી અને ડોકટરેટ પદવી. મારાં પ્રભુએ આગળ વધવાના માર્ગ ખોલી નાખ્યા.

" જે પ્રભુના માર્ગમાં ચાલે છે તેને કશાની ખોટ પડતી નથી. કોઈપણ સારાં વાનાંની અછત પડશે નહિ."

# ઈસુ – સ્પર્શે

ઈસુનો સ્પર્શ પ્રેમમય, દયામય, શકિતમય ફકત સ્પર્શજ નહી. પણ વાણી અને નજર પણ તેટલી જ સામર્થ્ય ભરપૂર.

ઈસુના સાન્નિધ્યે પાણી ઉત્તમ દ્રાક્ષારસમાં ફેરવાયું. મરિયમ માગ્દાલેણનાં પાપ ધોવાયાં, લાજરસનાં મુત્યુબંધન તુટયાં. અનેક રોગીઓ અને દુઃખીઓના રોગ અને દુઃખ ટળ્યાં, અરે! જાખી દાણી જેવા માનવીનો પણ ઉદ્ધાર થયો.

ઈસુના પગલાં જયાં પડયા, ત્યાં નવજીવન પાંગર્યું. તે સ્થાનો અને જીવો ધન્ય બન્યાં. ગંદી ગમાણ અને નાનું બેથલેહેમ લોક હૃદયમાં આદર પામી, ઈતિહાસમાં ચિરસ્મરણીય બન્યા.ઉપરોકત બધી બાબતો નજીવી પણ તેમનુ સામાજીક સ્થાન તો હતું, અને તે સ્થાનમાંથી તેઓએ મહાનતા પ્રાપ્ત કરી.હા પારસમણિ રૂપ ઈસુસ્પર્શે કથીરમાંથી સોનું સર્જાયું.

પરંતુ એક શાપિત વસ્તુ પણ ઈસુસ્પર્શે મહાનતા અને ગૌરવ પામી, લોકહૃદયમાં આદર અને સ્થાન પામી. તે છે વધસ્તંભ.

આજથી ૨૦૦૦વર્ષ પહેલાં તેનું સ્થાન કેવું હશે? તે વિચારીએ.

વધસ્તંભ-શાપિત મૃત્યુની નિશાની! વિચાર કરતાં પણ કમકમાં આવે! તે વખતના લોકો સ્વપ્નમાં પણ તેને જોઈને છળી મરતા હશે. દૂઃખ ત્રાસનું પ્રતીક,ગુના, કલંક અને પાપનું પ્રતિક. ગામને છેવાડે તેનું સ્થાન તેને ઘડનારો પણ સમાજમાં તિરસ્કૃત હશે.

પરંતુ આપણા વ્હાલા પ્રભુ ઈસુ, દેવપુત્ર એ તેને સ્વીકાર્યો. ઈસુના પવિત્ર લોહીવડે વધસ્તંભનું સ્વરૂપ બદલાયું. વધસ્તંભ બન્યો બલિદાનનું પ્રતિક. ઈસુના માનવજાત તરફના અસીમ પ્રેમનું એ સંભારણું. જે પ્રેમ, દયા, અને ક્ષમા વધસ્તંભ પરથી વહ્યાં તે અમાપ હતાં. આ અવિરત વહેતા નિર્મળ ઝરણા દ્વારા સમસ્ત માનવજાતનાં પાપનાં ડાઘ ધોવાયા અને ખૂલ્યાં અનંત જીવનનાં દ્વાર. જે અમૃતવાણી ત્યાંથી ઉચ્ચારાઈ તેના દ્વારા વેરનાં વિષ ધોવાયા.

જે વધસ્તંભ અત્યાર સુધી ત્રાસ અને દુઃખનું પ્રતિક હતો. તે બન્યો પ્રેમ, દયા, ક્ષમા, ત્યાગ અને બલિદાનનું પ્રતિક જયાં, જયાં તેનું દર્શન, ત્યાં ઈસુના માનવ પ્રેમની સુવાર્તા ફેલાઈ.

ઈસુના સ્પર્શેશાપિત એવો સ્તંભ પણ ધન્ય બન્યો. ઈસુનો સ્પર્શ આજે સુવાર્તા સ્વરૂપે આપણ સર્વને સ્પર્શી ગૌરવાન્તિવત બનાવી તેના મહિમામાં પ્રવેશ મેળવવા આવકારે છે. શું આપણે ફકત નામધારી ખ્રિસ્તીઓ રહીશું ? કે તેને અંતરથી આવકારીને તેના મહિમાના વારસદારો બનીશું?

હજીયે મોડુ નથી થયું બારણું ઠોકાય છે. - આપણા અંતર દ્વારોનું ? ગૌરવી રાજાની સમીપ નમીને સમર્પીએ તન,મન,ધન.

# સરવૈયું

૧૯૭૦ના વર્ષની આજે અંતિમ સંધ્યા. ઓહ, એટલામાં વર્ષ પુરું પણ થયું? કેટલું જલ્દી ! પરોઢના સ્વપ્નસમુ !

આજની આ અંતિમ સંધ્યાના તેજ કિરણો ૧૯૭૦ની સાલના પ્રસંગો સ્મરું. કેટલું લાભદાયી વર્ષ! મનોરથોનું સાફલ્ય, નોકરીમાં બઢતી, પગારમાં વધારો, માનસીક અને શારીરિક તંદુરસ્તી. એક પણ મોટી માંદગી કે મને કે મારા કુટુંબી જનોને આવી નથી. ખરેખર ઈશ્વરપિતાનો મહિમા અપાર છે. તેની કૃપા અસીમ છે. પાપી અધમ જીવનને માટે તેમની કેટલી બધી કાળજી ! કેટલીય ભયાનક આફતોઅને હોનારતો સર્જાઈ વિશ્વમાં. હા મારા પણ દેશમાં અને પ્રદેશમાં. છતાંય સુરક્ષિત છું, હું મારા માળામાં. તેની દીવ્ય અને પ્રેમાળ પાખોની હુંફાળી છાયામાં.

ગત વર્ષ દરમિયાન દુઃખદ પ્રસંગો પણ અલ્પ જ. અને તેમાંય મિત્રો અને સ્નેહીજનો તરફથી મળેલ ભરપૂર દિલાસો. ઓહ, તારનારની કેટલી બધી કૃપા છે! મમ જેવા નાશવંત, કૃતઘ્ન કીડા માટે ! મેં શું આ કૃપાદાનો, આ અમારી બક્ષીસો માટે ઈશ્વરપિતાનો આભાર માન્યો છે?

સારુંય વર્ષ અમોઘ દાન મળ્યા છતાં કેટલાય રવિવારે પ્રભુમંદિરમાં જવાનું ટાળ્યું. છે. આળસને અંગે, આત્મિક કૃપાદાન દેનાર પિતાના પવિત્ર પત્રો વાંચવાનાં મુલત્વી રાખ્યા છે. સુમધુર

કંઠનું દાન મળ્યા છતાં ઈશ્વરસ્તુતિનાં ગીતો કરતાં ઈતર ગીતોને વધુ પ્રાધન્ય આપ્યું છે. સમય હોવા છતાં. માંદાં, દુ:ખીની મુલાકાત લીધી નથી. જીવનની અમૂલ્ય પળોનો સદુઉપયોગ કર્યા વિના શુલ્લક મનોરંજનમાં વેડકી નાખી છે. શકિત અને ધનનો વ્યય કર્યો છે. આવકમાં વધારો છતાંય દાનાર્પણનો આંકડો વધાર્યો નથી. આ શું મારું ગત વર્ષ છે ? પ્રભુ, તારી અનહદ કૃપાનો આ જવાબ છે ? ધિક્કાર છે મને. આજ મારા સરવૈયામાં સરભર ખાતુ નહિ.પણ પિતાજી, "તકેલ" "આપ ત્રાજવામાં તોલાયા છો અને કમી માલમ પડયા છો " તે દેખાય છે.

પિતાજી, સ્વાર્થન્ધ બનીને જગનાં વાનામાં રચીપચી રહી અને ભૂલી છું. આભારદર્શનને. ક્ષમા કરો. પિતાજી, અને આ નવિન વર્ષને તમારી પાંખોની છાયામાં રાખીને અમને "અમારા દિવસો એવી રીતે ગણવાને શીખવો કે અમને જ્ઞાનવાળુ હૃદય પ્રાપ્ત થાય." આવનાર વર્ષમાં તમારું વચન સારાય વર્ષ દરમિયાન "મારા માર્ગોને સારુ અજવાળારૂપ અને મારા પગોને સારુ દીવારૂપ" બનો.



# દીવાલ

વિશ્વના સમૃદ્ધ રાષ્ટના પ્રમુખ શ્રી જહોન કેનેડી જર્મનીની મુલાકાતે ગયા હતા. ત્યારે જર્મનીના બર્લીન શહેરને વિભાજીત કરતી દીવાલને જોઈને દ્રવિત બન્યા હતા.સામ્યવાદી શાસનના પરિણામે જર્મની વિભાજીત હતું શું આ દીવાલ દૂર થશે? બન્ને જર્મની એક થશે? માનવને, માનવીથી દૂર કરતી એ દિવાલ.

પ્રમુખ સ્વ. કેનેડીનું એ સ્વપ્ન હતું. તેમના હૃદયમાં સાચું દર્દ હતું. વિશ્વના અનેક માનવોની એ એક મૂક ચીસ હતી.

અને એક દિવસે ૧૯૮૯ના નવેમ્બરની એક સોનેરી પ્રભાતે તે દીવાલ દૂર થઈ. જર્મનીના લોકો એ દિવાલને ધરાશાયી બનાવી. બન્ને જર્મનીપ્રજા એક થઈ. માનવ પ્રેમનો વિજય થયો. જર્મની તેમજ આખુ વિશ્વ આનંદિત બન્યું.

રશિયાને, વિશ્વના મુકત સંબંધો અને સમાજથી અલગ પાડતી લોખંડી સામ્યવાદી દીવાલ ઈશ્વરમાં નમાનનારાઓ રશિયન પ્રજાજનોને લોખંડી દીવાલ પાછળ સંતાડી દીધા. તેમનો અવાજ મૂક બની ગયો. દેવળોના ઘંટનો રવ બંધ કરી દીધો. સામ્યવાદી નેતાઓ શું સુવાર્તાને - પ્રભુના વચનાને બહાર રાખી શક્યા ? પ્રભુના પરાક્રમે રશીયામાંથી સામ્યવાદ દૂર થયો અને સુવાર્તા પર પ્રતિબંધ મૂકતી દીવાલ દૂર થઈ. પ્રભુ ઈસુના પ્રેમની સુવાર્તા આજે જોરશોરથી રશિયાના વિવિધ રાજ્યોમાં ગુંજી રહી છે.

કોરિયા વર્ષો સુધી બે ભાગમાં વહેંચાયું. ત્યાંય સામ્યવાદના આકરા પ્રહારથી કોરિયનો વિભાજિત રહ્યા. વર્ષો સુધી આકરા પ્રહારથી કોરિયનો વિભાજિત રહ્યા. વર્ષો સુધી વેરઝેર અને અશાંતિ. પણ પ્રભુ પ્રેમી દક્ષિણ કોરિયનોની આંસુભરી પ્રર્થનાઓથી કોરીયાની દિવાલ દૂર થઈ. આજે બન્ને કોરીયા એક થયા છે. શું ઈશ્વર પિતાને કશું અશક્ય છે? ના, ના, ના.

એદનવાડી માનવ અને ઈશ્વર પિતા વચ્ચે રચાયેલી પાપની દિવાલને પોતાના એકાકી જનિત પુત્રના મૂલ્યવાન રક્તથી દૂર કરી છે, અને બાપની સાથે સંગત કરાવી આપી છે. બેથલેહેમની

ગભાણથી, કાલવરીની ટેકરી, નાતાલથી ગૃડફ્રાઈડે અને પછી પુનરુત્થાન. ઈશ્વરપુત્ર ઈસુએ વધસ્તંભ પર કારમું દુઃખ અને મરણ વેઠી જીવનનો માર્ગ તૈયાર કર્યો છે. આજથી બે હજાર વર્ષથી એ ગભાણ અને કાલવરીનો પોકાર શું હજી માનવી સુધી પહોચ્યો છે?

જો હા, તો ખ્રિસ્તી તરીકે ઓળખાતા કુંટુંબોમાં, જીવનોમાં, અને સમાજમાં આટલી બધી દીવાલો કેમ છે? પવિત્ર બાઈબલ કહે છે દ્રવ્યલોભ મુર્તિ પૂજા છે. કલોસ્સીઓને પત્ર ત્રીજો અધ્યાય અને પાંચમી કલમ. સુવાર્તા પ્રમાણે માણસ બે ધણીની ચાકરી કરી શકે નહિ, દેવ તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ.સ્પષ્ટ વચનો. અને છતાં આજે શું જોવા મળે છે ? આ દ્રવ્યલોભ અને અતિવૈભવશાળી જીવન ઈશ્વર પિતા અને માનવ વચ્ચે દીવાલરૂપ છે.શું એ દૂર નહિ થાય? થશે જ. પ્રભુની સોટી વાગે તે પહેલા માનવ ચેતે તો.

પતિ અને પત્ની વચ્ચે શંકા, અવિશ્વાસ અને અહમની દીવાલ. નિર્દોષ બાળકો તેના મૂક સાક્ષી છે. પવિત્રમંદિરોમાં ઈશ્વરપિતાની સાક્ષીએ એક થયેલા શું નહિ સમજે?

એક જ ઘરમાં વસવાટ છતાંય, બાળકોનાં ઉછેરમાં તેમજ તેમના વિકાસમાં ખર્ચાઈ ગયેલા વૃદ્ધ, નિરાધાર માતાપિતા અને યુવાન દીકરા-પુત્રવધુઓના વર્તનથી સર્જાતી કડવાશની દીવાલ વૃદ્ધજનોની લાચારી અને ઊના,ઊના આસુંક્યારે અટકશે?

સગાંસ્નેહીઓ અને ભાઈ બહેનો વચ્ચેની ઈર્ષા અને અહંકારની દીવાલ ભૌતિક વાનાનાં અતિરેક અને વ્યસનોનાં કારણે પ્રભુ પ્રેમ અને મંડળીની સંગતમાં અંતરાયરૂપ દીવાલ. માનવનું આ ટચુકડું આયુષ્ય સીત્તેર અને બળના કારણે એંસી વર્ષ સુધીના જીવનમાં કેટલી દીવાલો?

અંતર-ખોજ? શું આવી દીવાલો છે મુજમાં - તુજમાં? વધસ્તંભ પરથી પોકારી રહેલો પ્રેમ અને માફીનો સંદેશ. માનવ મનને શુદધ અને પવિત્ર બનાવતો પ્રાર્થનાને સાદ. હા આજ બનશે અમારી દીવાલોને દૂર કરનાર સાધનો. ચાલો પ્રેમ ભાવના માફી, સહનશીલતા પહેરીને અને પવિત્ર શાસ્ત્રના વચનોના અજવાળામાં ચાલીએ અને ઈશ્વરપિતાના આશીર્વાદોના ભાગીદાર બનીએ.

# પાછા ફરો

આજે દુનિયા દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. સર્વત્ર પ્રગતિ જ પ્રગતિ. પગે ચાલતો માનવી હવામાં ઊડે છે. થોડા સમયમાં, અરે ગણતરીના કલાકોમાં ભારતથી અમેરીકા, જાપાન વગેરે જગ્યાએ અંતર ટૂંકા થઈ ગયા છે. અરે માનવ તો છેક ચંદ્ર સુધી પહોચ્યો, ત્યારે આ કેવા પ્રકારની સલામ ! આગળ વધો, વૃદ્ધિ પામો. જ્ઞાન, વિજ્ઞાન તથા દરેક ક્ષેત્રમાં. શુભેચ્છા તો આવી હોવી જોઈએને?

પણ આ મારી નહિ પણ ઈશ્વરપિતાની વાણી શુભેચ્છા છે.આ નવીન વર્ષમાં દરેક માનવને માટે અનેક પ્રબોધકો દ્વારા પવિત્રશાસ્ત્રમાં જગતની તમામ પ્રજાને, જે અંધકારમાં અટવાય છે તેમને કરાયેલી વિનંતી છે.

યર્મિયા પ્રબોધક દ્વારા પ્રભુનો અવાજ, "ઓ મારા બંડખોર બાળકો મારી પાસે પાછા આવો અને હું તમને તમારા પાપોથી સાજાપણું આપીશ ! (યર્મિયા ૩:૨૨) મારા પાપી લોક મારી પાસે ઘરે પાછા આવો કેમકે હું દયાળુ છું." હોશિયા પ્રબોધક મારફતે પ્રભુની વાણી. "ઈશ્વર પાસે પાછા આવો, પ્રેમ અને ન્યાયના સિધ્ધાંતોને આધારે જીવન જીવો."

યોએલ પ્રબોધક દ્વારા પણ એવા જ વચનો, "સમય છે ત્યાં સુધી મારી પાસે પાછા ફરો, તમારાં અંતઃકરણો મને સોંપો. જેઓને મેં પસંદ કર્યા છે તેઓ બચી જશે." જીવતા જાગતા દેવનું કેટલુ બધું સત્ય વચન. ઈશ્વર પિતા નવું હૃદય અને નવો આત્મા આપવા ઈચ્છે છે અને નવા કરારમાં પણ આવાં જ વચનો છે. જેના

હાથમાં અને પગમાં ઘાની નિશાની છે તે આપણા તારનાર પણ જગતના લોકોને આજ આમંત્રણ આપે છે. ઓ વૈતરું કરનારા તથા ભારથી લદાયેલા તમે સઘળા મારી પાસે આવો.

આ ઈશ્વરપિતાનું વચન છે, શુભેચ્છા છે. આજના જગતને અને ખ્રિસ્તી તરીકે ઓળખતા તેમનાં બાળકોને કરેલી આજીજી છે. આમંત્રણ છે.

ઈશ્વરપિતા વિરુદ્ધ થઈ રહેલું આજનું માનવ બંડ, પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં વચનોનું વારંવાર રટણ, અનેક ઉપદેશકો દ્વારા અપાતા સેંકડો સંદેશા. છતાં આજે ખ્રિસ્તી પ્રજા ક્યાં છે ?પ્રથમ માસમાં ગુજરાતને હચમચાવી નાખનાર ધરતીકંપ અને પછી ધરતીકંપના આંચકા ચાલુ છે.ત્યારબાદ યુદ્ધ અને તેના ભણકારો. ડબલ્યુ.ટી.સીનો ધ્વંસ. તોય શું હજુય ઘોર ઉપેક્ષા અને જગતના ધોરણ પ્રમાણે જીવન. દેવ કરતાં દ્રવ્યની ઉપાસના અને તેને માટે અયોગ્ય સાધનોનો ઉપયોગ. એ જ સત્તાની સાઠમારી, અભિમાન, આળસ. શું આવા જ પાપ સદોમના નહતાં? ગરીબો અને દુ:ખીઓ ભુલાઈ ગયા હતા. હજુપણ કૌટુંબીક વિખવાદો, શું પ્રેમ અદ્દશ્ય થઈ ગયો છે ? શું હજુય અનાથ અને વિધવાઓ વિલાપ કરે છે? વ્યસન, સંઘર્ષ, આજે પણ ખ્રિસ્તી કુટુંબોનો નાશ કરી રહ્યા છે. તેમને સંગતમાં લાવવા અને આત્મિક કાળજી રાખવા શું જાગૃત્તિ છે?

ઈ.સ. ૨૦૦૨ના વર્ષમાં ઈશ્વર પિતા સહુને પોકારે છે, પાછા ફરો.

# ઈસુની શોધ

તારાની નિશાનીએ માગીઓએ – પૂર્વના ત્રણ રાજવીઓએ ઈસુની શોધ કરી. નદી, નાળા , પહાડો અને અરણ્ય વટાવી ઈસુને શોધી કાઢયા. તેમનું જીવન ધન્ય બની ગયું.

ભોળા ભરવાડોને દૂતોએ ઈસુજન્મની વધામણી આપી. ત્વરીત ગતિએ તેઓ ઉઠાયા. પોતાના ઘેટાંઓની તેમજ ઠંડી અને અંધારાની પરવા કર્યા વગર ઈસુદર્શને દોડયા, અને ભાવવિભોર બન્યા, બાળઈસુને ગભાણમાં સુતેલા જોઈને. અને પેલા વૃદ્ધ શિમઓન, જે પવિત્ર આત્માથી ભરપુર હતા અને મસીહના ઈસ્રાએલની વાટ જોતા હતા. તેમ જ હાન્ના જે ચોર્યાસી વર્ષથી વિધવા જીવન પસાર કરતી હતી. કઈ શ્રદ્ધા પર જીવતી હતી ? તે તારણહારની વાટ જોતી હતી, તેઓ બંને પણ યરૂશાલેમના મંદિરમાં બાળઈસુના અર્પણ વિધિ વખતે તેમને નજરે નિહાળીને કૃતાર્થ બન્યા.તે બંનેના જીવનકાળ દરમીયાન જ આવનાર મસીહ ઈસુઅંગેની તેમની પ્રાર્થના ફળીભૂત થઈ.

ત્યારબાદ ઈસુના જીવનકાળ દરમિયાન અનેક લોકો ઈસુના સંસર્ગમાં આવ્યા. શારીરિક અને આત્મિક સાજાપણું પામ્યા. પાપબંધનમાંથી છુટ્યા. નિકોદિમસ યહૂદીઓનો આગેવાન, ફરોશી સંપ્રદાયની માનવંત વ્યક્તિ તેણે ઈસુની શોધ કરી, અનંતજીવન મેળવ્યું.

ઘણાએ ઈસુને શોધ્યા. ઘણાને ઈસુએ શોધ્યા. અને તારણ પમાડયું. પાપના બંધનમાંથી છોડાવ્યા.

પેલો મરતો ચોર. જીવનની અંતીમ ઘડીએ ઈસુને ઓળખીને સમર્પિત થયો., પારાદૈશનો ભાગીદાર બન્યો. અને રોમન સુબેદાર ઈસુની અંતિમ ઘડીની પ્રાર્થના સાંભળીને ઈસુનો દેવના દીકરા તરીકે સ્વીકાર કર્યો.


પુનરુત્થાન બાદ પણ ઈસુએ ઘણાને પોતાની તરફ ખેંચ્યા.આબધું જાણ્યા છતાં હું ઈસુની શોધ ખ્રિસ્તજયંતીએ ગભાણમાં કરી રહી છું ? શું હું હજુ પણ દુન્વયી વાનાંમાં રચ્યાંપચ્યાં રહી ભૌતિકતાની ઝાકમઝોળમાં, રોશનીના ઝળહળાટમાં અને ફટાકડાના ઘોંઘાટમાં ઈસુને શોધી રહી છું ?

ઈસુ ત્યાં નથી. મને તથા જગતને ત્યાંથી ઈસુ નહિ જ મળે.તેમણે – ઈસુએ કહ્યું છે, મને શોધો છો ? તો આ સમાજથી તરછોડાયેલાં, શોષાયેલાં અને પીડીતોમાં મને નિહાળો. નિઃસહાય વિધવાઓનાં આંસુઓમાં તેમજ ત્યજાયેલાં બાળકોના આંક્રદમાં. તેમના જ શબ્દોમાં “આ નાનંઓમાંથી એકને કર્યું. છે તે મને ક્રર્યું છે.” ક્ષુધિતો, દુઃખીતો, એકલવાયાની સેવા તે મારી સેવા છે. ખ્રિસ્તજયંતિના દિનોમાં મારી અગ્રીમતા આ જ હોવી જોઈએ. પણત્યાં મારી પહેલાં “હેલ્પીંગ હેન્ડઝ અને સેન્ડ ધ લાઈટ” સંસ્થા પહોંચી ગઈછે.તો મારે કયાં જવું તે શોધવા ? શું કોઈ ક્ષેત્ર બાકી રહ્યું છે?

હા, છે. કેમકે મેં એ તરફ આંખ આડા કાન કર્યા ? એ ક્ષેત્ર છે, મારું ઘર, મારાં સ્વજનો, મારા પડોશીઓ અને મારા જ નજીકના સંબંધીઓ અને મિત્રો. જેમને મેં મારા અહંકારથી દૂર કર્યાં. ઘણી વખત વાણીના કઠોર ઘાથી તેમના હૃદયને તોડી નાખ્યું. તેમના પ્રત્યે બેપરવા બની નાની અમથી વાતને મહત્વ આપીને લાગણીના સંબંધો તોડી નાખ્યા. પવિત્રશાસ્ત્ર અનેક વખત

વાંચ્યા છતાં તે વચનોનું પાલન ન કર્યું. પણ હવે દેવના ઉત્તમ વચનોએ મારા પાપનું ભાન કરાવ્યું છે. પહેલો પિત્તર ૪:૭ પ્રમાણે, હેકબીજા પર પ્રેમ રાખો. અને આગળ તેમાં કહેલુ છે, ઈશ્વરે તમને આપેલી વિશીષ્ટ શકિતઓનો ઉપયોગ કરીને બીજાઓને માટે આશિષરૂપ બનો. શું બીજાઓની સેવા માટે તમને તેડવામાં આવ્યા છે ? તો ઈશ્વરે આપેલી તમામ શકિત વાપરીને તેમની સેવા કરો. ૧પીતર ૩:૧૧. પરસ્પર સહાનુભૂતી, હૃદયમાં કરુણા અને મનમાં નમ્રતા રાખીને એકબીજા પર પ્રેમ રાખો. અને એક કુટુંબના સભ્ય તરીકે રહો. હા, હવે મારે પ્રેમના બીજ વાવવાના છે. વેરના વાવેતરમાં ઊગી નીકળેલા નકામા છોડને ખેંચી કાઢવાના છે. પ્રેમનું વારિ સીંચીને સંગતની મીઠાશ લણવાની છે. હું જઈને મારા લોકની પાસે અને તેમનામાં હું ઈસુને નિહાળીશ.

પંભુ આભાર તમે મારી આત્મિક આંખો ખોલી. પ્રેમના ઉજાશમાં પાપના ઘેરાયેલાં વાદળ હટી જશે અને સર્વત્ર વહેશે પ્રેમના ઝરણા અને ત્યાં જ મારી આંખો પામશે મારા તારનાર ઈસુને.



# લોલીટા



આજે શનિ-રવિની રજા હતી. અમેરીકામાંના કેલીફોર્નિયાનાં સમુદ્રકિનારા ઉપર પુષ્કળ માનવમેદની આજે જોવા મળતી હતી. લોકો હરવા-ફરવા, ખાવા-પિવા અને દરિયાની મોજ માંણવા ભેગા થયા હતા. લોલીટા પણ પોતાની સખીઓ સાથે સંધ્યાકાળે સમુદ્રમાં તરવાની મઝા માણવા આવી હતી. તેને તરવાનો ખૂબ શોખ હતો.

લોલિટા પોતાની મમ્મી સાથે કેલીફોર્નિયામાં વર્ષોથી રહેતી હતી. તેનાં પિતાનું અવસાન થયું તે પહેલાં તે સમુદ્રનાકિનારા ઉપર લાઈફબોટ ખાતામાં નોકરી કરતા હાતા. આ ખાતામાં કામ કરનાર અચ્છા તરવૈયા હતા.સમુદ્રની મોજ માણતા લોકોને અકસ્માત નડે ત્યારે તેમને બચાવતા અને તેમની સેવા કરતાં. લોલીટાનાં પિતા પણ એક અચ્છા તરવૈયા હતા તેથી દીકરી લોલીટાને તરવાની સારી તાલીમ આપી હતી.

પિતાના અવસાન બાદ લોલીટાની સઘળી જવાબદારી તેની માતા ગ્રેસ પર આવી પડી. લોલીટાની મમ્મી પ્રભુમાં ખૂબજ વિશ્વાસ ધરાવતી હતી. દર રવીવારે પોતાની દીકરી લોલીટાને પ્રભુમંદિરમાં લઈ જતી અને આખો દિવસ બે-ત્રણ મિટિંગોમાં હાજર રહી સાંજે પાછા ફરતા. લોલીટાની મમ્મી પ્રાર્થનાવાદી હતી તેથી તેઓ માંદા તેમજ વૃધ્ધોની મુલાકાત લેતા અને તેમને માટે પ્રાર્થના કરાવતી. ગરીબોને તે મદદરૂપ બનતી તેથી સમાજના લોકો તેને ભલી ગ્રેસ કહેતા. લોલીટા પણ ધાર્મિક અને વિશ્વાસુ હતી. તેનું ચારિત્ર શુધ્ધ અને નિખાલસ હતું. તેની માતા તેની ખૂબ કાળજી

રાખતી હતી.

આજે લોલીટાની વર્ષગાંઠ હતી. ડિસેમ્બર મહિનામાં વર્ષગાંઠ આવતી હોવાથી તેને નાતાલ અને વર્ષગાંઠનો બેવડો આનંદ હતો. કુટુંબીજનો તેમજ બહેનપણીઓ તેને શુભેચ્છા પાઠવવા એકત્ર થયા હતા. દિવસ દરમ્યાન પ્રભુની આરાધના, સ્તુતિ અને આભાર માનીને આનંદથી સૌ છૂટા પડયા. સંધ્યાકાળે તેનાં દૈનિક કાર્યક્રમ મુજબ તે પોતાની બહેનપણીઓ સાથે સમુદ્રની મોઝ માણવા ચાલી નીકળી. કિનારા પર થોડો નાસ્તો કર્યા પછી બધા જ દરીયામાં ન્હાવા પડયા. લોલીટા કુદકો મારવા પાસે આવેલા એક ખડક પર ચઢીને કૂદકો (ડાઈવ) મારવા તૈયાર થઈ તે હંમેશા સમુદ્રમાં આવેલા ખડક ઉપરથી કૂદકો મારતી અને પછી તરતા તરતા દૂર સુધી જઈને કિનારે પાછી ફરતી. પણ કોણ જાણે અજે તેનાં જીવનમાં ગોઝારો અકસ્માત સર્જાયો. જયારે તેણે ઊંચા ખડક પરથી કૂદકો લગાવ્યો તે સાચે ઊંડા પાણીમાં એક મહાકાય માછલી પસાર થઈ રહી હતી. લોલીટા તેની ઉપર પડતા તે અથડાઈ અને તેનુંઆખું શરીર અપંગ બની ગયું. (હાથ-પગ સજ્જડ થઈ ગયા.) ફકત મોંથી વાત કરી શકતી હતી. લાઈફબોટ ખાતાનાં સભ્યો દ્વારા તેને બચાવવામાં આવી. અને તેને સારવાર સારુ દવાખાનામાં લઈ જવામાં આવી. લગભગ બે મહિના સુધી તેને સારવાર આપવામાં આવી.સારવાર દરમ્યાન તેની માતા હંમેશા પ્રાર્થનામાં લાગુ રહેતી અને તેની સેવા કરતી. દવાખાનામાં તેની સારવાર પુરી થયા બાદ તેને ઘેર લાવવામાં આવી અને વ્હીલચેરમાં બેસીને પોતાનું જીવન વિતાવવાનો નિર્ધાર કર્યો. તેની માતા પ્રભુપ્રેમી હતી તેથી તેને દૃઢ વિશ્વાસ હતો કે પ્રભુ જરૂરથી લોલીટાને સાજાપણું આપશે. લોલીટા હવે દાંત દ્વારા પીંછી પકડીને સુંદર ચિત્રો બનાવવા લાગી. તેનાં ચિત્રો આકર્ષક અને અદ્‌ભૂત હતાં તેથી તેના ચિત્રોની માંગ વધવા લાગી. હવે ઘણાં બધા પ્રભુમંદિરમાં અને ઘરોમાં તેનાં ચિત્રો જોવા મળતા. સમાજનાં લોકો એ રીતે તેના ચિત્રો ખરીદીને તેને મદદરૂપ

બનતા.

તેની માંદગી દરમ્યાન ઘણાં બધા લોકો તેની મુલાકાત લેતા અને તેને માટે પ્રાર્થના કરતા. તેની માંદગી દરમ્યાન એક અપરિચિત વૃદ્ધ સાધુ પુરુષ તેને મળવા આવ્યો હતો. લોકોએ તેને કદી પણ જોયો નહોતો. તેણે લોલીટા સાથે ઘણી વાતચીત કરી અને જતી વખતે તેનાં માંથા પર હાથ મૂકીને બોલ્યા કે તું જલ્દી સાજાપણું પામીશ. અને તારી સાક્ષી સાંભળવા હજારો લોકો તારી પાસે આવશે. લોલીટાને તેણે ગુડબાય કહીને ચાલતી પકડી અને બહાર નીકળતા જ તે અદૃશ્ય થઈ ગયો હોય તેવું લાગ્યું. તેની મમ્મીએ કહ્યું કે કદાચ તે દેવદૂત હોય. કારણકે તેની મમ્મી તેને ઝડપથી મળવા સારુ બહાર આવ્યા પણ તે દેખાયો નહિ.

નાતાલનુંપર્વ નજીક આવી રહ્યું હતું. ડિસેમ્બર મહિનો શરૂ થયો. હતો. ઠંડી શીત લહેર શરૂ થઈ હતી. રાત્રીના સમયે બરફ પડતો હતો. દુકાનો શણગારેલી હતી. ઠેરઠેર ક્રિસમસ ફાધરો દુકાનોમાં ખરીદી કરવા આમંત્રણ આપતા હતા. ઠેરઠેર નાતાલનો આનંદ જોવા મળતો હતો.

લોલીટાએ વીસ વર્ષ વ્હીલચેરમાં પસાર કર્યા. તેની માંદગી દરમ્યાન તેણે ક્યારેય પ્રભુને ફરીયાદ કરી નથી કે "તમે શા માટે મને આવી માંદગી આપી છે" તેણે તેની માંદગી દરમ્યાન પ્રભુને જ મહિમા આપી સ્તુતિ કરી છે. જોકે નાતાલ કે વર્ષગાંઠના પ્રસંગે સગાં-સંબંધીઓ કે મિત્રો આવીને શુભેચ્છા પાઠવતા અને પ્રાર્થના કરીને આંસુ સારીને વિદાય થતા. રાત્રીના સમયે જુદીજુદી મંડળીઓના ક્વાયરો કેરલ્સ (નાતાલનાં ગીત) ગાવા ફરતા. લોલીટાને ઘેર પણ તેઓ આવતા અને તેની વ્હીલચેર આગળ ઊભા રહી તે જે ગીત કહેતી તે આ ક્વાયર સભ્યો ગાતા અને તેને આનંદ પમાડતા.

નાતાલની આગલી રાત્રે. એક બહુ મોટો તારો લોકોએ આકાશમાં પ્રકાશતો જોયો. મધરાત્રી પછી તે પૃથ્વી તરફ ધસતો હોય તેવું લાગ્યું. અને પછી તે લીસોટો બની જમીનમાં પેઠો હોય

તેવું લાગ્યું. પણ એવું નહોતું તે લોલીટાનાં રૂમમાં એક પ્રકાશીત ગોળાનાં રૂપમાં આવી થંભ્યો. તે લંબગોળ આકારનો પ્રકાશીત ગોળો હતો. તેનો પ્રકાશ એટલો બધો તીવ્ર હતો. કે તેની સામે કોઈપણ જોઈ શકે નહિ. લોલીટાને કંઈક સ્પર્શ થયો હોય તેમ લાગ્યું અને તે ઊંઘમાંથી જાગી ગઈ પ્રકાશ સામે તે જોઈ શકે તેમ નહોતી. પણ તેમાં કંઈ હલનચલન થતું હોય એમ તેને લાગ્યું. એટલામાં જ તેને એક ભારે અવાજ સંભળાયો કે લોલીટા ઊઠ, "બળવાન થા અને મારે સારૂ પ્રકાશીત થા." તેનાં અપંગ હાથ પગ અને શરીરમાં વીજળીનો કરંટલાગ્યો હોય તેમ તે તરત ઊભી થઈ. અને તેને કોઈ દોરે છે તેમ તે પેલા પ્રકાશીત ગોળા પાછળ ચાલવા લાગી. તેનાં બેડરૂમનાં બારણા આપોઆપ ખુલી ગયા અને ત્યાંથી તેઓ ડ્રોઈંગરૂમમાં આવ્યા તેનાં બારણા પણ આપો આપ ખુલી ગયાં પછી તેઓ વરંડામાં આવ્યા, અને ત્યાંથી ચેઓ પગથિયાં ઉતરીને બગીચાંના મુખ્ય દરવાજે આવ્યા. દરવાજો ખુલી ગયો અને તે પ્રકાશીત ગોળો લીસોટો બનીને આકાશમાં અદ્દશ્ય બની ગયો.

લોલીટાએ દરવાજામાં ઊભી ઊભી કયાંય સુધી ઊંચે આકાશમાં જોયા કર્યું.તે વેળાએ સવારનાં ચાર વાગ્યા હતા. નાતાલની સવાર હતી. કોઈક જગ્યાએથી **"silent Night, Holy Night, All is Calm, all is Bright"** નું મધુર ગીત સંભળાતું હતું. લોલીટા પણ તે ગીત ગણગણવા લાગી. તે સાજી થઈને બહાર ઊભી છે તે વાત તો તે સાવ ભૂલી ગઈ હતી. પણ ઘરમાં ઠંડી હવા આવવાને લીધે તેની મમ્મી જાગી ગયાં અને ઘરનાં બારણાં ખુલ્લાં હોવાનું જાણી તે બેબાકળા બનીને લોલીટાના રૂમમાં ગયાં અને ત્યાં લોલીટાને વ્હીલચેરમાં નહિ જોયાથી તે હાંફળા ફાંફળા બની બહાર આવ્યાં. તેમણે જોયું તો લોલીટા પોતાનાં પગ ઉપર ઉભા રહીને આકાશ તરફ જોયા કરતી હતી. લોલીટાને સાજી જોઈને તે ક્યાંય સુધી સતબ્ધ બનીને જોઈ રહ્યાં. તેમણે વિશ્વાસથી માની

લીધું કે નક્કી પ્રભુએ આજે તેને સાજાપણું આપ્યું છે. તેનાં કપડાં ચળકતાં હતાં. તેની મમ્મીએ પગથિયાં ઉતરીને પુષ્કળ ઉત્સાહ સાથે લોલીટાને કહ્યું લોલીટા " મેરી ક્રીસમસ" તે પાછળ ફરીને પોતાની મમ્મીને આવતા જોઈને તે ભેટવા દોડી અને તેણે કહ્યું કે મમ્મી " મેરી ક્રિસમસ" તેણે હર્ષના આંસુ સાથે સમગ્ર બનાવ તેની મમ્મીને કહી સંભળાવ્યો.તેઓ બંને લોલીટાના રૂમમાં ગયા અને ત્યાં વ્હીલચેરને અડીને તેંઓએ પ્રાર્થના કરી.

ડો. જડસને સાચે જ કહ્યું છે કે "સંકટો અને સફળતા એકબીજાનો હાથ પકડીને ચાલે છે." રૂમીઓને પત્રમાં પણ લખવામાં આવ્યું છે કે "જેઓ દેવ પર પ્રેમ રાખે છે, જેઓતેનાં સંકલ્પો પ્રમાણે તેડાયેલા છે. તેઓને એકંદરે સઘળું હીતકારક નીવડે છે."

પોતાની અપંગ અવસ્થાને લીધે લોલીટાને વીસ વર્ષ સુધી જે સહન કરવું પડયું તેની કલ્પના પણ આપણે કરી શકીએ તેમ નથી. લોલીટા અને તેની મમ્મીએ વીસ વીસ વરસ સુધી આંસુઓ પાડીને પ્રાર્થના કરી છે. પ્રભુમાં વિશ્વાસુ રહ્યાં તેથી તેને પ્રાર્થનાનો જવાબ મળ્યો. પ્રભુ ખુદ પ્રકાશીત તારો છે અને તે જીવનનું અજવાળુ છે. આજે તેણે અજવાળારૂપે આવીને લોલીટાને પ્રકાશીત કરી.

આજે નાતાલ હતી. હજારો લોકો પ્રભુમંદિરમાં લોલીટાને જોવા અને તેની સાક્ષી સાંભળવા ઊમટી પડયા હતા. તેને મળેલું સાજાપણું જોઈને ઘણા લોકો પ્રભુ પર વિશ્વાસ કરવા લાગ્યા. કેટલાક ડાન્સ અને શરાબ છોડીને પ્રભુને આધિન થયા. આજે પણ તે દરરોજ ટી.વી. પર સવારે પોતાની સાક્ષી આપે છે. અને ઘણાં લોકો વચનો સાંભળીને તારણ પામે છે.

શું તમે તંદુરસ્તછો ? તો તમે પરમેશ્વરનો આભાર માનો. જો તમારા ઘરમાં કોઈ લાંબા સમયથી પથારીવશ છે. યા શારીરિક લાચારી ભોગવી રહ્યા છે તો ખંતથી સેવા કરો. વિશ્વાસ સાથે પ્રાર્થનામાં લાગુ રહો. ઇશ્વરપિતા જરૂરથી તેનો જવાબ આપશે.

# અંધ બલેસી

વર્ષ ૨૦૦૩ની આ વાત છે. મદ્રાસ શહેર પાસે આવેલા નાગાપટ્ટીનમ ગામમાં બલેસી પોતાનાં ગરીબ મા-બાપ સાથે એક નાના ઘરમાં રહેતી હતી. તે પાંચ વર્ષની હતી ત્યારથીજ તેને ગાવા વગાડવાનો શોખ હતો. નાતાલનો તહેવાર તેને ખૂબ ગમતો. તેના મા-બાપ ત્યાં વસતા મિશનેરી બાનુ ને ત્યાં ઘરકામ કરતા હતા. થોડાક વર્ષો પછી તે મિશનેરી બાનુ પોતાના વતનમાં વૃદ્ધ થવાથી ચાલ્યા ગયા. પેલી બાનુએ બલેસીને નાનું ગીટાર ભેટમાં આપ્યું હતું. બલ્સી તે ગીટાર શીખીને ચર્ચના કવાયરમા તેનો ઉપયોગ કરતી. દસ વર્ષની વયે તેની માતા મૃત્યુ પામ્યા. બલેસીના પિતા અને બલેસી માટે જીવન અસહ્ય થઈ પડયું. ગામમાં મંડળી નાની હતી. થોડા ઘણા ખ્રિસ્તી કુટુબો મહેનત મજૂરી કરીને જીવન જીવતા હતા. અચાનક તે ગામમાં આંખોનો રોગચાળો શરૂ થયો. દાકતર, દવા અને અપૂરતા ખોરાકને કારણે ઘણાને અંધાપો આવ્યો. બલ્સીને આંખની પાછળ રોગને કારણે સોજો આવ્યો હોવાથી તેને પણ ઝાંખુ દેખાવા લાગ્યું. તે પ્રભુની પ્રેમી હતી. તેથી તે દર રવિવારે કવાયરમાં ગીટાર વગાડવાની સેવા આપતી.

પંદર વર્ષની ઉંમરે પ્રભુને જીવન સોંપ્યું. ગરીબી અને આંખના તેજ ને લીધે તે ઘણીવાર લાચાર બની જતી. તે હંમેશા રાત્રીના સમયે પ્રાર્થનામાં રહેતી. તેના પિતા લાંબા સમયથી કેન્સરથી પિડાતા હતા અને છેવટે તે મરણ પામ્યા. ધીમે ધીમે તેની આંખોનું તેજ ઓછું થતું હતું. જો કે મંડળીએ તેની સંભાળની ખાતરી આપી હોવા છતાં તે નિરાશામાં જીવતી. જયારે તે અંધ બની ગઈ હોવા છતાં તે નિરાશામાં જીવન જીવતી. જયારે તે અંધ બની ગઈ ત્યારે તે સંપૂર્ણ ભાંગી પડી.ગરીબોને કારણે તે આંખોનું નિદાન કરી શકી નહિ. એક રાત્રે તેણે પ્રભુ ઈસુખ્રિસ્તનો ફોટો હાથમાં પકડી તે પુશ્કળ રડી. તેણે પ્રભુ પાસે સાજાપણાની માંગણી કરી. તેણે અનાથોની સેવા કરવાનું વચન આપ્યું, મધ્યરાત્રીએ તે પ્રાર્થના

કરતી હતી તે સમયે ઘરમાં પુષ્કળ પ્રકાશ આવ્યો. તેનાં ખભે કંઈ સ્પર્શ થયુ હોય તેવું તેને લાગ્યું. તેણે કોમળ મધુર અવાજ સાંભળ્યો.. "બ્લેસી મદ્રાસના અંધ આશ્રમમાં જા, ત્યાં બધું સારું થશે".. તેણે અવાજ સાંભળ્યો અને વિશ્વાસથી માની લીધું કે તે અવાજ મારા પ્રભુનો છે તેથી તેણે મદ્રાસ જવાનો મક્કમ નિર્ધાર કર્યો. અંધ બ્લેસીએ પ્રભુ પર વિશ્વાસ રાખીને, પૈસા વગર અને લોકોના સાથ-સહકાર વગર તે મદ્રાસ શહેર તરફ ચાલી નીકળી. નાતાલના દિવસો હતા.ઠંડી પુષ્કળ હતી. છતાંય પ્રભુના સામર્થ અને દોરવણી વળે તે રેલવે ના પાટે પાટે ચાલવા લાગી. તેના ગામથી મદ્રાસ શહેર નજીક હતું. અંધારામાં કોઈ તેની સંઘાતે ચાલે છે તેવું તેને લાગ્યું. કારણ કે રેલ્વે લાઈન નીચે નદી નાળા જ્યારે આવે ત્યારે કોઈ તેને ઉંચકી લેતું હોય એવું તેને લાગતું. અંધારામાં તે ચાલ્યા જ કરતી હતી. ટ્રેન પુર ઝડપે તેની પાછળ આવી રહી હતી. એન્જિન ડ્રાઈવરને પ્રકાશમાં બે વ્યિકતઓ પાટા પર ચાલતા હોય તેવું લાગ્યું. ડ્રાઈવરે ઘણી વ્હીસલો વગાડી અને અંતે ટ્રેન ધીમી કરી ઊભી રાખી. ડ્રાઈવર પારસી હતો શરૂઆતમાં તો અંધ બ્લેસીને ઘણો ઠપકો આપ્યો. બાદ તેની હકીકત જાણ્યા પછી તેને મદ્રાસ સ્ટેશને લઈ જઈ સ્ટેશન માસ્તરને તે સુપ્રત કરે છે. બ્લેસીના કહેવા પ્રમાણે ખ્રિસ્તી સ્ટેશન માસ્તરે તેને અંધઆશ્રમમાં પહોંચતી કરી. આશ્રમનાં આગેવાનોએ તેનો પ્રેમથી આવકાર કર્યો. તે પુષ્કળ થાકેલી અને દુ:ખી હતી. આશ્રમના આગેવાનોએ તેને બે-ત્રણ દિવસ સંપૂર્ણ આરામ આપ્યો. તેને માટે સવાર-સાંજ બાળકો પ્રાર્થના કરતાં.

આશ્રમનાં અંધ બાળકોને નાતાલનાં ગીતો તૈયાર કરવા તેને જવાબદારી સોંપી. દરરોજ તે અંધબાળકો સાથે ગીતોની પ્રેકટિશ કરતી અને રાત્રીના સમયે આશ્રમના આગેવાનો સાથે ખ્રિસ્તી ઘરો એ જઈને આનંદી નાતાલની વધામણી પ્રગટ કરી ગીતો ગાઈને આનંદ કરતા લોકો અંધ બાળકોને અવનવી ભેટો આપતા. આશ્રમનાં બાળકો મોડી રાત્રે ઘેર પાછા ફરતાં. અંધ બ્લેસીએ આગેવાનો તેમજ અંધ બાળકોનાં દીલ જીતી લીધા હતાં.

આ વર્ષે નાતાલ શનિવારે આવતી હોવાથી લોકોમ્માં અનેરો આનંદ જોવા મળતો. મદ્રાસ શહેરમાં દુકાનો શણગારેલી જોવા મળતી. દેવળો ઉપર રોશની કરવામાં આવી હતી. ખ્રિસ્તી શેરીઓને શણગારવામાં આવી હતી.બજારોમાં ખ્રિસ્તી લોકોની ભારે ભીડ જોવા મળતી.રાત્રીના સમયે દેવળોમાંથી નાતાલના ગીતો સંભળાતાં. જુદાંજુદાં ગ્રૃપો કેરોલ્સ ગાવા રાત્રીના સમયે જોવાં મળતા.

શનિવાર, ૨૫મી ડિસેમ્બરે લોકોએ મદ્રાસમાં આનંદથી નાતાલ ઉજવી. અંધ બ્લેસી અને અશ્રમના બાળકોએ પણ પ્રોગ્રામો મારફતે નાતાલ ઉજવી.અંધઆશ્રમમાં પણ નાતાલની ઉજવણી થઈ. સેન્ટ પોલ ચર્ચ સરસ રીતે શણગારેલું હતું. નાતાલે તે ચર્ચમાં પુષ્કળ લોકો હતા. બીજો દીવસે રવિવાર હતો. સેન્ટ પોલ ચર્ચમાં તે દિવસ આભાર સ્તુતીનો રાખવામાં આવ્યો હતો. તેથી પ્રભુનો આભાર માનવા પુષ્કળ લોકો ચર્ચમાં આવ્યા હતા.

આ સેન્ટ પોલ ચર્ચ, પ્રખ્યાત મરીના બીચથી અડધા ગાઉ દૂર હતું. ચર્ચમાથી સમુદ્ર જોઈ શકાતો હતો. ચર્ચમાં શાંતિથી પ્રભુની આભારસ્તુતી ચાલતી હતી તે વેળાએજ ઘણા લોકો દરિયા કીનારા પર નાસભાગ કરતા હતા. સુનામી જેવું તોફાન દરીયામાં લાગતું હતું. દરીયો તોફાની બનીને ઉછળતો હતો. દરિયાના પાણીનાં ઊંચા ઊંચા મોજા શહેર તરફ આવી રહ્યા હતા. લોકો બીકના માર્યા નાસભાગ કરતા હતા. આ સમયે અંધ બ્લેસી આશ્રમમાંથી અંધ બાળકોને લઈને પ્રભુમંદિરમાં પોગ્રામો આપવા જઈ રહી હતી. જોત જોતામાં આ સુનામી મોજા દેવળ નજીક આવી ગયા.અંધ બ્લેસી, આશ્રમના વીસથી પચ્ચીસ ભૂલકાઓ અને આગેવાન બહેનો આ રાક્ષસી મોજાંઓમાં સપડાઈ ગયા. રાક્ષસી મોજાંઓએ અંધ બ્લેસીને કિનારા પર આવેલા મકાનના ઉપલા માળે પાછી ફેંકીઅને તે મકાનની ગેલેરીમાં તે બેહોશ સ્થિતીમાં પડી રહી. પાણી ઝડપથી ઉતરી ગયું. તેથી તે ગેલેરીને લીધે બચી ગઈ. કારણ કે પ્રભુને તેનો ખપ હતો. ચર્ચની આજુબાજુનાં નાના મોટાં સર્વે તણાઈ ગયાં. અને નાતાલનો બીજો દીવસ તે માતમનો દિવસ બની ગયો.

બેહોશ અંધ બ્લેસીને સરકારી ઓફિસના લોકોહોસ્પીટલ

લઈ ગયા. જ્યાં ઘણા દીવસોતેને સારવાર હેઠળ રાખી. તેનીઆંખનું ઓપરેશન કરવામાં આવ્યું. અને તે ફરીથી દૃષ્ટિ પ્રાપ્ત કરી શકી. પ્રભુએ તેણે કરેલી પ્રાર્થનાનો જવાબ આપ્યો. તે બદલ પ્રભુનો તેણે આભાર માન્યો. ચર્ચમાં બેઠેલા સર્વ લોકો બચી ગયા હતા.

સેન્ટ પોલ ચર્ચના બિશપ સાહેબ અને આગેવાનો તેને મળ્યા. તેનો ચમત્કારીક બચાવ માટે પ્રભુનો આભાર માન્યો અને તેને બિશપ સાહેબે દત્તક પોતાની દીકરી બનાવી. તેને વધુ ભણાવીને નવા અનાથઆશ્રમની જવાબદારી સોંપી. સુનામીના કાળા કેરને લીધે ઘણા બળકો અનાથ બની ગયા. લોકો અને બાળકો કેટલાય દીવસો સુધી પોતાના મા-બાપને અને વહાલાઓને શોધવા કીનારા ઉપર ફરતા હતાં. ઘણાં લોકોતો હૈયાફાટ રુદનો કરતા હતાં.

નવા અનાથાશ્રમના ઉદ્‌ઘાટન સમયે બ્લેસીએ પોતાની સાક્ષી આપી અને જીંદગીભર કુંવારી રહીને અનાથોની માતા બનીશ તેવું વચન આપ્યું. સુનામીને કારણે લગભગ બે હજાર અનાથ બાળકોની તે માતા બની. આજે પણ તે મદ્રાસ ખાતે અનાથ બાળકો મધ્યે સેવા આપે છે.

ગરીબ બ્લેસી નીરાધાર અને આંધળી હતી. પણ તે પ્રભુમાં ખૂબ વિશ્વાસુ હતી. તેણે પોતાનું જીવન પ્રભુને અર્પણ કર્યું હતું. તેણે કરેલી સાજાપણાની પ્રાર્થનાનો પ્રભુએ સચોટ જવાબ આપ્યો.

વહાલાઓ, ઈશ્વરને માટે કશું આકસ્મિક નથી. બધા બનાવો અગાઉથી નક્કી કરેલા હોય છે. અને તેની પાછળ હેતુ હોય છે. (પ્રે.કૃ. ૧૫:૧૮)

આપણા જીવનમાં અમુક અનુભવો અર્થહીન આપત્તિ જેવા લાગતા હોય પરંતુ પાછળથી આપણને સમજાય છે કે તેમનાથી બીજી વધારે સારી બાબતો માટે રસ્તો ખુલ્લો થાય છે.

જો તમે દેવની ઈચ્છાના કેન્દ્રમાં જીવતા હો, તો તમારી કસોટીઓ તથા નિરાશાઓ છૂપા આશીર્વાદો બની રહશે?

"ઈશ્વર ઘણીવાર દુઃખરૂપી કોદાળીથી આનંદના કુવા ખોદે છે."

# પોલીકાર્પનું બલિદાન

પ્રકટીકરણના પુસ્તકમાં સ્મર્નાની મંડળી વિષે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શહેર આજે પણ હયાત છે.તે એશિયાના માયનોર એજીયન સમુદ્ર પર આવેલુ એક સમૃદ્ધ અને મોટું શહેર છે. સ્મર્નાને આજે ઈશમીર કહે છે. કોન્સ્ટન્ટીનોપલ શહેરની પશ્ચીમ અને દક્ષિણ તરફ તે ૧૮૩માઈલનાં ઘેરાવામાં આવેલુ છે. બીજી સદીમાં આ શહેરમાં યહૂદીઓ, ગ્રીક, આર્મેનિયન અને અનેક જાતી વસતી હતી. તે સમયે યહૂદી પ્રજા પાસે કોઈ સાચો ધર્મ હતો નહિ.નામધારી યહૂદીઓ હતા, વળી તેઓ પાખંડી હતા. ઈશ્વર કરતાં શેતાનમાં વધારે શ્રદ્ધા ધરાવતા હતા. વળી મૂર્તિપૂજાને પુષ્કળ મહત્વ આપવામાં અવ્યું હતું.પ્રકટીકરણમાં ૨:૯માં બતાવ્યા પ્માણે તેઓ યહૂદીઓ ન હતા પણ શેતાનની સભા હતી. તેમનાં સમયમાં સ્મર્નાના ખ્રિસ્તીઓએ પુષ્કળ વેઠવું પડયું હતું. વધારેમાં વધારે ખ્રિસ્તીઓની સતાવણી થઈ હતી, અને તેમાંય જેને વધારે સહન કરવું પડયું તે બિશપ પોલીકાર્પ હતા. જે પવિત્ર અને પૂજય વ્યકિત હતી. પ્રભુ સ્મર્નાની મંડળીને કહે છે "તારે જે જે સહન કરવું પડશે, તેનાથી બીતો ના" (પ્રકટી. ૨:૧૦)

ઈ.સ. ૧૬૧ની સાલમાં સ્મર્ના શહેરમાં બનેલી આ સત્ય ઘટના છે. તે સમયે સ્મર્નામાં મારકસ ઓર્લીયન્સ રાજય કરતો હતો. લાંબા સમય પછી આ રાજાના સમયમાં ખ્રિસ્તીઓની ફરી સતામણી શરૂ થઈ. આ વખતે જેમની સતામણી થઈ તે સ્મર્નાની મંડળીના બિશપ પોલીકોર્પ હતા જે પવિત્ર અને પૂજય હતા. ૮૬ વર્ષના આ વૃદ્ધ બિશપ શહેરથી દૂર પોતાના અનુયાયીઓ સાથે પ્રભુમાં જીવન ગુજારતા હતા. તેમને પકડવામાં આવ્યા. તે પહેલા જાણે કે તેમને એવું સ્વપ્ન આવ્યું કે તકીયામાં તેમનું માથું હતું અને

તેને સળગાવવામાં આવ્યા. જ્યારે તે જાગ્યા ત્યારે તેમની આજુબાજુ ઉભારહેનારાઓ એ કહ્યું કે હું ખ્રિસ્તને ખાતર સળગી રહ્યો છું. અને એ સ્વપ્ન આખરે સાચું પડ્યું.

એક સાંજે પોલીકોર્પ પોતાના બીછાના પર આરામ કરતા હતા અને તેવામાં કેટલાક સૈનિકો તેમને પકડવાને સારુ મઠમાં દાખલ થયાં. પોલીકોર્પે પોતાના બીછાના પરથી ઊઠીને તેમને આવકાર્યા અને તેમને જમવાને સારુ તેમના અનુયાયીઓને હુકમ કર્યો. અને સૈનિકોને વિનંતી કરી કે મને પ્રાર્થના કરવા સારુ એક કલાક આપો અને ત્યારબાદ હું તમારી સાથે આવીશ. પોલીકોર્પની સજ્જનતા, વૃદ્ધાવસ્થા અને શાંત મન જોઈને સૈનિકો આશ્ચર્ય પામ્યા કે, શા માટે આવા સજ્જન, વૃદ્ધ અને પવિત્ર માણસને પકડવાને સારુ અમને મોકલ્યા છે ! પણ પછીજેવી પ્રાર્થના પુરી થઈ કે તરત જ પોલીકોર્પને ગધેડા પર બેસાડીને સ્મર્ના શહેરમાં લઈ જવામાં આવ્યા. જ્યારે સૈનિકો આ વૃદ્ધને લઈ જતા હતા ત્યારે તેમને શરમ આવતી હતી.

પોલીકોર્પ રક્ષકોની સાથે સ્ટેડીયમમાં દાખલ થયા કે તરત જ સ્વર્ગમાંથી કંઈક અવાજ તેમને સંભળાયો. તે એવો હતો કે "પોલીકોર્પ પાખંડી લોકોની સાથે બળવાન થા" રક્ષકોએ આ અવાજ સાંભળ્યો અને બીજા ઊભેલા ઘણાઓએ તે અવાજ બરાબર સાંભળ્યો. પણ બોલનારને કોઈ જોઈ શક્યા નહિ. તેમને લોકાની ન્યાય સભા આગળ લાવવામાં આવ્યા. અધિકારીઓએ કહ્યું કે પોલીકોર્પતું પુષ્કળ વૃદ્ધ છે, તું વિચારીને ખ્રિસ્તનો નકાર કર અને તેનાં વિષે ભૂંડુ બોલ અને હું તને છોડી દઈશ.

પોલીકોર્પે જવાબ આપ્યો કે, મેં ૮૬ વર્ષ સુધી તેમની સેવા કરી છે અને તેમણે મારું એકેય વખત ભૂંડું કર્યું નથી મારા રાજા અને મારા પ્રભુ માટે હું શા માટે ભૂંડું બોલું કે જેણે મને આજ દિન સુધી સંભાળ્યો છે. ન્યાયસભાએ તેને ફાડી ખાનાર જાનવરો અને

અગ્નિથી બાળી નાખવાની ધમકી આપી. પોલીકોર્પ તે જગ્યાએ ઊભા થયા અને બોલ્યા, શા માટે રાહ જુઓ છે ? તમને જે ગમે તે મહેરબાની કરીને જલ્દી કરો. ટોળું ઉશ્કેરાયું અને પોલીકોર્પને મારી નાખવાની માંગણી કરી.

જ્યાં લાકડાનો ઢગલો કર્યો હતો તેની વચ્ચે લોખંડના થાંભલા સાથે બાધવાની લોકોએ તૈયારી કરી. પોલીકોર્પે કહ્યું કે "મને બોલવાની રજા આપો." તેણે કહ્યું કે જે મને સહન કરવાની શકિત આપે છે તે લાકડાંનો ઢગલો અને અગ્નિ મને ડરાવી શકશે નહિ." પોલીકોર્પની પ્રાર્થના પુરી થતાં જ લાકડાનાં ઢગલાંને ચારેબાજુથી સળગાવવામાં આવ્યો. પણ તે અગ્નિ પોલીકોર્પના થાંભલા સુધી ગયો નહિ, ફકત આજુબાજુ સળગતો રહ્યો અને તેમને કોઈ આંચ આવી નહિ તેથી લોકોના કહેવાથી એક સૈનિક તલવાર લઈ તેમની તરફ ધસી ગયો. તલવાર પેટમાં ભોંકી દીધી પોલીકોર્પનાં પેટમાંથી ધસમસ કરતું પુષ્કળ લોહી બહાર આવ્યું. અને લાડકાનાં ઢગલા પર તે પડયું. જે લાકડા બળ્યા નહતાં તે તરતજ સળગવા માંડયા. સૈનિકોએ તેમના શરીરને બાળી નાખ્યું.અને તે શરીર રાખમાં ફેરવાઈ ગયું. પોલીકોર્પે પ્રભુની ખાતર બલીદાન આપ્યું. જેને આજે પણ સ્મર્નાની મંડળી યાદ કરે છે. સ્મર્ના શહેર આજે પણ અડીખમ ઊભું છે. તે રોડઝ આયર્લેન્ડથી સો કિલોમીટર દૂર છે. પણ તુર્કસ્તાનની પાસે છે. લગભગ ૧ લાખ ચુમ્માળીસ હજારની તેની આજે વસતી છે. તુર્ક લોકોની વસ્તીી વધારે છે. બીજી પ્રજામાં ગ્રીક, આર્મેનિયન, રોમન, કેથોલિક અને પ્રોટેસ્ટંટ છે જેમની વસ્તી ઓછી છે યહૂદી પ્રજા નામશેષ થઈ ગઈ છે. પ્લેગ અને ધરતીકંપને લીધે તેની સમૃદ્ધમાં આચ આવી છે.

પ્રભુ સ્મર્નાની મંડળીના લોકો જે યાતના અને દુઃખમાંથી પસાર થયા હતા તે જાણતા હતા. તેમણે ત્યાંના વિશ્વાસુ લોકોને કહ્યું કે "તું મરણ પર્યંત વિશ્વાસુ રહે અને હું તને જીવનનો મુગટ

આપીશ" (પ્રકટી. ૨:૧૦) પોલીકાર્પ મરણપર્યંત વિશ્વાસુ શહીદ અને જીવનનાં મુગટનો વારસદાર બન્યા, પ્રકટીકરણ ૨૦:૪ મા શહીદોને વચન આપવામાં આવ્યું છે કે "તેઓ ઈસુની સાથે રાજ કરશે અને તેમની સાથે તેઓને રાજ્યાસન પર બેસાડવામાં આવશે."

બાઈબલ અને ઈતિહાસ જણાવે છે કે પહેલી સદીની શરૂઆતથી ખ્રિસ્તી સ્ત્રી પુરુષોએ ખ્રિસ્તની ખાતર પોતાના અમૂલ્ય જીવનો આપેલા છે.જેમાં પ્રભુના શિષ્યો, ઈગ્નેશ્યસ, પાલીકોર્પ, જોન વિકલીફ, વિલ્યમ ટીન્ડેલ અને જોન હસ મૂખ્યત્વે હતા. તેઓ હિંમતવાળા અને વિશ્વાસુ હતા. પ્રભુઈસુ ખ્રિસ્તનો નકાર કરવાને બદલે હસતે મુખે પોતાનાં બલિદાનો આપ્યાં છે. પ્રભુ ઈસુના શિષ્યો હોવાને લીધે તમે સતાવણી સહન કરી છે ? એ પવિત્ર નામને લીધે તમે આજ દીન સુધી શું સહન કર્યું ? અને આ પ્રશ્નનો ઉત્તર જો નકારમાં આવે તો તમારે તમારા વિશ્વાસની ચકાસણી કરવી પડશે.

વિશ્વના ઘણા બધા દેશોમાં સતાવણી વ્યાપક બની રહી છે અને હવે એ દિવસો દૂર નથી કે જ્યારે આપણી વફાદારીની સર્વોત્તમ સાબીતી તરીકે પ્રભુમાટે આપણા જીવનો હોમી દેવા માટે આપણને આહ્‌વાન આપવામાં આવે.

વહાલાંઓ, પ્રભુ ઈસુ આપણી યાતનાઓ અને દુઃખોના બદલામાં દિવ્ય ઈનામ અને અનંત મહિમા આપવાની ઈચ્છા રાખે છે. તે મહાન તારનાર માટે દુઃખ સહન કરવું તેનાથી વધારે બીજી કઈ મહાન તક હોઈ શકે ?

"ન્યાયપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય છે, કેમકે આકાશનું રાજય તેઓનું છે." (માત્થી ૫:૧૦).

# બર્માનો પ્રથમ મિશેનરી સદોનીરામ જડસન

જયાં બોદ્ધ ધર્મ સિવાય કોઈપણ ધર્મનો પ્રચાર કરનારને મોતની સજા યા દેશનિકાલની કપરી સજા હતી તેવા બૌદ્ધ લોકોના દેશ બર્મામાં અમેરિકાના એક પાળકનો પુત્ર માથા પર કફન બાંધીને, અનેક યાતનાઓ સહન કરીને ખ્રિસ્તી મંડળીની સ્થાપના કરી.તેને માટે માલ્ડન શહેરમાં એક તક્તી પર આવું લખાણ છે.

**"રેવ અદોનીરામ જડસનનો સ્મણાર્થે**
**જન્મ સ્થળ - માલ્ડન શહેર અમેરીકા - ઈ.સ. ૧૭૮૮**
**મરણ સ્થળ - હિંદી મહાસાગર ઈ.સ. ૧૮૫૦.**
**ખ્રિસ્તી થયેલા બર્મી લોકો અને બર્મી બાઈબલનું સ્મારક.**
**તેનાં જીવનની નોંધ આકાશમાં છે. "**

અદોનીરામ જડસન નો જન્મ ઈ.સ. ૧૭૮૮માં માલ્ડન શહેરમાં થયો હતો. તે સમયે તેના પિતા પાળક હતા. તેમના માતૃશ્રી નમ્ર સ્વભાવનાં હતાં. તેમની વાણીમાં સૌમ્ય હતું. અદોનીરામ બાળપણથીજ પિતાનું અનુકરણ કરતો હતો. તે બાળકોને સુવાર્તા પ્રગટ કરો તેમ કહ્યા કરતો હતો. બાર વર્ષની ઉમંરે તેણે ગ્રીક ભાષા પર કાબૂ મેળવ્યો. સોળ વર્ષની ઉમંરે તે બ્રાઉન યુનિવર્સિટીમાં દાખલ થયો અને અંત સુધી સર્વ પ્રથમ કક્ષાએ રહ્યો.

**યુવાનીમાં થોડો સમય નાસ્તિકતા તરફ ઢળનાર, જડસન, અકલ્પ્ય સંજોગોમાં તેની નાસ્તીકતા તથા દંભી જીવન તરફ દોરનાર મિત્રના મૃત્યુથી પાછો ઈશ્વર તરફ ફરે છે. અને પૂર્વમાં તારો નામક એક પુસ્તીકાનાં વાંચનથી પૂર્વના કોઈ એક દેશમાં મિશનરી તરીકે**

જવાનો સંકલ્પ કરે છે. આથી તે અમેરીકાની બહાર જનાર પ્રથમ મિશનેરી તરીકે નું માન મેળવી જાય છે.

ઈ.સ. ૧૮૧૨મા આન હેસ્સેલ્ટાઈન સાથે લગ્નગ્રંથીથી જોડાય છે. અને પંદર દિવસ પછી પોતાની પત્ની સાથે "કેરેવાન" નામના વહાણ મારફતે કલકત્તા જવા નીકળી પડે છે. વહાણમાં તે પોતાનો સમય નવા કરારનો ગ્રીકમાંથી અંગ્રજીમાં તરજુમો કરવામાં ગાળ્યો. વહાણની ખૂબ લાંબી કંટાળા જનક લાંબી મુસાફરી વચમાં તેને એક ભયંકર દુર્ગંધથી ખરડાયેલી જેલમાં પણ સમય વિતાવવો પડે છે. તે કલકત્તા આવી પહોંચે છે. અહીં મહાન મિશનેરી ડો.વિલ્યમ કેરીના સંપર્કમાં આવેછે. અને તેમનો પુત્ર ફેલિકસ કેરીની મદદથી રંગૂન પહોંચે છે પરંતુ પત્નીની માંદગી, પ્રથમ પુત્રનું મૃત્યુ ભારે નિરાશા - આ બધી મુશ્કેલીઓમાં પણ તે દીવસની પંદર કલાક સુધી મહેનત કરી પાલી ભાષા શીખે છે. બર્મી ભાષા પણ શીખી તે વ્યાકરણ તથા શબ્દકોષના કામે લાગી જાય છે. રંગૂનમાં મોટા ભાગના મકાનો બર્મી ઢબના હતાં. વળી તે શહેર કૂતરા,ઉંદરો અને ભૂંડોથી ભરપુર હતું. તેની તબીયત સારી રહેતી નહોતી. તેથી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે હજી મેં કામનો આરંભ પણ કર્યો નથી તે પહેલાં શું ઈશ્વર મને કામ કરતો અટકાવી દેવાનો છે ? તેણે બોદ્ધ ભાષામાં "સ્વર્ગનો માર્ગ" એ શીર્ષક હેઠળ પ્રથમ ટ્રાકટ પ્રગટ કરી.

બર્મામાં આવ્યા ને છવર્ષ થઈ ગયા ઝયાત શાળા શરૂકરવા છતાં, ટ્રાકટો અને પુસ્તીકાના પ્રકાશન છતાં કોઈ ફળ મળતું દેખાતું ન હતું. દરરોજ સવારે આવતા જતા માણસોને સુવાર્તા સંભળાવતો. ઈ.સ. ૧૮૧૯માં મોંગનૌન પ્રથમ બર્મી માણસ ખ્રિસ્તી બન્યો. આ કાર્ય વિશે ત્યાંના વાઈસરોઈયને ખબર પડી. સતાવણીના કાળો વાવટો તેના પર ફરકવા લાગ્યો. જડસને રાજાને

મળવાની તૈયારી કરી. ભેટ આપવા સારું સોનેરી પાના વાળુ બાઈબલ લીધું અનેક પ્રશ્નોત્તરી અને ચર્ચાઓ થઈ રાજાએ તે પુસ્તક લેવાનો અસ્વીકાર કર્યો. બર્માની નાની મંડળી ભૂગર્ભમાં વૃદ્ધિ પામતી ગઈ. ઈ.સ. ૧૮૨૦ની અધવચ સુધીમાં ૧૦ વ્યકિતઓ તારણ પામી. ઈ.સ. ૧૮૨૪માં બ્રિટને બર્મા પર હુમલો કર્યો. તે સમયે બ્રિટને રંગૂન પર બોમ્બ મારો કર્યો હતો. જડસન રાજ્યની ગુપ્ત વાતો બ્રિટીશ સરકારને જણાવે છે. તે હેતુ સર તેને પકડવામાં આવે છે અને ફરીથી જેલમાં ધકેલી દેવામાં આવે છે. એક નાની કોટડીમાં સો કરતાં વધારે પુરુષો અને સ્ત્રીઓને ખીચોખીચ ભર્યાં હતા.કેટલાકના પગ અને હાથ હેડમાં પુરેલા હતા. વળી કેટલાકને વાંસડા ઉપર લટકાવામાં આવ્યા હતા. જડસનના પગે પાંચ બેડીઓ પહેરાવેલી હતી તેના જખમો મૃત્યુ સુધી તેના શરીર પર જોઈ શકાતા હતા. એકવીસ એકવીસ મહીના સુધી તે જેલમાં સબળે છે તેની પત્ની આન બહાર રહીને તેને મુકત કરાવવા ઘણી મહેનત કરે છે. લાંબી યાતનાઓનાં આદીવસોમાં તે ઈશ્વર પરના પ્રબળ વિશ્વાસને કારણે ટકી રહે છે. ૧૮૨૫માં કેદીઓને બીજે સ્થળે ખસેડયા બે દીવસસુધી ઉઘાડા પગે શરીરે દોરડા બાંધી ઉનાળામાં કૂચ કરાવી. ઈ.સ. ૧૮૨૬માં બ્રિટીશ- બર્મા કરાર ઉપર સહી સીકકા કરવામાં આવ્યા બધા જ કેદીઓને મુકત કરવામાં આવ્યા. અત્યંત કરુણ સંજોગોમાં તેની પ્રથમ પત્ની આનનું મૃત્યુ થાય છે.બર્મામાં તે પોતાના ત્રીજા બાળકને પણ મરતું જુએ છે....આ બધી ઘોર નિરાશાઓનાં અંધકારમાં પણ તે પોતાનું કાર્ય ચાલુ રાખે છે. બે વર્ષ જેલમાં ગાળીને છુટકારો પામેલો માણસ પોતાની પત્નીના મરણથી તેને ઘોર નિરાશા સાંપડે છે. તે પત્નીની કબર પાસે રોજ સવારે બેસી રહે છે.

ઈ.સ. ૧૮૩૪માં તેણે સારાહ સાથે બીજા લગ્ન કર્યા.

સારાહ ભાષા શાસ્ત્રી હતી તેણે બર્મી ભાષામાં "યાત્રાકારી" તરજૂમો કર્યો. જડસને ૧૮૪૦માં આખા બાયબલનો બર્મિભાષામાં અનુવાદ કર્યો તે કામ પુરું કરતા તેને ત્રવીસ વર્ષ લાગ્યા હતા. બર્મી બાયબલ માં તેની શ્રેષ્ઠ બાયબલ તરીકે ગણના થાય છે. ૧૮૪૫માં એપ્રિલ માસમાં તેની બીજી પત્ની સારાહનું મુસાફરી દરમ્યાન મૃત્યુ થાય છે તેને સેન્ટ હેલેના ટાપુ પર દફનાવવામાં આવે છે. ૧૮૪૫માં ઓક્ટોબરમાં જડસન અમેરીકા પહોચ્યો. ત્યાનાં લોકોએ તેનો માન ભર્યો આવકાર કર્યો. તેનો પોતાના દેશ છોડયાને ત્રીસ વર્ષ કરતાં પણ વધારે સમય થઈ ગયો હતો. અમેરીકામાં તેણે ત્રીજી વાર એમિલી સાથે લગ્ન કર્યા . તે શીક્ષીકા હતી. ૧૮૪૯માં તેણે શબ્દકોષનું કામ પુરુ કર્યુ. તેને પુરુ કરતાં તેને દશ વર્ષ લાગ્યા હતા.

૧૮૪૭માં તે અમેરિકાથી પોતાની ત્રીજી પત્ની એમીલી સાથે રંગૂનમાં આવે છે. રંગૂનમાં રહેતા પરદેશીઓ મધ્યે ધર્મસેવા બજાવવા ગવરંનરે તેને પરવાનગી આપી હતી. જડસને ગુપ્ત રીતે ઊપદેશ આપવાનું શરૂ કર્યું. ત્યા મંડળીને એકત્ર કરી . રંગૂનમાં તે પોતાની પત્ની સાથે એક અંધારા મકાનમાં રહેવા લાગ્યો. જયાં મચ્છરો, વંદા, ગરોળી, ઉંદરો તેમજ એમીલીની ટચલી અંગળી જેવડા કાળા જંતુઓ હતા. એમીલી અને જડસનત્યાની આબોહવાથી બીમાર રહેતા હતાં. ત્યાંની આબોહવા માફક નહોતી.

૧૮૫૨માં ત્યાંના મિશન પ્રેસમાં શબ્દકોશના ગ્રંથને છાપવામાં આવ્યો. તે સ્ટાન્ડર્ડ ઇંગ્લીશ-બર્મીઝ ડીક્ષંનેરી તરીકે ઓળખાય છે.જડસને આ શ્રમપૂર્વકના આ કાર્ય દ્વારા સ્કોલર તરીકે આંતરરાષ્ટ્રિય નામના મેળવી છે.

૧૯૪૯નાં અંત ભગ સુધીમાં જડસનનાં ૬૧ વર્ષ પુરા થયા હતા. તેણે બે વર્ષ કપરી હાલતમાં કેદ ભોગવી તો હાલત

બગડતી જતી હતી. તેના પગે સોજા આવવા લાગ્યા. આથી ડોકટરે જણાવ્યું કે સમુદ્રની સફર સીવાય બીજો કોઈ ઉપાય કામનો નથી.એપ્રિલની બીજી તારીખે ફ્રેન્ચ વહાણમાં મોરેશીયસ જવા નિકળ્યો. તેની પત્ની સગર્ભા હોવાથી તે તેની સાથે ગઈ નહિ પણ તેને બંદરે મળવા આવી. જડસનની તબીયત વધારે બગડતી જતી હતી. શુક્રવારે સવારે ૧૮૫૦ના એપ્રીલની ૧૨મી તારીખે તે નિર્ગતવસ્થામાં તેના બર્મી નોકર તરફ ફર્યો અને બર્મી ભાષામાં બોલ્યો. – "પૂરું  થયું છેદુ:ખી મેમસાહબની દેખભાળ રાખજે." ૧૮૫૦ની ૧૨મી તારીખે તે વહાણમાં મૃત્યુ પામ્યો. જડસન જે સુટ પહેરતો હતો. તે કાળુ સૂટ તેને પહેરાવ્યું. અને તેનાં મૃતદેહને આંદામાન ટાપુઓ પાસે શાંતિપૂર્વક વહાણમાંથી ધીમે ધીમે નીચે સમુદ્રને સ્વાધિન કરવામાં આવ્યો.

તે બર્મામાં આવ્યો, તે વખતે એક પણ વ્યકિતને ખ્રિસ્તી ધર્મમાં લાવવામાં આવી નહતી. તેનાં મરણ સમયે બર્મામાં લગભગ ૮૦૦૦ ખ્રિસ્તી સભ્યો મંડળીમાં હતા. તે રીતે ત્યાં મંડળીનો પાયો નખાયો હતો.

- તેણે અનેક કાવ્યોનો બર્મી ભાષામાં અનુવાદ કર્યો.
- ૧૮૪૦માં આખા બાંઈબલનું બર્મીભાષામાં અનુવાદ કર્યો.
- ૧૮૫૨માં શબ્દકોશ તૈયાર કર્યો. ઇંગ્લીશ-બર્મીઝ ડીક્ષનેરી તરીકેગણાય છે.
- નવા કરારનો ગ્રીક ભાષામાંથી અંગ્રેજી ભાષામાં તરજુમો કર્યો.
- બર્મી ભાષામાં અનુવાદ કર્યો.
- બર્મી ભાષામાં સ્વર્ગીય માર્ગ ટ્રાકટ પ્રગટ કરી.

# ખાલી કબર તે ખ્રિસ્તી વિશ્વાસનો પાયો છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ પૃથ્વીમાં આવ્યા તે પહેલા પણ પુનરૂત્થાને માનવામાં આવતું હતું. જોકે સાદુકીઓ પુનરૂત્થાનમાં માનતા નહતા. પરંતુ ફરોશીઓ તો માનતા હતા. (પ્રે.કૃ. ૨૩:૮) ફરોશીઓ તે સમયે 'દેહ'નું પુનરૂત્થાનમાં માનતા હતા. તે સમયે પ્રેરીત પાઉલ જોકે એ જ માન્યતામાં ઉછરીને મોટો થયો હતો. તો પણ તેને મન પુનરૂત્થાનનું શરીર એ દેહની મર્યાદામાંથી છૂટેલો થયેલો આત્મા છે. જે વડે પોતાને પ્રદર્શિત કરી શકે એવું સાધન છે. પાઉલ કહે છે કે જે પાછું ઉઠે છે તે વાવેલું શરીર નથી. પરંતુ પુનરૂત્થાન એ નવું શરીર છે. અને એ જ ખ્રિસ્તીઓનું પુનરૂત્થાન છે. વધારામાં તે એમ કહે છે તે ખ્રિસ્તના મહિમાવાન થયેલા શરીર જેવું થશે. (ફીલી ૩;૨૧)

પવિત્ર શાસ્ત્ર જણાવે છે કે આપણો પ્રભુ ઉત્થાન પામ્યો છે. આ પુનરૂત્થાનની સત્યતા પર આજ દિન સુધી જે હલ્લા થયા છે તે બધા નિષ્ફળ અને જુઠા પુરવાર થયા છે કારણ કે રોમન સામ્રાજયમાં યહુદી પ્રજા અને રોમનો પ્રભુ ઈસુ ખ્રિસ્ત એ દેવનો દીકરો છે એ કદી માનતા નહોતા. તેથી ઉત્થાન અંગેનાં જુઠ્ઠાણા તેમણે લાંબો સમય ચલાવ્યા પણ તે લોકો કે શાસ્ત્ર જુઠ્ઠાણુ સાબિત કરી શકયા નથી. ઉત્થાન પામ્યા પછી આપણો પ્રભુ બધા મળીને નવ પ્રસંગો પોતાના શિષ્યોને દેખાયો હતો એ દર્શન તેના જન્મની માફક ચમત્કારિક હતાં. પ્રેરીત પાઉલ એ બાબત વિષે જે તપાસ કરી હતી તેનું વર્ણન ૧લો કરંથી ૧૫ ; ૪-૮ કલમમાં આ પ્રમાણે કરેલું છે. ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો. અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું અને કેફાને તેનું દર્શન થયું. અને પછી બારેને થયું. ત્યાર પછી એકી વેળાએ પાંચસો કરતાં બધારે ભાઈઓને તેનું દર્શન થયું. જેઓમાંના ઘણા હજુ હયાત છે પણ કેટલાક ઉંઘી ગયા છે. ત્યારપછી યાકૂબને જન્મેલો હોઉં તેમ સર્વથી છેલ્લે મને પણ તેનું દર્શન થયું. તે ઉપરાંત અન્ય પાંચ પ્રસંગે થયેલા દર્શનની નોંધ કરવામાં આવી છે. હવે પ્રેરિત પાઉલ ઈ.સ. ૩૫માં એટલે ઈસુ

ખ્રિસ્ત વધસ્તંભે જડાયો ત્યાર પછી ચાર વર્ષ બાદ તેનું બદલાણ થયું હતું. ઈ.સ. ૩૮માં તે યરૂશાલેમ ગયો. અને ત્યાં બે અઠવાડિયા પીત્તર સાથે રહ્યો. તે વખતે તે બધા શિષ્યોને મળ્યો હતો. આ મુલાકાતથી ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાન સબંધી તેમની સાક્ષી કેવી છે એ જાણવાની પૂરી તક તેને મળી. તેને મળેલી નિર્ણયકારક જુબાની પરથી ખાતરીપૂર્વક જણાય છે કે ઈસુ ખ્રિસ્ત તેના મરણ પછીનાં પહેલા જ રવિવારની સવારે પહેલવહેલો તેના શિષ્યોને દેખાયો. ( કોરંથી ૧૪:૪, માત્થી ૧૬:૨૧, માર્ક ૮:૩૧,લુક ૯:૨૨,યોહાન ૨:૧૯) અને બીજી ઘણી કલમો પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉત્થાન પામ્યા તે અંગે જણાવે છે.

જો ઈસુ ખ્રિસ્ત પુનરૂત્થાન નથી પામ્યો તો તેના શબનું શું? એ પ્રશ્ન જગત સમક્ષ ઉભો રહેછે. રોમન સામ્રાજયમાં પુનરૂત્થાનનો નકાર કરનારાઓ કેવી વાહીયાત દલીલો કરે છે તે આપણે જોઈએ.

(૧) કાવતરા વિષયક અનુમાન : રૈમાસર જે ઈ.સ. ૧૬૯૪થી ૧૭૬૯ સુધી હયાત હતો તે એવું અનુમાન કરે છે કે શિષ્યો પ્રભુનું શબ ચોરી ગયા. પણ પ્રશ્ન એ છે કે તેઓ શા માટે એમ કરે ? બે વાત અનિવાર્ય છે. (૧) પુનરૂત્થાન નહોતું થયું ત્યાં સુધી તે મરેલો છે એમ જ તેઓ માનતા હતા; (૨) પુનરૂત્થાન પછી તે જીવતો થયો છે એ સત્ય માટે તેઓ તૈયાર હતા. વળી તેમાંના ઘણાએ એ સત્યની ખાતર પ્રાણ ત્યાગ કર્યો પણ ખરો, બીજુ તેઓ શબ ચોરી ગયા એ વાત ખરી હોય, તો પ્રશ્ન એ રહે છે કે યહૂદી અધિકારીઓએ શા માટે તપાસ ન કરી? વળી કબરનો જાપ્તો રાખવા ૧૬ ચોકીદારો હતા અને કબર પર મોટો વજનદાર પત્થર હટાવવા માટે ઓછામાં ઓછા વીસ જેટલા માણસો જોઈએ. માટે શબ ચોરવાની વાત અશકય છે આ આરોપ પુરવાર કરવાનો કશો પ્રયત્ન થયાનું નામનિશાન સુવાર્તામાં કે અન્ય મળતું નથી. તપાસ કરવાની સંપૂર્ણ સત્તા તેમના જ હાથમાં હતી. હાલમાં આ વાત કોઈ માનતું નથી.

(૨) બેશુદ્ધિ વિષયક અનુમાન : પાઉલસ જે ૧૭૬૧ થી ૧૮૫૧ સુધી થઈ ગયો તેનું અનુમાન એવું છે કે ઈસુ ખ્રિસ્ત મરી નહોતો ગયો પણ કેવળ બે શુદ્ધ બન્યો હતો. અને કબરમાં પાછો

શુદ્ધિમાં આવી ગયો. પરંતુ ડોકટરોનો અભિપ્રાય એ વાતની વિરુદ્ધ છે. તે સમય સખત ઠંડીનો હતો, જેથી તે વધસ્તંભ ઉપર મરી નહોતો ગયો એમ માનીએ તો પણ કબરમાં તો તેને મરી ગયેલો માન્યા વગર છુટકો નથી. વળી એવું અનુમાન કરનાર તો 'મોટો પત્થર' ભૂલી જ જાય છે. વળી કપડાં કેવી સ્થિતિમાં મળી આવ્યા હતા તે પણ ભૂલી જાય છે. તે જેવી રીતે શરીરને તથા માથાને વીંટળાયેલા હતા તેવી ને તેવી જ સ્થિતિમાં માલૂમ પડયા હતા. માનસ શાસ્ત્રની દૃષ્ટિથી આ અનુમાન કરવું અશકય છે. આ અનુમાન પ્રમાણે જ થયું હોત તો તે સદાકાળને માટે જીવતો થયો છે એ વિશ્વાસની ખાતર જેમ અનેકે ત્યાર પછી પોતાના પ્રાણનું બલિદાન આપ્યું તેમ કોઈ કરત નહિ.

(૩) દર્શન વિષયક અનુમાન : સ્ટૌસ અને રેનાન જેઓ ઈ.સ. ૧૮૦૮ થી ૧૮૭૭ સુધી હયાત હતા તેમનું અનુમાન એવું છે કે શિષ્યોને કેવળ આભાસ દેખાયો હતો અથવા દર્શન થયું હતું. તે મરી ગયો છે એવું તો તેઓ માની શકતા નહોતા. તેથી આ સ્થિતિમાં અમે તેને જોયો છે એવી ખાતરી તેમને સહેલાઈથી થઈ શકે. પણ શિષ્યો મૂર્ખ નહોતા. તે મરી ગયો છે એમ તેઓ ખાતરીપૂર્વક માનતા હતા અને તે જીવતો થયો છે એ વિષે તેમને સહેલાઈથી ખાતરી નહોતી થઈ. તે "જુદા રૂપમાં" તેઓને દેખાયો તરત કોઈ તેને ઓળખી શકયું નહોતું. મરિયમે નથી ઓળખ્યો. ઐમોસ જનારાઓએ નથી ઓળખ્યો. થોમાએ નથી ઓળખ્યો. દરેક પ્રસંગે તેમને ખાતરી આપવી પડી હતી તો એ આખર સુધી "કેટલાકે સંદેહ આણ્યો."આવી રીતે સાબિત થાય છે કે ઈસુ ખ્રિસ્ત "ત્રીજે દહાડેથી દેખાવા લાગ્યો."

આ ઉપરનાં અનુમાનો સાચા પુરવાર થઈ શકયા નહિ. કારણ કે ખરો ખુલાસો કરવામાં બે બાબતો તેઓ વીસરી ગયા હતા.

(૧) વધસ્તંભે જડેલું શરીર સજીવ થયું અને (૨) સાથે સાથે તે રૂપાંતર પામ્યું.

પવિત્ર શાસ્ત્રમાં આપણે જોઈએ છીએ કે ઘણા લોકોને ઉત્થાન પછી દર્શન દીધું એ પુરવાર કરે છે કે તે પુનરુત્થાન પામ્યો છે. મગ્દલાની મરીયમ, બીજી મરીયમ અને સલોમીએ ઉત્થાન

પામેલા ઈસુને વાડીમાં જોયા ઉપલી મેડી પર શિષ્યોને બે વખત દર્શન દીધું. ઐમોસ જનારાઓને દર્શન દીધું. વળી પાઉલ પ્રેરિત દમસ્ક જતો હતો ત્યારે મૃત્યુમાંથી જીવંત થયેલા ઈસુએ દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું હતું. આ ઉપરાંત ગાલીલના પહાડ પર તેમજ બેથાની પાસેના પહાડ પર પણ ઉત્થાન પામેલા ઈસુ શિષ્યોને દેખાયા હતા. એ ઉત્થાન પામ્યા પછી ચાલીસ દહાડા સુધી લોકોને દર્શન દીધું. આ બધી સત્ય ઘટનાઓ પરથી આપણે જાણી શકીએ છીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરૂત્થાન થયું છે તે એક સત્ય ઘટના છે.

મારૂ માનવું છે કે આ મોટો પરિવર્તન લાવનાર બનાવ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને પુનરૂત્થાન પામ્યા અને એમની કબર આજ દિન સુધી ખાલી છે એના હું અને મારી પત્ની સાક્ષી છીએ કારણકે અમે તે ખાલી કબર જોઈ છે. કબર ખાલી છે તે બતાવે છે કે ઈસુખ્રિસ્ત પુનરૂત્થાન પામીને ઉઠયા છે.

અંતમાં નવો કરાર એવું શીખવે છે કે ખ્રિસ્તના શરીરનું જે બન્યું તેજ તેના પર વિશ્વાસ કરનારના શરીરના સંબધમાં પણ બનશે. પુનરૂત્થાન પછી તેનું શરીર અને આરિમથાઈના યુસફની કરબમાં જે શરીર મુકવામાં આવ્યુ હતું તે બંને તો એક જ શરીર માલૂમ પડે છે. માત્ર એ ફરક જ કે પૃથ્વી પરનું શરીર રૂપાંતર પામ્યુ હતું. તેથી જતા સુધી તેણે પોતાના મિત્રોને કોઈ નિશાની ન આપી જતા સુધી તેઓ તેને ઓળખી શકયા નહિ. તેનું શરીર માણસનું હતું ખરૂં પણ આપણા શરીરને સ્થળ અને સમયની મર્યાદા લાગુ પડે છે તે તેમાં પુનરૂત્થાનના શરીરને લાગુ પડતી નહોતી. આમ જેઓ તેને જોયો હતો તેઓએ તેને ચમત્કારીક રીતે જોયો હતો. આ સ્વર્ગ શરીર અને ઈસુના પુનરૂત્થાનનું શરીર. એ બંને એક જ પ્રકારના છે. વળી પાઉલ પૃથ્વી પરના શરીર અને સ્વર્ગ શરીર વચ્ચે ભેદ પાડે છે તે ભેદને વિજ્ઞાન તરફથી હમણાં ટેકો મળે છે. (૧કરંથી ૧૫;૪૦)

કબરમાંથી બહાર નીકળી આવેલા પ્રભુ ઈસુની સુવાર્તા સાંભળીને આજે કેટલાય માણસો આકર્ષાયી પોતાના જીવનો પ્રભુ ઈસુ ખ્રિસ્તને સમર્પિત કરે છે માટે એજ ખાલી કરબનો ચુકાદો છે.

આ ખાલી કબર એ ખ્રિસ્તી વિશ્વાસનો પાયો છે.

# મમ્મી...... ઓ......મમ્મી

બ્રિટીશ બાનુ મિસ ન્યુટન ઘણા વખતથી ભારત આવવા વિચારતા હતા. ભારતમાં તેમની એક સખી પાળક પત્ની હતા. જેમનું નામ નાઓમી હતું. આ બંને બહેપણીઓ વચ્ચે ઘનિષ્ટ સંબંધ હતો. તેઓ એકબીજાને સામાજીક સેવામાં પણ મદદ કરતા હતા. પાળક સાહેબ ગુજરી ગયા લગભગ પાંચ વર્ષ વીતી ગયા હતા. તેમ છતાંય પાળક પત્ની વિશ્વાસમાં મજબૂત હતા.લોકોની સેવા કરવામાં તે કદી પાછીપાની કરતા ન હતાં. એવામાંજ કચ્છ વિસ્તારમાં ભારે ધરતીકંપ થયો. ઘણા ગામડાઓ નષ્ટ થઈ ગયા. મિસ ન્યૂટનને વાયુ વેગે આ સમાચાર મળ્યા અને ભારત આવવા સારુ તેમણે મકકમ નિર્ધાર કર્યો.

પાળક પત્ની નાઓમી સેવાભાવી હતા. માંદાઓની વારંવાર મુલાકાત લેતા. માંદી વ્યકિતઓને સારૂ ફળફળાદી અને કપડાં વગેરે લઈ જતાં વિધવા બહેનોની અચૂક મુલાકાત લેતા. અને ગરીબ કુટુબોની અચૂક મુલાકાત તેઓ લેતા. અને ગરીબ કુટુંબોની જરૂરીયાતો હંમેશા તેઓ પૂરી કરતા. રસ્તામાં મળતી કોઈપણ વ્યકિતને હાથમીલાવીને ખબર અંતર પુછતાં. આ ઉપરાંત મંડળીમાં સન્ડેસ્કૂલના વર્ગો લેતા. મહિલા મંડળની સભામાં હાજર રહી વચનની સેવા આપતા. બહેનોને ઉત્તમ ગૃહિણીનો નમૂનો આપતા. પ્રભુમંદિરમાં હંમેશા આગળ બેસતા. દર રવિવારે તેમની હાજરી અચૂક જોવા મળતી. એમ તેઓ વિશ્વાસુ રીતે પ્રભુને મહિમા આપતા હતા.

મિસ ન્યૂટન ભારત આવ્યા અને પાળક પત્ની સાથે ધરતીકંપ વિસ્તારોની મુલાકાત લેવા માટેનો કાર્યક્રમ ગોઠવ્યો. એક રાત્રે એક ખ્રિસ્તી ડ્રાઈવરની સાથે મુસાફરીનો આરંભ શરૂ કર્યો. મુસાફરી આખી રાતની હતી. મિસ ન્યૂટન ડ્રાઈવરની સાથે આગળ

બેઠા હતા. ગાળી પુરપાટ ચાલી જતી હતી. રાત્રીનો ઘોર અંધકાર અને બંને બાજુ બધું સુમસામ ભાસતું હતું. કચ્છનો વિસ્તાર શરૂ થયો હતો એટલામાં જ રસ્તાની વચ્ચે કોઈ કાળી પ્રતીમાને ઊભેલી જોઈ અને હાથ ઊંચો કરીને જાણે ગાડી ઉભી રહે તેવા સંકેતો આપતી રહી હતી.ગાડીની આગળની લાઈટ તે પ્રતીમા પર પડતાંજ ડ્રાઈવરે કોઈ રસ્તા પર ઊભુ છે તેમ જાણી ગાડી ધીમી કરી. અને બાજુમાં થોભાવી. મિસ ન્યૂટન અને ડ્રાઈવરે આ પ્રતીમા જોઈ હતી તેથી તેઓ થોડા ગભરાયા હતા.તેઓ નીચે ઉતર્યા અને ધીમે ધીમે રસ્તાની વચ્ચે તપાસ કરી તો ત્યાં કોઈ જોવા મળ્યું નહિ.કાળી રાત્રીમાં આજુબાજુ બધેય તપાસ કરી પણ કોઈ વ્યકિત ત્યાં જોવા મળી નહિ.દિવસનું અજવાળુ ધીમે ધીમે ધરતી પર પપથરાતું જતું હતું. પરોઢીયે તેમણે જોયું તો મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા.સરકારી લોકો અથવા તો દયાળુ લોકો લાશોનાં ઢગલા સળગાવી છેલ્લી વિદાય આપતા હતા. તેઓ રસ્તાની કોરે થોડો વીસામો લેવા બેઠા હતા ત્યાં જ નજીકથી ઝીણો અવાજ સંભળાયો મમ્મી.....ઓ..... મમ્મી. ફરીથી ધીમો અવાજ સંભળાયો મમ્મી.....ઓ..... મમ્મીત્રણેય જણ પાસે તૂટી પડેલી ઈમારત પાસે ગયા. એક મોટી ભેખડ નીચે છ એક વર્ષની બાળકી દબાયેલી હતી. આખા શરીર પર માટી હતી અને હલન ચલન કર્યા કરતી હતી. મીસ એન્ડ્રુઝ અને પાળક પત્ની નાઓમી પેલી શીલાને અડકયા વગર માટી સાફ કરીને તે દીકરીને બહાર કાઢી ઊંચકી લીધી. તેને સ્વચ્છ કરી પાણી પીવડાવ્યું. અને તરત જ હોસ્પીટલ લઈ જઈ તેની સારવાર ને સારૂ વ્યવસ્થા કરી. દીકરી કોની હતી, કયાંની હતી તે તરત જાણવા મળ્યું નહિ. પણ તેઓ પાછા ફરતા જોયું તો પેલી શીલા જમીનદોસ્ત થયેલી જોઈ. તેમણે ત્રણેયે ઘૂંટણ પર પડીને પ્રાર્થના કરી કે આ દીકરીને બચાવવા પ્રભુએ પેલી કાળી પ્રતીમાનો દૂત તરીકે ઉપયોગ કર્યો.

પાળક પત્નીએ તે દીકરીનો પ્રભુમાં ઉછેર કર્યો. તે દીકરી ત્યાંનાં કુટુંબની હતી. અને તે ધરતીકંપનો ભોગ બનેલી હતી.

તેનું સમગ્ર કુટુંબ આ હોનારતનો ભોગ બન્યું હતું. દીકરીને ભણાવી ગણાવી ને એક પરદેશનાં ઉપદેશક સાથે તેનાં લગ્ન ધામધૂમથી, કર્યાં અને દીકરી અને તેનો પતિ મીસ ન્યૂટન સાથે પરદેશ જઈને ઠરીઠામ થયા.

પાળક પત્નીને પાસેના ગીચ જગલની મધ્યે રહેતા કેટલાક રક્તપિત્તિયાની ચિંતા સતાવતી હતી. તેઓ નિઃસહાય જીવન જીવતા હતા.પાળક પત્ની હવે એકલા અટૂલા પડી ગયા હતા. તેમણે ત્યાં જઈને પત્તિયા વચ્ચે સેવા કરવા માટેની ઈચ્છા મંડળી સમક્ષ મૂકી. મંડળીના લોકો તેઓ મંડળી મધ્યે સેવા કરે તેવું ઈચ્છતા હતા. મિસ ન્યૂટન પરદેશથી તેમન બધી મદદ કરવા તૈયાર હતા. જયારે પાળક પત્નીએ મકકમ નિર્ધાર કર્યો ત્યારે મંડળીના લોકોએ લાચાર બની આંસુ સાથે તેમને ભાવભીની વિદાય આપી. પાળકપત્ની પણ બહુ રડયા, પણ પ્રભુ તેમની સાથે છે તે વિશ્વાસથી સાથે રક્તપિત્તિયા મધ્યે સેવા કરવા ગયા. મંડળીના લોકો હંમેશ તેમને માટે પ્રાર્થના કરતા હતા.

એ બિચારા પત્તિયા ગીચ જંગલમાં ભયંકર યાતનાઓથી સભર જીંદગી ગુજારતા હતા. રહેવાને માટે બંધાયેલા ઝુંપડા કોઢ કરતાંયે નપાટ હતાં. લાંબા લાંબા દસ વર્ષના વહાણા વયા, પાળક પત્નીએ પત્તિયા ઉપર સેવા કરવામાં કંઈ બાકી રાખ્યું નહિ. રાતિદસ્વસ વિશ્રામ લીધા સિવાય તેઓનીસેવા અવિરત પણે ચાલુ રાખી. સૌ પ્રથમ આજુબાજુની ગીચ ઝાડીઓ સાફ કરાવી અને ચારે બાજું ચોખ્ખુ મેદાન તૈયાર કરાવ્યુ. જોતાંજ ચીતરી ચડે તેવા ભયંકર કારી જખમો ઉપર સ્વહસ્તે પાટા બાંધ્યા. ઝૂંપડાઓ દુરસ્ત કરી આપ્યા. સાર્વજનિક દવાખાનાની વ્યવસ્થા કરી. સારા ખોરાક પાણી નીયમીત મળે તેવી વ્યવસ્થા કરી આપી. પ્રભુમય જીવન જીવતા શીખવ્યું. પાળક પત્નીએ તેમના સુખદુઃખને પોતાના જ માન્યા. અને બનાવ્યા.

પરંતુ...એજ, મંડળી જે ધારેલુ તેજ પરિણામ આવ્યું. પત્તિયાઓને ખાતર પોતાનાં સમસ્ત સુખને તિલાંજલી આપનાર

પોતેજ પત્તનો ભોગ થઈ પડયા.

પોતેજ એક દિવસ અકસ્માતે ઉકંળતા પાણીની ભરેલી ડોલ તેમના પગ પર ઢોળાઈ ગઈ, પણ તે સહેજ પણ દાઝયા નહિ. પાળક પત્ની આના નિરાકરણ માટે ડોકટર પાસે ગયા. ડોકટરે કહ્યું, "કહેતા જીભ ઉપડતી નથી પણ તમને પત્ત થયું છે." પાળક પત્ની હસ્યા અને બોલ્યા, પ્રભુએ હવે અનંત વિસામાનું મને કહેણ મોકલ્યું. અને આમ પ્રભુ માન્ય પાળક પત્નીનું પ્રાણ પંખેરૂ તેની જનસેવા પૂરી કરીને ન્યાયનો અક્ષય તાજ મેળવવા પ્રભુધામ તરફ ઊડી ગયું.

મિસ ન્યૂટન ઘણાજ વૃદ્ધ થઈ ગયા હતા.તેપણે પાળક પત્નીની દીકરીને મૃત્યુનાં સમાચાર આપ્યા અને પોતાના પતિ અને બાળકો સાથે તરતજ પ્લેનથી ભારત આવી પહોંચ્યા.અને પોતાની વહાલી મમ્મીનાં દેહને શબપેટીમાં જોઈને મમ્મી.....ઓ..... મમ્મી, મમ્મી.....ઓ..... મમ્મી, એમ બોલતી આક્રંદ કરતી મમ્મીને વસમી વિદાય આપવા કઠણ હૃદયે તૈયાર થઈ.

"ફરી મળીશું, મળીશુ. ઈશ્વર તમ સંગાથે રહેજો રે"એગીત ગાતા સરઘસ શબપેટીને લઈને ધીમેધીમે કૂચ આદરી જેમાં લાખો લોકો જોડાયા હતા. પત્તિયાઓ અને મંડળીનાં લોકો જોડાયા હતા. પત્તિયાઓઅને મંડળીના લોકો ખૂબ જ રડયા અને માનભેર પાળક પત્નીને છેલ્લુ સન્માન આપ્યું. શું સેવા કરવાની નમ્ર મહત્વાકાંક્ષા તમારા હૃદયમાં છે? જરા, આત્માભિમુખ થઈ, કાન દઈને સાંભળો તો તમને કોમળ વાણી જરૂર સંભળાશે કે "ઊઠ" "પ્રકાશીત થા, કેમ કે તારો પ્રકાશ આવ્યો છે." અને સેવાનાં મહાન કાર્યક્ષેત્ર તરફ તમારૂં લક્ષ ખેંચી તે તરત જ કહેશે કે, "આ નાનાઓની જે કંઈ સેવા તમે કરો છો. તે મારી જ સેવા કરવા બરાબર છે. "

વહાલાઓ, સેવા કરવા માટે તમારૂં સમગ્ર જીવન ખર્ચી નાંખો તેમ કરવાથી તમારૂં જીવન તોશું તમારૂં મૃત્યુ પણ ધન્ય થઈ જશે.

# માતૃદિનની એ કરૂણામૂર્તિ

આજે આકાશ વાદળોથી છવાયેલુ હતું. ઠંડી ઠંડી હવા વાતાવરણને પ્રફુલ્લીત બનાવતી હતી. સૂરજનાં પ્રથમ કિરણો એ જમીનને હજી સ્પર્શ કર્યો ન હતો. દૂર એક લીલીછમ ટેકરી જમીનને હજી સ્પર્શ નહોતો કર્યો હતો. દૂર એક લીલીછમ ટેકરી પર પ્રભુમંદિરના ઘંટનો સાદ સંભળાતો હતો. સફેદ વસ્ત્ર પરિધાનમાં લોકોની ચહલપહલ દેખાતી હતી.આજે આ મંડળીમાં માતૃદિનની ઉજવણી હતી. કુટુંબના દીકરા દીકરીઓ પોતાના વૃદ્ધ માતાઓને લઈને પ્રભુમંદિરમાં આવતા હતા. પ્રભુમંદિરને ખૂબ જ સુંદર રીતે શણગારેલુ હતું. પોતાની વૃદ્ધ માતાઓને વ્હીલચેરમાં બેસાડીને આવતા હતા, તો કોઈ પોતાની માને શોલ ઓઢાડી ધીમે મીમે ચલાવીને પ્રભુમંદિરમાં લાવતા હતા. તો કોઈક વળી પોતાની સુંદર ગાડીમાં પોતાની માને લઈને આવતા હતા. બેન્ડના સુમધુર સંગીતની વચ્ચે પાળક સાહેબ પ્રભુમંદિરની બહાર જ વાયોલેટ ફુલનો ગુચ્છો ભેટ રૂપે આપીને સ્વાગત કરતા હતા. ત્યારબાદ દરેક વૃદ્ધ માતાઓને પ્રભુમંદિરમાં આગળ સ્થાન આપીને બહુમાન કરતા. આજે આ પ્રભુમંદિરમાં દીકરા-દીકરીઓ અને માતાઓ પ્રેમથી એકબીજાને ભેટીને ચુંબનોની આપલે કરતા અને હસતા રડતા લોકોનો પ્રેમ જોવા મળતો.

પશ્ચિમનાં દેશોમાં દરેક મંડળીઓમાં માતૃદીનની ઉજવણી વર્ષો વર્ષથી કરે છે. જો કુટુંબના દીકરા-દીકરીઓ બહાર દુર ભણવા ગયા હોય તો પોતાની વહાલી માનો આદર સત્કાર કરવા રજા લઈને તેઓ ઘેર આવતા.પોતાની માને કંઈકને કંઈક ભેટ આપતા કોઈવળી ખાસ પ્રકારની મીઠાઈ બનાવીને માંને ભેટ ધરતા

મા એટલે પૃથ્વીનું અમૃત, વાત્સલ્ય, કરુણા, સલામતી, આશ્રય અને ન્યાયનો સમનવયમાં એકાક્ષરી શબ્દ માનવ જીવનમાં માનવીને મળેલી બહુમુલ્ય ભેટ છે. કહેવાય છેકે તોલવાના ત્રાજવા

હોય અને એક પલ્લામાં માને બેસાડવામાં અને બીજા પલ્લામાં જગતનાં માનવીઓને બેસાડવામાં આવે તો માનું પલ્લું જમીનને સ્પર્શ કરે તેનામાં એવો પ્રેમ છે.તે રડે તો તેના આંસુ મોતી સમાન બની જાય છે. તેને મન ભલા અને ભૂંડા બાળકો સરખાજ હોય છે.

વહાલાઓ, એ માનો આદર સત્કાર કરવા માટે શું આપણી પાસે સમય છે ? આપણે ના ભૂલ્યે કે તેના જ થકી આ જીવનમાં પ્રવશ મળેલો છે. વળી તેની પ્રેમભરી અને અથાગ શ્રમ ભરી કાળજીને કારણે આપણે આ દુનિયામાં સારી સ્થીતીમાં જીવન જીવીએ છીએ.

આપણામાં કેટલાએકની માતાઓ તો પોતાના વિશ્રામસ્થાનમાં ગયા છે. અને પુજયભાવથી તેમનું સ્મરણ કરીને તેમની કબર ઉપર ફુલ ચઢાવીએ છીએ ઘણીમાતાઓતો હજી ઈશ્વર કૃપાથી આપણી સાથે હયાત છે. તો હું સુચન કરૂ છું કે જો તમારી મંડળીમાં માતૃ દિનની ઉજવણી ન થતી હોય તો તમે પોતે તમારી વહાલી માને સારુ એક દીવસ ઉજવણીને માટે રાખો. અને તમારી મા પરનો પુજયભાવ તથા પ્રેમ દેખાડી આપો. ફૂલ નહિતો ફૂલની પાંખડી દ્વારા પ્રેમ આપી શકો છો. પાંચમી આજ્ઞા આપણને શીખવે છે કે તારા મા-બાપનું સન્માન કર. નીતિવચનનાં પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે,"તારી મા વૃદ્ધ થાય ત્યારે તેને તુચ્છ ન ગણ", અને કહે છે કે,"તારા બાપને તથા તારી માને ખુશ રાખ, અને તારી જનેતાને હરખ પમાડ. "

થોટા દિવસો પર મા વિષે એક નાની સરખી કવીતા મારા હાથમાં આવી. તે અંગ્રેજીમાં હતી પણ ભાવાર્થ એવો હતો કે, આ દુનિયા પર જે લડાઈઓ બહાદુરીથી લડવામાં આવી, તે કયાં અને કયારે લડવામાં આવી ? હું તમને કહીશ કે તે તો ઘરમાં અને માણસોની માતાઓથી લડવામાં આવી. ખરેખર આ બાબત સાચી જ છે. માતાઓની બહાદુરી, સેવા અને શ્રમને આપણે કોઈ દિવસ ભૂલી શકીએ જ નહિ

માતાઓજ રાષ્ટ્ર, સમાજ અને કુટુંબોની જરૂરીયાત છે. એક વખતે પ્રસિધ્ધ યોધ્ધા નેપોલીયને વિચાર કર્યો કે ફ્રાંસની સૌથી મોટી જરૂરીયાત કઈ છે.? તેણે ઉત્તર દીધો કે "માતા" યુધ્ધમાં વિજય પ્રાપ્ત કરવા નેપોલિયનને હજારો સૈનીકોની જરૂરીયાત હતી. તેણે તેના લોકોને બતાવ્યું કે માતા જ રાષ્ટ્ર માટે સૈનીકો તથા આગેવાનો તૈયાર કરી શકે છે. મહાન આગેવાનો એ અનુભવ કર્યો છે કે માતા જ પ્રથમ શિક્ષિકા છે લોર્ડ શેફટસબરીનું એક ખુબ જ જાણીંતુ કથન છે, "મને સારી ખ્રિસ્તી માતાઓની એક પેઢી આપો, હું માત્ર એક જ વર્ષમાં આખા સમાજની સુરત બદલી નાખીંશ." કેવું અજાયબ કથન. માતા શું નકરી શકે તે વાકય પરથી જાણી શકાય છે.

પવિત્ર શાસ્ત્રમાં આપણે માતાઓ વીષે વાંચીએ છીએ. જેમાં બાળકોને દેવની મહાનતાનો અનુભવ કરવામાં તથા દેવની સેવા તેઓ કરે માટે ઉત્તેજન તથા મદદ પુરી પાડી હતી. મુસાની માતાએ તેને દેવના ભયમાં ઉછેર્યો. જયારે દેવ ઈસ્ત્રાએલીઓને મીસરમાંથી છૂટકારો કરવાની યોજના કરી ત્યારે લોકોની સેવા કરવા તેની માતાએ તેને ઉત્તેજન આપ્યું. હન્નાએ પોતાના પુત્રને દેવને અર્પિત કરીને ઘેર ગઈ પરંતુ પોતાના દીકરાને તે ભૂલી ગઈ નહિ, તે દર વર્ષે એક નાનો અંગરખો સીવડાવીને તેને માટે લાવતી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પણ પોતાની માતાઓનું સન્માન કરતા અને તેને આધિન રહેતા. ઝબદી દીકરાઓની મા જયારે દીકરાઓની ફરીયાદ લઈને આવી ત્યારે પ્રભુ ઈસુએ તેની સાથે માયાળુ પણે તેની સાથે વાત કરીને સમજાવી. લોઈસ તથા યુનીકાએ તીમોથીનો પ્રભુમાં ઉછેર કર્યો અને પ્રર્થનાવાદી બનાવ્યો. અને મંડળી સ્થાપના કરવાની સેવામાં પાઉલનાં અનુયાયીઓ બન્યા. આજે આપણને દેવનું ભય રાખનારા આગેવાનો તથા મંડળીમાં પ્રમાણિક સભ્યોની ઉણપ છે. આપણાં બાળકો પાપમાં મરી રહ્યા છે અને જગીક બાબતોના આકર્ષણમાં છે આપણે દેવનો ભય રાખનારી સ્ત્રી વિશે વાંચીએ છીએ જેણે દેવનાં માણસની સંભાળલીધી હતી.

મૃત્યુ પામેલ પુત્રને ફરી પાછો આપવા દેવે તે સ્ત્રીને બદલો આપ્યો એલીસાએ સુનામીના દીકરાને મૃત્યુમાંથી સજીવન કર્યો તે એલીસાના પગે પડીને નમ્રતાથી જમીન પર નીચા નમી ને તેણે તેની કૃતજ્ઞતા વર્ણવી.

જયારે પ્રભુ ઈસુ યરૂશાલેમથી કાલવરી જતા હતા ત્યારે યરૂશાલેમની રૂદન કરતી માતાઓને તેણે દીલાસાની વાત કરી. વધસ્તંભ પર ઈસુ દુ:ખ સહન કરતા હતા તે વખતે ઈસુ પોતાની માને વિસરી ગયા નહી પરંતુ તેની સેવા ચાકરી કરવા તેમણે તેની માને પોતાના વ્હાલા શિષ્ય યોહાનને સોંપી હતી.

આજે પ્રત્યેક માતાઓને પવિત્રશાસ્ત્રના ઉદાહરણને અનુસરી ને તેઓના બાળકોને જગીક પરીક્ષણોથી રક્ષણ આપવાની જરૂર છે. નવી પેઢી માટે દેવ પાસે યોજના છે. તેની સેવા માટે યુવાનોને તૈયાર કરવા દ્વારા રાષ્ટ્રો તથા આગેવાનોને ઉભા કરવા તે ઈચ્છે છે જો આપણા બાળકો ખોટા માર્ગે ચાલી રહ્યા હોય તો મદદ માટે દેવને વિનંતી કરીએ.

મેરી નામની સ્વચ્છંદી અને માતાને ધીકકારતી એની એક દીકરીની આ સાચી વાત છે. તેની માતા હબસી હતી. બાપ બ્રિટીશ અમલદાર હતો પણ તે વહેલો મૃત્યુ પામ્યો. દીકરી નાની હતી ત્યાં સુધી માને ચાહતી હતી. પરંતુ વધુ અભ્યાસઅર્થે દૂર ગઈ પછી માને ધિકકારવા લાગી કારણ કે તેની બહેનપણીઓની મા ગોરી હતી. મા તેને મળવા કોલેજમાં આવે તો તેને શરમ લાગતી અને તે સંતાઈ જતી. મા હબસી અને ઠીંગણી હતી પણ પોતાની દીકરી મેરી પર પ્રેમ રાખતી હતી. વારંવાર ના દીકરીના વર્તનથી મા સમજી ગઈ અને તેણે દીકરીને મળવા જવાનું બંધ કર્યું અને પત્ર લખવા માંડયા દીકરી પત્ર પર માના અક્ષરો જોતી એટલે તે વાંચતી નહિ. અને જવાબ પણ આપતી નહિ. હબસી માને આ દુ:ખ અસહ્ય થઈ પડયું તે દીકરીના વર્તનને લીધે માંદગીમાં સપડાઈ. જે દીકરીને ઉછેરીને મોટી કરી હતી તે દીકરી માની સામે પણ જોતી ન હતી

તેની ખબર અંતર પણ પુછતી ન હતી માની શરમ અનુભવતી હતી.

એક માતૃદિને બધી છોકરીઓ માને મળવા પોતપોતાના ઘેર ગઈ. હોસ્ટેલ ખાલી થઈ ગઈ. મેરીની સાથે રાત્રે પ્રભુએ વાત કરી હતી. અને તે પણ વર્ષો પછી પોતાની માને મળવા ચાલી નીકળી.

માને ધિક્કારતી હોવાથી તેણે કદી સાજાભલાના પત્રો ખોલીને વાંચ્યા ન હતા. દીકરીના વર્તનને લીધે માં આઘાત સમી ન શકી અને તે પથારીવશ જીવન જીવવા લાગી. દીકરી કદીક મળવા આવશે અને હું સાજી થઈશ એવી તેની માને ઝંખના હતી પણ છેવટે તે મૃત્યુ પામી. દીકરી માને મળવા આવી ત્યારે ઘણું મોડુ થઈ ગયું હતું લોકો તેની માની શબપેટીને ઉંચકીને લઈ જતા તેણે જોયું અને તે અવાક બની ગઈ. પુષ્કળ રડી માની સાથે અપમાનજનક વર્તાવને માટે તે અફસોસ કરવા લાગી. તેને લાગ્યું કે આ તપ્ત હૃદયને માના ખોળામાંજ શાંતિ મળી શકે ઘર ત્યારેજ ઘર બને જયારે તેમાં મા હયાત હોય તેણે ઘણું બધું પ્રાયશ્ચિત કરીને મનને પ્રભુમાં પરોવ્યું.

શું તમે તમારી માને પ્રેમ કરો છે ? શું તમારી માં જીવંત છે તો તેનો આદર સત્કાર કરો ફકત માતૃદીને જ નહી પણ દરરોજ તેની સાથેની લાગણીના ફૂલો તાજા રાખો. આ પૃથ્વી પર માની જગ્યા કોઈ પણ લઈ શકતું નથી માટે તેની સાથે અશોભતું વર્તન ના કરશો પણ હંમેશા તેને આનંદમાં રાખો. પવિત્રશાસ્ત્ર કહે છે કે, "તારી મા વૃધ્ધ થાય ત્યારે તું તેને તુચ્છ ન ગણ અને તારી જનેતાને હરખ પમાડ."

મધર ટેરેસા વાસ્તવમાં મા ન હતા., તેમણે બાળકોને જન્મ આપ્યો. ન હતો. છતાંપણ માતા બનીને જગતને મા કેવી હોય તેનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો.

# ટાઈટેનીક (એક સત્યા ઘટના)

૨૦મી સદીની શરૂઆતમાં નાની મોટી વૈજ્ઞાનિક સોધખોળથી પિશ્ચમનાં દેશોમાં અનેરો આનંદ જોવા મળતો હતો. સને ૧૯૦૧માં રેડિયોની શોધ થઈ અને સને ૧૯૦૩માં એરોપ્લેનની શોધ કરીને મનુષ્યે આકાશમાં વર્ચસ્વ સ્થાપ્યું. સમુદ્ર પર કાબુ મેળવવા માટે એક જહાજનું નિર્માણ કરી રહ્યાં હતા.પણ મનુષ્યએ ક્યારેય ઈશ્વરે રચેલી અજાયબીઓને આંબી શકશે નહિ. કારણ કે આખી સૃષ્ટિનો માલિક ઈશ્વર છે. તે સર્વ સત્તાધિશ છે. પવિત્ર શાસ્ત્રમા ઉત્પતિના પુસ્તકમાં લખ્યું છે. કે, માણસોનાં દિકરાઓ આકાશને આંબી શકે તેવો બુરજ બનાવતા હતા.યહોવાહ તે જોવાને નીચે ઉતર્યો અને સર્વને આખી પૃથ્વી પર વિખેરી નાખ્યા. જેથી તેઓ ગર્વ કરી શકે નહિ. ઈશ્વરની ઈચ્છાને તેમણે વશ થવું પડયુ

૧૦ મી એપ્રિલ, ૧૯૧૨ નાં દિવસે ઈંગ્લેન્ડમાં પુષ્કળ આનંદ જોવા મળતો હતો. તે દિવસે આબોહવા ખુશનુમા હતી. ઈંગ્લેન્ડના સાઉધમ્પટન બંદરને શણગારવામાં આવ્યું હતું. જહાજનું બેન્ડ મનોરંજન પુરું પાડતું હતું. બેલફાસ્ટની હેરલેન્ડ એન્ડ વુલ્ફ કંપનીએ ટાઈટેનીક નામનું શકિતશાળી જહાજ બનાવ્યુંહતું. જહાજ બાંધનાર કંપની લોકોને વિશ્વાસથી કહેતી હતી કે આ જહાજ કદી પણ ડૂબશે નહિ. સ્ટીમર પર આ પ્રમાણે લખાણ હતું કે, "તમે સલામત છો" વળી ટીકીટ પર એવું લખાણ હતું કે "તે તને નાશથી બચાવે છે."(ગી.શા. ૧૦૩:૪) લોકો સલામતી સમજીને અને બહુ ઝડપથી ન્યુયોર્ક લઈ જતી આ અધતન સ્ટીમરમાં જવા માટે મોં માગ્યા પૈસા આપીને ટિકિટ ખરીદવા લાગ્યા. જેમાં મુખ્યત્વે બ્રિટીશ ઉમરાવો, અમેરીકાનાં ઉધોગપતિઓ, ન્યુયોર્ક અને

ફિલાડેલ્ફીયાના ધનાઢય લોકો કે જેમની પાસે પાઉન્ડ અને ડોલરની બેગો ભરેલી હતી. આ સ્ટીમરમાં જુદા જુદા વર્ગો હતા. સામાન્ય વર્ગના લોકો પણ હતા. કે જેઓ અમેરીકા અને કેનેડા જઈને નવી જીંદગી શરૂ કરવા માંગતા હતા.

આ ટાઈટેનીક જહાજને બનાવવા કંપનીએ લખલૂટ ખર્ચો કર્યો હતો. આ સ્ટીમર ૮૮૩ ફુટ લાંબી, ૮૨ ફુટ પહોળી, ૧૦૪ ફૂટ ઊંચી અને ૪૬,૩૮૨ ટન વજન ધરાવતી હતી. તે ૩૫ ફુટ પાણીમાં ડૂબેલી રહેતી હતી. આ સ્ટીમરમાં અસંખ્ય ઝૂમરો લટકતા હતા જે રાત્રીના સમયે પ્રકાશ પૂરો પાડતા હતાં. સ્ટીમરમાં દરેક જગ્યાએ લાલ જાજમ પાથરેલી હતી, જેથી પેસેન્જરોના પગ સાફ રહે. સ્ટીમરને અસંખ્ય બારીઓ હતી જે દ્રારા લોકો સમૂદ્રને નિહાળીને આનંદ માણી શકે. સ્ટીમરમાં દાખલ થવાના અને બહાર નીકળવાના સોળ દરવાજા હતા જે એક બટન દબાવવાથી ખૂલી જતા અને બંધ થઈ જતા, છતાંય તેમાં પાણી પેસી શકે નહિ તેવી આધુનિક રચના હતી. સ્ટીમરમાં દારૂ પીવાની વ્યવસ્થા, જુગારખાના, સીનેમાં થીયેટર, લંચ અને ડીનર હોલ, ડાન્સની વ્યવસ્થા, ટેબલ ટેનીસ બેડમીગ્ટન વગેરે રમવા માટે બનાવેલા ખાસ હોલ લોકોને મનોરંજન માટે તે સુંદર આકર્ષણ હતું. સ્ટીમરની બહારની દીવાલો નક્કર સ્ટીલની હતી. તેની જાડાઈ એક ઇંચની હતી. સ્ટીમરને બાંધવા માટે ત્રણ લાખ રીવેટ(સ્ક્રુ) નો ઉપયોગ કર્યો હતો. આ સ્ટીમર ઇંગ્લેન્ડથી ન્યુયાર્ક જવાની હતી.

૧૦મી એપ્રિલ ૧૯૧૨નાં બુધવારે બપોરે ટાઈટેનીક ઉપડવાનું હતું. આ તેની પ્રથમ સફર હતી. જહાજ પર બેન્ડે ગીત વગાડયું. "ઈશ્વર મારી સાથે છે." બંદર ઉપર પુષ્કળ લોકો આવ્યા હતા.પોતાનાં વહાલાઓને મૂકવા સારૂ અને છેલ્લી વિદાય આપવા તેઓ પોતાનાં વાહનો દ્વારા આવ્યા હતા. સાઉધમ્પટન બંદર પર

અનેરો આનંદ હતો. ટાઈટેનીકની વ્હીસલ વાગતા ઘણા હસવા લાગ્યા. ઘણા રડવા લાગ્યા. બીજી વ્હીસલ વાગતા જહાજ ધીમે ધીમે પાણીમાં સરકવા લાગ્યું. લોકો, હસતા, રડતા, તાળીઓના ગળગળાટ અને કીકીયારીઓ પાડતા જહાજને વિદાય આપી જહાજમાં લોકોએ દિવસ અને રાત અનેરો આનંદ માણ્યો. લોકો મોજ મઝામાં, ખાવા પિવામાં ઈશ્વરને ભૂલી ગયા હતા. લગભગ ૧૨મી એપ્રીલની રાત સુધી લોકાએ મોજ મઝા કરી. સ્ટીમરના કેપ્ટનની આ છેલ્લી સફર હતી. તે રીટાયર્ડ થવાનો હતો. તેને ટાઈટેનીક નજહાજ માટે મોટો વિશ્વાસ હતો. ૧૨મી એપ્રિલની રાતે લગભગ અગીયાર અને વીસ મીનીટે કેપ્ટનને સંદેશો મળ્યો કે બરફના પહાડો સમુદ્રમાં આવવા લાગ્યા છે. ભયંકર ઠંડી થઈ હતી કેપ્ટને સંદેશાને ગણકાર્યો નહિ અને થોડી જ ક્ષણોમાં એક મોટો ધસમસતો બરફનો પહાડ તેને અથડાયો અને તેની બીજી બાજુમાં એક મોટુ કાણું પાડી દીધું. ધસમસતુ પાણી બોઈલરમાં પેસતા યાંત્રીક મશીનો બંધ પડી ગયા. કેપ્ટનને ખબર આપવામાં આવી. સ્ટીમર ડૂબશે એ હવે નકકી હતું. આજુબાજુ કોઈ સ્ટીમર નહતી વળી પુરતી હોળીઓ સ્ટીમર પર નહતી કે લોકાને બચાવી લેવાય. ઘણા લોકો મીઠી નિદ્રા માણતા હતા તો ઘણા લોકો જાત જાતના આનંદ માણવામાં મશગૂલ હતા. સ્ટીમરને ડૂબવા હવે અઢી કલાક બાકી હતા જેમ જેમ લોકોએ જાણ્યું તેમ તેમ સ્ટીમર ઉપર નાસ ભાગ થવા લાગી હવે લોકોને ડૂબવાનો ભય લાગ્યો તેથી તેવો પ્રાર્થના કરવા લાગ્યા. ઘણા રડવા લાગ્યા.

આ સ્ટીમરમાં ૨૨૨૩ પેસેન્જરો હતા કે જેમણે ઇંગ્લેન્ડનો કીનારો આશા અને અરમાન સાથે છોડયો હતો. ડોલરો અને પાઉન્ડો ભરેલી બેગો તેમને બચાવશે નહિ તેવું લાગ્યું. લોકોએ બચવા સારૂ ઘણાં હવાતીયા મારયા પણ આખરે ૧૫૦૦ જેટલાં

સ્ત્રી પુરુષો અને બાળકો એટલાંટીક સમુદ્રમાં ડૂબી ગયા.

જગતમાં લોકો દુન્યાવી બાબતોમાં એટલા વ્યસ્ત રહે છે કે, ઈશ્વર તરફથી ચેતવણી મળ્યા છતાંય તે ચેતવણીને લોકો ગણકારતા નથી. જહાજનાં કેપ્ટનને ચેતવણી મળી છતાંય તે તેણે ગણકારી નહિ. અને ઘણાં લોકોનો નાશ થયો. બાયબલમાં ઈશ્વરે વારંવાર લોકોને ચેતવણીઓ આપી છતાં લોકો એ તે ધ્યાનમાં ન લેતા પોતાનો નાશ નોતર્યો. દા.ત આદમ, બલઆમ, ઈસ્રાએલ પ્રજા તેમજ ઈસ્ત્રાએલ લોકોના રાજાઓ. જો કેપ્ટનની ચેતવણી ધ્યાનમાં રાખીને જહાજની દીશા બદલી હોત તો આખુ જહાજ અકસ્માતમાંથી બચી જાત. (ગી.શા. ૧૯:૧૧ ) માં લખ્યું છે કે, "વળી તેઓથી તારા સેવકને ચેતવણી મળે છે, તેઓને પાળવામાં મોટો લાભ છે."

જહાજ પર પુરતી હોળીઓ નહોતી. વળી બધી જ સ્ત્રીઓ અને બાળકોને તે હોળીઓમાં બેસાડીને બચાવવા માટે પ્રયત્ન કરવાનો હતો. પણ અધિકારીઓએ આદર્શો અને સીધ્ધાંતોને બાજુએ મુકીને ઘણા વગદાર પુરુષો અને ઊંચા વર્ગની ટીકીટો લેનારને તેમણે તેમને બચાવવા સારું હોળીમાં સ્થાન આપ્યું પરીણામે ઘણી સ્ત્રીઓ અને બાળકોને હોળીમાં સ્થાન ન મળતા ડૂબી ગયા.

આપણે ખ્રિસ્તી આદર્શો અને સીધ્ધાંતો સાથે જીવન જીવીએ છીએ પણ જયારે અંગત લાભ પ્રાપ્ત કરવાનો હોય ત્યારે અથવા અંગત લાભ પ્રાપ્ત કરવાનો હોય ત્યારે અથવા આપણી ઉપર - અન્ય કોઈનું દબાણ આવે છે ત્યારે આપણે તરત જ ખ્રિસ્તી આદર્શોને બાજુએ મૂકીને અપ્રમાણિક કાર્ય કરીને મોટું પાપ કરીએ છીએ. પ્રકટીકરણનાં પુસ્તકમાં લખ્યું છે કે, "તું મરણ પર્યંત વિશ્વાસુ રહે અને હું તને જીવનનો મુગટ આપીશ. ગમે તેવી પરીસ્થીતીમાં આપણે વિશ્વાસુ જીવન જીવીએ અને ખ્રિસ્તી આદર્શો

ત્યજી દીધા ન હોત તો જહાજનાં બધાજ બાળકો અને સ્ત્રીઓનો બચાવ થાત.

ટાઈટેનીક જહાજ જયારે ડૂબતું હતું ત્યારે ઘણા બધા બચવા સારૂ નાશભાગ કરતા હતાં, તેઓએ જહાજ બનાવનાર પર વિશ્વાસ કર્યો હતો. તેથી તેઓ પ્રભુને ભૂલી ગયા હતા. જો મરતી વેળાએ પોતનાં જીવનો પ્રભુના હાથમાં સોંમ્યા હોત તો તેઓ અનંત જીવન પામત. વહાલાઓ, આપણે આપણો દિવસ અંતિમ સમજીને જીવન જીવીએ છીએ. ઈશ્વર એવું ઈચ્છે છે કે કોઈનો પણ નાશ ન થાય. ભૂંડા કે દુષ્ટ મનુષ્યના મૃત્યુથી ઈશ્વરને આનંદ થતો નથી. પણ તે ભૂંડાઈથી પાછો ફરે તેવું ઈશ્વર ઈચ્છે છે. પ્રભુ ઈસુએ પેલા ચોરને પણ વધસ્તંભ પરથી માફી આપી હતી. પાઉલ પ્રેરીત કહે છે કે, “મારે જીવવું તે ખ્રિસ્ત અને મરવું તે લાભ છે.”

ટાઈટેનીક જહાજને ડૂબવા માટે બે કલાક અને ચાલીસ મીનીટ જેટલો સમય લાગ્યો પાણીથી જહાજ ભરાવા લાગ્યું. એક પાળક સાહેબ ડેક ઉપર બચવા સારૂ ઉભા હતા.એવામાં જ જહાજના બે ભાગ થઈ ગયા. અને બધા લોકો સમુદ્રમાં કુદી પડયા.આ પાળક સાહેબ લાકડાના એક પાટીયા સાથે સમુદ્રમાં તરવા લાગ્યા. ઘણા લોકો છેલ્લા શ્વાસે અને બરફનાં ઠંડા પાણીમાં જે હાથમાં આવ્યું તે લઈને તરતા હતા. પાળક સાહેબ પાસેનું એક લાકડું. પકડીને તરતી વ્યકિતને કહે છે કે, શું તું પ્રભુ ઈસુ ખ્રિસ્તને ઓળખે છે ? તે તરત ભારે મોજાને લીધે ડુબી ગયા. પણ તરત જ તે સપાટી પર આવતા તેને કહે છે કે જો તું તેનો સ્વીકાર કરીશ તો નકકી તારણ પામીશ અને તે તરત જ પાણીમાં ગરકાવ થઈ ગયા. પણ પેલી વ્યકિતનો અદ્ભૂત રીતે બચાવ થાય છે. અને તે પ્રભુ ઈસુનો સ્વીકાર કરે છે. આજે તે જગતનાં લોકો માટે સાક્ષીરૂપ

બનીને જીવન જીવે છે.

વહાલાઓ આપણી હયાતી દરમ્યાન આપણી આજુબાજુ વસતા અખ્રિસ્તી કે મિત્રો જેઓ આપણા પ્રભુને ઓળખતા નથી તેઓ માટે શું આપણે સુવાર્તાના સાક્ષી બન્યા છે ? આપણાં અર્થહીન જીવનનો જરૂરથી જવાબ આપવો પડશે.

સમુદ્રમાંતરતા બરફના પહાડથી મોટા જહાજમાં એક નાનું કાણું અથડાવવાથી પડયું અને એક મોટા જહાજનો નાશ થયો. જો આપણા જીવનમાં એક નાનું સરખુ પાપ પ્રવેશ કરે અને તેને આપણે અવગણીએ તો તે પાપ મોટુ થતાં સમગ્ર જીવનનો નાશ કરી દેશે. દા.ત દારૂ, જુગાર, ચોરી, વ્યભિચાર વગેરે.

ટાઈટેનીક જહાજને બાંધતા ઘણો લાંબો સમય લાગ્યો. પણ તેનો નાશ પળવારમાં થયો. કારણકે તેઓ જહાજ બાંધનાર પર વિશ્વાસ કરતા હતા. પ્રભુ પર નહિ. ખ્રિસ્તી ચારીત્રને ઘડવામાં ઘણો લાંબો સમય લાગે છે કે તે પ્રભુને આધીન થયેલે હોય છે. પણ જયારે તેનો વિશ્વાસ ડગીજાય અને નાનું સરખું પાપજીવનમાં પ્રવેશ કરે ત્યારે તેનો ચારીત્રનો નાશ થાય છે. પવિત્રશાસ્ત્ર કહે છે કે "માટે જે કોઈ સ્થિર ઉભેલો ધારે છે તે પોતે ન પડે માટે સાવચેત રહે." ( કોરંથી ૧૦: ૧૨)

ટાઈટેનીક જહાજ પરનું મ્યૂઝીક બેન્ડ લોકોને મનો રંજન પુરું પાડતું હતું. તેઓ પ્રભુને ઓળખનાર હતા. તેમણે લોકાની નાશ ભાગમાં પણ બેન્ડ વગાડવાનું ચાલુ રાખ્યું હતું તેમને ખબર હતી કે થોડીજ ક્ષણોમાં અમે ડુબી જઈશું છતાંય લોકોને દીલાસો મળે માટે છેલ્લુ ગીત આ પમાણે ગાયું ....

"મુજ દેવ, તારી પાસે, તારી પાસે,
જો સ્તંભરૂપ હોય શિક્ષા લે તુજ પાસે,"


આ છેલ્લુ ગીત પુરૂં થતાં જ આ શકિતશાળી જહાજનાં બે ભાગ થતાં બાકી રહેલા સમગ્ર લોકો સમુદ્રમાં ડૂબી ગયા. બેન્ડનાં સભ્યોનો પ્રભુ પરનો કેવો વિશ્વાસ, કેવી ધીરજ અને લોકોને પ્રભુમાં કેવો દીલાસો પૂરો પાડયો.

જહાજ પર એક બહેન પોતાનાં દસ વર્ષના બાળકને લઈને હોડી તરફ ગઈ. હોડીમાં બચવા સારૂં બંનેને સ્થાન મળ્યું પણ અચાનક તે સ્ત્રી પોતાનું સોનેરી બાયબલ કે જે પોતાની પથારી પર ભૂલી ગઈ હતી તે લેવા સારૂ હોડીમાંથી યેનકેન પ્રકારે બહાર નીકળીને દોડી પણ જયારે તે પાછી ફરી ત્યારે હોડી સમુદ્રમાં હંકારવામાં આવી હતી. તે બહેન અને બાળકે એકબીજાને જોયા કર્યું. કંઈ કરી શકયા નહિ. બંને જુદા પડયા. માતાએ ઘણું આક્રંદ કર્યું. તે નાશભાગમાં ઘણાં લોકો તેવું આકંદ કરતા હતાં. છેવટે તે બહેન પોતાના બાયલબ સાથે ડૂબી ગઈ. તેણે મરણ પામતા પહેલાં આક્રંદ કરતાં કરતાં પ્રાર્થના કરી કે, પુનરૂત્થાનનાં દિવસે હું જરૂરથી મારા દીકરાને મળીશ. " હે પ્રભુ હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." પ્રભુ પરનો કેવો અજબ વિશ્વાસ.

વ્હાલાઓ, દુ:ખો, સંકટો મરણ કે વેદનાં આપણા જીવનમાં આવે છે અને જાય છે પણ ખ્રિસ્તનાં પ્રેમથી આપણને કોઈપણ જુદા પાડી શકશે નહિ. કારણ કે દરેક દરેક બાબતો પ્રભુથી નિર્મીત હોય છે. દાઉદ ભકત કહે છે કે, "જો હું મરણની છાંયાની ખીણમાં થઈને ચાલુ તોયે હું કંઈપણ ભુંડાઈથી બીશ નહિ. કેમકે તું મારી સાથે છે."

ટાઈટેનીક જહાજ માટે એટલું જ કહી શકાય કે માનવીનાં મિથ્યાભિમાન પર ઈશ્વરનો વિજય.

# અજબ પુસ્તક



જેમ માણસ, પશુ અને પક્ષી બોલે છે અને તેનો અનુભવ આપણે બધા કરીએ છીએ તેમ દરેક પુસ્તક પણ બોલે છે. જેઓને તેની વાણી સાંભળવાને કાન છે, તેઓ તેની વાણી સાંભળી શકે છે. અને તેને સમજવાને મન તથા તેને જોવા તપાસવાને જેઓને આંખો છે. તેઓ તેનો યોગ્ય અનુભવ કર્યા વગર રહી શકતા નથી .

પુસ્તક પોકારી પોકારીને. કહે છે કે, હે ભલા મનુષ્ય મને વાંચ, તે પર વિચાર કર, તેનું મનન કર અને મારા માંથી તેને જે કાંઈ જ્ઞાન, બુધ્ધિ, સમજ હાથ લાગે તેનો મનમાં સંગ્રહ કર એ સંગ્રહ તારૂ જીવન સુધારશે. તે તારૂં જીવન સુંદર બનાવવામાં અને તારા સહવાસમાં આવનાર વ્યાકિતઓના જીવન સુંદર બનાવવામાં અને તેમને સુખ શાંતિના રાહ પર ચડાવી તેમાં તેમને દ્રઢ પણે સ્થાપિત કરવામાં તે તને મદદરૂપ તથા ઉત્તેજન દાયક થઈ પડશે. કોઈ દુન્યાચી આંધી, તોફાન કે મુશ્કેલીઓ તારા જીવન આંગણા ખુંદવા પામશે નહિ. કદાપી જો તે તારા પર ચડી આવશે તો તું તારા સંગ્રેહલા એ જ્ઞાન-બુધ્ધી, સમજથી તેમનો સામનો કરી શકશે. માટે હે ભલા મનુષ્ય મને વાંચ, હે મનુષ્ય મને સમજ અને મારા પર વિચાર કર.

પુસ્તકો તો દુનિયાના વિચાર તથા અનુભવોનું સંગ્રહસ્થાન છે. તેમાં આદર્શ મનુષ્યોના ઉચ્ચ્ જીવનનાં યથાર્થ બોલતા ચાલતા ચિત્રો છે તેમાં મહાન પુરુષો, સંતો, ભકતો, દેશ સેવકો અને દેશ નેતાઓનો રહ્યો છે તેમાં માનવ જાત પ્રત્યેની તેઓની લાગણી, ભાવના અને તેમના આર્દશો છલોછલ ભરેલા છે.

જો કે બધા જ પુસ્તકો એવા ઉચ્ચ નથી હોતા ઉજળું એટલું દુધ્ નથી હોતું કેટલાક પુસ્તકો એવા ભયંકર તથા વિનાશક હોય છે. જેના સેવનથી માણસ ઊંડા ખાડામાં ગબડી પડે. ટોચે બેઠેલો માણસ એવા ગંદા, અયોગ્ય, બિભત્સ નિતીભ્રષ્ટ અને ચારિત્ર્યહીન જીવન વિચારોથી ખરડાયેલા પુસ્તકોનો ઉપયોગ કરવાથી જીંદગીભરના ત્રાસદાયક કલણમાં બહુજ દયાજનક રીતે ગબડી પડી ગરક થઈ જાય છે. પુસ્તકો સારા પસંદ કરવામાં જાગૃતિની જરૂર રહે છે. જે પુસ્તકોથી વ્યકિત તથા સમાજનું હીત જોખમાય તેવું છે. તેનાથી દૂર રહેવું જોઈએ.

આજે જે પુસ્તક વિષે હું આપ સર્વનું ધ્યાન ખેંચું છું. તે પુસ્તક તો આપણું પવિત્ર શાસ્ત્ર બાયબલ છે. પાપી માનવજાત સાથે ઈશ્વર વાત કરવા માંગતા હતા. તેથી તેમને દોરવા અને બચાવવા ઈશ્વરે પોતાના સેવકો દ્વારા પોતાને વ્યકત કર્યો આ સેવકોને ઈશ્વરે પ્રેર્યો અને પિવત્ર આત્માની પ્રેરણા દ્વારા ઈશ્વરના વચનો માનવી ભાષામાં ઉતાર્યાં એ વચનોનું સમગ્ર રૂપ એટલે બાયબલ તેમાંનો દરેક શબ્દ આકાશી-સ્વરંગીય વાતાવરણથી છવાયેલો છે તેમાંના વચનો પવિત્ર આત્માથી તરબોળ થયેલા છે. એવી આકાશી ભાષા વાળુ છતાં આપણી માતૃભાષામાં આપણને અપાયેલું આપણું પવિત્ર શાસ્ત્ર દુનિયામાં અજોડ છે. દુનિયા તેની તરફ જોઈ રહી છે અને તે પોતે પણ દુનિયાને પોતાના તરફ ખેંચી રહ્યું છે કારણ કે તેનામાં જીવન છે અને તે ભરપુર છે. ( બીજા પુસ્તકો તો આપણા ક્ષણીક જીવનમાં સુગંધ તથા સૌદર્ય ભરી શકે છે પરંતુ આપણું પવિત્ર શાસ્ત્ર તો આપણને અનંતજીવન, જે દેવનો પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે છે તે પમાડીને આપણું સદા સર્વકાળનું અમર જીવન, સૌદર્ય તથા સુગંધથી ભરપુર કરી શકે છે. તે વાંચવાથી આપણને નવું જીવન મળે, તાજગી અને નવું હૃદય મળે છે અને તેનાથી આપણા જીવનનું પ્યાલુ ઉભરાઈ જાય છે.

આપણા પવિત્ર શાસ્ત્રમાં અંગ્રેજી ભાષાંતર ના અક્ષરો ૩૪,૬૬,૪૮૦ છે.અને ૮,૧૦,૬૯૭ શબ્દો છે. ૧૩,૧૭૩ કલમો

છે. જૂના કરારમાં ૨૩,૨૧૪ કલમો છે. જયારે નવાકરારમાં ૨૬૦ અધ્યાયો છે. કુલ મળીને ૧૧૮૯ અધ્યાયોથી બનેલુ અને ૬૬ પુસ્તકો ભેગા કરીને બનેલુ આ મહાન પવિત્રશાસ્ત્ર છે. આ આખુ પવિત્રશાસ્ત્ર જ્ઞાન, ડહાપણ, પવિત્રતા તથા પ્રિતીનો મૂળ ઝરો છે. આવા ૬૬ પુસ્તકોના બનેલા પવિત્રશાસ્ત્રનો એક કાનો કે એક માત્રા ટળી જનાર નથી. દુનિયાનું સમગ્ર જ્ઞાન જતુ રહેશે પણ પવિત્રશાસ્ત્ર દ્વારા જે જ્ઞાન મળે છે. અને તે જ્ઞાનથી આપણા અનંતજીવન પ્રભુ ઈસુ પર આપણો જે વિશ્વાસ બંધાય છે, જેનાંથી ઈસુ ખ્રિસ્તામાં આપણી આશા અમર બને છે. અને જેનાંથી આપણામાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરની જે પ્રિતિ ઉત્પન્ન થાય છે, તે પવિત્રશાસ્ત્રના જ્ઞાનનાં ફળ, વિશ્વાસ, આશા તથા પ્રિતિ હંમેશા ટકી રહેનાર છે. અને તેમાં પ્રીતિ શ્રેષ્ઠ છે. અને એ પ્રિતિ તો દેવ પોતે છે. એ ટકી રહેનાર સર્વશ્રેષ્ઠ પ્રીતિ આપણને તેનાં પવિત્રશાસ્ત્ર દ્વરા પ્રાપ્ત થાય છે. કેમ કે જેને “દેવનો પુત્ર નથી તેને જીવન નથી” એવા જીવનદાયક, અખૂટ અને અવિનાશી પ્રભુનાં વચનોનો આપણે સર્વ અનુભવ કરીએ, વાંચીએ અને જીવનમાં ઉતારીએ.

પવિત્રશાસ્ત્ર બોલે છે. તે પ્રભુની વાણી સંભળાવે છે. તે કહે છે કે “આવો મારી પાસે શીખો.”( માત્થી ૧૧:૨૭) “યહોવાહનું ભય એ વિધાનો આરંભ છે.” (નીતિ ૧:૭) “જેઓ તે ગ્રહણ કરે છે તેઓનું તે જીવન વૃક્ષ છે.” (નીતિ ૩:૧૮) “મારા દિકરા તેઓને તારી આંખોથી દૂર થવા ન દે, તો તેઓ તારા આત્માનું જીવન તથા તથા તારા ગળાની શોભા થશે. ત્યારે તું મારા માર્ગમાં સહીસલામત ચાલતો થશે, અને તારો પગ લથડશે નહિ.” ( નીતિ ૩:૨૨ - ૨૩) “યહોવાહની વાટ જોનારા નવું સામર્થ પામશે, તેઓ ગરુડની પેઠે પાંખો પ્રસારશે, તેઓ દોડશે અને થાકશે નહિ. તેઓ ચાલશે અને નિર્ગત થશે નહિ.”(યાશા ૪૦:૩૧) “જો કોઈ મારા પર પ્રેમ રાખતો હશે તો તે મારૂ વચન પાળશે, અને મારો બાપ તેના પર પ્રેમ રાખશે. અને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું.” (યોહાન ૧૪:૨૩)

પ્રભુનાં સેવક અદોનીરામ જડશને એક વખત કહ્યું હતું કે"પ્રભુએ જાતે જે આપણને પવિત્ર વચન આપ્યું છે આથી આપણું ભવિષ્ય ઉજળુ છે."

માર્ટિન લ્યુથરે કહ્યું છે કે પવિત્રશાસ્ત્ર એક નાનકડા ફૂલમાંથી, ફૂલોનાં મેદાનનું નિર્માણ કરે છે.

જોન બન્યને લખ્યું છે "જો તમારે જીવનમાં પ્રેરણા પ્રાપ્ત કરવી હોય તો બાયબલનાં વચનોનું મનન કરતા રહો."

સાહિત્યકાર કોલેરિજ કહે છે કે "પવિત્રશાસ્ત્ર બાયબલ એ પરમેશ્વરની વાણી છે કારણકે જયારે હું તેનાથી દૂર જવાનો પ્રયત્ન કરું છું. ત્યારે તે મારો પીછો કરે છે.

ખરેખર ઘણા ખ્રિસ્તી કુટુંબો પવિત્રશાસ્ત્રનાં વાંચનથી દૂર રહે છે. ઘણા કુટુંબોમાં પાળક સાહેબ ઘરની મુલાકાતે આવે ત્યારે બાયબલ પરની ધૂળ ખંખેરીને પાળક સાહેબને વાંચવા સારૂ આપે છે.ઘણા ખ્રિસ્તી કુટુંબો બાયબલનાં પાત્રો વિશે અજ્ઞાન છે. દા.ત. સદોમ-ગમોરાને ઘણા લોકો ભાઈ-બહેન સમજે છે, પ્રિસ્કા-અકૂલાને બે બહેનો સમજે છે. વગેરે.

વ્હાલાઓ આપણે દિવસનો આરંભ બાયબલ વાંચનથી કરવો જોઈએ અને તેને આપણા અત્મા સાથે વાતચીત કરવા દેવી જોઈએ, તેને જ આપણી આશા અને આપણા જીવનની લાકડી બનવા દો કે જેથી તે આપણા આત્માનો સહારો બને.

આજે જ આપણે પવિત્રશાસ્ત્રની વાણી સાંભળીએ અને તેમાંનાં સુંદર તથા અજબ શબ્દોથી આપણે આપણા જીવનને સુંદર તથા ભરપુર બનાવીએ.

પુસ્તક પોકારી પોકારીને કહે છે, હે ભલા મનુષ્ય, મને વાંચ ને વિચાર કર, અને તેનું તું મનન કર.

"પવિત્રશાસ્ત્ર છે શુભ ખાણ, તેમાં છે અમોલ પાષાણ, તેનું તું સંશોધન કર, જીવન મુગટ માથે ધર, પવિત્રશાસ્ત્રનું ભાવે શીખ, રાખ, સદા ઈશ્વરની બીક, તે થાશે તુજ જીવન-દીપ, અંતે લેશે પ્રભુ સમીપ."

# લેખકોનો પરિચય



શ્રી ચાર્લ્સભાઇ એમ. ક્રિસ્ટી તેમજ શ્રીમતી લીલ્યનબહેન ચાર્લ્સ ક્રિસ્ટી એક એવું દમ્પતિ છે કે, જેઓ બન્ને સાહિત્યની સેવામાં વર્ષોથી પોતાનો ફાળો આપી રહ્યા છે.

શ્રીમતી લિલ્યનબહેન ક્રિસ્ટી બાલવાડીના તંત્રી મંડળના સભ્ય રહ્યા છે. ઉપરાંત, શ્રી ચાર્લ્સભાઇ ક્રિસ્ટીએ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પણ મહત્વની સેવાઓ આપેલ છે.

ક્રિસ્ટી દમ્પતિ પ્રભુના મહિમા માટે તેઓના તાલંતોનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે, તેથી આનંદ કરતા પ્રભુનો આભાર માનીએ છીએ. તેઓ બન્નેના લખાણોમાં વિવિધતા હંમેશા રહેલી છે. જો બાલવાડીમાં માટે કૃતિ મોકલે તો બાળકોને ધ્યાનમાં રાખીને મોકલે અને ખ્રિસ્તીબંધુ માટે અઘરા વિષયો પર પણ તેઓએ કૃતિ મોકલી છે.

પ્રભુ હવે પછી પણ ક્રિસ્ટી દમ્પતિને તેના મહિમા માટે ઉપયોગમાં લે એ જ પ્રાર્થના તથા શુભેચ્છાઓ....

રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

Published and Distr

**GUJARAT TRACT AND ... ET**

Sahitya Seva Sadan, Nea
Ellisbridge, Ahmedabad -
Phone : 26445281 E-mail : gtb

2BGM2